

પ્રસન્ન દામ્પત્ય
કલાકાર
ઇન્દ્ર દુગડ

કુમાર


સળંગ અંક ૪૩૦

આવતી કાલનાં
નાગરિકો માટેનું આજનું માસિક

સંસ્થાપક · રવિશંકર રાવળ

ઑક્ટોબર
૧૯૫૮

તંત્રી · બચુભાઈ રાવત



ઢીંખજીના પેંતરામાં

ફોટો-કલાકાર: ઠાકરલાલ દવે (મદ્રાસ)





કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૬; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ : ૧ રૂપિયો

વાચકો લખે છે

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ ઑગસ્ટ અંકમાં શ્રી ભાનુશંકર યાજ્ઞિકનો પત્ર તથા તેમણે મોકલાવેલ ફોટો જોયાં. તેમાં વર્ણવેલા શ્રી ભૂપેન્દ્ર પુરોહિત મારા પિતાશ્રીના અંગત મિત્ર છે અને અહીં જ રહે છે. તેમની સાથે ચર્ચા કરતાં તેમણે પોતાના સંગ્રહમાંથી પૂનાના એ I.D.F.ના કૅમ્પના ઘણા ફોટો બતાવ્યા. તેમાં શ્રી મોરારજી દેસાઇનો પણ એક ફોટોગ્રાફ હતો જેની નકલ આ સાથે મોકલી છે. આશા છે કે તે રસદાયક થઈ પડશે. એમની નોંધ મુજબ શ્રી દેસાઈ તે વખતે જમાદાર હતા અને તેમને વાઈસરૉયનું કમિશન



મળ્યું હતું (જુઓ અંક ૩૪૨). તેઓ તે વખતે વિલ્સન કૉલેજમાં ફેલો હતા અને સ્ટાફ તરફથી I. D. F.માં જોડાએલા.

(કલકત્તા) —અરુણકુમાર મોદી

'હબસી મુક્કાબાજ'ની ખૂબીઓ સમજાવતો લેખ વાંચ્યો. આવા પ્રયાસ અહીં ને પરદેશમાં થયા છે ને થયા કરે છે, પણ મોટે ભાગે એ લેખો પણ 'આધુનિક ચિત્રો' જેટલા જ અસ્પષ્ટ હોય છે. ભાષા એ વિચાર-વિનિમયનું સાધન છે, ને કલા લાગણીઓના વિનિમયનું; એટલે કે ભાષાનું સામ્રાજ્ય જ્યાં હારી જાય છે ત્યાં કલાએ તે કામ કરવાનું હોય છે.

સંગીતકલામાં કોઈ એકાદ રાગનું સ્વરૂપ કે તેના માધુર્યનો પરિચય કોઈ કેળવાએલા કંઠમાંથી આવતો કર્ણમધુર સ્વરાલાપ જ આપી શકે; ભાષા દ્વારા એવા માધુર્યનો પરિચય કરાવવાનું શક્ય જ નથી, બલ્કે એવો પ્રયાસ કરવો તે સંગીતકલાની હાંસી છે. તેવી જ રીતે ચિત્રને જે કહેવાનું છે તે ચિત્ર પોતે જ ન કહી શકે તો ગમે તેવા વિદ્વાન માણસનો ગમે તેટલો લાંબો લેખ પણ તે કામ નહિ કરી શકે.

આધુનિક અગમ્ય કલા માટે વર્ષો પહેલાં ટૉલ્સ્ટૉયે કરેલું એક વિધાન મને યાદ આવે છે: "'અમુક કલાકાર મહાન છે, પણ તેની કલાને કોઈ સમજી શકતું નથી, અને કલા સારી હોવા છતાં ઘણા લોકો તેને ન સમજી શકે' આવો મૂર્ખાઈભરેલો અભિપ્રાય એટલો તો સામાન્ય પ્રચારમાં આવ્યો છે અને આપણી વિચારસૃષ્ટિમાં એ એટલો ઊંડો ખૂંપી ગયો છે કે તેનું બેહુદાપણું આપણી નજરે ચડતું નથી."

(રાજકોટ) —હિંમતભાઈ મહેતા

શ્રી જ્યોતિ ભટ્ટનો લેખ મને ઘણો ઉપયોગી લાગ્યો. આવા માહિતીપૂર્ણ લેખ માટે લેખકને મારાં અભિનંદન. એ વાંચ્યા પછી પિકાસો-સ્કૂલનાં ચિત્રો સમજવાની કંઈક સૂઝ આવી.

શ્રી ચંદ્રકાન્ત બક્ષીની વાર્તા પણ સરસ છે. વાર્તા રૂપે ટકોર કરવાની કળા મેં એમનામાં જ જોઈ. પ્રસંગનિરૂપણ દ્વારા વસ્તુની વેધકતા આણવાની કળા એમને વરી લાગે છે.

(ઉમરેઠ) —(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

'હબસી મુક્કાબાજ' ઉપરનું વિવેચન રસપૂર્વક વાંચ્યું. હવેના દરેક અંકમાં સાંપ્રત કલા ઉપર રચાએલા શ્રેષ્ઠ ચિત્ર ઉપર, યોગ્ય સમજાવટપૂર્વક ચિત્રની સમજૂતી અપાતી રહે તો હું માનું છું કે મૉડર્ન આર્ટ તરફના બંધાએલા ખોટા અભિપ્રાયોને ઓછેવત્તે અંશે દૂર કરવામાં અને ઉપર્યુક્ત શૈલીમાં પગરણ માંડતા કલાર્થીને 'કુમાર' પ્રેરણા રૂપ થશે.

(બિલોડા) —લાભશંકર ર. પંડ્યા

જૂન અંકમાં 'મૉડર્ન આર્ટ' વિષેનો શ્રી મહેતાનો રસપ્રદ લેખ વાંચ્યો. આખો યે લેખ મૉડર્નિઝમનો સ્પષ્ટ વિરોધ કરે છે અને એ દૃષ્ટિએ લેખ એકાંગી, એકપક્ષી જણાય છે. તંત્રીનોંધમાં તમે જણાવ્યું છે એ પ્રમાણે આની બીજી બાજુ પણ છે જ. મૉડર્ન આર્ટની ખૂબીઓ દર્શાવતું વિવરણ કે વિવેચન તો કોઈ મૉડર્ન આર્ટનો અભ્યાસી જ આપી શકે. છતાં આ વિષયમાં રસ ધરાવતા 'કુમાર'ના વાચકોનું એક-બે પુસ્તકો પ્રત્યે લક્ષ દોરવા માગું છું. આ લેખ વાંચ્યો તે જ અરસામાં હું 'એન્જૉયિંગ

(અનુસંધાન પૃષ્ઠ ૪૪૫મે)




ઉપર–'હરિયાળો લય' : કલાકાર · ઇન્દ્ર દુગડ

નીચે–'શિયાળાની સવાર' : કલાકાર · ઇન્દ્ર દુગડ



આ અંકમાંના પરિચયમાં જણાવ્યું છે તેમ કલાકાર શ્રી દુગડે પ્રકૃતિદૃશ્યોના પોતાના પ્રિય વિષયનાં કરેલાં સંખ્યાબંધ ચિત્રોમાં એમણે નિસર્ગના તાદૃશ આલેખન ઉપરાંત પ્રકૃતિનો મિજાજ પણ ઉતારેલો હોય છે. આ સાથે આપેલાં ભારતના વિવિધ પ્રદેશોનાં વિવિધ ઋતુઓનાં એમનાં દૃશ્યચિત્રો એની શાખ પૂરશે. (કલાકારના સૌજન્યથી)



ઈસ પાર–ઉસ પાર : કલાકાર • ઇન્દ્ર દુગડ

(કલાકારના સૌજન્યથી · એમના પરિચય માટે જુઓ આ અંકની 'કલાવાર્તા')

ઈ. ૧૯૪૬માં એમના પિતા હીરાચંદજીએ કરેલાં રાજગિરિનાં મનોહર દૃશ્યચિત્રો જોઈ એમને ય એમાં રસ જાગ્યો, ને પછી તો દૃશ્યચિત્રો જ એમનો પ્રિય વિષય થઇ પડયાં. ૧૯૪૭માં યુનેસ્કોને આશરે ભરાએલા ભારતીય ચિત્રોના પ્રદર્શનમાં રજૂ થએલું એમનું 'બૈભાર ગિરિ' નામનું ચિત્ર તો, એ પ્રદર્શન ઇંગ્લંડ, અમેરિકા, ફ્રાન્સ, રશિયા આદિ જે જે દેશોમાં ફરેલું ત્યાં સર્વત્ર ખૂબ પ્રશંસા પામેલું. બંગાળ ઉપરાંત બિહાર, ઓરિસ્સા, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે પ્રદેશોમાં રખડીને એમણે સંખ્યાબંધ દૃશ્યચિત્રો કર્યાં છે. તેમાં ય બંગાળનું સંથાલ પરગણું અને બિહારમાં આવેલું દુમકા એ એમની માનીતી જગ્યાઓ છે. દુમકા પાસે થઇને વહેતી સરિતા મયૂરાક્ષીનાં તો એમણે જુદી જુદી ઋતુમાં અનેક ચિત્રો કર્યાં છે, જેમાંનું એક ચિત્ર 'શીત કાળમાં મયૂરાક્ષી' ભારતીય દૂતાવાસ તરફથી ખરીદાઈ રૂસી સરકારને ભેટ અપાએલું.

રાગિણી-માળા [૨] · તોડી

· વસંતતિલકા ·



તારી, પ્રિયે! છવિ મનોહર, મુગ્ધ ન્યાળું:
પ્રાચી ગુલાલમય જ્યાં રવિ-રશ્મિ રાગે
કાસારની જલની લ્હેર કિનાર સાથે
ખેલે ત્યહીં તું ઘટ સંગ સુહાય ચારુ.

એ સ્વપ્ન-સૃષ્ટિ-લીન દૃષ્ટિ. ઉદાર વક્ષ!
હે તન્વિ! તેજનમણી સર-પદ્મિની હે!
તારું ઊડે વસન શ્વેત જરા જરા તે
ન્યાળું તથૈવ મુજ રે' અણતૃપ્ત ચક્ષ!

ને તારું જ્યાં દ્રવતું પંચમ સૂર ગાન,
એકાન્ત શૂન્યરવ તે કશું લોલ બોલે!
વિશ્રંભથી વનવિહંગ કુરંગ જોને
સાંનિધ્ય-નિર્મલ-સુધાનું કરંત પાન!

લજ્જાઢળેલ દૃગથી ઉર દીધ જાડી;
હે રાગિણી, પ્રિય! તું યૌવનરમ્ય તોડી.

રાજેન્દ્ર શાહ

રાગિણી તોડી : સમય ચડતો પ્રહર... આ રાગિણીનાં પ્રાચીન દૃશ્યચિત્રમાં તો પ્રતીક રૂપે વીણા અનિવાર્ય ગણી છે, પણ શબ્દચિત્ર માટે એ અનિવાર્ય ન ગણાય;—અને એટલે જ અહીં એને પ્રભાતમાં સરોવરતીરે જલ ભરતી યોષિતાના સ્વરૂપે વર્ણવી છે... પ્રાચીન સાહિત્યમાં આ રાગિણીનું વર્ણન આમ છે :

કાદમ્બરી–રસ–વિપૂરિત–કાચ–પાત્રં
વિન્યસ્તવામકરશોભિત–ચારુવક્ત્રં
સવ્યેન નાયકપટાગ્રદસાં વહંતીં
તોડીં સદા મનસિ મે પરિચિન્તયામિ.

ઉપર આસવનો ઉલ્લેખ છે ત્યાં જલપાત્ર મૂકી અનુકૂળ ફેરફાર કર્યો છે. જલ રસતત્ત્વનું જ બોધક છે ને?

મૃત્યુને આમંત્રણ

· મિશ્ર ·

આ જિંદગીમાં ન કશું ય છે સ્થિર,
ત્યાં તું અહો મૃત્યુ જ માત્ર નિશ્ચલ!
સૌ સત્ય જ્યાં સંકુલ ને કઠોર,
ત્યાં તું જ છે નિશ્ચિત ને સુકોમલ.

તારી છતાં હ્યાં અવહેલના કરી!
ને તો ય તારી કરુણાસુધા-રસી
અંગુલિસ્પર્શે નહિ કોઇ વંચિત;
સુલભ્ય શું દર્શન રૂપમંડિત!

સુલભ્ય? ના, દુર્લભ તારું દર્શન,
રે ત્યાગવું સખ્ય જ જિંદગીનું,
ત્યારે મળે તું! ભય-રાગ બીનું
રોમાંચકારી તુજ કેવું 'કર્ષણ!

અપૂર્ણ હું, વ્યાકુલ, બદ્ધ, આતુર;
હે પૂર્ણના પૂર્ણ, તું આવ સત્વર!

ભાનુપ્રસાદ ત્રિવેદી

જળફૂંકણી

· મિશ્ર ·

પ્હેલાં—પણી વા કદી મસ્તીમાં તને
આંખો ભરી એમ નિહાળી ના હતી,
સ્પર્શી ન'તી માખણને લજાવતી
કુમાશ તારા તનની ધરાઇને.

ભીંજેલ વસ્ત્રો સમ એકમેકની
વચ્ચે ન'તું અંતર વાયુનું જરી,
આવી હતી એવી ય વેળ એક દિ'.
આનંદની સૌ અવધો અધૂકડી
બીનારા આષ્પીભવને ઊડી ગઈ.

કંતાયલી ચાક પરે અતીતની
આયુષ્યની કોકડીને ઉખેળીને
ક્યારેક પાછો સ્મૃતિ-ફાળકે વીંટું,
કાચા બધા સૂતરને ભીંજાવતી
તે વેળ ત્યારે જળફૂંકણી થતી.

જસુભાઈ શાહ

ઝેરનો કટોરો

હવે જીરવશું ઝેરનો કટોરો,
રાણાજી, રોજ પાયો અમલ થોરો થોરો.

અમૃતની પ્યાલી જો હોય તો લગાર હજી પીવામાં ખ્યાલ કૈંક કરીએ,
પીને હરિને અહીં ભજવા, કે ઠેલીને વૈકુઠે હેતે વિચરીએ;
અમરતને પાન મારી તરસું તોપાય નહીં, પીતી ને કંઠ રહે કોરો: -હવે૦

રૂંવેરૂંવે તે નવી ચેતનની લહેરખી ને ચિત્ત રે ચડ્યું છે ચકરાવે,
પાવા ઘો ભરીભરી ઝેરના પિયાલા મને એનો યે કેફ ઓર આવે;
કાંઠે તો બેઠું રે'વાય નહિ-લેવા ઘો આગના નવાણુમાં ઝબોળો: -હવે૦

હરીન્દ્ર દવે

વળ જોયા?

· ગઝલ ·

નજર વ્યાકુળ હતી તો પર્વતો આકળવિકળ જોયા,
અને નિશ્ચલ થઇ ત્યારે ઘણાં તરણાં અચળ જોયાં!

અમે રાતાં નયનમાં જ્યાં કદી રાતાં કમળ જોયાં,
સૂરજ-બિંબો ઝીલે તે, વ્યગ્ર આંખોમાં વમળ જોયાં!

નયનનાં પાત્ર એનાં એ, છતાં દ્રવ્યો ઘણાં નોખાં,
કદી લાવા નિહાળ્યો, કો સમે ત્યાં શાંત જળ જોયાં!

જુએ છે તું ઘણું જોવા સમું એ સાવ સાચું, પણ
નયન, તેં કોઈ દી ક્યારે ય શું તારાં પડળ જોયાં?

ઘડીભર પણ થઇ સૌન્દર્યની ઝાંખી પૂરેપૂરી
કહી શકતો નથી હું. તે છતાં અંગો સકળ જોયાં!

કળી છે કંઇ કળા મેં ઈશની, વિશ્વાસ છે એવો;
કસબ કંઇ માનવીના તે છતાં સાચે અકળ જોયા!

મટી હું જાઉં તો પણ એ મટે એવું નથી લાગ્યું;
જીવનથી પણ ખરે સ્વપ્નાં જીવનનાં મેં સબળ જોયાં!

વળાંકો રાહના જોતો રહે એ ઠીક છે, કિન્તુ,
અનિલ, એ તો કહે: તેં શું કદી તારા ય વળ જોયા?

રતિલાલ 'અનિલ'

શુદ્ધ અને કલાપૂર્ણ નૃત્યપ્રકાર ભરતનાટ્યને પતિત સ્થાનેથી ઉદ્ધારી

'શ્રીમતી સરસ્વતી નિત્યાનંદ અહીં રહે છે?' મેં છત્રી બંધ કરતાં પૂછ્યું. ઝરમર ઝરમર વરસાદ વરસતો હતો. સાંજના ચારેક વાગ્યા હશે. ત્યાં તો કોઈ નોકરે અંદરથી આવીને જવાબ આપ્યો : 'નહીં હૈં. બાહર ગઈ હૈં.' થોડી વારે કમ્મરમાંથી સહેજ વાંકાં વળી ગએલાં દક્ષિણભારતીય સાડી પહેરેલાં એક વૃદ્ધા બહાર આવ્યાં. મેં પ્રણામ કર્યાં અને અંગ્રેજીમાં કહ્યું : 'મારે મિસિસ નિત્યાનંદને મળવું છે. શ્રી જે. એસ. મણીનો હું મિત્ર છું. એમણે મને અહીં મોકલ્યો છે.' પણ એમને સમજ પડી નહિ. કહે : 'ભાઈ! મણી તો અહીં નથી રહેતો. કદાચ સાંજે આવે ખરો! તમારે શું કામ છે?'

મારી પાસે રુક્મિણીદેવી ઍરુંડેલનો પત્ર હતો. એ મેં એમને વાંચવા આપ્યો. એ વાંચીને કંઈક સંભ્રમમાં મને પૂછ્યું : 'તમારે નોકરી જોઇએ છે?' હું તો મૂંઝાયો. આ વૃદ્ધા રુક્મિણીદેવીનાં મોટાં બહેન હતાં. શ્રી જે. એસ. મણી એમના પૌત્ર. મારે રુક્મિણીદેવી વિષે વિગતે નોંધ કરવી હતી એટલે એમણે મને અહીં મોકલેલો. સરનામું આપેલું, ૧૧મો રસ્તો, ચેમ્બુર, ને કહેલું, 'સરસ્વતીબેન ગુજરાતી છે. તમારું કામ સરળ થશે.' સરસ્વતીબેન એમનાં બેન શુદ્ધિમતીને મળવા ખાર ગએલાં. અને આ બાઇ જોડે મારા ભાંગ્યાતૂટ્યા તમિળમાં ઝાઝી કશી વાતચીત થઈ શકે એમ ન લાગ્યું. સદ્‌ભાગ્યે એ થોડું અંગ્રેજી જાણતાં હતાં. એટલે



કંઇકેય વાતચીત કરી શક્યો. વરંડામાં બીજી પાટ પડી હતી. ત્યાં એ બેઠાં ને પૂછવા લાગ્યાં, 'તમે ક્યાંથી રુક્મિણીને ઓળખો? એ મુંબઈ આવે ત્યારે તમારે ઘેર ઊતરે છે? તમે એમને ક્યાં મળેલા?' હું તો હસી પડ્યો. 'ના રે ના! એ તો બહુ મોટાં માણસ કહેવાય. હું એમને દિલ્હીમાં મળેલો. મારે તો એમને વિષે લખવું છે એટલે તમને બધું પૂછવાનો છું.' કહી મારી પાસે 'સીતા સ્વયંવરમ્' નૃત્ય નાટિકાની પત્રિકાઓ વગેરે હતું તે બતાવ્યું. રુક્મિણીદેવીનો ફોટો જોઇને કહે, 'હા! આ જ રુક્મિણી. પણ આ તો બહુ વર્ષો પૂર્વેનો ફોટો છે. ત્યારે તો એ બહુ રૂપાળી હતી!' અને પછી ભાવવશ બની ત્રૂટક ત્રૂટક એમણે કંઈ કેટલુંય કહ્યું. થોડી વારે આત્મીયતા બંધાઇ. નોકર ચા ઇત્યાદિની સામગ્રી લાવ્યો તે એમણે હોંશે બનાવીને મને આપી અને નિરાંતે બેસવાનું કહી અંદર કંઈ કામે ગયાં.

અરધાએક કલાક પછી ટૅક્સીનું હૉર્ન સંભળાયું. એક પાતળાં ગુજરાતી બેન અને છએક વર્ષની નાની બાલિકા એમાંથી ઊતર્યાં. નોકરે આવીને મને કહ્યું : 'બાઈ આ ગઈ હૈં!' મેં એમને નમસ્કાર કર્યા ને પરિચય આપ્યો. એટલે ઉત્સાહથી કહે : 'આવો! આવો!' ને ઘરમાં લઈ ગયાં. મારી પાસે બચુભાઇ (આ પત્રના તંત્રી)નો પત્ર હતો. તે જોઈ કહે, 'ઓહો! આ તો ખૂબ પરિચિત અક્ષરો છે. ચંદુભાઈ વિશે—' ને પછી મારાં આશ્ચર્ય અને આનંદનો પાર રહ્યો નહિ. હ! આ તો 'સુકાની'નાં પુત્રી સરસ્વતીબેન હતાં! મને ૧૧મો રસ્તો, ચેમ્બુર એ સરનામું ફરી યાદ આવ્યું. 'સુકાની'ના ચરિત્રમાં (અંક ૪૧૯) એમનો ઉલ્લેખ હતો! ને એમાં વાંચેલું કે : "થીઑસોફિકલ સોસાએટીના તેઓ આજીવન સભ્ય હતા. એ દરજ્જે શ્રીમતી રુક્મિણી ઍરુંડેલના સાથમાં રહીને છેક ૧૯૩૪થી તેમણે સ્થાપેલી બધી સંસ્થાઓમાં એમણે સહાય આપ્યા કરેલી. રુક્મિણીદેવીના તો એ મોટા ભાઈ જેવા હતા... એમનાં સૌથી મોટાં પુત્રી સરસ્વતી ઇતિહાસ-વિષયમાં એમ. એ. થએલાં છે. એમનું લગ્ન રુક્મિણીદેવી ઍરુંડેલનાં બહેનના પુત્ર આર. નિત્યાનંદ સાથે થયું છે. ચંદુભાઈ ને પ્રેમદાબહેન સાથે ઘણા વર્ષના સ્નેહ-સંબંધે આ કૌટુંબિકરૂપ ધરેલું જોઈ રુક્મિણીદેવીને પરમ સંતોષ થએલો."

એ પરોક્ષ પરિચય આજે નિકટનો બન્યો એટલે મારું કામ ઘણું સરળ બન્યું. સરસ્વતીબેનનાં સાસુ શુભલક્ષ્મી અમ્માને એમણે મારા આવવાનું કારણ સમજાવ્યું, અને પછી તો દોઢેક કલાક જે તમિળ, ગુજરાતી અને અંગ્રેજી ભાષાની વણથંભી વાગ્ધારા વહી છે એ વિષે લખવું મુશ્કેલ છે. વળી શુભલક્ષ્મી અમ્મા ૬૧ વર્ષે અંગ્રેજી શીખ્યાં હતાં એ વાત મેં જાણી ત્યારે મારા આશ્ચર્યનો પાર ન રહ્યો. કહે : 'મારે કરમે બે ગુજરાતી પુત્રવધૂઓ લખાઈ હશે તે મારે એ બંને જોડે અને ઘરમાં સૌ જોડે એક સામાન્ય ભાષામાં વાતચીત કરવી હોય તો આ વિના ઉપાય નહોતો.' ને પછી સ્મરણદીવડાની વાટ સંકોરી સંકોરી એમણે ભૂતસર્ગના એ બધા પ્રસંગો ઝગાંઝળા કરી મૂક્યા :

"ત્યારે અમે મદુરામા રહેતાં. સાલ ૧૯૦૪ ફાલ્ગુની શુક્લા દ્વાદશી. રુક્મિણી એ દહાડે જન્મી. અમે ચાર બહેનો અને ત્રણ ભાઇઓ. એમાં સૌથી મોટી હું. મારાથી નાની શિવકામુ. રુક્મિણી ત્રીજી. સૌથી નાની તે વિશાલાક્ષી. ભાઇઓમાં શ્રીરામ સૌથી મોટો, બીજો ભાઈ તે એન. પદ્મનાભન્ ને ત્રીજો યજ્ઞેશ્વર શાસ્ત્રી. મૂળે અમે તાંજોરનાં. અમારા વડવાઓએ તાંજોરના મહારાજાઓને ત્યાં કામગીરી બજાવેલી. પિતા શ્રી નીલકંઠ શાસ્ત્રી આગળપડતા અને જાણીતા એન્જિનીઅર. મારાં

તેને વિશ્વપ્રકાશમાં ગૌરવભર્યે ઉચ્ચપદે સ્થાપનાર

રુક્મિણીદેવી

લેખક • સુનીલ કોઠારી



મા શેષમ્માલ હજી ય હયાત છે. મદ્રાસમાં અદ્યારમાંજ રહે છે. બાપુજીને સંગીતનો ભારે શોખ. એમની તો મરજી હતી કે કુંભકોનમમાં સંગીતની વિદ્યાપીઠ સ્થાપવી. રુક્મિણીને પણ એનો નાદ. એ ઝાઝું ભણી નહિ. (મારે કરમે તો એ જૂનવાણી સમાજના ચુસ્ત નીતિનિયમો ને રૂઢિઓ અનુસાર કશી પ્રગતિ કરવાનું લખાએલું નહોતું. અને હિંદુ કુટુંબોમાં બને છે તેમ મારાં લગ્ન નાની ઉમરે જ થઈ ગએલાં.) રુક્મિણી ભારે હોશિયાર અને ચબરાક. સ્વયંબુદ્ધિથી જ ઘણું શીખતી. મિડલ સ્કૂલના થર્ડ ફૉર્મ લગી અભ્યાસ કર્યા પછી તો એ સંગીત જ શીખતી. પછી અમે મદ્રાસ આવીને વસેલાં. તે કાળે ડૉ. ઍની બેસંટ મદ્રાસમાં થીઑસોફિસ્ટ પ્રવૃત્તિઓ ચલાવતાં. તેમને બાપુજીએ ઘણી મદદ કરેલી. શ્રીરામ પણ એમાં ભળ્યો, ને રુક્મિણી પણ બધે જ જાય. નાનપણથી જ એણે કાઠું કાઢેલું. ઊંચી અને સશક્ત. કાળા કેશકલાપમાં ચમેલીનો ગુચ્છ લટકાવે અને મેશ આંજે. પાણી ફૂટે તેમ અંગ્રેજી બોલે.

આ અરસામાં જ શ્રીમતી ઍની બેસંટના બોલાવ્યા ડૉ. જ્યૉર્જ સિડની ઍરુંડેલ અદ્યાર આવેલા. ત્યારે મદ્રાસમાં થીઑસોફીની પ્રવૃત્તિઓ પૂરઝડપે ચાલતી. મારા મોટા ભાઇ શ્રીરામ અને પિતાજી પણ એમાં ભળેલા. રુક્મિણી પિતાજીની લાડકવાયી, એટલે એ આવી પ્રવૃત્તિઓમાં સાથે જ હોય. એથી ધીરેધીરે એ સૌના સંપર્કમાં આવી અને ડૉ. ઍરુંડેલ અને એનો પરિચય વધ્યો. ડૉ. ઍરુંડેલ તો ત્યારે લગભગ ૩૮ કે ૪૦ વર્ષની વયના હશે. રુક્મિણીની વય પંદરસોળની. બંને વચ્ચે ધીરે ધીરે સ્નેહભાવ પ્રગટ્યો અને ષોડશી રુક્મિણીએ ૧૯૨૦માં એમની જોડે લગ્ન કર્યાં. સમસ્ત તમિળ સમાજમાં ખળભળાટ મચી ગયો. બાપુજીનો તો ૧૯૧૯માં જ દેહાંત થએલો, એટલે એકલો શ્રીરામ જ રુક્મિણીને પડખે. એના સહકારથી જ આ લગ્ન થઈ શક્યાં. એ અધ્યાત્મદૃષ્ટિપૂત લગ્ન હતાં. દૃઢનિર્ધારી રુક્મિણીએ વિરોધોનો સામનો કર્યો. થોડો વખત અમે મદ્રાસ છોડી મુંબાઇ આવી રહ્યાં અને રુક્મિણી ડૉ. ઍરુંડેલ જોડે ઇંગ્લંડ ગઇ. ત્યાર બાદ એણે કેટલા ય પ્રવાસો કર્યાં. એ ઊજળું નસીબ લઇને જન્મી હતી. એના ભાગ્યમાં વિશ્વભરના પ્રવાસ યોજાયા હતા. ડૉ. ઍની બેસંટ પાસે દીક્ષા લઈ એણે પણ થીઑસોફી પંથ સ્વીકારેલો. એ બધાં એમનાં ચેલકાં! ડૉ. ઍની બેસંટનો શબ્દ એમને મન વેદવાક્ય—આદેશ સ્વરૂપ જ! આમ એ ડૉ. બેસંટની આજ્ઞા શિરોધાર્ય કરી હિંદુ સમાજમાં આજથી ચાલીસ વર્ષ પૂર્વે ઊપડેલા એ વિરોધ-બહિષ્કારને ઉવેખી મનમાન્યા પતિને વરીને રુક્મિણી પરદેશ જઈ વસી."

આટલું કહી પોતે સાયંસ્નાન માટે ઊઠ્યાં, એટલે સરસ્વતીબહેને વાતનો દોર આગળ ઉપાડી લેતાં કહેવા માડ્યું: "આ બધા પરદેશ-પ્રવાસો દરમિયાન જ રુક્મિણી અમ્મા પાવલોવાના પરિચયમાં આવ્યાં! એમનો પહેલો મેળાપ ઑસ્ટ્રેલિયામાં થએલો. એમને જોઇને જ પાવલોવાએ કહેલું: 'તમે તો આજન્મ નૃત્યાંગના જણાઓ છો! તમારી ચાલવાની ઢબ પરથી જ કહી શકું છું ને! તમે શા માટે નૃત્ય ન શીખો?' આમ રુક્મિણીદેવીની નૃત્યાંગના તરીકેની કારકિર્દીના શ્રીગણેશ મંડાયા અને પાવલોવા જ એમની પ્રથમ ગુરુ બની. ૧૯૩૦માં પાવલોવાનો દેહાંત થયો. ૧૯૩૨માં ઑસ્ટ્રેલિયામાં ડૉ. ઍરુંડેલનું કામ પૂરું થયું, એટલે બને ભારત પાછાં ફર્યાં. રુક્મિણીદેવીને તો નૃત્યોની ચાનક જ લાગેલી અને ભારતીય સંસ્કારની અભિરુચિ ખીલેલી, એટલે સ્વદેશ આવી આપણાં શાસ્ત્રીય નૃત્યો શીખવાનો નિર્ધાર કર્યો!

પણ ત્યારના સામાજિક સંજોગો જુદા હતા. ભરતનાટ્ય નૃત્યો તો માત્ર દેવદાસીઓ જ કરતી. ઉચ્ચ વર્ગની સ્ત્રીઓ તો એવા કાર્યક્રમો જોતી પણ નહિ. એ અભદ્ર ગણાતું. પરંતુ એ નૃત્યપ્રકારના સાચા અંતરંગને રુક્મિણીઅમ્માએ પારખી લીધું, ને એ પ્રતીતિને વશ થઈને જ એમણે સામે ચાલીને એ નામશેષ થતા કલાપ્રકારના પુનરુદ્ધાર માટે કમર કસી! ત્યારે એમની ઉમર લગભગ ૨૮ કે ૩૦ વર્ષની હશે. ઉચ્ચ બ્રાહ્મણ કુળની કન્યાની આ બીજી ધૃષ્ટતાથી લોકો ફરી ખળભળી ઊઠ્યા. ત્યાર લગી કોઈ છોકરીની મજાલ નહોતી કે સંસ્કારી કુટુંબમાં આવો ઉત્પાત જગાવે. એક તો સોળ વર્ષની વયે એમણે કોઇની ય પરવા કર્યા વિના એક વિદેશી અને વયમાં પણ મોટા પુરુષ જોડે જ્ઞાતિ-જાતિ ઇત્યાદિનાં બંધનો તોડી સ્નેહલગ્ન કરેલાં. ને એ થાળે પડ્યું ત્યાં આ પ્રસ્થાન ઉપાડ્યું! મોટામોટા ધર્મધુરીણો, પંડિતો, સમાજના ઠેકેદારો ને નીતિનિયમોના ચુસ્ત બડેખાંઓ સૌકોઈનો એમણે ખોફ વહોર્યો. પરંતુ એ સઘળાં ય સામાજિક વિરોધો, પૂર્વગ્રહો અને મુશ્કેલીઓનો એમણે પ્રતાપી રીતે સામનો કર્યો અને પોતાના નિર્ધારમાંથી લેશમાત્ર ડગ્યા વિના મયલાપોરનાં અભિનયપટુ નૃત્યાંગના મયલાપોર ગૌરી પાસે ભરતનાટ્ય શીખવા માંડ્યું. એટલેથી જ ન અટક્યાં. વર્ષોજૂનાં પરંપરાગત નટ્ટુવનારોનાં કુટુંબોમાં હયાત એવા કલાગુરુઓની શોધ કરવા માડી. પન્ડનલ્લુરના સ્વ. વિદ્વાન મીનાક્ષીસુંદર પિલ્લૈ વિના બીજી અધિકારી વ્યક્તિ કઇ હોઈ શકે? તાંજોરના રાજા સરભોજીના સમયમાં થઈ ગએલા પેલા ચાર પ્રખ્યાત ભાઈઓ ચિન્નય્યા, પોન્નય્યા, શિવનન્દમ્ ને વાડીવેળુના એ સીધા વંશજ (જુઓ અંક ૪૨૭માં 'બાલાસરસ્વતી'નું ચરિત્ર). ભરતનાટ્યના વર્તમાન સ્વરૂપના ઘડતરનું માન એમને ફાળે જાય છે. એમની પાસે



અથાગ પરિશ્રમપૂર્વક રુક્મિણીઅમ્મા નૃત્ય શીખતાં.

મને યાદ છે કે ત્યારે હું કૉલેજમાં ભણતી. પરીક્ષાની પૂર્વતૈયારીઓ માટે અધારમાં અમારા નિવાસ-સ્થાને ઉપલી મેડીએ અમે વાંચતાં. નીચેના ખંડોમાંથી નૂપુરના ઝણકાર કાને પડતા. 'ત-તાકલી' (ભરતનાટ્ય શીખવતી વખતે ગુરુ, આપણે રાસમાં વાપરીએ છીએ એવો નાનો દાંડિયો તાલ માટે જમીન પર ફટકારતા જાય તે)નો અવાજ પણ સંભળાતો. મીનાક્ષીસુંદર પિલ્લૈના જમાઈ ગુરુ ચોક્કાલિંગમ્ પિલ્લૈ તાલ પુરાવતા અને રુક્મિણીઅમ્મા નૃત્ય શીખતાં. ચારપાંચ વર્ષમાં તો એ ભરતનાટ્ય-નૃત્યાંગનાઓની હરોળમાં મોખરે આવીને ઊભાં. એમણે સામાજિક પૂર્વગ્રહની દીવાલ તોડી, ભદ્રવર્ગની કન્યાઓ ભરતનાટ્ય ન શીખી શકે એ ભ્રમ ભાંગ્યો અને આ કલાને ઉચ્ચ સ્થાને સ્થાપી. હલકા વર્ગની વામાઓ ને સામાન્યાઓના જીવન-નિર્વાહ બનેલા ભરતનાટ્યને એમણે એ પતિત સ્થાનેથી ઉદ્ધારી સંમાનભરી ભૂમિકાએ સ્થાપ્યું ને અધ્યાત્મદૃષ્ટિથી એના પુનિત સ્વરૂપનું ગૌરવ વધાર્યું. એમના જીવનનું આ અત્યંત મહત્ત્વનું કાર્ય છે. અને ભરતનાટ્યનૃત્યના ઇતિહાસમાં એમનું આ ચિરંજીવ પ્રદાન ગણાશે."

હું એકધ્યાને એમની વાત સાંભળી રહ્યો હતો. જ્યારે એ અટક્યાં ત્યારે મેં ડૉ. જેમ્મ કઝિન્સના સંયુક્ત આત્મવૃત્તમાં રુક્મિણીદેવીનાં નૃત્યો પ્રથમ વાર જાહેરમાં થીઑસોફીના વાર્ષિક અધિવેશનમાં રજૂ થયાં તે પ્રસંગનો ઉલ્લેખ છે એ વિષે કહ્યું. એટલે ઉત્સાહથી એમણે ચલાવ્યું: "ત્યારનાં અધારનાં થીઑસોફિકલ કન્વેન્શન્સ અને સ્ટાર્સ કૅમ્પના તે શી વાત કરું? આમે ય અધાર તો સૌંદર્યધામ છે જ. ત્યાંનાં નદી અને સમુદ્ર, તીરપ્રાન્તની તમાલકુંજ અને ઉપવનો, અનેક વીથિઓ અને આવાસો! રાજકારણ, શિક્ષણ, કળા, વિજ્ઞાન ને ધર્મ ઉપરાંત અનેક વિશ્વવ્યાપી પ્રવૃત્તિઓ આવરી લેતું એનું બંધનરહિત મુક્ત જીવન! એ બધું મળીને ત્યારે અધાર તો જાણે એક નાનકડું વિશ્વ જ ન હોય એવો ભાસ કરાવતું. ત્યારે જગતના ખૂણેખૂણેથી યાત્રીઓ આવતા. ટૅક્સીના હૉર્નનો અવાજ, બસની આવજા, ઝટકાઓનો ખખડખડ ધ્વનિ ને પગે ચાલીને આવનારાઓના કોલાહલથી વાતાવરણ ગાજતું. અમેરિકન યુવતીઓ નાજુક ભારતીય કન્યાઓ જોડે લટાર મારતી હોય, કાજળ આંજેલી દક્ષિણ ભારતીય તરુણી મુંબાઈના કોઈ ઝૉરૉઍસ્ટ્રિયન મિત્ર જોડે ઊંડી ચર્ચામાં ગરકાવ થઇ હોય, નારિયેળીનાં ઝુંડ હેઠળ ભારતીય યુવકો અને ઑસ્ટ્રેલિયન કિશોરીઓ કિલ્લોલ કરતાં હોય... આમ આંતરરાષ્ટ્રીય કુટુંબમેળા જેવું વાતાવરણ રચાતું. અધારનાં વિશાળ વૃક્ષોની ઘેરી ઘટા હેઠળ દેશપરદેશના સેંકડો પ્રતિનિધિઓ ભેગા મળતા અને નાના સાદા વ્યાસપીઠ ભણી સૌનું ધ્યાન કેંદ્રિત થતું. ત્યાં આસન પર બેસી શ્રી યદુ કૃષ્ણમૂર્તિ વ્યાખ્યાન આપતા. ત્યારે તો થીઑસોફિકલ સોસાએટી અને ડૉ. ઍની બિસંટના રાજકારણની બોલબાલા હતી. ડૉ. જ્યૉર્જ સિડની ઍરંડેલ, 'કુમાર'ના વાચકોને સુપેરે પરિચિત ડૉ. જેમ્સ કઝિન્સ અને શ્રીમતી માર્ગરેટ કઝિન્સ, શ્રી જિનરાજદાસ, યદુ કૃષ્ણમૂર્તિ, મિસ વિલ્સન, સી. ડબ્લ્યુ. લેડબીટર, બૅસિલ હૉજસન, સ્મિથ વગેરે વિભૂતિઓ ડૉ. ઍની બિસંટની અનેકવિધ પ્રવૃત્તિઓમાં અગ્રણી રીતે સંકળાએલી હતી. પ્રતિવર્ષ આ અધિવેશનમાં નાટ્યપ્રસંગો યોજાતા, ને અમ્મા એમાં ભાગ લેતાં."

"ત્યારે જ ૧૯૩૫ની ડિસેમ્બરની ૨૫મી અને ૨૭મી તારીખે એમણે જાહેરમાં પ્રથમ વાર નૃત્યો કરેલાં, ખરું ને?" મેં પૂછ્યું. એટલે કહે: "હા! જાહેર રંગમંચ પર તો એ પહેલી જ વાર."

"તો પછી 'અરંગેત્રમ્'(નૃત્યાંગના પ્રથમ વાર નૃત્યશિક્ષણ પૂરું કરી તમિળ સમાજ સમક્ષ નૃત્યો રજૂ કરે તે વિધિ) ક્યાં ગોઠવાએલું?"

મારી આ ઉત્સુકતા જોઈ હસીને સરસ્વતીબહેન કહે: "એની જ વાત કરું છું. આમે ય રુક્મિણીઅમ્માને મન નૃત્યકલા તો આધિદૈવિક કલા જ હતી. એટલે એમણે વિશિષ્ટ પરવાનગી મેળવીને ચિદંબરમ્ મંદિરમાં પ્રથમ વાર જાહેરમાં નૃત્યો રજૂ કર્યાં. આવું માન મેળવનાર એ એકલાં જ નૃત્યાંગના છે, કેમકે મંદિરોમાં નૃત્યો રજૂ કરવાની પ્રથાનો તો ખાસ કાયદો પસાર કરીને અંત આણવામાં આવેલો છે. પરંતુ રુક્મિણીદેવીની અભિલાષા પાર પડી. નૃત્યના અધિષ્ઠાતા દેવ શિવ સમક્ષ નૃત્યો રજૂ કર્યાં પછી જ એમણે અધારના ખુલ્લા રંગભવનમાં નૃત્યો રજૂ કર્યાં. એમણે 'Light of Asia' (જગ્ગુજ્યોતિ) નાટકમાં યશોધરાનું પાત્ર ભજવેલું અને એનાં નાનાનાનાં પાત્રોની ભૂમિકામાં એમણે અમારી વયના બાળાઓને પણ તાલીમ આપી ભાગ લેવા પ્રેરેલી. મારી બહેનો મીરાં અને શુદ્ધિમતીએ એમાં ભાગ લીધો હતો. શ્રીમતી મૃણાલિની સારાભાઇએ એમાં 'માયાવતી'નું પાત્ર ભજવેલું. એ પ્રયોગો બહુ સફળ થએલા."

મેં ડૉ. કઝિન્સની નોંધ વાંચી સંભળાવી: 'પેલા બે નૃત્ય-પ્રયોગોને અંતે જે ત્રીજો નૃત્ય-પ્રયોગ રજૂ થયો ત્યારે ભારતે જાણ્યું કે દક્ષિણ-ભારતીય નૃત્યોના પુનરુત્થાનની પુરોધા નાયિકાએ એક અત્યંત મહત્ત્વની કામગીરીનાં મંગળાચરણ કર્યાં છે. હજી ય મને એ દિવસોમાં મેં અનુભવેલી તીવ્ર આનંદની લાગણીની સ્પષ્ટ સ્મૃતિ છે. ભરતનાટ્યમના સળંગ કાર્યક્રમના વિવિધ પ્રયોગો ક્રમાનુસારી રજૂ થતા ગયા અને એ અતુલ સૌંદર્યના પ્રકટીકરણે મને માનવોત્તર ભૂમિકાએ પહોંચાડી સાત્ત્વિક આનંદનો પરામર્શ કરાવ્યો. નૃત્યની રજૂઆત ઉદાત્ત, ગંભીર અને સંપૂર્ણપણે ભારતીય હતી. સાથમાંનું સંગીત જુદું હતું. પગનાં અટપટાં હલનચલનોથી માંડીને નેત્રોનાં ભાવાનુસારી ચલન લગીની મોહક લીલા દંગ બની અમે જોઇ રહ્યાં. નૃત્ત (pure dance)ની રમ્ય ગૂંથણી ને શુદ્ધ લય સાથે તાલાનુસારી સુરાવલિથી (અનુ. પૃ. ૪૪૬મે)

હિંદુ મૂર્તિઓ

એનાં વિવિધ સ્વરૂપો, અંગઉપાંગ અને આભૂષણો, વાહનો અને આયુધો આદિમાં વ્યક્ત થતી ભાવનાઓની સમજણ

લેખક · ડૉ. પ્રિયબાળા શાહ

卐

પરમાત્માના સ્વરૂપની ચર્ચા કરતાં વિષ્ણુધર્મોત્તર પુરાણ પ્રતિપાદન કરે છે કે પરમાત્મા નિર્ગુણ, અર્થાત્ રૂપ ગંધ રસ શબ્દ ને સ્પર્શ રહિત છે, પણ પૂજાધ્યાન આદિ માટે સાકારની કલ્પના કરવામાં આવે છે. અથવા બીજી રીતે કહીએ તો પ્રકૃતિ અને વિકૃતિ એમ પરમાત્માનાં બે સ્વરૂપ છે. प्रकृतिविकृतिस्तस्य द्वे रूपे परमात्मनः। અવ્યક્ત સ્વરૂપ તે પ્રકૃતિ અને વ્યક્ત સ્વરૂપ તે વિકૃતિ. પ્રકૃતિ એટલે નિર્ગુણ, વિકૃતિ એટલે સગુણ. પૂજાદિ કર્મો માટે વ્યક્ત સ્વરૂપને એટલે સગુણને મહત્ત્વ આપવામાં આવે છે. सगुण ब्रह्मविषयक मानसव्यापारः उपासनम्। શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પ્રમાણે પણ દેહધારી સામાન્ય મનુષ્યોને અવ્યક્તમાં ચિત્ત ચોંટાડવાનું ઘણું મુશ્કેલ છે. अव्यक्ता हि गतिर्दुःखं देहवद्भिरवाप्यते॥ આથી હિંદુ મંદિરોમાં મૂર્તિને અપાતું મહત્ત્વ સમજી શકાશે. આપણે રોજ મંદિરે જઈએ છીએ, બે હાથ જોડી દર્શન કરીએ છીએ પણ તે દર્શન કોનાં કરીએ છીએ તેનો ખયાલ જ નથી હોતો.

મંદિરના ગોખમાં, સ્તંભ ઉપર, આજુબાજુ, ચોતરફ નાનામોટા દેવોની મૂર્તિઓ આપણે જોઇએ છીએ. તેમનાં સ્વરૂપમા પણ ફેર હોય છે. કોઇને ચાર હાથ, કોઇને આઠ, કોઇને બે, અને તે જ પ્રમાણે આંખો અને મસ્તકનું પણ. કેટલીક વાર મૂર્તિ ઉપર રંગ કરવામાં આવે છે. રંગ પણ જુદીજુદી મૂર્તિઓ અર્થાત્ દેવો માટે જુદાજુદા હોય છે. મૂર્તિઓ પોતાના આયુધાદિ ચિહ્નો સાથે પણ બનાવવામાં આવે છે. આ ચિહ્નોનો બરાબર અર્થ ન સમજીએ તો પથ્થરની જ પૂજા કરીએ છીએ છે એમ કહેવાય. આથી મૂર્તિના દરેક પ્રતીકનો અર્થ ને તેમાં વ્યક્ત થતી ભાવના બરાબર સમજીને તેની ભક્તિ કરવામાં આવે તો જ તે ભક્તિ, નારદ મુનિએ ભક્તિસૂત્રમાં કહ્યું છે તેમ અમૃત સ્વરૂપા થાય. આથી કેટલાંક વૈદિક ને પૌરાણિક દેવોને તેમનાં અંગ-ઉપાંગ, આભૂષણ, વાહન, આયુધાદિમાં વ્યક્ત થતી ભાવના સાથે સમજવા પ્રયત્ન કરીએ.

પૌરાણિક દેવોમાં મુખ્ય ત્રિમૂર્તિ. ત્રિમૂર્તિ કહેતાં બ્રહ્મા, વિષ્ણુ અને શિવ. વૈદિક દેવોમાં સૂર્ય, વરુણ અને ઇન્દ્ર. તે જ પ્રમાણે શક્તિ-સ્વરૂપ લક્ષ્મી, સરસ્વતી અને પાર્વતી.

બ્રહ્મા–સૃષ્ટિના સર્જક આ દેવ હમેશાં પદ્માસનમાં હોય છે. આ પદ્માસન તેમની ધ્યાનસ્થ દશા બતાવે છે. બ્રહ્માને ચાર મુખ અને ચાર હાથ હોય છે. ચાર મુખ તે ચાર વેદનાં પ્રતીક છે, અને ચાર હાથ ચાર દિશાઓ વ્યક્ત કરે છે. હાથમાં પકડેલું કમંડળ વિશ્વની પાણીમાંથી ઉત્પત્તિ બતાવે છે. બીજા હાથમાં રહેલી રુદ્રાક્ષની માળા 'કાલ'નું પ્રતીક છે. બ્રહ્મા કૃષ્ણાજિન ચર્મ પહેરે છે. આ ચર્મ શુક્લ અને અશુક્લ યજ્ઞ વ્યક્ત કરે છે. બ્રહ્મા સાત હંસથી ખેંચાતા રથમાં વિરાજે છે. તે સાત લોકનું સૂચન કરે છે. આપણે ત્યાં પૂજાતી બ્રહ્માની મૂર્તિ કે તેનું મંદિર માત્ર ખેડબ્રહ્મામાં ને અજમેરમાં છે. બાકી ખંડિત શિલ્પ તરીકે એલિફન્ટાની ગુફાઓમા બ્રહ્માની ઘણી મૂર્તિઓ પદ્માસનમાં વિરાજતી જણાય છે.


卐

આ લેખમાં પ્રત્યેક દેવદેવીનાં જે શાસ્ત્રોક્ત સ્વરૂપો વર્ણવ્યાં છે તે સર્વ કોઈ એક જ મૂર્તિમાં જવલ્લે મળે છે. પ્રાંતભેદે તેમાં ફેરફાર જણાઈ આવે છે.

卐

પરંતુ એ સર્વ સ્વરૂપો ખયાલમાં જો રાખ્યાં હોય તો કોઈ પણ પ્રદેશમાં કોઈ પણ સ્થળે આવેલી મૂર્તિને આપણે સરળતાથી ઓળખી કાઢી શકીએ છીએ.


卐





↓ઐહોળેમાં આવેલી આઠમી સદીની બ્રહ્માની મૂર્તિ

બંને બાજુ: બ્રહ્મા અને વિષ્ણુના સ્વરૂપાલેખન



વિષ્ણુ-સૃષ્ટિના પાલક દેવ. આ દેવ પોતાની શક્તિ પ્રમાણે ચતુર્વ્યૂહાત્મક અર્થાત્ જુદાજુદા ચાર સ્વરૂપમાં સાકાર થાય છે. બલ વાસુદેવના સ્વરૂપમાં, જ્ઞાન સંકર્ષણના, ઐશ્વર્ય પ્રદ્યુમ્નના અને શક્તિ અનિરુદ્ધના સ્વરૂપમાં. વિષ્ણુના વક્ષ:સ્થલ પર રહેલું કૌસ્તુભ નિર્મલ જ્ઞાનનું પ્રતીક છે. કંઠે ધારણ કરેલી લાંબી વિવિધરંગી વનમાલા, ચર અને અચર એટલેકે સ્થાવર અને જંગમ જગત્ સંકળાએલું હોવાનું સૂચન કરે છે. વિષ્ણુનાં વસ્ત્રો અવિદ્યાનાં સૂચક છે, જે અવિદ્યા વિશ્વની ગતિમાં મદદ કરે છે અને જગત્નું પોષણ કરે છે. વિષ્ણુના ચાર હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ છે. તેમાં શંખ અવકાશનું સૂચન કરે છે, ચક્ર હવાનું પ્રતીક છે, ગદા ચંદ્રનું પ્રતીક અને પદ્મ વિષ્ણુના હાથમાં હોય ત્યારે જલનું પ્રતીક પરંતુ નાભિમાંથી પ્રગટતું હોય તો તે પૃથ્વીનું સૂચન બને છે. તેમનું વાહન ગરુડ પ્રાણીમાત્રના મનનું સૂચન કરે છે. આવી વિષ્ણુની મૂર્તિઓ ઘણાં સંગ્રહાલયોમાં જોવા મળે છે. આ પ્રકારના વર્ણન વાળી એક મૂર્તિ અમદાવાદના શ્રી રામાનંદ મહાવિદ્યાલયના સંગ્રહાલયમાં છે. પણ ગુજરાતમાં વિરલ કહીએ તેવી મૂર્તિ તો વાડજની પાસે આવેલા કાશ્મીરા મહાદેવના મંદિરના શિખર પર છે. આ મૂર્તિમાં વિષ્ણુ ભગવાન લક્ષ્મીજી સાથે ગરુડ પર બેસેલા છે.

શિવ-સૃષ્ટિના સંહારક દેવ. સંહાર એટલે વિશ્વની માયા-પ્રવૃત્તિને સંકેલી લેવી તે. શિવ કે મહેશ્વર રંગે શ્વેત હોય છે. શ્વેત રંગ પ્રકૃતિનું સૂચન કરે છે. શિવનાં ત્રણ મુખ સત્ત્વ, રજસ્ ને તમસ્ એમ ત્રિગુણનાં પ્રતીક છે, પણ પાંચ મુખ પંચ મહાભૂત બતાવે છે. એ પાંચ મુખ સદ્યોજાત, વામદેવ, અઘોર, તત્પુરુષ અને ઈશાનને નામે જાણીતાં છે. આ પાંચે અનુક્રમે પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશનું સૂચન કરે છે. શિવનાં ત્રણ ચક્ષુઓ સૂર્ય, ચન્દ્ર અને અગ્નિનાં પ્રતીક છે. અને એ જે વ્યાઘ્રચર્મ ધારણ કરે છે તે મનુષ્યની તૃષ્ણાનું સૂચક છે. હાથમાં રહેલી અક્ષમાળા 'કાલ' (સમય)નું સૂચન કરે છે. જટામાં શોભતી ચંદ્રકલા તેની દિવ્ય શક્તિનો ખ્યાલ આપે છે અને તેમનું વાહન વૃષભ દૈવી ધર્મની ભાવના વ્યક્ત કરે છે. શિવના અલંકાર સમા સર્પો ક્રોધ વ્યક્ત કરે છે જે ક્રોધ ત્રણે ભુવનને વશ કરે છે. એકમુખી શિવની મૂર્તિ એલિફન્ટા અને ઇલોરાની ગુફાઓમાં મળે છે.


એલિફન્ટામાંની જગવિખ્યાત મૂર્તિ (બ્રહ્મા, વિષ્ણુ અને શિવની ભેગી એમ ત્રિમૂર્તિ તરીકે ગણાતી પણ વસ્તુતઃ જુદાજુદા ભાવો વ્યક્ત કરતી શિવની જ મૂર્તિ) હકીકતમાં મહેશ્વરની જ ત્રિમૂર્તિ છે. આવી એક મૂર્તિ આબુની તળેટીમાં આવેલા દેવાંગણમાં અને બીજી ચિતોડના સમિધેશ્વર મંદિરમાં છે. ત્રિમુખી પંચમુખી શિવની મૂર્તિ મુંબાઇના પ્રિન્સ ઑવ વેલ્સ મ્યૂઝિયમમાં છે.

સૂર્ય-રોજ જે સૂર્યને સવારમાં ઊગતો, મધ્યાહ્નને તપતો અને સાંજે અસ્ત પામતો જોઇએ છીએ તે ધગધગતો તેજનો ગોળો જ છે, પણ જ્યારે તેને આકારમાં બતાવવામાં આવે છે ત્યારે તે ચાર ભુજાધારી સૂર્યનારાયણ રોજ વહેલી સવારે સાત ઘોડા વડે ખેંચાતા રથમાં બેસીને નીકળે છે. અરુણ તેમનો સારથી છે. આ રથ એક દૈત્યના ઉપર ચલાવવામાં આવે છે. સૂર્યના બે હાથમાં ખીલેલાં કમળ અને બે હાથમાં ઘોડાની લગામ હોય છે. તેની બંને બાજુએ ઉષા અને પ્રત્યૂષા તીરકામઠાં સાથે બેઠાં હોય છે, અને દેવ પોતે પોતાની ચાર પત્નીઓ સહિત રથમાં નીકળે છે. ખીલેલાં કમળ ઊગતા સૂર્યનાં પ્રતીક છે-સૂર્ય ઊગે અને કમળ ખીલે. સાત અશ્વો સાત વારનાં સૂચક છે, અને લગામ તે સમસ્ત જગત સૂર્યને વીંટળાએલું છે એવો ભાવ વ્યક્ત કરે છે. રથનાં બે પૈડાં મહીનાનાં બે પખવાડિયાંનાં સૂચક છે. ઉષા અને પ્રત્યૂષા ધનુષ અને બાણ વડે અંધકારને ભેદે છે. અશ્વ નીચેનો દૈત્ય અંધકારરૂપી દૈત્ય છે.



ઐહોળેમાં શિવ ૮મી સદી. (નીચે) દેલવાડામાં સરસ્વતી ૧૨મી સદી







મથાળે: વરુણ, સૂર્ય તથા વિષ્ણુ અનુક્રમે ૯મી, ૮મી તથા ૧૨મી સદી

રેખાંકનો: વરુણ (મકર સાથે), ઇન્દ્ર તથા ઉષા પ્રત્યુષા ને અરુણ સાથે સૂર્ય





સૂર્યની પત્નીઓ રાજ્ઞી, રિક્ષુભા, છાયા અને સુવર્ચસા અનુક્રમે ભૂ. દ્યૌ, છાયા અને પ્રભાની ભાવના વ્યક્ત કરે છે. સૂર્યના રથનો સિંહધ્વજ ધર્મની ભાવના બતાવે છે. મુંબાઈની પાસે આવેલી ભાજાની ગુફામાં તેમજ ઇલોરાની ગુફામાં આ પ્રકારની સૂર્યની મૂર્તિ જોવા મળે છે.

વરુણ–પાણીના આ દેવ રંગે શ્વેત છે. સાધારણ રીતે તેમનો રંગ પાણીના રંગ જેવો જ હોય છે. પાણીનો રંગ સિત અને અસિત હોય છે, એ સિત અને અસિત સત્ય અને અસત્યનું સૂચન કરે છે. વરુણના એક હાથમાં શંખ, બીજામાં પાશ, ત્રીજામાં રત્નપાત્ર અને ચોથામાં ધ્વજ હોય છે. શંખ સંપત્તિસૂચક છે, પાશ સંસારનું બંધન બતાવે છે, રત્નપાત્ર પૃથ્વીના પેટાળમાં રહેલાં કિંમતી રત્નો દર્શાવે છે. તેના ધ્વજ ઉપરનું મકર-ચિહ્ન સુખનું સૂચક છે, અને ઉપરનું શ્વેત છત્ર કીર્તિનું પ્રતીક છે. વરુણના રથને સાત હંસ જોડેલા હોય છે, જે સાત સમુદ્રના નિર્દેશક છે. દેવની એક બાજુ યમુના ને બીજી બાજુ ભાગીરથી ચામરયુક્ત હોય છે. યમુના છાયાનું સૂચન કરે છે ને ભાગીરથી સિદ્ધિ બતાવે છે. યમુનાનું વાહન કૂર્મ અને ગંગાનું વાહન મકર છે. ચાણોદ–કર્નાળીના મંદિરમાં અને દેવગઢના મંદિરની બારસાખમાં ગંગા–યમુનાની મૂર્તિઓ છે.

ઈન્દ્ર–એના એક હાથમાં પદ્મ અને બીજા હાથમાં વજ્ર હોય છે. પદ્મ સમૃદ્ધિસૂચક છે. વજ્ર ક્રોધ બતાવે છે, જે ક્રોધ નિર્દયનું શમન–વશ કરે છે. તેનું વાહન ઐરાવત હાથી અર્થ–ધનનું પ્રતીક છે, અને તેના દંતૂશળ દૈત્ર, મંત્ર, ઉત્સાહ અને પ્રભુની ભાવના વ્યક્ત કરે છે. હાથી ઉપરનું અંકુશ પ્રાણીમાત્ર ઉપરનો તેનો કાબૂ બતાવે છે. ઈન્દ્રની સારી મૂર્તિ ભાજાની ગુફામાં જોવા ગળે છે.

સરસ્વતીનું મુખ ગાયત્રી અથવા સાવિત્રીનું પ્રતીક છે, અને તેનાં ચક્ષુઓ સૂર્ય અને ચંદ્રનાં. ચાર હાથ ચાર વેદ બતાવે છે અને તેમાં અનુક્રમે કમંડળ, અક્ષમાળા, પુસ્તક અને વીણા હોય છે. કમંડળ સર્વ-શાસ્ત્રનો સાર વ્યક્ત કરે છે, અક્ષમાળા 'કાલ'નું સૂચન કરે છે, પુસ્તક સર્વશાસ્ત્રોનું પ્રતીક છે અને વીણા સિદ્ધિસૂચક છે. લખનૌના મ્યૂઝિયમમાં સરસ્વતીની મૂર્તિ છે.

લક્ષ્મી–કમલમાંથી પ્રકટેલી આ દેવીની બે બાજુએ અમૃતકુંભ ઢોળતું ગજયુગલ હોય છે, જે બંને શંખ અને પદ્મનાં પ્રતીક છે. શંખ સૌભાગ્ય–સારા નસીબનું સૂચન કરે છે અને પદ્મ સમૃદ્ધિસૂચક છે. જે પદ્મમાંથી લક્ષ્મી પ્રગટે છે તે કમલ મહી–પૃથ્વીનું સૂચક છે. દેવીના એક હાથમાં રહેલું કમંડળ અમૃતનો ભાવ વ્યક્ત કરે છે અને બીજા હાથમાંનું બિલ્વફળ નિર્મલ જ્ઞાન બતાવે છે. ઇલોરાના કૈલાસમંદિરમાં તેમજ સાંચીના તોરણમાં લક્ષ્મીની મૂર્તિ છે. સાંચીની મૂર્તિને બુદ્ધની દેવી માયા તરીકે ફ્રેન્ચ વિદ્વાન ફુશે ગણાવે છે.

પાર્વતી શક્તિનું સ્વરૂપ છે. તેના હાથમાં કમળ ને માતુલુંગ–બિજોરું ફળ હોય છે. કમળ વૈરાગ્યની ભાવના વ્યક્ત કરે છે અને બિજોરું સમગ્ર જગતનું બીજ–એટલે સંતતિનું પ્રતીક છે. આ દેવી ભગવતી, ભવાની, ગૌરી કે માતૃકાના નામે પણ ઓળખાય છે. ઉજ્જયિનીમાં માતૃકાનું મંદિર છે; પણ શિવ અને પાર્વતીની મૂર્તિઓ ઇલોરા અને એલિફન્ટામાં વિપુલ પ્રમાણમાં જોવામાં આવે છે.

ભારતીય મૂર્તિવિધાનમાં મૂર્તિઓના આકારો, રંગો, તેનાં આભૂષણો, આયુધો અને વાહનોમાં આકારસૌષ્ઠવ હોવા ઉપરાંત ગંભીર અર્થોનું પણ સૂચન હોય છે તે આપણે ઉપર જોયું. આમ આપણી સંસ્કૃતિમાં મૂર્તિ પણ એક જાતની લિપિ છે, જે દ્વારા પરમાત્માના વિવિધ ગુણોને ઉકેલવાના હોય છે. તેથી આ જાતની સમજ પરમાત્માની સગુણોપાસના માટે આવશ્યક છે; નહિ તો મૂર્તિપૂજા એ પથ્થરપૂજા છે.

(આકાશવાણીના સૌજન્યથી)

વિચિત્ર વિનોદ : ગણિતગમ્મત

વિનોદ જરા વિચિત્ર છોકરો હતો. ઝાઝું ભણ્યો નહોતો, અને ભણવામાં ય ગણિત એનું બહુ કાચું. તેને સરવાળા આવડતા, પણ અપૂર્ણાંકો વિષે કશું જાણતો નહિ. જોકે એ બડાઈ મારતો કે પોતે ગમે તેવા ગુણાકાર-ભાગાકાર કરી શકે છે, પણ ખરેખર તેને '૨' થી ભાગવા કે ગુણવા સિવાય કશું આવડતું નહોતું. વળી તમે માનશો? ભાગતાં જો બેકી સંખ્યા આવે તો તે પ્રત્યે એને ધિક્કાર હતો. જ્યાં તે બેકી સંખ્યા જુએ ત્યાં તેને છેકી જ નાખતો.

હમણાં એક દાખલો એને પૂછવામાં આવ્યો. લે, તને મદદ કરું, એમ ઘણું કહ્યું, પણ એ માન્યો નહિ. એણે એની રીતે જ દાખલો કર્યો; ને આશ્ચર્ય તો તે કે એ દાખલો એ કરી શક્યો. ઉપરના અલ્પ જ્ઞાનને આધારે જ એણે કેવી રીતે એ દાખલો કર્યો તે જુઓ : "૩૭×૫૪"=?

એણે ૩૭ને બેએ ભાગ્યા અને મારી સામું જોઈ બોલ્યો : 'સાડત્રીસ ભાગ્યા બે બરાબર ૧૮.'

'ખોટું,' મેં કહ્યું : 'સાડત્રીસ ભાગ્યા બે, બરાબર ૧૮½.'

'હું અપૂર્ણાંકો સમજતો નથી, મારો જવાબ મારે માટે બરોબર છે' એમ કહી એણે ૧૮ લખ્યા. અને પછી એમ બેથી ભાગવાનું ચાલુ રાખ્યું : ૧૮÷૨=૯, અને ૯÷૨=ફરી એણે ૪ લખ્યા. હું જોઈ રહ્યો. વળી ૪÷૨=૨, અને છેવટે એમ ભાગતાં એક આવ્યો.

તેવી જ રીતે તેણે ૫૪ને '૨'થી ગુણવા માંડ્યું : ૫૪×૨=૧૦૮; ૧૦૮×૨=૨૧૬; ૨૧૬×૨=૪૩૨ અને એમ આગળ. અને પછી તેણે એ બધું ચોક્કસાઈથી આ રીતે લખ્યું :

	૩૭×૫૪	
દરેક વખતે બેથી ભાગતાં	(૧૮×૧૦૮)	દરેક વખતે બેથી ગુણતાં
	૯×૨૧૬	
અપૂર્ણાંકો કાઢી નાખ્યા.	(૪×૪૩૨)	ભાગતાં બેકી સંખ્યા
	(૨×૮૬૪)	આવી તે કાઢી નાખી. તેવી
	૧×૧૭૨૮	રકમો કૌંસમાં મૂકી છે.
બાકીની રકમનો સરવાળો	૧૯૯૮	

આમ, એણે આખા ગુણાકાર-ભાગાકારમાંથી ભાગાકારવાળી રકમોમાં જે જે બેકી સંખ્યા આવી તે તેની સામેના ગુણાકાર સુદ્ધાં, છેકી નાખી. અને પછી બાકીની ગુણાકારની રકમોનો સરવાળો કર્યો. આવ્યા ૧૯૯૮.

'વાહ ભ'ઈ, ગણિત કાચું હોવા છતાં દાખલો સાચો પડ્યો!' અને ખરેખર વિનોદની આ વિચિત્ર યુક્તિ બીજા જવાબો પણ સાચા લાવે છે. જુઓ :

	૧૩૫×૪૫૨=?	
	૬૭×૯૦૪	
(૩૪×૫૩=?)	૩૩×૧૮૦૮	૫૩×૩૪=?
૧૭×૧૦૬	(૧૬×૩૬૧૬)	(૨૬×૬૮)
(૮×૨૧૨)	(૮×૭૨૩૨)	૧૩×૧૩૬
(૪×૪૨૪)	(૪×૧૪૪૬૪)	(૬×૨૭૨)
(૨×૮૪૮)	(૨×૨૮૯૨૮)	૩×૫૪૪
૧×૧૬૯૬	૧×૫૭૮૫૬	૧×૧૦૮૮
૧૮૦૨	૬૧૦૨૦	૧૮૦૨

પુષ્કર ગોકાણી

કવિતા કીર્તિ અને કામિની



લેખક - પ્રો.
રમણલાલ ચી. શાહ
એમ. એ

પાત્રો

અલકા
હિમાંશુ
રશ્મિ
બંસરી

પ્રવેશ પહેલો

[સ્થળ : માથેરાનનું એક પૅાઈન્ટ
સમય : સાંજનો

અલકા : બંસરી, જો...જો...સામેના શિખર પાછળ અસ્ત થતા સૂર્યનું દશ્ય કેટલું કવિત્વમય છે. અફસોસ કે મને કવિતા લખતાં નથી આવડતી, નહિ તો...

બંસરી : નહિ તો પાંચ-છ કવિતા ઘસડી...

અલકા : મજાક શુ કરે છે? ખરેખર, આટલું રમણીય દશ્ય જોઇને તને કશું નથી થતું?

બંસરી : થાય છેને !

અલકા : શું ?

બંસરી : કે હવે મારે ઘરે પાછા ફરવાનો સમય થઈ ગયો છે! બસ, તો અલકા, તું મને હવે રજા આપ. તારો બંગલો પાસે છે અને મારે તો હજુ ઘણે દૂર પહોંચવાનું છે.

અલકા : બેસને થોડી વાર. પેલા પારસીના બંગલા પાછળની નાની કેડીએ થઇને જઈશ તો બહુ વાર નહિ લાગે.

બંસરી : ના, બા. એ રસ્તે સાંજના એકલા જતાં મને તો બીક લાગે છે.

અલકા : પણ તારી સાથે કોઇને મોકલું તો?

બંસરી : કોને? પેલા ગાંડિયાને?

અલકા : હા, એ જ. હિમાંશુ ઝવેરી. હમણાં આવવો જોઈએ. પોણા છ વાગ્યે અહીં મળવાનો એણે ટાઈમ આપ્યો છે.

બંસરી : પણ એ તો રહ્યો કવિ. વખતસર આવશે જ એનો ભરોસો શો?

અલકા : આજ તો જરૂર ટાઈમસર આવશે.

બંસરી : કેમ? આજે કવિતા લખવાની તેં એને ના પાડી હશે!

અલકા : ના, બીજું જ કારણ છે. જો, હવે કાલે તો તું જવાની છે, તો છૂટાં પડતાં પહેલાં મારે તને એક અંગત વાત કરવી છે.

બંસરી : રહીરહીને અત્યારે? તારામાં પણ સરકારી અમલદારોના ગુણ ખીલતા જાય છે! બધું છેલ્લી ઘડીએ જ સૂઝે. બોલ, શું છે?

અલકા : પરણવું તો કોઈ કવિને જ એવો નિશ્ચય મેં કર્યો હતોને?

બંસરી : તે સફળ થવાનો છે?

અલકા : હા...

બંસરી : કયો કવિ મંડાયો? આ હિમાંશુ?

અલકા : હા, એની કવિતા મને ખૂબ ગમી ગઈ છે. તને કેમ લાગે છે?

બંસરી : કવિતામાં તો મારી ચાંચ ન ડૂબે; પણ છોકરો સારો ને ભલો છે.

અલકા : મને તો ઢીલો લાગે છે. કવિતા ન લખતો હોત તો મને ગમતો ન હોત.

બંસરી : એ ઢીલો નથી પણ નિખાલસ છે. મને એની કવિતા કરતાં એની નિખાલસતા વધારે ગમે છે. જેમ વ્રજલાલ એની નિખાલસતા માટે જ મને ગમી ગયો હતો અને એથી જ અમારું દામ્પત્યજીવન સરળતાથી ચાલે છે, તેમ તારે પણ હિમાંશુને એની નિખાલસતા માટે જ પસંદ કરવા જેવો છે.

અલકા : હિમાંશુની બાબતમાં મને જો કંઈ પણ ગમતું હોય તો માત્ર એની કવિતા. કૉલેજના વિદ્યાર્થી કવિ-સંમેલનમાં એણે પોતાની કવિતા વાંચી ત્યારથી જ એ મને ખૂબ ગમી ગયો હતો. ત્યાર પછી માથેરાનમાં...

બંસરી : તમારી મૈત્રી દૃઢ થઈ.

અલકા : હા. એનો બંગલો પણ માથેરાનમાં છે અને દરેક સીઝનમાં એ પણ...

બંસરી : તને મળવા જ આવે છે.

અલકા : તો બોલ, તારી શી સલાહ છે? તું પાછી હવે છેક એક વરસે મળશે...

બંસરી : હા, અને ટપાલના પૈસા ખર્ચવામાં હું માનતી નથી. વળી મારી સલાહ તું માનશે એમ પણ હું માનતી નથી.

અલકા : પણ સલાહ શી છે તે કહ્યા વગર?

બંસરી : સલાહ એ જ કે કવિને જ પરણવાનો તારો આગ્રહ છોડી દે.

અલકા : કારણ?

બંસરી : કારણ કે કવિઓ ધૂની, તરંગી અને અવ્યવહારુ હોય છે અને એમને કાલ્પનિક પ્રિયતમાઓ ઘણી હોય છે.

અલકા : હિમાંશુ બાબતમાં એ સાચું નથી.

બંસરી : તો એ સાચો કવિ નહિ હોય.

અલકા : કવિ માટેનો ખોટો ખયાલ તારા મગજમાં ઘૂસી ગયો છે.

બંસરી : ભલે, પણ મારી સલાહ જ પૂછતી હો તો એ છે કે હિમાંશુ જો તને 'ગમતો' હોય તો કવિતાની લપછપ કર્યા વિના જ એની સાથે નક્કી કરી લેવું જોઇએ.

અલકા : પણ એ જ તો મુશ્કેલી છે. હિમાંશુ મને ગમે છે કારણ કે એની કવિતા મને ગમે છે.

બંસરી : હિમાંશુ પોતે શું કહે છે?

અલકા : એ પોતે તૈયાર છે, પણ મને વારંવાર કહે છે કે 'કવિતા ખાતર તું જો મને ચાહતી હોય તો ન ચાહતી.'

બંસરી : એમ?...આમ કહેવાનું કારણ?

અલકા : એ કારણ કહેવા માટે જ અત્યારે એ......લે, પેલો આવે, એ...જોયો?

બંસરી : હા; કેં કવિતાની ધૂનમાં જ લાગે છે.

અલકા : ભવિષ્યમાં ગુજરાતનો મહાકવિ થશે એમ તને નથી લાગતું?

(અનુસંધાન પૃષ્ઠ ૪૩૨ ઉપર)

મૉડર્ન આર્ટ પરની ચર્ચાનો પ્રત્યુત્તર

લેખક
ફિરોઝશાહ રુ. મહેતા



'કિંગ ઍન્ડ ક્વીન'–કલાકાર • દુર્યૅમ્પ



'પૉર્ટ્રેટ'–કલાકાર • પિકાસો

'કુમાર'ના ઑગસ્ટ અંકમાં પ્રકટેલો કલાકાર શ્રી જ્યોતિ ભટ્ટનો 'હબસી મુક્કાબાજ'નો લેખ મેં રસપૂર્વક વાંચ્યો છે. એક વાત સ્પષ્ટ કરવાની રહે છે કે મારા લેખ સાથે આપેલી 'હબસી મુક્કાબાજ'ની પ્રતિકૃતિ મારા તરફથી અપાએલી ન હતી; છતાં એમણે કરેલી એ ચિત્રની સુજ્ઞ-સરસ સમીક્ષા માટે અને તેની પાછળ રહેલા એમના ઉમદા અને નિખાલસ હેતુ માટે, ચિત્રકલામાં રસ લેતી ગુજરાતી ભાષાભાષી જનતા એમની આભારી જ રહેશે. સામાન્યે, તેમજ મારી પોતાની પાસેના 'હબસી મુક્કાબાજ'ની રંગીન પ્રતિકૃતિના આધારે, મારે શ્રી ભટ્ટ સાથે મળતા થઇને કહેવું રહ્યું કે કોઇ પણ ચિત્રાકૃતિનો પૂરો ખયાલ લેવા સારુ તેને તેના મૂળ રંગોમાં જ જોવી ઘટે.

શ્રી ભટ્ટે પોતાના વિચારોના સમર્થનમાં 'લક્ષ્મીદાસ ભીખ માગે, અમરસિંગ મરણ પામે, તો ઠંઠણપાળ શું ખોટા?' એ કહેવતનો આધાર લીધો છે; પરંતુ અત્યારે ઍબ્સ્ટ્રૅક્ટ શૈલીના નર્યા વસ્તુવિલોપનીય, વિચ્છેદનીય, વિનાશક ચિત્રોનો જ્યારે રાફડો જ ફાટી નીકળ્યો છે ત્યારે તેવાં ચિત્રોને નામો ન અપાય તો ય તે ચાલી શકે, એવી શ્રી ભટ્ટની વિચારસરણી ચિત્રપ્રેક્ષક જનતા કાજે અજુગતી ને અસહાયકારી જ પુરવાર થશે;–'કલા'ના નામે અ-કલાના છવાઈ રહેલા આધુનિક અંધકારમાં વધારે જ અટવાવા જેવું થઇ પડશે. આ સેવકે પણ જુવાનીમાં અનેક વાર મુક્કાબાજીની હરીફાઈ જોઈ છે, છતાં મારે કહેવું જોઇએ કે પ્રસ્તુત ચિત્રની નીચે જો એનું એવું નામ વાંચવામાં ન આવ્યું હોત તો હું ય આ 'હબસી મુક્કાબાજ'ને શ્રી જ્યોતિ ભટ્ટના જ શબ્દોમાં કૈંક બોલું તો 'એક જંગલી છોડ જ' નક્કી માની લેત. ચિત્રોના નામો આપવાં જ નહિ, અગર 'ચિત્ર નં. ૧' કે 'આયોજન' કે 'પીળા રંગની રચના' એવા નવી પદ્ધતિનાં નામો આપવાં તેના કરતાં ચિત્રોને તેનાં વિષયાનુસારી નામો અપાતાં રહે એ ચિત્રો જોતી જનતા સારુ ઇચ્છનીય નથી?

આપણે જેને ગતિ-ચિત્ર કહીએ તે પ્રકારનું એ ચિત્ર છે. આવાં ગત્યાત્મક ચિત્રોની ખાસ ખૂબી તેમાં જણાતો તરવરાટ છે. માતીસે એ તરવરાટ, છાપ પાડે એવો અસરકારક ઉપજાવ્યો છે. વળી એ ચિત્ર એના સાદા રંગ-સંયોજનથી, યોગ્ય વિસ્તરણથી ને તરવરાટ-ઉત્પાદક વક્ર રેખાવટથી વધુ જ સોહે છે. છતાં એ જ કલાકાર માતીસનાં અન્ય શિષ્ટ કલામય ચિત્રો, જેવાં કે 'ધ ડેસ્સર્ટ', 'રેડ સ્ટુડિયો', 'ઓપન વિન્ડો' વગેરેની સાથે સરખાવતાં આ 'નિગ્રો બૉક્સર' અમુક સબળ કારણોને લઇને, ચિત્ર જગતમાં ઊતરતી કક્ષાનું લેખાય. વળી તરવરાટ-દર્શક ઉચ્ચ કક્ષાનાં સંખ્યાબંધ ચિત્રો કળાક્ષેત્રે પડેલાં છે. ફ્રેન્ચ ચિત્રકાર નિકોલસ પુસિનનું 'ધ રેઈપ ઑવ ધ સેબાઈન્સ', ડચ કલાકાર વાન ડ વેલ્ડનું 'એ ગેઈલ', અંગ્રેજ ચિત્રકાર જૉન ચાર્લ્ટનનું 'બાલાક્લાવા', બ્રિટિશ કલાકાર સૉલૉમન જે. સૉલૉમનનું 'સૅમસન'–આ અને આવાં અનેક ચિત્રો એ માટે ઉચ્ચ કક્ષાનાં કહી શકાય; કારણ કે (૧) એમાં માનવ આદિ કુદરતના આકારોની ઇરાદાપૂર્વક વિલોપનીય વિનાશકતા હોતી નથી; (૨) જેને અંગ્રેજી સંજ્ઞા અનુસાર 'શૉક ટૅક્ટિક્સ' કહીએ તેવી 'ધક્કામાર કલાબાજી'થી એ વિમુક્ત હોય છે; અને (૩) સૌથી વિશેષ તો એ કે એ સર્વ એવું કાંઇ અતર્ગત ચિરસ્મરણીય સત્વ અને માતબરી ધરાવે છે કે જેથી એ આપમેળે ચિત્ર-જગતમાં ઉચ્ચ સ્થાન મેળવી લે છે. એવાં ઉચ્ચ કક્ષાનાં ગતિચિત્રોની મોજ ઉચ્ચ પ્રકારની હોય છે; જ્યારે ધક્કામાર કલાબાજીવાળી કૃતિઓ એના ગમે એવા રહસ્ય છતાં આપણને ચિત્રરૂપ ચબરાક પરિહાસથી (સ્માર્ટ વિટિસિઝમ કરતાં) અન્ય ઉચ્ચતર કશું આપી શકતી નથી.

આ ઉપરથી એમ સમજવાનું નથી કે 'હબસી મુક્કાબાજ' જેવાં ચિત્રોને તેને લાયકનાં સ્થાન કે માન હોઈ શકતાં નથી. ગમે તે વર્ગનાં કે પ્રકારનાં ચિત્રોને વિશ્વવિશાળ ચિત્રસૃષ્ટિમાં સ્થાનારૂઢ થવાનો હક હોય છે જ; પણ તે સ્થાન ઉત્તમ, મધ્યમ કે અધમ તે પણ સાથેસાથ વિચારવું અને નક્કી કરવું ઘટે છે.

ગેરસમજ ન થાય તે સારુ જણાવવાની જરૂર છે કે કેવળ એક 'હબસી મુક્કાબાજ'ની કૃતિ ઉપરથી તેના કલાકાર કર્તા હાંરી માતીસની કલાવિષયક લાયકાતનું માપ કરવું એ આ પ્રસિદ્ધ ચિત્રકારને અન્યાયકર્તા થઈ પડે એમ છે. ઇસ્લામી કલા, હબસી કલા અને પ્રાચીન ગ્રીક કલાની ઓછીવધતી છાપ ને પ્રેરણા ધરાવતાં હાંરી માતીસનાં શિષ્ટ એવાં સુંદર ચિત્રોની પ્રતિકૃતિઓ અવલોકી તેનું સાનંદ રસપાન આ અદના લેખકે કર્યું છે, એટલે મૉડર્ન કલાકાર વિષે આ લખનારનું મંતવ્ય તો એવું છે કે જેનું જેટલું સારું તેનું (ગમે એવા મતફેર છતાં) અવશ્ય માન્ય રાખી વખાણવું, તેમજ જે કોઈ કલાની શાનને હાણ પહોંચાડે, તેનું ગૌરવ ઘટાડે, એવી દેખીતી (એક ઇશારામાત્રથી પણ ઓળખાય નહિ) વિલોપનીય વિકૃત ચિત્રાકૃતિઓને અવગણતાં અચકાવું ય નહિ.

શ્રી ભટ્ટ પોતાના લેખમાં જણાવે છે કે ચિત્રોમાં જે જોવા-સમજવાનું છે તે ચિત્રોના રંગોનો વપરાશ, તેનો સંબંધ, તેની અસર, તેની 'હાર્મની', તથા ચિત્રકારે એ બધું શા માટે કર્યું તે જ આપણે જોવું સમજવું જોઇએ; પણ 'ખરેખર જીવનમાં એવો આકાર–સ્ત્રી કે પુરુષ–કેવો લાગે, કેવો ખરાબ લાગે એ વિચાર અસ્થાને છે.' આમ ચિત્રોમાં રંગોની અને રેખાઓની સચ્ચાઈ જોવાય, તેની 'હાર્મની' જોવાય, પરંતુ ચિત્રોના માનવ-આકારોની સચ્ચાઇ જ ફક્ત 'અસ્થાને લેખાય'?

આવી વિચિત્ર વિચાર-સરણીને લઇને જ તો અત્યારનાં ઢગલાબંધ ચિત્રોમાં, જ્યાં ન ઘટે ત્યાં પણ ઈશ્વરસર્જિત માનવ-આકારોનું ઈરાદાપૂર્વક ઘાતક વિલોપન અને વિચ્છેદન (આ કે તે 'મૉડર્ન સ્ટાઇલ'ના નામે) યા હોમ ચાલુ રહેતું જોવાય છે.

આ કથનની પ્રતીતિ કાજે આ સાથે નવતર શૈલીના નામાંકિત કલાકાર પાબ્લો પિકાસોની એક કૃતિ નામે 'પૉર્ટ્રેટ', ને કલાકાર દુશૅમ્પની કૃતિ 'કિંગ ઍન્ડ ક્વીન' રજૂ કરી છે. વિષયાનુસાર જ્યાં ઘટે ત્યાં માનવ-આકારોને ચિત્રમાં વિકૃત પ્રકારે રજૂ કરાય તેનો ય વાંધો હોઈ શકે નહિ, પરંતુ 'પૉર્ટ્રેટ'ના નામે, (એ ચિત્રને વિષે પ્રસિદ્ધ કલાકાર રફ્સ્ટલ કહે છે તેમ) 'કોલસાનાં ટાંકાં'(Coal Chute) જેવું અગડમ્બગડમ જ રજૂ થાય, અને 'કિંગ ઍન્ડ ક્વીન'માં રાજારાણીનું જોડકું શોધ્યું યે ન જણાય એવાં, એક ઇંગિત માત્રથી ય બાકાત જેવાં, સાવ વિલોપનીય ચિત્રોને જોઈ, ચિત્રરસિક જનતા 'ખાટલે મોટી ખોડ કે પાયો જ ન મળે' એવી 'નિરાશાવાદી મનોવૃત્તિ' રાખે તો તેમાં શું ખોટું છે? ચિત્રો કેવળ કલાકારો કિંવા તજ્જ્ઞોને જ માટે નથી; તે જનતાને કાજે છે, માનવસમુદાયની સુરુચિને ખીલવવા સારુ છે, માનવીને ઉન્નતિ ને પ્રગતિને માર્ગે વળાવવા સારુ છે, એ સત્ય સદંતર તો ભૂંસાઇ ભૂલાઈ જવું ન ઘટે, જે અત્યારે 'મૉડર્ન આર્ટ'ના નામે પૂરપાટ થતું જોવાય છે.

અંતમાં હાંરી માતીસ કે જેના 'હબસી મુક્કાબાજ'ને શ્રી જ્યોતિ ભટ્ટે લંબાણથી સમજાવવાનો પ્રશંસાપાત્ર પ્રયાસ કર્યો છે, તે કલાકાર હાંરી માતીસ, કલા કેવી હોવી ઘટે, તે કોને માટે હોય, પ્રેક્ષકો પર તેની અસર કેવી પડવી જોઇએ એ વિષે શું કહે છે તે તેના પોતાના જ શબ્દોમાં રજૂ કરી આ લેખને આપણે પૂરો કરીશું: 'What I dream of is an art of balance, purity and serenity, devoid of troubling or depressing subject-matter, an art which might be for every mental worker, he be businessman or writer, like an appeasing influence, like a mental soother, something like a good arm-chair in which to rest from physical fatigue.'

('Modern French Painting' by Sam Hunter p. 176)

'ઉત્કટતા' કે 'ઉન્માદ'?

આધુનિક ચિત્ર-શૈલીના કેટલાક હિમાયતીઓ આપણને જણાવે છે કે કલાકારની 'ભાવના ઉત્કટ થઇ જવાના કારણે એના અંતરના ભાવોને રંગ ને રેખામાં વ્યક્ત કરવાનું અશક્ય બને છે ત્યારે કળાને રજૂ કરવાનું જે માધ્યમ રહે એ, ઉપરથી જડ લાગતી આધુનિક અસ્ફુટ કળા છે.' સૌ કોઇ જાણે છે કે અંતરની ઉત્કટ ભાવના, કલા ને કલાકાર માટે આવશ્યક જ હોય. એનો ઇન્કાર હોય જ નહિ.-પણ ફરિયાદ કલાકારના અંતરની એ 'ઉત્કટતા' સામે નહિ પરંતુ તેની 'ઉન્માદી' ભાવના સામે હતી. કયાં કારણોને લઈને અત્યારના કલાકારોનાં કલા-માનસ ઉપર ઘેરી અસરો થવા પામી છે તે પણ એમાં જણાવ્યાં હતાં. અત્યારના અનેકાનેક પાશ્ચાત્ય મૉડર્નિસ્ટ ચિત્રકારોનાં જીવન વાંચતાં એમની અતિશય ઉન્માદી પ્રકૃતિના ઉલ્લેખ તેમાં સ્પષ્ટ મળે છે. ચિત્રકલાના ક્ષેત્રમાં આંતરિક 'ઉત્કટતા' અને 'ઉન્માદ' એ બે વચ્ચેનું અંતર, અત્યારની આધુનિક ચિત્રશૈલીનાં ઘણાં ચિત્રોને જોતાંવેંત ઝટ જણાઇ આવે છે. જુઓ, આ સાથે રજૂ કરેલા બે ચિત્રો. એ બેમા કયું કલાકારની 'આંતરિક ઉત્કટતા'નું પરિણામ છે, ને કયું કેવળ એના અંતરના 'ઉન્માદ'નો પરિપાક છે તે સહેજે વર્તાઇ આવે એમ છે. એક છે, પ્રસિદ્ધ પ્રાચીન ઇટાલિયન ચિત્રકાર કારાવાજિયોનું 'સંત જેરોમ'નું ચિત્ર; બીજું છે: મૉડર્ન ફ્રેન્ચ ચિત્રકાર ઝ્યાં દુબ્ફેતની ૧૯૫૪માં ચીતરેલી તૈલરંગી તસ્વીર 'આઈઝ ક્લોઝ્ડ'. પહેલામાં: એક એકાંત મઠની અંધારી ઓરડીમાં, વયોવૃદ્ધ જર્જરિત-કાય મઠાધિપતિ સેન્ટ જેરોમ, એક માનવ-ખોપરી સમક્ષ ઊંડા ચિંતનમાં બેઠેલા જણાય છે. એમના પ્રભાવશાળી મુખ ઉપર એમની બુદ્ધિમતાનું અને એમની પુણ્યશીલતાનું તેજ ઝલકી રહ્યું છે. મીટ માંડીને વારેવારે જોવું ગમે એવું કારાવાજિયોનું આ ચિત્ર, એના કલાકારના અંતરની સભર ઉત્કટતાને જ વ્યક્ત કરતું સ્પષ્ટ દેખાય છે. એથી ઊલટું ફ્રેન્ચ ચિત્રકાર દુબ્ફેતનું મૉડન શૈલીનું છબિ-ચિત્ર છે તો એક માનવ-આકૃતિ જ, છતાં કેટલી વિકૃત! જુઓ, એ 'મીચેલાં નેત્રો'નાં કે એના ઓષ્ઠ, કાન, નાક, હાથ, પગ આદિ અંગોનાં છે કાંઇ ઠરેઠેકાણાં? આ વિકૃતિનું 'રહસ્ય' કોઈ ગમે એ પ્રકારે સમજાવવા માગે તો પણ લાગ્યા વિના ન રહે કે આ અને એવા પ્રકારની આજકાલની સંખ્યાબંધ વિકૃત ચિત્રાકૃતિઓ એના ઘડનારાઓનાં દિમાગની 'ઉત્કટતા' નહિ 'ઉન્માદાવસ્થા'ના જ પ્રતીક સમી છે.

'મૉડર્ન આર્ટ'નાં ચિત્રો, ઉપરથી જોવામાં 'જડ અને અસ્ફુટ' લાગે છે એવો સ્વીકાર તો એના હિમાયતીઓ કરે છે જ. માત્ર એનો બચાવ

'સંત જેરોમ'–ચિત્રકાર: કારાવાજિયો →

↓ 'મીચેલાં નેત્રો–ચિત્રકાર: દુબ્ફેત





એવો છે કે એની ચિત્રણા 'રાગ-સંગીત' (ઉચ્ચ સંગીત) સમી છે. એ પેલા 'હળવા સંગીત જેવી નથી, અને તેથી 'લોક-ભોગ્ય' બની શકતી નથી. જેમ શાસ્ત્રને તેના શાસ્ત્રજ્ઞો જ સમજી શકે તેમ આ 'જડ ને અસ્ફુટ' ચિત્રોને તેના તજ્જ્ઞો જ સમજી શકે, એમ પ્રતિપક્ષનું કહેવું છે.

એના જવાબમાં નમ્રપણે આપણે પૂછીશું કે આધુનિક ચિત્રણા અને ચિત્રોમાં 'રાગસંગીત'નું અસ્તિત્વ તો શું, પણ તેનો ઝાંખો આભાસ માત્ર પણ દેખાય છે ખરો? શાસ્ત્રીય સંગીતના ઉસ્તાદી ગવૈયાઓનાં કેવળ આ...આ...આ...માં પણ રાગની હલક અને લલકાર છે. પરંતુ અહીં તો ચિત્ર-વિષયક તેવા કોઈ પણ તત્ત્વના વાખા છે.

ગાયકો ને વાદકો જેમ ઉત્કટ અનુભૂતિના પ્રેર્યા શબ્દોમાં મુક્ત એવું રાગસંયોજિત સંગીત ઉપજાવે છે તેમ ચિત્રકારોને પણ એવું જ કાંઇ કરી દેખાડવાની છૂટ હોવી જોઈએ, એવી વિચારણાથી ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં પાશ્ચાત્ય કલાકારોના એક વર્ગે અમૂર્ત (ઍબ્સ્ટ્રૅક્ટ) ચિત્રો સર્જવાની શરૂઆત કરવા માંડી. આ શરૂઆતે અંતે બહુધા કેવું રૂપ (કે કુરૂપ) લીધું તે તો અત્યારે આપણે જોઈ જ રહ્યા છીએ! એ સંબંધી આપણે 'લોકભોગ્ય' કલાને સમજી શકનારા સામાન્ય 'ચિત્ર-ભાવકો' કાંઇ બોલીએ તેના કરતાં કોઇ યોગ્ય અધિકારી ને સુપ્રસિદ્ધ કલાકારના વિચારોથી વાકેફ થઈએ તો તે ઉચિત લેખાશે. વિખ્યાત બ્રિટિશ કલાકાર સર વિલિયમ ઑર્પેન કે.બી.ઈ.,આર.એ., આર.આઇ. પોતાના 'આઉટલાઇન ઑવ આર્ટ' નામના ગ્રંથમાં આ વિષયની ચર્ચા કરતાં લખે છે કે

"In theory it seems plausible enough that if a musician is free to ivolve melodies without reference to natural sounds, a painter should be free to construct composition without reference to natural forms. It is also true that the emotional pleasure we derive from the stained–glass windows of an old cathedral does not depend on the subject painted. We are enchanted with the radiant beauty of the pattern of colour. So far so good; but now comes the point that no artist, living or dead, has yet succeeded in convincing the world that these stained-glass windows would give us any keener or purer emotional pleasure, if they had no subject, or been able himself to produce an abstract painting more beautiful in colour and pattern than paintings based on concrete forms."

ઓગણીસમી સદીના છેવટના ભાગમાં ફ્રાન્સમાં જેમ રાજકારણમાં તેમ કલા-ક્ષેત્રે પણ નવનવાં આંદોલનો ગતિમાન થવા માંડયાં. ત્યારે કલાકારોનો અમુક એક વર્ગ, પ્રચલિત સંસ્કૃતિની પરંપરાગત રૂઢિથી મુક્ત થઈને જીવનની સાદાઈને ઉત્સાહભેર આવકારતો થયો. તેઓ માનતા કે આધુનિક જીવન જેમ માંદલું બની ગયું છે—'If modern life is diseased, modern art must be diseased also. We can only restore art to health by starting it afresh like children or savages.' *(The Outline of Art, p.362)*

બાળકશાઈ તથા જંગલવાસીઓના જેવી ચિત્રણાને ચાલુ કરવા કાજે, એમણે તે સમયની પ્રચલિત 'નીઓ ઈમ્પ્રેશનિઝમ'ની 'કૉમ્પ્લેક્સ' (જટિલ) શૈલી સામે મોરચો માંડયો. કલાકારોનો આ નવો વર્ગ, પારીસમાં 'Fauves' એટલે 'Wild Beasts' નામે ઓળખાતો થયો. આ 'ફૉવિસ્ટો' જ્યાં લગી ચિત્રણને બને એટલું સાદું ને ઓછામાં ઓછું ગૂંચવણિયું બનાવવાને મથ્યા ત્યાં સુધી તેમણે કલા ક્ષેત્રે ચિત્રોનો ઠીકઠીક સારો પાક ઉપજાવ્યો. પરંતુ વર્તમાન સાંસ્કૃતિક પરંપરા પ્રત્યેના ધિક્કાર અને રોષના આવેશમાં બંડખોર બની તેઓ ખરી દિશાએથી અને મધ્યમ માર્ગેથી પાછા હઠયા. એનું પરિણામ સ્વાભાવિક જ વિપરિત આવ્યું, અને તે સમયથી, સૂકાં સાથે લીલું બળે તેમ, એક વેળાની સુરુચિકર ચિત્રકલાની પડતીના ગણેશ મંડાયા.

રૉયલ ઍકેડેમી જેવી પીઢ કલાસંસ્થાના અગ્રણીઓએ તથા ઘણા કલાવિવેચકોએ જેને 'બચ્ચાંશાઈ કલા' ને 'ગાંડાઓની કલા' કહી છે ને છેલ્લે તો જે 'ચિમ્પાન્ઝીઓની કલા'ની ઉપમા પામી છે તે કલા–અતિશયતા ને અરાજકતાની હદે પહોંચેલી 'કલા'નો બચાવ પ્રાચીન ઋષિઓના 'હાઽઽઽવુ'ના, કે કવિવર નાનાલાલના 'છંદમુક્ત પ્રયોગો'ના કે નરસિંહ મહેતાની 'અંતે તો હેમનું હેમ જ હોયે' પંક્તિના ટેકે કરેલી ડાહીડાહી દલીલોથી પણ કદાપિ કરી શકાય તેમ નથી.*

[*આ ઉત્તર સાથે મૂળ લેખની ચર્ચા અહીં પૂરી કરીએ છીએ.]

અનુસંધાન પૃષ્ઠ] **બ્રિજ** [૪૪૧થી ચાલુ

♦ 6 રમી, દક્ષિણ ♥ Aથી કાપી લેશે. છઠ્ઠી ઊતર, દક્ષિણ લાલના 5 કરશે અને ઉત્તરના ♥ 4 નો હાથ થશે. ઉત્તરની છેલ્લી ફુલ્લી, હવે દક્ષિણ ♥ Qથી કાપી લેશે. આઠમી ઊતર ♥ 9થી કરી, ઉત્તરના ♥ Jનો હાથ થશે. નવમી ઊતર, ઉત્તરના ♥ Kનો હાથ. અને છેવટના ચાર હાથ ♦ A K J 10ના થઈ જશે. પૂર્વની ♦ Q, ઉત્તરના ♦ K ઉપર, બીજે વખતે પડી જશે. આમ બાર હાથ ઉત્તર દક્ષિણના થઈ જશે. પશ્ચિમને ♣ Kનો ફક્ત એક જ હાથ મળ્યો.

હવે બીજો વિકલ્પ જોઈએ:

ફુલ્લીના બાદશાહની પહેલી જીત બાદ, પશ્ચિમ જો લાલ ઊતરે તો, દક્ષિણ ♥ 10થી તે જીતે છે. ત્રીજી ઊતર, દક્ષિણ ♦ 4ની કરી, ઉત્તરના ♦ 9થી હાથ લેશે. ચોથી ઊતર, ♦ 6ની કરી, દક્ષિણ તેને ♥ 5થી કાપી લેશે. પાંચમી ઊતરમાં, દક્ષિણ કાળી રમી, ઉત્તરના ♥ Kથી કાપી લેશે. છઠ્ઠી ઊતરમાં ♥ J રમી, દક્ષિણ પોતે જ ♥ Qથી હાથ લેશે. સાતમો અને આઠમો હાથ, દક્ષિણના ♥ A અને ♥ 9નો કરી જાય છે તેમાં તે, ઉત્તરની ♣ 8 અને 3ની ફિશ નાખી દે છે. નવમી ઊતર દક્ષિણ ♣ 9 કરી, ઉત્તરના ♣ Aથી હાથ કરી લે છે. અને છેવટના ચાર હાથ, ઉત્તરના ♦ A K J 10ના થઈ જાય છે. આમાં પણ પશ્ચિમની ♦ Q, બીજે વખતે ઉત્તરના ♦ K ઉપર ફસાઈ જાય છે. આમ પણ બારેય હાથ ઉત્તર–દક્ષિણના થઈ જાય છે.

ત્રીજા વિકલ્પ મુજબ જો પશ્ચિમ ચોકડી રમે, તો દક્ષિણનું કામ સહેલું જ બને છે. વાચકો ઉપર બતાવેલાં પગથિયાં મુજબ જ, પોતાની મેળે તે સહેલી રમત સમજી લેશે એમ માની લઉં છું. ચોથા વિકલ્પની કાળીની ઊતર તો તદ્દન સામે ચાલીને, સામાવાળાઓને પ્રસાદીની થાળી આપી દેવા જેવી છે એટલે એની ચર્ચા અહીં નથી કરતો!

જે વાચકોના તા. ૩૦-૯-૫૯ સુધીમાં સાચા જવાબ મળ્યા છે તેમનાં નામ નીચે આપ્યાં છે. તે સર્વને અભિનંદન. આ સાચા જવાબ મોકલનારમાંથી પણ કેટલાકે પૂરા વિકલ્પો બતાવ્યા નથી છતાં અહીં તેમનાં નામ આપ્યાં છે. ખરું જોતાં બધા જ વિકલ્પો બતાવીને, પૂરી સમજૂત આપવી જોઇએ. (૧) વકીલ રસિકલાલ પરીખ, પેટલાદ;(૨) શાંતિલાલ ઝવેરી, કાંદીવલી; (૩) તુરાબ એ. ખતી, જૂનાગઢ; (૪) રતિલાલ ગો. માણેક, કલકત્તા; (૫) પ્રમોદ પટેલ, નડિયાદ; (૬) શિરીષ ઝવેરી, અમદાવાદ; (૭) મોહનલાલ બી. મહેતા, મુંબાઈ.

અગસ્ત્યને પગલે પગલે… પૃથ્વી પરનું સ્વર્ગ …લેખક નવનીત પારેખ

બેસાકી મંદિર ઉતાવળે જોઈ, જીપમાં બેસીને અમે હવે થોડે દૂર આવેલા સેલાત ગામે આવ્યા. અહીંની નાની હોટેલમાં વિખ્યાત પ્રાચ્ય-વિદ્યાવિશારદ ડૉ. ગોરિસ રહેતા હતા. બાલી વિષેનો તેમનો સચિત્ર ગ્રંથ તો મેં ક્યારનો વાંચ્યો હતો, ને તેથી તેમને મળવા હું ખૂબ ઉત્સુક હતો. આ પ્રસિદ્ધ ગ્રંથમાં એકસાથે ત્રણ ભાષાઓ (ભાષા-ઈંડોનેશિયા, અંગ્રેજી તથા ડચ)માં લેખો આપેલા છે. ભાષા-ઇંડોનેશિયાના લેખ શ્રી વયાન રૂમાએ તૈયાર કરેલા છે. ડૉ. ગોરિસને વયાન રૂમાએ મારા વિષે અગાઉથી જ જણાવ્યું હતું તેથી તેઓ અમારી પ્રતીક્ષામાં જ હતા. વરંડામાં બેસીને અમે તરત વાતોએ વળગ્યા.

ડૉ. ગોરિસ વીસેક વર્ષથી બાલીમાં જ સ્થાયી થયા હતા અને બાલી-જીવનના પ્રત્યેક અંગનો તેમણે તલસ્પર્શી અભ્યાસ કર્યો હતો. બાલી-સંસ્કૃતિ વિષેના જ્ઞાનના તેઓ જીવતા-જાગતા ભંડાર હતા. પ્રારંભમાં તો મારી જાવા-બાલીની યાત્રાના અનુભવો તથા અવલોકનો મેં તેમને જણાવ્યાં જેથી મારા અલ્પ જ્ઞાનમાં તેઓ પૂર્તિ કરી શકે. થોડી જ વારમાં અમે વર્ષોજૂના મિત્રો હોઈએ એવો ભાવ ઉત્પન્ન થયો અને તેમની વાગ્ધારા અસ્ખલિત વહેવા લાગી. ફાનસના અજવાળે મારી નોંધપોથીમાં હું બધું ટૂંકમાં ટપકાવતો ગયો. બાલીનાં ધર્મ તથા સંસ્કૃતિ પર હિંદુ-પ્રણાલિકાની અસર, બાલીની સમાજ-રચના, લોક-માનસ, રીતરિવાજો પાછળની ભાવના, કલા-કૌશલ્ય તેમજ ભવિષ્યની સંભાવના… આમ અમારો વાર્તાલાપ ક્યાં સુધી ચાલત તે તો કોણ જાણે; પરંતુ નક્ષ્ટકે સંતોષે મારું ધ્યાન ખેંચ્યું કે રાત્રિના નવ થવા આવ્યા હતા અને અમારે સત્વર દેન-પસાર માટે નીકળવું જોઈએ. આવું ભંગાણ અમને જરા યે રુચ્યું નહિ. ડૉ. ગોરિસે તો ફરમાન કાઢ્યું કે હવે અમારે રાત ત્યાં જ રહી જવું અને તરત અમારા ભોજનનો પ્રબંધ કરાવ્યો. જમતાં જમતાં અને પછી મધરાત સુધી અમારી ગોષ્ઠિ ચાલુ રહી. બેસાકીનું મંદિર પૂરું જોવાયું નહિ અને ફોટો-ફિલ્મ લેવાં પણ રહી ગયાં તેનો વસવસો મને સાલતો હતો, તેથી અહીં સેલાત ગામે રાત રહી સવારે બેસાકી ફરી જવાનું મને ઘણું ફાવતું આવ્યું.

બાલીની પ્રાચીન કાળની મૂર્તિ-પૂજા તથા હાલની 'શૂન્ય-પૂજા' વિષે ચર્ચા કરતાં ડૉ. ગોરિસ સંમત થયા કે પ્રાચીન કાળમાં તેમજ મધ્ય-યુગમાં બાલીમાં ભારતની જેમ મૂર્તિ-પૂજા જરૂર થતી હશે. તેમણે વળી પુરાતત્ત્વવેત્તાઓએ શોધેલી વિવિધ મૂર્તિઓ વિષે ઘણી જ રસપ્રદ માહિતી આપી. મધ્યયુગમા જાવા-બાલીના મહારાજાઓનાં મૃત્યુ પછી તેમના અવશેષો પર સ્તૂપ જેવાં મંદિરો બંધાતાં, જેને 'ચંડી' કહેતા. ડૉ. ગોરિસે જણાવ્યું કે કેટલાંક ચંડીઓની ઉત્તર દિશાએ દુર્ગાની, 'મહિષાસુરમર્દિની'ની મૂર્તિ મુકાતી, ને પશ્ચિમે ગણેશની, દક્ષિણે ઋષિ (અગસ્ત્ય?)ની તથા પૂર્વે ચતુર્ભુજ શિવની મૂર્તિ મુકાતી. બાલીમાં 'અષ્ટમુખલિંગ' પણ મળી આવ્યાં છે જેમાં આઠ પાંદડીવાળા કમળ (અષ્ટદલ-કમલ)ની એક-એક પાંદડી ઉપર શિવની એક-એક મુખ-મૂર્તિ કંડારી હોય છે, જે સૌની જટા ઊંચે જઈ શિવલિંગ આકારે મળી જાય છે.

વળી બાલીમાં તેમજ જાવામાં શિવની તો અસંખ્ય ચતુર્ભુજ મૂર્તિઓ મળી આવેલી છે અને બ્રહ્માની પણ ઘણી ચતુર્મુખ મૂર્તિઓ મળી છે. પરંતુ બાલીમાં મળી આવેલી બધી મૂર્તિઓમાં સૌથી નોંધપાત્ર મૂર્તિ તો 'ચતુઃકાય ત્રિમૂર્તિ' છે. ચારે દિશાઓ અવલોકતી ચાર મનોહર ત્રિમૂર્તિઓનું તેમાં સંયોજન છે. પ્રત્યેક ત્રિમૂર્તિમાં બ્રહ્મા, વિષ્ણુ તથા શિવનું એક-એક લક્ષણ મૂકીને શિલ્પગુરુએ એક જ કાયામાં ત્રણે દેવોનું એકત્વ સાધ્યું છે અને સાથોસાથ સર્વ-ધર્મ-સમત્વ પણ સૂચવ્યું છે. બ્રહ્માનું અંગ દર્શાવવા ત્રિમૂર્તિના એક હાથમાં પુસ્તક મૂક્યું છે અને વિષ્ણુનું અંગ દર્શાવવા બીજા હાથમા શંખ ગોઠવ્યો છે, જ્યારે કામદહન કરનાર શંકરનું સ્વરૂપ દર્શાવવા કપાળમાં ત્રીજું લોચન કંડાર્યું છે. હાથ જોડીને ઊભેલી આ ચારે ત્રિમૂર્તિનાં મસ્તકે, કાને, વક્ષઃસ્થલે, હાથે તેમજ કેડ પર સુંદર અલંકારો કંડારેલા છે. ડૉ. ગોરિસના મત પ્રમાણે જાવા-બાલીના શિલ્પ-સ્થાપત્ય ઉપર ભારતની ગુપ્ત તથા પલ્લવ શૈલીઓની ઊંડી છાપ છે. ઉપસંહારમાં ડૉ. ગોરિસે કહેલા શબ્દો જ

આ, 'ચતુઃકાય ત્રિમૂર્તિ'નું વર્ણન ઉપર જ આપ્યું છે












ઈન્ડોનેશિયન સંસ્કારની સમૃદ્ધ પરંપરા અને આધુનિક કલાશૈલીના સમરસ મિશ્રણમાંથી પ્રકટેલી બાલીની સાંપ્રત કાષ્ઠશિલ્પશૈલીના થોડા નમૂના અહીં તેમ જ પાછલે પૂઠે આપ્યા છે. જમણી બાજુ પર જેમની છબિ આપી છે તે બ્રાહ્મણકુલોત્પન્ન શિલ્પી ઇડા બાગુસ ન્જાનાએ પોતાની પ્રતિભાથી બાલીની શિલ્પકલાને કોઈ નવું જ કાઠું આપ્યું છે. દેવી પરતિવી(પૃથ્વીદેવી) નાં તેણે કરેલાં સ્વપ્નશીલ સર્જનોમાંનું એક ડાબી બાજુ આપ્યું છે. કલાકાર ગેરેમ્બુઆન્ગે બાલીનાં જનસામાન્યોનાં જે લાક્ષણિક કાષ્ઠશિલ્પો કંડાર્યાં છે તેમાંનું એક 'વિચારગ્રસ્ત' વચ્ચે આપ્યું છે. રંગકુસ નામે એક યુવાન શિલ્પી વળી કાષ્ઠમાં પ્રાણીસૃષ્ટિ જ સર્જે છે. તેનો 'કાચંડો' જમણી બાજુ મથાળે આપ્યો છે.

અહીં ટાંકું: 'આજે બાલીમાં એવું કશું નથી જેના પર થોડે અંશે પણ ભારતની અસર ન હોય. ઊલટું એવું ઘણું બધું છે જે મુખ્યત્વે હિંદુ ધર્મમાંથી જ નીપજ્યું છે. બાલીએ ભારતને ભલે કશું ન આપ્યું હોય, પણ કોઇ પિતા પોતાના સમર્થ પુત્રની કૃતિ પ્રત્યે ગૌરવથી જુએ તેમ ભારત જાવાબાલીની કલા તથા સંસ્કૃતિ તરફ સંતોષથી જોઇ શકે. પરંતુ આ કાંઈ કલાનું યંત્રવત્ આંધળું અનુકરણ નથી. તેમાં જાવા-બાલીના તળપદા લોકોની આગવી પ્રતિભાએ ઘણું નવું સરજ્યું છે, વિકસાવ્યું છે.'

બાલી-લોકોના સ્વભાવ તથા ચારિત્ર્યની ચર્ચા કરતાં ડૉ. ગોરિસે પોતાના વર્ષોના સહવાસ તથા તે પરના ઊંડા મનન પછી નીપજેલું પોતાનું મંતવ્ય જણાવ્યું: 'બાલીના લોકો સાચા અર્થમાં સ્વસ્થ તથા સંતોષી છે. તેમનું જગત બાલી-દ્વીપમાં જ પરિમિત છે. બહારના જગતની તંગદિલી, કલહ તથા મૃગતૃષ્ણાથી તેઓ અલિપ્ત, અસ્પૃષ્ટ રહ્યા છે. આંતરિક લોકજીવનમાં પણ રાજકારણ, મૂડીવાદ અથવા વર્ગ-કલહ કે બેકારીની સમસ્યાઓ નથી. પશ્ચિમના લોકોની જેમ કુદરત ઉપર 'વિજય' મેળવીને તે પર પોતાનું 'વર્ચસ્વ' જમાવવા કરતાં તેઓ કુદરત સાથે પોતાનું 'તાદાત્મ્ય' સાધીને પરમ શાન્તિ તથા પ્રસન્નતા અનુભવે છે. પોતાની આસપાસનાં પર્વતો તથા નદીઓ, પશુ-પંખીઓ તથા વૃક્ષો, બીજાં માનવો તેમજ વિવિધ ઋતુઓ સાથે વિગ્રહ ન રાખતાં, બાલી-લોકો તે બધાં સાથે સુમેળ સાધે છે અને સર્વના અધિષ્ઠાતા, જગતનિયંતા પરમ-ઈશ્વર ભટ્ટાર શિવની આરાધના કરીને પોતાના જીવનને કૃતકૃત્ય માને છે.'

ડૉ. ગોરિસે ભાવ-આવેશમાં આવી જઇને છેવટનું ઉમેર્યું: 'જે દ્વીપ ઉપર આવા સંતોષી, પ્રસન્ન તથા ધર્મ-પરાયણ લોકો વસે છે અને જેનું વાતાવરણ બ્રાહ્મણ પેડન્ડાના ઘંટારવ, નૃત્યકારોના નૂપુરના ઝંકાર તથા ગમેલન વાદ્યોના સૂરોથી સદા ગુંજતું રહે છે, તે બાલી-દ્વીપને આપણી પૃથ્વી પરનું સ્વર્ગ જ કહેવું જોઇએ!' તેમના મંતવ્યને અનુમોદન આપતાં મેં મારા પોતાના અનુભવ તથા સંવેદન જણાવ્યાં. બાલી-નિવાસ દરમિયાન મને મળેલા સર્વે લોકો સ્વભાવે શાન્ત, નિખાલસ, વિનયી તેમજ વિનોદી હતા. તે દરેકમાં ઊંડી ધર્મ-ભાવના તથા કલા-વ્યાસંગ મને જણાયાં. કોઇ પણ સ્થળે મેં ઝગડો થતો ન જોયો તેમ ન જોયો કોઇ ભિખારી કે માગણ. બાલી-લોકો ઘણા સ્વમાની તથા ઊર્મિ-શીલ છે તેથી વિનય તથા આદર વડે તેમનું મન જીતી શકાય છે, જ્યારે



સરોવર-સ્નાન: ચિત્રકાર–આનક આંગુંગ સોઆત (સુત્રત?). ગાઢ વૃક્ષરાજિ-વીંટયાં સરોવરો અને પૃથ્વીના ઉરબબકાર જેવી ઊંચીનીચી ટેકરીઓથી સોહતા એ રમણીય પ્રદેશની છાપ બાલીની ચિત્રશૈલી ઉપર પણ સ્પષ્ટ છે (જુઓ પાછલે પૂઠે પણ)

અવિનય તથા અનાદર થતાં તેમનો સદ્‌ભાવ ખોઈ બેસાય.

ઘઉંવર્ણા બાલી-લોકો અત્યન્ત સુડોળ, સૌમ્ય તથા યૌવનપૂર્ણ હોય છે. વૃદ્ધ નર-નારીમાં પણ સૌષ્ઠવ, માર્દવ, પ્રાણ તથા પ્રસન્નતા તેમજ છટા જોવા મળે છે. સૌમાં ઊંચી અભિરુચિ તથા ગાંભીર્યની સાથોસાથ કોઇ બાળકની નિર્દોષતા, ચેતન તથા પ્રફુલ્લતા વ્યક્ત થાય છે. બાલીમાં રેલવે નથી તેમ કારખાનાં નથી. છાપું પણ કોઈ જોવા ન મળ્યું. તેમનું અર્થતંત્ર પણ સ્વાશ્રયી છે. જગતની બીજી પ્રજાઓ બાલી-લોકોના આ ગુણો પોતાના જીવનમાં ઉતારે તો પૃથ્વી પર સ્વર્ગ ઊતરે!

વળતી સવારે ડૉ. ગોરિસની વિદાય લેવી પડી. તેમની વાત્સલ્યપૂર્ણ લાગણી, સૌજન્ય તથા તેમણે આપેલી ભરપૂર માહિતી માટે ઘણો ઘણો આભાર માની સંતોષ તથા હું ઝટઝટ જીપમાં ચડી બેઠા. પોતાનું બાલી પરનું પુસ્તક તેમણે ઘણા આગ્રહપૂર્વક ભેટ આપ્યું. ફરીથી અમે બેસાકીહ મંદિર પર આવ્યા. સવારના તડકામાં ન્હાઇને ફોટો-ફિલ્મ લેવા મળ્યાં. હરિ તથા હરના મેરુની ફરી પ્રદક્ષિણા ફર્યા તથા સૂર્યદેવના 'પદ્માસન'ની વન્દના કરીને અમે નીચે ઊતરી આવ્યા અને દેન-પસાર તરફ જીપ મારી મૂકી. રસ્તામા થોડા આડફાંટા જઇને માસ ગામે આવ્યા, જ્યાંનું કાષ્ઠ-શિલ્પ ઉત્તમ કોટિનું ગણાય છે. બાલી લોકોએ કાષ્ઠ શિલ્પની કળાને ઘણી વિકસાવી છે. શિલ્પકારોએ પરંપરાગત સ્વરૂપો તથા ઘાટ ન કંડારતા, બાલીની મુક્ત કલા-પ્રતિભાને અનુરૂપ પોતાની કલા-ભાવના વ્યક્ત કરી છે. તેમને મૂર્તિ-નિર્માણ કરતા પણ જોવાનું બન્યું. વજનમાં હલકી દસ-બાર કાષ્ઠ-પ્રતિમાઓ ખરીદવાનો લોભ હું રોકી ન શક્યો.

દેન-પસાર પહોંચતાં સુધીમાં મધ્યાહ્ન થઈ ચૂક્યો હતો. સીધો જ સાનુર સાગર-તટે શ્રી લે મેયૂરને ત્યાં ગયો. ભોજન માટે તેઓ મારી પ્રતીક્ષામાં જ હતા. શ્રીમતી પૉલૉકે વળી એક વાર ઘણી તજવીજ કરીને બહુ સ્વાદિષ્ટ શાકાહારી ભોજન બનાવ્યું હતું. જમતાં જમતાં સિંહરાજા, બેસાકીહ તથા બીજાં સ્થળોના મારા અનુભવો તેમને કહી સંભળાવ્યા. જમ્યા પછી પણ સમુદ્ર પરથી આવતી ઠંડી લહેરોની મઝા લેતાં અમારી વાતો ચાલુ જ રહી. પરંતુ બધી જ સુખદ કે દુ:ખદ ઘડીને અંત હોય છે તેમ, તેમનાથી છૂટા પડવાની વેળા આવી લાગી. આવતી કાલે તો બાલી છોડીને મારે જકાર્તા જવાનું હતું તેથી આ અમારું આખરી મિલન હતું. ખોડંગાતા પગે પણ શ્રી લે-મેયૂર ઝાંપા સુધી વળાવવા આવ્યા. શ્રીમતી પૉલૉકે સુંદર ભાતીગળ રૂમાલ ભેટ આપ્યો અને કુમારી લે-મેયૂરે ચંપક-ફૂલોનો ગુચ્છો હાથમાં મૂક્યો. લે-મેયૂરે સ્નેહ ને વાત્સલ્યથી મારા ખભે હાથ મૂક્યો, પરંતુ મારા ગળામાંથી એક શબ્દ પણ બહાર નીકળી ન શક્યો. કયા અને કેટલા શબ્દોથી હું મારી કૃતજ્ઞતા વ્યક્ત કરી શકું કે તેમની વિદાય લેતાં થતી વ્યથા પ્રકટ કરી શકું? સજળ નેત્રે તેમની મૂક વન્દના કરીને હું નીકળી આવ્યો.

અને સાચે જ તે આખરી વિદાય નીવડી. આ પંક્તિઓ લખી રહ્યો છું ત્યારે જ યુરોપથી આવેલા એક મિત્ર દ્વારા જાણવા મળે છે કે શ્રી લે-મેયૂરનું અવસાન થયું છે! તેમના ચાલ્યા જવાથી બાલી-લોકોએ





ડાબીબાજુ ઊભેલો : ધાર્મિક પોશાકમાં બાલી યુવક; વચ્ચે : બાલીના પ્રૌઢ છતાં કાંતિમાન ખેડૂત; નીચે : શિલ્પ કંડારતો બાલી કલાકાર; છેડે : નિર્દોષ બાલિકા







સ્વભાવે શાન્ત ને સંતોષી, નમ્ર ને નિખાલસ, વિનયી ને વિનોદી બાલી લોકોમાં ઊંડી ધર્મભાવના અને કલાવ્યાસંગ છેક નીચલા થર સુધી વ્યાપક છે. ઘઉંવર્ણા એ લોકો અત્યંત સુડોળ સૌમ્ય તથા યૌવનપૂર્ણ હોય છે. નીચે : બે બાલી યુવતીઓ અને તેમણે પોતાના વાળમાં કરેલી ફૂલગૂંથણી (સર્વ ફોટો : નવનીત પારેખ)



જ નહિ પરંતુ આ સૌંદર્ય-દ્વીપના પ્રવાસે જનારાં બધાં કલા-ભક્ત યાત્રીઓએ પણ તેમના સ્નેહાળ આતિથ્યની હૂંફ તથા તેમનું અનુભવી માર્ગદર્શન ગુમાવ્યાં છે. ભટ્ટારક-શિવ તેમના આત્માને શાન્તિ અર્પો!

બીજે દિવસે વહેલી સવારે વયાન-ભદ્રાની જીપમાં જ સંતોષ તથા હું દેન-પસારના વિમાની મથકે આવ્યા. છૂટા પડતાં સંતોષ ગળગળો થઇને બેઠી જ પડયો. તેના આચાર્ય પંડિત નરેન્દ્રદેવે તેને શીખવેલો શ્લોક, કાંઈક ઉચ્ચાર-ભેદ સાથે તે બોલ્યો : 'શાન્તાનુકૂલાશ્ચ પવનાઃ શિવાસ્તે પન્થાનઃ સન્તુ'. વિમાનમાં જવાનું હતું તેથી પવન શાન્ત તથા અનુકૂળ હોય તે બહુ જરૂરનું હતું જ. થોડી જ પળોમાં આ ઍલ્યુમીનિયમના ગરુડે અમને ગગનવિહારી કરી દીધા. હિલોળા લેતાં ડાંગરનાં ખેતરો, પવનની લહેરમાં થનગનતાં નાળિયેરીનાં વૃક્ષો તથા હાસ્ય વેરતા સમુદ્ર-તરંગોથી વીંટળાએલો બાલી-દ્વીપ ધીરેથી પૂર્વ તરફ સરકતો ગયો. પરંતુ તેને સ્થાને બેસાકી-બાંગલીના પેડન્ડા–પુરોહિતો, લેગોંગ-કેબિયારના નૃત્યકારો, માસઉબુદના શિલ્પીઓ, મેયૂર-દંપતી, વયાન-રૂમા-ભદ્રા તેમજ ભાઈ સંતોષની મુખમુદ્રા ફરીફરીને વિદાય આપી રહી હતી. સુદૂર ગુનુંગ-આગુંગનો ઉત્તુંગ પહાડ ઝાંખો દેખાયો અને બાલીના આ ગિરિરાજને તથા તેની તળેટીમાં આવેલા તીર્થધામ બેસાકીહના પરમ–ઈશ્વર ભટ્ટારક–શિવને માનસિક પ્રણિપાત કર્યો.

ટોચ ઉપર બેઠેલો કાગડો થાંભલાને કહેતો હતો : 'આ બે આખલાઓ ક્યારના લડયા–ઝગડયા કરે છે તે થાકતા નહિ હોય?'

'છોને એમ ને એમ જ મરી જતા. આપણું શું લઇ જવાના છે?' કાગડાને પ્રત્યુત્તર આપતાં સ્તંભે વાક્ય પૂરું કર્યું ન કર્યું ત્યાં તો બંને આખલાઓ એકીસાથે ધસમસતા ભટાક કરતાકને થાંભલા જોડે ટકરાઈ પડયા.

ઊંડો રોપેલો મજબૂત સ્તંભ મૂળમાંથી ઉખડી પડયો અને જમીનદોસ્ત થઈ ગયો. 'કા, કા' કરતો કાગડો બીજા વૃક્ષ ઉપર જઈ બેઠો!

એક સાંજે જ્યારે ખૂંટને ઘાણીમાંથી છોડવામાં આવ્યો ત્યારે એ વિચારતો હતો : 'આજે તો મેં ખૂબ જ લાંબો પ્રવાસ કર્યો છે; અનેક નાનાંમોટાં શહેરોને મારી પાછળ મૂકી આવ્યો છું.' એટલામાં ઘાંચીએ એની આંખેથી દાબડા ખોલ્યા, અને ખૂંટ ચમકયો : 'આટલું બધું ચાલવા છતાં શું હું અહીં જ છું?' એને પ્રશ્ન ઊઠયો. પણ પછી તરત જ સ્વસ્થ થતાં એણે શ્રદ્ધાપૂર્વક પોતાના મનને કહ્યું : 'નહિનહિ, એ તો બને જ કેમ?' પછી થાકનો શ્વાસ મૂકતાં તેણે ઉમેર્યું, 'આ તો હું પાછો ઘેર આવ્યો જણાઉં છું.' એટલું કહીને એણે સંતોષનો દમ લીધો.

—પુરુષોત્તમ સંઘવી

પ્રાચીન ભારતીય વહાણવટું

લેખક
સ્વ. 'સુકાની'

વિદ્વત્તાપૂર્ણ અને માહિતીસભર
અભ્યસનીય લેખમાળા



ગુપ્ત યુગમાં ભારતીય જહાજાત સારીપેઠે ખીલી હોવા છતાં તેના વિષેનાં ચિત્ર કે શિલ્પ આપણે ત્યાં બહુ જોવા મળતાં નથી. બસાઢમાંથી મળેલી એક ગુપ્તકાલીન માટીની મુદ્રા પરની ઘસાઈ ગએલી છાપમાં લક્ષ્મીનું ઉપલું આલેખન છે. ઊભી રેખાઓ ધ્વજદંડ લાગે છે. વચ્ચે શાર્દૂલ પર ઊભેલી મૂર્તિની જમણી બાજુ શંખનું આલેખન હોઈ તે લક્ષ્મી હોવાનું મનાય છે. પ્રાચીન ભારતીય વ્યાપારમાં વહાણનો જે હિસ્સો હતો તે પરથી તથા 'વ્યાપારે વસતે લક્ષ્મી' એ લોકસૂત્ર પરથી તેનું આલેખન અહીં ચરિતાર્થ કર્યું લાગે છે.

પ્રકરણ પાંચમું
મહાસાંયાત્રિકો

૩૨

પ્રાચીન કાળથી આવું ગભ્ભર અને વ્યવસ્થિત, વિવિધ અને સતત વહાણવટું હોવા છતાં ભારતના પ્રદેશપ્રદેશનાં પ્રાચીન અને અર્વાચીન સાહિત્યોમાં રહેલી, વહાણવટીઓનાં સાંયાત્રિકોના કે નિર્યામકોનાં ઐતિહાસિક નિર્દેશોની વિરલતા–અથવા કહો કે સર્વથા અભાવ આજે આપણને બહુ સાલે છે. જોકે પરદેશીઓએ એકબે નામો નોંધ્યાં છે, જે પૂર્ણાંશે ઐતિહાસિક ગણાય એમ છે. મલયૂ દેશમાં સંસ્કૃતમાં કંડારેલો એક પ્રાચીન લેખ મળ્યો છે. તે અનુસાર ત્યાંના એક મંદિરનો જીર્ણોદ્ધાર કરનાર પદ્મ નામનો મહાનાવિક હતો. આવું જ ઐતિહાસિક નામ કદાચ મહાનિર્યામક સુપ્પારગનું ગણી શકાય. એનો નિર્દેશ તો જોકે ધાર્મિક કથામાં—એટલે બોધિસત્ત્વના અનેક પૂર્વજન્મોની જાતકકથામાં (નં. ૪૬૩) થયો છે, પરંતુ એમાં આપેલી વહાણવટા સંબંધી હકીકતો એવી તાદશ છે કે એ કથાનો લેખક નજર સામે કોઈ ઐતિહાસિક, અને તે પણ પ્રત્યક્ષ પરિચિત વ્યક્તિને રાખ્યા વિના એવી હકીકતો લખી શકે નહિ. એ કથા ટૂંકમાં નીચે પ્રમાણે છે.

૩૩

પૂર્વે ભદ્ર રાષ્ટ્રમાં ભરૂ નામનો રાજા રાજ્ય કરતો હતો. ત્યાં ભરૂકચ્છ નામનું એક પત્તન હતું. એ વખતે ભગવાન બોધિસત્ત્વ 'નિય્યામક જેટ્ઠ' એટલે કે નિર્યામકોની શ્રેણીના અધ્યક્ષને ઘેર પુત્ર રૂપે જન્મ્યા. એનું નામ સુપ્પારગકુમાર રાખવામાં આવ્યું. સોળ વર્ષની ઉમર થતાં તો સુપ્પારગ કુમાર નિર્યામકસૂત્રમાંપારંગત થઈ ગયો. નૌવહન-વિદ્યામાં એ એવો પંકાયો કે એ જે વહાણ ઉપર નિર્યામક બનીને ચડે એ વહાણને કદી પણ કજા ન પહોંચે એવી ખ્યાતિ પ્રસરી ગઈ.

દુર્ભાગ્યે ખારાં પાણીથી એની આંખોને ઇજા થતાં એને અંધાપો આવ્યો અને નિર્યામકનું કાર્ય એને છોડવું પડ્યું. આ પહેલાં એ પોતે નિર્યામક શ્રેણીના જ્યેષ્ઠ પદે પહોંચી ચૂક્યો હતો. હવે બાજુના કોઇ રાજાએ એને 'મૂલ્ય-નિર્ધારક'(પારેખ Valuer and Adjuster)ને પદે નીમ્યો. હાથી, ઘોડા, રથ, કપડાં વગેરે મૂલ્યવાન વસ્તુઓની પરીક્ષા કરી એ મૂલ્યાંકન કરી દેતો. એની આ નિપુણતાથી રાજાને ખૂબ લાભ થતો, પરંતુ એનો યોગ્ય બદલો આપવામાં એ કૃપણતા બતાવતો હતો, એટલે અંધ નિર્યામક ફરી ભરૂકચ્છમાં ચાલ્યો આવ્યો.

એક વાર ભરૂકચ્છના વેપારીઓએ સફર માટે વહાણ તૈયાર કર્યું, અને એમને સુપ્પારગકુમારની ખ્યાતિ યાદ આવી, કે એ જે વહાણ ઉપર હોય એ વહાણને કજા ન પહોંચે. વેપારીઓના અતિ આગ્રહથી, અંધ છતાં સુપ્પારગે સાંયાત્રિક પદ સ્વીકાર્યું. પણ કેટલીક સફરો પછી કર્ણધારોની ગફલતીથી વહાણ અવળે રસ્તે ચડી ગયું અને અનેક સાગરોમાં ગોથાં ખાવા લાગ્યું, એ વખતે માત્ર આસપાસનાં પાણી, મત્સ્ય વગેરેનું વર્ણન સાંભળી વહાણ કયા સાગરમાં છે એ સુપ્પારગ ચોક્કસ કહી દેતો. આમ ખુરમાલી, અગ્નિમાલી, દધિમાલી, કુશમાલી, નલમાલી વગેરે સમુદ્રોમાં ફરતું વહાણ આગળ વધ્યું જતું હતું, ત્યાં એક ભીષણ વિપત્તિમાં તે આવી પડ્યું.

'મહાભયો ભિસનકો સમુદ્દો સુય્યતે અમાનુસો',—મહાભયથી ડરાવનારો, અમાનુષ, ક્રૂર એવા એ સમુદ્રમાં પાણીની દીવાલો ચોપાસ ઊભી થતી હતી, અને પછી એ દીવાલો ઉપરથી પાણી પ્રપાત પેઠે વચમાં તૂટી પડતાં હતાં. કર્ણધારો પાસેથી આ વર્ણન સાંભળીને સુપ્પારગ ઊભો થઈ ગયો: આ તો વલભામુખ![1] આમાંથી કોઈ વહાણ કદાપિ ઊગરી ન શકે. હવે 'નિર્યામક સૂત્ર'ના પાઠો કે નિર્યામક નૈપુણ્ય વ્યર્થ હતું. હવે એક જ ઉપાય બાકી હતો: તે સાગરખેડૂનું સાચ! સુપ્પારગે એ અંતિમ ઉપાય અજમાવવાનો નિશ્ચય કર્યો, અને એ ધૂમરિયાળાં બાણ તરફ સોનાની થાળી ધરી બોલ્યો:

'જ્યારથી મને સ્મૃતિ આવી છે, જ્યારથી હું સમજણો થયો છું ત્યારથી એક પણ પ્રાણીની મેં જાણીબૂઝીને હિંસા નથી કરી; મારું એ વચન જો સત્ય હોય; (એ તેન સચ્ચ વચ્ચેન સોત્થિ નાવા નિવત્તતુ) તો આ વહાણ આ વલભામુખમાંથી સહિસલામત પાછું ફરે'.

અને એ(ભરૂકચ્છ પયાતાના) ભરૂકચ્છથી પ્રયાણ કરેલા(વાણિજાનં ધમ્મેસિજં)ધનની ઇચ્છાવાળા વણિકો ફરી હેમખેમ ભરૂકચ્છ પહોંચ્યા.

આ સત્યક્રિયા; આ સાગરખેડૂઓનો જાણ્યે કે અજાણ્યે અન્તિમ ઉપાય. વેદકાલીન ઋષિઓએ જ્યારે 'સત્યસ્ય નાવમ્' શબ્દ વાપર્યો ત્યારે, કદાચ અજાણ્યેજ, સાગરના એક સનાતન સત્યનો ઉચ્ચાર કર્યો હતો.

૩૪

આને એક વિશેષ પૂર્ણાંશે ઐતિહાસિક નામ મળે છે: નિર્યામક 'નંદી'નું.

ચીની મુસાફર ફાહ્યાન ઈસુની પાંચમી સદીના આરંભમાં ભારતમાં આવ્યો (ઇસ્વી ૪૦૧-૪૧૦) ત્યારે એ તામ્રલિપ્તિ(તામ્રલુક)થી વહાણમાં બેસી સિંહલ ગયો. એ સફર ચૌદ દહાડામાં પૂરી થઇ, જે આજે પણ ઝડપી ગણાય; કારણ તામ્રલિપ્તિથી સિંહલ આશરે છસ્સો ગાઉ દૂર થાય. સિંહલમાં બેએક વર્ષ રહી ફાહ્યાન જાવા ગયો. તે વખતે વહાણમાં લગભગ ૨૦૦ માણસો હતાં. રસ્તામાં વહાણને જબ્બર તુફાન નડ્યું, પણ આખરે ૯૦ દિવસ પછી વહાણ જાવા પહોંચ્યું. જાવામાં પાંચેક મહિના રોકાયા પછી એ ચીન જવા ઊપડ્યો. એ વહાણ પણ ભારતીય

૧ Maelsturn 'ધુડાકિયો બાણ': એ નામની 'સુકાની'ની વાર્તા 'કુમાર'ના ૧૩૭, ૧૩૮, ૧૩૯, ૧૪૦મા અંકોમાં પ્રકટ થઈ છે તે જોવી.

હતું, અને ફાહ્યાને એના સાંયાત્રિક–નિર્યામકનું નામ નોંધી લીધું હતું. એ નામ હતું નન્દી અથવા નન્દ.[૨]

કાશ્મીરના રાજકુમાર પંચશીલ લઇને 'ગુણવર્મન' નામે પ્રસિદ્ધ થયા. એ આચાર્ય ગુણવર્મનને ઈસ્વી ૪૨૪માં ચીનના સમ્રાટે બોલાવ્યા હતા. એમની ઇચ્છા ત્યાં જવાની ન હતી, છતાં તે સમયે એ એક બીજી નાની પણ એ જ પાણીની સફરે નીકળ્યા હતા અને પવન-પાણીના વહેણમાં તણાએલું એમનું વહાણ કાન્તુંગ (Canton) બંદરે પહોંચ્યું. આ વહાણનો નિર્યામક પણ નન્દી હતો. એ નિર્યામક નન્દી[૩] આ પ્રમાણે અનેક વર્ષો સુધી જાવા અને ચીન વચ્ચે નૌવહન કરતો હતો એ વાતની ફાહ્યાન અને ગુણવર્મને નોંધ લીધી છે. આમ 'પદ્મ' અને 'નન્દી' પૂર્ણારો ઐતિહાસિક વ્યક્તિઓ છે. સુપ્પારગ પણ ઐતિહાસિક વ્યક્તિ જ છે, પરન્તુ એની કથામાં જાતકકારની ધર્મપ્રચારણાની ધોરો થોડુંક અદ્ભુત તત્ત્વ ઉમેર્યું છે.

૩૫

આ ઉપરાંત દંડી કવિના દશકુમારચરિતમાં એક પરદેશી (યવન) નિર્યામક રામેષુ અને એક ભારતીય નિર્યામક ભીમધન્વાનો નિર્દેશ મળે છે. 'દશકુમારચરિત' કાલ્પનિક કથાઓનો ગ્રંથ છે, છતાં દંડીના અન્ય ગ્રંથો પેઠે એમા વાસ્તવિક પરિસ્થિતિ અને તત્કાલીન સ્ત્રીપુરુષોનાં તાદશ આલેખન છે. રામેષુ શામ(સીરિયા)નો રહેવાસી હતો અને ખ્રિસ્તી હતો એ એના નામ ઉપરથી સમજાય છે, કારણ પ્રાચીન શામી બોલીમાં પણ રામ શબ્દનો સંસ્કૃત પેઠે જ ('સુન્દર') અર્થ થાય છે. રામેષુ એટલે 'અભિરામ ઈસુ.' કદાચ રામેષુ એ કોઇ જીવંત વ્યક્તિનું નામ હશે. અન્યત્ર એક સુરેન્દ્રદત્ત નામના નિર્યામકનું નામ પણ મળે છે.[૪] આ અર્ધ કાલ્પનિક અથવા પૂરી કાલ્પનિક કથાઓમાં મહાનિર્યામક તારકનું કથાનક અતિ ઉલ્લેખનીય છે.

૩૬

સુવર્ણદ્વીપના મણિપુર નામના નગરમાં વૈશ્રવણ નામનો એક પ્રસિદ્ધ વણિક સાંયાત્રિક રહેતો હતો. એની પત્ની વસુદત્તાને મોટી ઉમરે પુત્ર થયો, જેનું નામ તારક રાખવામાં આવ્યું. નાનપણમાં જ તારક અનેક શાસ્ત્રમાં પારંગત થયો અને જુવાનીને પહોચતા જ વહાણો ઉપર અનેક પ્રકારનો માલ લાદી એ દ્વીપાન્તરોમા સફર કરતો થઈ ગયો. જતે દહાડે અનેક સાંયાત્રિકો એનું અનુગમન કરવા લાગ્યા. તારક વ્યાપારી હતો, વ્યાપારનિપુણ સાંયાત્રિક બન્યો હતો, પરંતુ હજુ એ નૌપ્રચાર-વિદ્યામાં નિપુણ ન હતો. એ નિર્યામક કેમ બન્યો એની કથા આ પ્રમાણે કવિ ધનપાલે કહી છે:

એક વાર અનેક વહાણોની સંયાત્રા લઇને એ સિંહલ આવ્યો. ત્યાં જલકેતુ સમૃદ્ધ કર્ણધાર સાથે એને ગાઢ મૈત્રી થઈ ગઈ, અને જતે દિવસે એ જલકેતુની દીકરી પ્રિયદર્શના સાથે પરણ્યો. વૈશ્યપુત્ર તારક કૈવર્ત (માછીમાર) કન્યાને પરણે એ વાત જરા અજુગતી લાગે એટલે કથાકાર કહે છે કે પ્રિયદર્શના ખરેખર તો જલકેતુની પુત્રી ન હતી, પરંતુ કોઈ દરિયા ઉપર ભાંગેલા વહાણમાંથી એને મળી હતી, અને વૈશ્યપુત્રી હતી. આ વાત કેવળ કલ્પના જ હશે એમ લાગે છે, કારણ તારકે હવે પોતાનાં વૈશ્ય પિતામાતાને ઘેર જવાનો વિચાર હમેશ માટે માંડી વાળ્યો, જલકેતુના ઘરમાં જ કૈવર્ત બનીને રહ્યો, અને દિવસ જતે સિંહરાજ ચન્દ્રકેતુએ એને આખી કૈવર્ત કોમ(કૈવર્તતન્ત્ર)નો મુખી બનાવ્યો. કૈવર્તો પાસેથી એ નૌપ્રચાર-વિદ્યા શીખ્યો. કર્ણધાર ચક્ર એને હસ્તગત થઈ ગયું; નાનામોટા જલમાર્ગો ઉપર અને અનેક દ્વીપ-દ્વીપાન્તરોમાં એણે સફરો કરી; અને સાગરસાગરના એણે તાગ લીધા. આમ અસ્સલથી જ નિપુણ સાંયાત્રિક તો હતો જ, એમાં હવે એ અનુભવી નિર્યામક બન્યો.

ન તો એમાં કૈવર્ત જાતિના દોષ હતા, ન તો હતી વણિક જાતિની ભીરુતા! પાણીમાં ડૂબતાં વહાણોને ઉગારવામાં એ ખ્યાતનામ હતો. અનેક વિપત્તિઓથી ઘેરાવા છતાં, એ જાણે મકરમુખમાંથી બહાર નીકળી આવે એવો બહાદુર હતો. રસાતલથી પણ ન ગભરાય એવો એ હિમ્મતબાજ હતો. એવા આ કુશળ સાંયાત્રિક અને હિમ્મતબાજ નિર્યામક તારકની કીર્તિ રાજગઢ સુધી પહોંચી હતી અને જ્યારે સિંહલનો રાજકુમાર સમરકેતુ, સુવર્ણભૂમિના સુવેલ પ્રાન્તના સામંતોને ઠેકાણે લાવવા સાગરસંયાત્રા લઇને તૈયાર થયો, ત્યારે રાજકુમારના વિશિષ્ટ વહાણ 'વિજયયાત્રા'ના નિર્યામક તરીકે, અને આખી સંયાત્રાના સાંયાત્રિક તરીકે તારકની વરણી કરવામાં આવી, કારણ એના ઉપર સિંહલરાજ ચન્દ્રકેતુની પહેલેથી જ નજર હતી અને ખાસ તો રાજ્યનો 'સકલ નૌસાધનાધ્યક્ષ' અમાત્ય યક્ષપાલિત, એના ઇતિહાસથી અને એની શક્તિથી તેમજ નૈપુણ્યથી પૂરો વાકેફગાર હતો.

૩૭

અને આવા સુપ્પારગો અને તારકો ભારતના અણલખ્યા અને અણકહ્યા ઇતિહાસમાં પ્રાગ્વૈદિક કાળથી આજસુધી પેદા થતા આવ્યા છે, છતાં ચાલીસ કરોડ ભારતીઓને ભારત દરિયાવર્દી દેશ છે એનું ભાન પણ નથી. આર્ય સંસ્કૃતિ અને આર્ય વર્ણોત્તરીને અલિપ્ત રાખવાની ધગશે, જેણે સૂત્ર કાળથી જ ઘેલછાનું રૂપ પકડ્યું હતું, તેનું આ પરિણામ છે; કારણ કે એ સંસ્કૃતિને અને દ્વિજ વંશને સાગરપરજની આભડછેટ સર્વથા પરિહાર્ય હતી.

પરંતુ 'સમુદ્રમેખલા ભારતભૂમિ'ને કંઠારી પ્રજાઓએ સાગર કદી ભૂલવા નથી દીધો. એક માત્ર ભારતના ઇતિહાસકારો, કવિઓ, સાક્ષરો અને એકંદરે બધા કલમકશોને એ કંઠારી પ્રજાના અસ્તિત્વ વિષે પણ આજે હજારો વર્ષ થયાં શુદ્ધિ નથી રહી.

ભારતનું આજે ફરી ઊભરાઈ રહેલું સાગરખમીર આજ સુધીની સાગરપરંપરાના રક્ષક કંઠારી વર્ણોને જ આભારી છે, કારણ કે આજે પણ સુપ્પારગ અને તારક, પદ્મ અને નંદી જેવા સાંયાત્રિકો અને નિર્યામકો પાકી શકે છે, એ એમની ઓલાદ ખમીર અને તાસીરથી જ શક્ય બન્યું છે. પ્રાચીનકાળથી દશ્યમાન થતી એ નાવિકોની હિમ્મતનું એક ઉત્કૃષ્ટ ઉદાહરણ મહાજનક જાતકમાંથી (જાતક ૫૩૯) મળે છે.

૩૮

પૂર્વે વિદેહ રાજ્યમાં મિથિલા રાજ્યવંશમાં મહાજનકનો જન્મ થયો. રાજખટપટને કારણે મહાજનકની માતા સગર્ભા હતી ત્યારથી જ નિર્વાસિતા વિધવા હોવાથી, ઉમરે પહોંચતાં, રાજકુમારે સુવર્ણભૂમિ તરફ જવાને વહાણ હંકાર્યું. દૈવવશાત્ વહાણનો મઝધારમાં નાશ થયો અને સાત દિવસ સુધી એ પાણી ઉપર અસહાય શરીરને તરતું રાખી શક્યો. આઠમે દિવસે મણિમેખલાદેવી એની સામે પ્રકટ થઈ.[૫]

---

૨ Fa Hien's Records of Buddhistic Kingdoms by Legge (1886) p. 111–114.

3 Les Cannons Buddhic en Chine: C. C. Bagchi p. 370–373 ૪ વસુદેવહિણ્ડી: શ્રી ભોગીલાલ સાંડેસરા પૃ. ૧૮૭ તિલકમંજરી ૧૨૭ અનુ.

૫ જમીન ઉપર મુસાફરી કરતી વણઝારો(સાર્થવાહ)ને જેમ યક્ષ મણિભદ્રની રક્ષા હતી, તેમ સાગરખેડૂઓને મણિમેખલા દેવીની રક્ષા હતી. સુપ્રસિદ્ધ પ્રાચીન તમીળ મહાકાવ્ય 'મણિમેખલૈ' પ્રમાણે કાવેરીપત્તનમમાં એનું દેવાલય હતું.



દૃઢાસન

આ પણ આરામનું આસન છે. પાસું ફેરવવાનું મન થાય છતાં મનને દૃઢ રાખીને યોગીઓ આ આસન ઉપર સૂએ છે તેથી તેને દૃઢાસન કહે છે. ચત્તા સૂઈ જાઓ. થોડી સેકન્ડ પછી ડાબે પડખે વળો. ડાબા હાથને કોણીથી વાળી માથાની નીચે રાખો અને જમણા હાથને લાંબો કરી સાથળ ઉપર મૂકો. પગને લાંબા કરો અને આરામથી કોઈ પણ અવયવને પીડા ન થાય એવી રીતે સૂઈ જાઓ એટલે દૃઢાસન થશે.

યોગસાધકો સાધારણ રીતે આ આસન ઉપર જ સૂએ છે. એને માટે થોડો સમય આપીએ તોપણ શરીરને વધારે સમયમાં મળે એટલો આરામ મળે છે. સ્વપ્ન ઓછાં થઈ જાય છે, રોગ બહુ થતા નથી, પાચનશક્તિ સારું કામ કરે છે. આ આસન કર્યા પછી શવાસન કરી શકાય. રોગથી અથવા બીજા કોઈ કારણથી શરીર અશક્ત બન્યું હોય અને કોઈ પણ આસન કરતાં મુશ્કેલી અનુભવાય તો દૃઢાસનનો પ્રયોગ કરી જોવો.

ડાબે પડખે આરામથી સૂઈ રહ્યા બાદ હવે જમણા હાથની મૂઠી વાળો અને એને કોણીમાંથી વાળ્યા વગર ધીમે ધીમે માથાની ઉપર જેટલે લઈ જવાય એટલે લઈ જાઓ. તે વખતે જેટલો શ્વાસ લેવાય તેટલો ધીમે ધીમે લો. હવે હાથને પાછો લાવો અને સાથળ ઉપર હતો ત્યાં ને ત્યાં મૂકો. હાથને પાછો લાવો ત્યારે શ્વાસ ધીમે ધીમે બહાર કાઢો. આ પ્રમાણે થાક ન લાગી જાય ત્યાંસુધી કરો. પછી જમણે પડખે સૂઈ જઈ ડાબા હાથને એ પ્રમાણે લાવો ને લઈ જાઓ.

આમ કરવાથી ઊંઘ સારી આવે છે. વ્યાકુળતા ઓછી થાય છે અને શરીર તથા મન પ્રફુલ્લ બનતાં જાય છે.

આ સમય દરમિયાન ખૂબ ચાવીને ખાવાનો, મુખનો અમીરસ જેટલો વધારે ભેળવાય તેટલો ખોરાકમાં ભેળવવાનો આગ્રહ રાખવામાં આવે તો શરીર ખૂબ જલદીથી સશક્ત અને નીરોગી બને છે.

પ્રથમ તો મહાજનકને પોતાની આંખો ઉપર શ્રદ્ધા ન બેઠી. દેવીએ પણ એની કસોટી કરવા માટે કહ્યું, કે 'હે મૂર્ખ, અહીં પાણીના તાગ નથી; અહીં ક્યાંય કિનારો નથી; તું શા માટે હાથપગ પછાડે છે? તારો આ વ્યાયામ નકામો છે. તું અહીં જ ડૂબવાનો છો, તો વૃથા શા માટે પ્રયત્ન કરે છે? 'મોઘો તે પુરિસ, વાયામો'–હે માનવી, તારાં ફાંફાં વ્યર્થ છે.' ત્યાર પછી મણિમેખલા ને એની વચ્ચે સંવાદ ચાલ્યો ને આખરે એ સાગરખેડૂએ કહી દીધું, કે સિદ્ધિ મળે કે ન મળે, પણ હું તો (ગચ્છં પારં સમુદ્દસ્સ, કારં પુરિસ કારિયં) સમુદ્રને પાર આમ ને આમ પહોંચવાનો, કારણ પુરુષકાર તો એ છે કે માણસે પોતાની માનવતા ન લજાવવી જોઈએ!

'ગચ્છં પારં સમુદ્દસ્સ કારં પુરિસ કારિયં' એ આ સાગરખેડૂઓનો સનાતન ધર્મ: અને જુગજુગના અને સાગરસાગરના સાગરખેડૂઓ એનાં પ્રતીક. ભારતે પણ એવા નરો નિપજાવ્યા છે અને નિપજાવે છે.

૩૯

અને આવા દૃઢ આત્મવિશ્વાસ છતાં પુરુષકાર ન ફાવે તો? તો છેવટે એ સાગરમાં સમાઈ જવાનું; અને દૂરદૂર રહી ગએલાં સ્વજન અને સ્વદેશની ઉત્કટ ઝંખના સાથે લઈ જવાની!

યથાર્થ ને અદ્‌ભુતના મિશ્રણવાળા સાગરજીવનમાં આવી અધૂરે અટકેલી, જીવનની અને વહાણની સફરો સંબંધી પણ અનેક શ્રુતિઓ છે. દરિયાનાં કબૂતર ને બાજ જેવાં 'મદગુ' ને 'ભારુણ્ડ' પંખીઓ એ ડૂબી ગએલા નાવિકોનો પુનરાવતાર છે એ માન્યતા તો સાત સાગરમાં પ્રચલિત છે; અને તેથી કોઈ નાવિક એ પંખીનો શિકાર નથી કરતો.

અનેક ઠેકાણે પ્રેતલોકમાંના મહાનિર્યામકો પોતા જેવાં જ ગત બનેલાં વહાણોને હજુ અવિશ્રાન્ત હંકાર્યે રાખે છે અને કોઈકોઈ વાર પોતાનો વિનાશ થયો હોય એ સાગરોમાં દેખાય છે[૬] એ માન્યતા પણ અનેક સાગરોમાં પ્રચલિત છે.

ભારતના દરિયાઓમાં પણ ઠેરઠેર આવાં 'ચળિતર'ની અનુશ્રુતિ છે. એક વાર વારાણસીથી એક વહાણ સુવર્ણભૂમિ જતું હતું. મધદરિયે એનો નાશ થયો, અને માત્ર બે મુસાફર સિવાય કોઈ ન બચ્યા. આ બચેલા મુસાફરો એક નાનકડા દ્વીપ ઉપર તણાઈ નીકળ્યા, પરતુ આ દ્વીપ ઉપરથી પણ ઊગરવાનો કોઈ ઉપાય ન હતો.

એક દહાડો ઓચિંતું દરિયા ઉપર એક કૌતુક દેખાયું. જાણે ત્રણ ત્રણ કુવાથંભવાળું એક જબ્બરવહાણ દ્વીપ તરફ આવી રહ્યું છે. એના કુવાથંભ નીલમના બનાવ્યા છે; એની આલાત રૂપાના તારની બાંધી છે; એના ખલનાં પાટિયા સોનેરી છે. આવું કૌતુક દેખઈને માનવી ડરી જાય. પણ મોરા ઉપરથી નિર્યામકનો બુલંદ પોકાર આવે છે 'છે કોઈ ભારતનો જાનાર?'

આ શબ્દો સાંભળી બેય જણ વહાણ તરફ તરી નીકળે છે, અને એ તૂતક ઉપર પહોંચતાં વહાણ સઢ ખોલે છે. બીજી સવારે તેઓ એ વહાણના તૂતક ઉપર નહિ, પણ વારાણસીમાં, પોતાના વતનમાં જાગે છે! આવા પ્રકારની અનેક કથાઓ છે, જે પૈકી એવી જ એક જાતક (૧૯૦)માં પણ આવે છે. આ વતન અને સ્વજન-ભૂખ્યા નિર્યામકો, જે કદી વતન ભેગા નહિ થાય, જે કદી સ્વજન ભેગા નહિ થાય, પરંતુ પ્રેત લોકમાં પણ વતન અને સ્વજનની ઝંખના એને જંપવા નથી દેતી.

૪૦

લાંબી સફરો પછી ફરી ઘેર આવતા સાંયાત્રિકો અને નિર્યામકો અને નાવિકોનો એક વિશિષ્ટ ધંધો એ હતો, કે જમીન ઉપર જ ચોંટી બેસનાર કૂપમંડુકો અને ભૂમિકુક્કુટો (Land-lubbers)ને દરિયા ઉપરની આવી આવી અલૌકિક વાતો કહી સંભળાવવી એ ધંધો પરાપૂર્વથી આજની ક્ષણ સુધી ચાલુ છે. આવાં ગપ્પાંઓ મારવામાં નાવિકોને પોતાને રમૂજ મળે છે એટલું જ નહિ, પરંતુ આવી વાતો ન સંભળાવે તો નાવિકોએ દરિયો ખેડ્યો જ નથી એમ માનનાર પણ એક કાળે દરેક દેશમાં હતા અને હજુ યે હશે. પ્રાચીન સાહિત્યમાં આવી અનેક 'અલૌકિક' નાવિક-કથાઓ આવે છે.

સાગરમાં જાળ નાંખતાંવેંત હીરા, માણેક, સોનું, રૂપું વગેરે થોકબંધ મળે, એવી એક વાત ખૂબ ગંભીરાઈથી સુપ્પારગ જાતક (જાતક ૪૬૩)માં આવે છે. ભરૂકચ્છના વાણિયાઓ એવી રોમાંચક સમુદ્રયાત્રા કરીને આમ જર ને જવાહર લાવે છે. જ્યારે વેપારીઓ વેપારથી નહિ પણ અનેક બીજા સાચાખોટા રસ્તે આમ જરજવાહર લઈને સફરથી પાછા આવે, ત્યારે 'આવી વસ્તુઓ પાણીમાં જાળ નાખવાથી મળે છે' એ ગપ્પ બહુ જ ઉપયોગી થઈ પડે એવી છે!

---

૬ ઉદાહરણ Flying Dutchman કેપ ઑવ ગુડ હોપ પાસે.

૪૧

કદાચ તમીળ મહાકાવ્ય 'મણિમખલૈ'માંનો અતિનિર્ધન ચેટ્ટિયાર (શ્રેષ્ઠિન્—શેઠિયો) શાદુવન્, થોડા જ દિવસોમાં એટલું બધું ચન્દન, અગર, કપડાં વગેરે લઇને કાવેરીપત્તનમ્‌માં પાછો ઘેર આવી ગયો કે ત્યાર બાદ એને બીજી સફર વારવાની જરૂર ન રહી ને બાકીના દહાડા ધનમાં રાચ્યો, એ કથામાં પણ એણે આવા જબ્બર લાભની કથાને, 'અલૌકિક' સ્વરૂપ આપ્યું હશે. જતી વેળા શાદુવન્‌ની આર્થિક સ્થિતિ એટલી ખરાબ હતી કે એની પત્ની પણ એનો અનાદર કરતી હતી. આવ્યો ત્યારે એના ધનનો પાર ન હતો! ટૂંક વખતમાં આટલો ધન-લાભ કેમ થયો એનો ખુલાસો આપતાં, શાદુવને પોતાની પત્ની અને ગામના ચોવટિયાઓને એક અદ્‌ભુત તુક્કો કહી સંભળાવ્યો :

"મારું વહાણ કાવેરિપત્તનમ્‌માથી બહાર પડ્યા પછી થોડે દહાડે દરિયામાં ગરક થઈ ગયું, પણ એક કૂવાથંભને બાઝી હું તરતો રહ્યો અને આખરે નાગ લોકોના બેટમાં નીકળ્યો. એ નાગલોકો નરભક્ષી હતા ને મને બાંધીને એના નાયક પાસે લઈ ગયા. મને જોઇને નાયક-ના મનમાં બહુ સારી છાપ પડી અને મારે માટે એણે સુરા મગાવી. મેં સુરા પીવાની ના પાડી. પછી એણે મારા માટે રહેવાની જગ્યા આપી અને એક સ્ત્રીને મોકલી. મેં એનો પણ ઈન્કાર કર્યો. આના ઉપરથી વાતચીત થતાં મેં, શાદુવને, એ નરભક્ષી નાગ-નાયકને જિન-વૃત્તિ અને અહિંસાનો ઉપદેશ આપ્યો, અને વચન લીધું કે ભાવિમાં એ ભાંગેલાં વહાણોને નહિ લૂટે અને યાત્રીઓને આશ્રય આપશે. એણે અનેક વહાણોમાંથી લૂટેલો માલ મને ભેટ કર્યો, જે લઇને હું કાવેરિ-પત્તનમ્ પાછો આવ્યો છું.[૭]" બનવાજોગ છે કે શાદુવન્‌ની વાત સાચી પણ હોય; બનવાજોગ છે કે લાંબા કાળની નિર્ધનતાના ઉપાયરૂપે એણે થોડીક ચાંચિયાગીરી કરી લીધી હોય, અને એને ઢાંકવા માટે નર-ભક્ષી નાગ-નાયકની વાત ઉપજાવી કાઢી હોય!

૪૨

આવી 'અલૌકિક' કથાઓના બીજા પણ ઉપયોગ હતા. એકવાર એક સંયાત્રા તૈયાર થતી હતી ત્યારે મૂળ વેપારીઓની સાથે બીજા વેપારી-ઓ પણ સંયાત્રામાં જોડાવાને વહાણો તૈયાર કરવા લાગ્યા. આ વાત મૂળ વેપારીઓના લાભમાં ન હતી, કારણ કે બીજા વેપારીઓ વેપાર-માં ભાગ પડાવે તો લાભ ઓછો થાય. કદાચ મૂળ વેપારીઓની સંયાત્રા વેપાર જ નહિ પણ ચાંચિયાગીરી, દાણચોરી વગેરે અવળા ધંધા પણ કરતી હશે, એટલે બીજા વેપારીઓનો સાથ પોષાય એમ નહિ હોય; એટલે મૂળ વેપારીઓએ સાંયાત્રિકને ચેતવી દીધો. સાંયાત્રિકે દરેક ન ખપતા વેપારીને કહી દીધું કે: હે જમ્બુદ્વીપના વાસી! અમે જે સાગર માટે સંયાત્રા તૈયાર કરાએ છીએ એમાં અનેક ભય છે. એમાં તિમિ અને તિમિંગલ (વ્હેલ મત્સ્ય) જેવા જબ્બરદસ્ત મત્સ્યો રહે છે; કાચ-બાઓ રહે છે; મોટાં મોજાંઓના લોઢ ઊઠે છે; કોઈ વાર કંઠારોની કંઠારો પાણીમાં ધસી પડે છે (સ્થલઉત્સીદન); રસ્તા ભૂલાઈ જાય એવા છે; ખડકોનો તો પાર નથી; તુફાનો(કાલિકાવાતો)નું તો ભલું પૂછવું! વળી રસ્તામા જાંબલી લૂગડાંવાળા ચાંચિયા મળે છે માટે ભેળા આવવું હોય તો ભલે આવો, પણ જીવનો વીમો છે. ઘેરથી સૌની અં-તિમ વિદાય લઈ લેજો. આ સંયાત્રા ભીરુઓ માટે નથી; જે વીર હોય તે ભલે ભેળો થઇ જાય! અને આમ બીજાઓને ખેરવી નાંખ્યા![૮]

અને આમ 'અલૌકિક' ને યથાર્થ, ગપ્પાં અને સાચ, એ બેયના મિશ્રણથી એ નાવિકો ઘડીભર જીવ બહેલાવતા, તો અનેકવાર ધાર્યું કામ પાર ઉતારતા. (ચાલુ)

૭ Manimekhalai p. 150-159 ૮ દિવ્યાવદાન પૃ. ૨૨૯-૨૩૦

માંદગીનાં મૂળનો પરિચય આપતો

અનિદ્રા

લેખક ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

આખા દિવસનો થાક ઉતારવા ઊંઘ અત્યંત જરૂરની છે. એ રોજિંદા જીવનના મૃત્યુ જેવી છે, જેમાંથી બીજા દિવસના પ્રભાતે પ્રાણીમાત્ર નવજીવન પામી કાર્યરત થાય છે. એનાથી શરીરને સ્ફૂર્તિ મળે છે, મન તાજગી પામે છે. ખોરાક વિના માનવી ૨૦ ૩૦ દિવસ ટકી શકે, પણ ઊંઘ વિના ૮૪ કલાકથી વધુ ન ટકી શકે.


જ્ઞાનતંત્રનાં ઉચ્ચ અંગો ઊંઘ આણનારાં છે; પણ નિદ્રાની ક્રિયા શી છે અને મગજમાં નિદ્રાનું કેન્દ્ર છે કે કેમ આ પ્રશ્નો હજુ ચોક્કસ રીતે ઉકેલાયા નથી. સ્વીકાર પામેલો ક્લાઇટમૅનનો સિદ્ધાંત છે કે નિદ્રા એ મગજની પ્રાથમિક દશા છે. એને આ દશામાંથી જાગ્રત કરવા માટે ઉત્તેજનાની જરૂર છે. નિદ્રા દરમિયાન મગજની કામગીરી અટકે છે, કારણકે તેને ઉત્તેજનારા આંતર્વાહી સંદેશાઓ અપૂરતા આવે છે.

તંગ માંસપેશીઓમાંથી આ આંતર્વાહી સંદેશાઓ જતા હોવાથી ખૂબ થાક્યા હોવા છતાં ય ઊંઘ આવતી નથી, અને આ કારણથી ઊંઘ-વાનો સબળ પ્રયાસ કદી ફળીભૂત થતો નથી. એ આંતર્વાહી સંદેશાઓ મગજને ખલેલ ન પહોંચાડે તે માટે સૂવાના ખંડમાં અજવાળું અને અવાજ ન આવે, મચ્છર-માકડ ન કરડે એવી જોગવાઇઓથી આપણે સૂવાનું રાખીએ છીએ.

ઊંઘ દરમિયાન બધી માંસપેશીઓ ઢીલી બને છે. માત્ર પાંપણો અને જડબાની માંસપેશીઓ, ગુદા ને મૂત્રદ્વારો તંગ રહે છે. સંવેદનજ્ઞાન ઘણું નાશ પામે છે. હૃદયના ધબકારા મિનિટના ૧૦થી ૩૦ સુધી ઘટે છે. શ્વાસોચ્છ્વાસ પણ ધીમા પડે છે.


વ્યક્તિની ઉંમર, ધંધો, કામગીરી, સ્વભાવ અને આરોગ્ય ઉપર ઊંઘનો આધાર છે. ઘણાઓ માટે રાતના આઠ કલાકની ઊંઘ પૂરતી છે, તો કેટલાકને સાત કલાક પૂરતા છે. થોડા માણસોને આઠ કલાક કરતાં વધારે ઊંઘની જરૂર રહે છે. જન્મથી વૃદ્ધાવસ્થા આવતાં સુધીમાં ઊંઘ ઘટતી જાય છે; પણ પચાસ વર્ષના ગણિતીને પચીસ વર્ષના મજૂર કરતાં વધારે ઊંઘની જરૂર છે. મગજનું કામ કરનારા કરતાં શારીરિક શ્રમ કરનારને ઊંઘના બે કલાક ઓછા મળે તો નભી શકે છે. ખરી ઊંઘની એક જ વ્યાખ્યા છે: ઊંઘ પછી સ્ફૂર્તિ આવવી જોઇએ જો માત્ર બે કલાકની ઊંઘથી પણ સ્ફૂર્તિ આવે તો પછી વધારે ઊંઘની જરૂર નથી.






(અંદરના લખાણને અનુસંધાને) અમદાવાદની મસ્જિદોના ગોખ ઝરૂખા, જાળીઓ-બારીઓ અને કિનાર કંદોરાઓમાં પ્રાચીન શિલ્પીઓએ કરકરા પથ્થરમાં ભૌમિતિક આકૃતિઓનું જે લીલાવૈવિધ્ય વિસ્તાર્યું છે તેના આ થોડા નમૂના દીવાળી-રંગોળી માટે પણ ખપ આવે એવા છે. (જુઓ પાછળ)





ભૂતસર્ગનાં કલાસ્વરૂપો

૪૨૧મા અંકની એક ચિત્રપ્લેટ આપતાં જણાવ્યું હતું તેમ, કલા યુગાનુસાર આવેગો ધારણ કરતી અભિનવ સ્વરૂપે વિકસતી જતી હોય ત્યારે પણ, સાથોસાથ તેના ભૂતસર્ગનાં વિવિધ રૂપોનાં અભ્યાસ-અવલોકન ચાલુ રાખવાં જરૂરી છે. આ પૂર્તિ ઉપર બંને બાજુ એવા થોડા પ્રકાર આપ્યા છે. આ પૃષ્ઠ પર પ્રાચીન પશ્ચિમી લોહકલાના નાદર નમૂનારૂપ બખ્તર, શસ્ત્રાસ્ત્ર અને ટોપનાં ચિત્રો છે, જેમાં શિરસ્ત્રાણ પરની બારીક કોતરણી ધ્યાનપાત્ર છે.



રાજસ્થાનની ભૂમિ પર રમણે ચડેલી લોકકલ્પનામાંથી ઊતરી આવેલાં ભીંતમાંડણાં અને ભોંયમાંડણાની ભાઈ પીરાજી સાગરાએ ગયા વર્ષે આપેલી નોંધોમાં આ નવો ઉમેરો છે. બરુની સળી ઉપર રૂ વીંટી, ગેરુ મટોડી ગળી કે ચૂનામાં બોળીને સર્જેલી આ તળપદી સીધી સરળ અને નમણી કલાસૃષ્ટિમાંથી રંગોળીની સુંદર ભાતો સહેજે ઉપજાવી શકાય.

શરીર ટકાવવા માટે ચાર બાબતોની જરૂર છે: વાયુ, જળ, ભોજન અને ઊંઘ. દેહવૃત્તિ માટે જેટલું આહારનું પ્રયોજન છે એટલું જ પ્રગાઢ નિદ્રાનું છે. મહર્ષિ ચરક રાતના કુદરતી આવતી ઊંઘને ભૂતધાત્રી (પ્રાણીમાત્રની માતા) કહે છે.

જિંદગીને જરૂરી એવી આ ઊંઘ કેટલાકને અપ્રાપ્ય થઈ પડે છે. માણસને માણસ થવા બદલની આ એક પ્રકારની શિક્ષા છે. અળશિયાં-દેડકાં જેવાં પ્રાણીઓ ને વાંદરાંને ઊંઘનું દુઃખ નથી હોતું. આ નીચી કક્ષાનાં પ્રાણીઓને અનિદ્રા માટે જરૂરી એવી બુદ્ધિનો અભાવ છે. એમનામાં પુખ્ત માનવીને હોય એવું અતિ વિકસિત મગજ નથી.

કદીક કદીક રાતના જાગી જવાનો અનુભવ દરેક વ્યક્તિને થાય છે. આ કંઈ અનિદ્રા (Insomnia) નથી, પણ આરોગ્ય અને સ્ફૂર્તિ માટે આવશ્યક એવી પૂરતી ઊંઘ લાંબા વખત સુધી ન આવે એ અનિદ્રા છે. અનિદ્રાના ત્રણ પ્રકાર છે: (૧) સૂતા પછી ઊંઘ ન આવવી; (૨) રાતના વારંવાર કે લાંબા વખત સુધી જાગતા રહેવું અને (૩) પૂરતા સમય સુધી ઊંઘ આવતાં પહેલા જાગી જવું.


અનિદ્રા એ રોગ નથી પણ શારીરિક બગાડા કરતાં મોટે ભાગે માનસિક ખળભળાટ(disorder)ને કારણે આવી પડતી સ્થિતિ છે. અનિદ્રાના કારણે રોગી ચિંતા-ભયનો ભાર બરાબર ઉપાડી શકતો ન હોવાથી એના માનસિક ખળભળાટમાં વધારો થાય છે, જે અનિદ્રાને વધારનાર નીવડે છે. અનિદ્રાનાં આ અને બીજાં ભયસ્થાનો હોવાથી આપણે આ સ્થિતિ આણનારાં કારણો વિષે જાણવું જરૂરી છે.

રોગનાં કેટલાંક કારણો એવાં છે કે જે ચિકિત્સાના ક્ષેત્રમાં નથી આવતાં, પણ રોગી જાતે સમજી લઇને તેને નિવારવા પ્રયત્ન કરે તો ઘણે અંશે સફળતા મળે છે. અનિદ્રાનાં કારણોમાં મોટે ભાગે લાગણીઓનો ખળભળાટ રહેલો છે. એનાં મૂળ તેના સંજોગોમાં રહેલાં છે. ગ્લાનિ, વિરહ, આરોગ્ય, પૈસા, નોકરી કે ધંધાની ચિંતા, વણસેલાં સંબંધો, આ બધાં કારણોથી લાગણીઓ ખળભળી ઊઠે છે. આમાંનું કોઈ કારણ જો અનિદ્રાના મૂળમાં હોય તો રોગીએ એ કારણનો નિકાલ કરવા આત્મબળ મેળવવું જોઈએ અગર એનાથી છૂટી ભાગવું જોઇએ.

કાયમી અનિદ્રાનું કારણ માનસિક ભય છે. બહારના ભયો સામે સ્વરક્ષણની યોજનામાં પ્રાણીમાત્રને તૈયાર બનાવવામાં ભય મહત્વનો ભાગ ભજવે છે; પણ જ્યારે ભય વાસ્તવિક ન હોય અગર તો વધારેપડતો હોય ત્યારે માનસિક રોગીને અનિદ્રા આવી પડે છે.

ઊંઘવા માટે શરીરને શિથિલ બનાવવામાં કેટલાંક ભૌતિક કારણો ભાગ ભજવે છે. ઠંડી, ગરમી, ભૂખ, તરસ, વધારે પડતો ખોરાક અને ખંજવાળ. વેદના અને ઘોંઘાટ વખતે પણ ઊંઘ નથી આવતી. બીજાં શારીરિક કારણોમાં અપચો, શ્વાસોચ્છ્વાસ ને મૂત્રમાર્ગની વિક્રિયાઓ અને બંધકોષ મુખ્ય છે. ક્ષય, ટાઇફૉઇડ, ડાયાબીટિસ, લોહીની નળીઓની કઠિનતા (આર્ટેરિયૉ સ્ક્લેરૉસિસ), લોહીનું ઊંચું દબાણ અને થાઇરૉઇડ-વૃદ્ધિ જેવા રોગોમાં અનિદ્રા સામાન્ય છે. રોગ વખતનાં ચિંતા-ભય (anxiety) એ કોઈ પણ રોગ વેળા અનિદ્રા આણનાર છે.

મન અને શરીર બંને શિથિલ ન હોય ત્યારે ઊંઘ આવતી નથી. ચિંતા વખતે આખું શરીર તંગ થવાથી શિથિલીકરણ પ્રાપ્ત થતું નથી. આવું જ ઉશ્કેરાટનું છે. ઉશ્કેરાટથી માંસપેશીઓ અને જ્ઞાનતંતુઓ તંગ બને છે. ઊંઘ એ કુદરતી ટેવ છે. તેને એક લય (rhythm) હોય છે. આ લયનો ભંગ થતાં ઊંઘ ઊડી જાય છે; અને જો લયનો વધારે ભંગ થયો હોય તો તેને પ્રાપ્ત થતાં વાર લાગે છે. મોટા ભાગની અનિદ્રા કાલ્પનિક હોય છે. થોડા માણસો સંતોષથી નાક બોલે એમ ઊંઘતા હોવા છતાંય પોતે ઊંઘતા નથી એવું ધારે છે. આ અનિદ્રા ન કહેવાય.



નિદ્રા સમયના મગજ-વિદ્યુતપ્રવાહના લીધેલા આલેખ

તમે જો અનિદ્રાથી પીડાતા હો તો તમને ઊંઘ ન આણનાર બાબત શોધી કાઢો. એનું એક મુખ્ય કારણ ચિંતા છે. ઊંઘતાં પહેલાં તમારી ચિંતાનું કારણ વિચારો. પછી તેને પડતું મૂકો. સવાર સુધી ન વિચારવાનું નક્કી કરો. આ સાદી રીત ફાયદો કરનાર નીવડે છે.

શારીરિક કારણો સહેલાઈથી હઠાવી શકાય છે. સાંજના વાળુ બાદ બે કલાક સુધી ખુલ્લામાં ફરવાનું રાખવું. કદીક સૂતાં અગાઉ ગરમ દૂધનો પ્યાલો ઊંઘ આણનાર નીવડે છે. કદીક પુસ્તકનું વાચન શરીર અને મનને શિથિલતા આણનારું નીવડે છે; પણ આટલું જાળવવું કે પુસ્તક ઉશ્કેરાટ આણનારું ન હોય.

મનની તંગ અવસ્થા સાથે સૂવા જનારાઓએ શરીરનું શિથિલીકરણ (relaxation) શીખવા જેવું છે. મન અને શરીરને હળવું કરવાથી ઊંઘ સહજ આવી જશે. આ માટે સૂતાં અગાઉ ઠંડા પાણીવતી હાથ પગ ને મોઢું ધોવાં. પથારીમાં બેસી એકાગ્રતાથી ઈશ્વરસ્તવન કરવું ને હળવેથી સૂઈ ને શરીરને શબવત્ બનાવવું. સૂવા માટે પથારીની સોઈ જાળવવી જરૂરી છે. પથારીની ધોએલી ચાદર, અંધારો ખંડ, પૂરતી હવાદારી ને સંપૂર્ણ શાંતિ ઊંઘ આણનારાં છે. કામકાજથી પરવારીને વાળુ અગાઉ ગરમ પાણીએ કરાતું સ્નાન ઊંઘ આણનારું નીવડે છે.

ધંધા કે સામાજિક કારણોસર ઉશ્કેરાએલા મનવાળા માટે ઘેનની દવાઓ આશીર્વાદરૂપ નીવડે છે. જો કે આ દવાઓથી સવારમાં સુસ્તી જણાય છે, પણ એના સેવનથી ભય અને આશંકા દૂર થાય છે; કુદરતી ઊંઘ પ્રાપ્ત થાય છે.

શામક અને ઘેનની દવાઓથી અનિદ્રા પાછળનાં કારણો મટતાં તો નથી પણ એના સેવનથી ઊંઘ આવતાં શરીરને તાજગી મળી રહે છે; ભયગ્રસ્ત, થાકેલા અને 'નર્વસ' રોગીને એના કામને પહોંચી વળવાની તાકાત મળે છે. જોકે દવાઓના વપરાશથી એની ટેવ પડવાની બીક છે. વળી વખત વીતતાં એની મોટી માત્રા લેવી પડે છે. દવાઓના અવગુણરૂપે એકાગ્રતાનો અભાવ, ભમાટ વગેરે આવી પડે છે. માટે ડાક્તરની સલાહસૂચના વિના આપમેળે ઊંઘ આણનારી દવાઓ ન વાપરવી એ હિતાવહ છે.

આ ઉપરાંત હમણાં શોધાએલાં ટ્રાન્કવી લાઈઝર્સ નામનાં ઔષધો છે. આમાંનાં બેનાં નામ 'મેપ્રોબામેઈટ' અને 'બેન્ટાક્ટીઝાઈન હાઇડ્રોક્લોર' છે. આ દવાઓ શામક કે ઘેનદાતા નથી, પણ એમનો ગુણ ઊર્મિમગજમાં આવતાં વિચારોનાં પૂરને ખાળવાનો છે, જેથી રોગીનું મન શાંત રહેતાં (જો ચિત્તતંત્રના ખળભળાટના લીધે અનિદ્રા આવી પડે તો) આ ઔષધો નિદ્રાપ્રેરક થઇ પડે છે. મેપ્રોબામેઈટની ગોળીઓ જુદાજુદા નામે પેટન્ટ દવાના રૂપમાં મળે છે, જેમાંની એક ખાતરીલાયક થેરાપ્યુટિક ફાર્માસ્યુટિકલની 'પેનેડિઓલ' Panediol નામની છે.

થેરાપ્યુટિક ફાર્માસ્યુટિકલ્સ • ૪૩ ક્વીન્સ રોડ • મુંબઇ-૨

નટવરલાલ માલવી

એક (ભુલાઇ ગએલો તેથી) નવો નુસખો રજૂ કરે છે . . . .

દેવતાનું ચરણામૃત

બાળક હતો દસેક વરસનો. તેને એક છાત્રશાળામાં, રેસિડેન્શ્યલ સ્કૂલમાં-ગુરુકુલ જેવી સંસ્થામાં ભણવા મૂક્યો.

હતો સુખી ઘરનો, સારી રીતે લાડમાં ઊછરેલો. પણ આ સંસ્થામાં તો ખાસ્સાં બસો-અઢીસો બાળકોનું રસોડું. રસોઈ જરા જાડીઝાડી. મીઠે મરચે મશાલે તદ્દન લૂખી. ફક્ત પેટ ભરવા સારુ ખાવાની. જીભની ગરબડ સરબડ ચાલે નહિ. એટલે પેલા નવા નિશાળિયાને તો કશું ભાવે નહિ. જેમતેમ લોચા વાળે. મુસીબતે ખાય. ગળે ઊતરે નહિ.

ખોરાક ઓછો થઈ ગયો. ખાવાનું જાણે બંધ થઈ ગયું. જરાતરા ખાય ને બાકી,—હિજરાય! એમ ને એમ હોજરી બગડવા લાગી.

સત્ર પૂરું થયું. ઘેર આવ્યો તે વેળા પેટાબાએ પૂરો અસહકાર શરૂ કરી દીધેલો. પાચનશક્તિ નષ્ટ થઈ ગએલી. કશું પણ ખાય એટલે ઝાડા જ છૂટી જાય. દહાડામાં વીસપચીસ વાર લોટે જવું પડે. બાળક સુકાઇને સળેકડું થએલો ને ખાધું કશું જ નહિ. હવે?

દવા તો કરવી જોઇએ. હોજરી સુધારવી જોઇએ. પાચનશક્તિ ઠેકાણે લાવવી જોઇએ. તંદુરસ્તી પાછી સર કરવી જોઇએ.

બાળકના પિતાએ તુરત જ તેની આખી ખાનપાન રચના બદલી નાખી: ખાવામાં બાજરીનો રોટલો; શાક સૂરણ, વેંગણ કે ટીંડોળાં; છાશ દહાડામાં બે કે ત્રણ વખત; અને પીવાનું પાણી?—લોહજળ.

લોહજળ એટલે? પાશેર કે અચ્છેરનું કાટલું, કે એવડો જ લોખંડનો ટુકડો લેવો. દેવતે ધગધગતી સગડીમાં તેને મૂકી દેવો. પા અરધો કલાક રાખવો. ટુકડો પોતે પણ લાલચોળ, ધગધગતો, દેવતા રૂપ બની જશે. દેવ જ કહોને! હવે એ દેવ તમારે ત્યાં પધાર્યા, એટલે તેમને સ્નાન કરાવવું જોઇએ. સાણસીથી લઈ શેરબશેર ચોખ્ખા પાણીમાં દેવને પધરાવી દો-છમકારી દો. પછી એ પાણી, દેવનું સ્નાનજળ, ગાળીને પીવાના પાણીની ગોળીમાં પધરાવી દો. બસ, આ તમારું લોહજળ તૈયાર થઈ ગયું. લોહટુકડો પાણીમાં નાખતાં જ પાણી એકદમ ઊકળી જશે, ગરમગરમ થઈ જશે—બલકે તેમાં ઊભરો પણ આવી જશે. એ ગરમીની સાથે જ લોખંડનો થોડોક ભાગ, અતિ અલ્પ, જૂજ અંશે—કહો કે દેવનું ચરણામૃત—પાણીમાં ભળશે. થોડોક બળેલા જ લોખંડ જેવો સ્વાદ પણ એમાં ઉત્પન્ન થશે. પણ પંદરશેર યા અધમણ પાણીમાં પધરાવ્યાથી તે જળ લોહયુક્ત થશે, છતાં લોખંડનો સ્વાદ નહિવત્ થઈ જશે, કદાચ જરા પણ જાણમાં નહિ આવે.

આવું, વગર પૈસાનું લોહજળ એ એક અતિ કીમતી દવા છે, એ વાત ઉત્તરોત્તર ભુલાતી જાય છે. એક કીમતી નુસખો—કીમતી ને કીમત વગરનો, ખર્ચ વગરનો–લોકોની યાદમાંથી ઓસરી જતો લાગે છે. વારુ.

બાળકને માટે આ પ્રમાણે 'ખાન' અને 'પાન'ની યોજના પિતાએ કરી. 'ખાન'માં બાજરીનો રોટલો, અને અમુક બચ્ચક (રેચક નહિ એવાં) શાક; અને 'પાન'માં છાશ અને લોહજળ. જરાતરા તેલમરચું ખાવાનો બાધ રાખેલો નહિ, મર્યાદિત.

લગભગ આઠ દિવસમાં તો બાળકના ઝાડા બંધ થઈ ગયા, પાચનશક્તિ સુધરવા લાગી, ખોરાક વધવા લાગ્યો, સુરખી આવવા લાગી, વજન વધવા માંડ્યું, હોજરી પાટે ચડવા માંડી. બારથી પંદર દિવસમાં બાળક પાછો અસલ તબિયત પર આવી ગયો. દાળભાત રોટલી-શાકનું ચલણી ભોજન લેતો થઈ ગયો. એકાદ દોકડાની કિંમતના લોખંડે ખાનપાનની રચના સાથેના સહકારમાં આ ચમત્કાર કરી આપ્યો હતો! કોઈ પ્રકારનાં બીજાં દવાદારૂ, રસી ઇંજેક્શન કે ઢીંચારા-ઉકાળા સિવાય, અતિસાર કહો, મરડો કહો કે સંગ્રહણી કહો—કે એ ત્રણેના મિશ્રણ સમાન બીમારી કહો, જે કહો તે ભાગી ગઈ હતી! દાક્તરની દવા કરી હોત તોય્તે પણ લોહયુક્ત દવા જ આપત.

આવો છે આ લોહચરણામૃતનો ચમત્કાર! આ ચમત્કારી નુસખો ગામડાંમાંથી હજુ છેક તો પરવારી ગયો નહિ હોય. આ લખનારને અઢારેક વરસની ઉમરે હોજરી મંદ થઈ ગએલી. ખવાય નહિ, ભૂખ લાગે નહિ. કામ પ્રસંગે, ઉત્તર ગુજરાતના બારૈયા, ધારાળા, કોળી કે એવી કોઈ કોમના, ધર્મશાળાના રખેવાળ સાથે ભેટો થયો. નામ ભગુ.

ભગુએ નિદાન કર્યું: 'શેઠ, તમારા નળ ભરાઈ ગયા છે નળ; તેથી તમને ભૂખ નથી લાગતી. મારું ગરીબનું કહ્યું કરશો?' મેં હા કહી.

'શેરેક દૂધ લ્યો, અને અચ્છેરિયું કાટલું ધગધગતું બનાવી તેમાં ડબોળી દો—છમકારી દો. બસ, પછીથી પી જાઓ.'

'ખાંડ નંખાય?'

'હોવે. ખાંડ-સાકર નાખો; જોઇએ તો એળચી પણ. તેમાં કશો વાંધો નહિ. થોડા દહાડા બનાવીને પીઓ, પછી જુઓ જાદુમંતર.'

મેં તો ખરેખર કર્યું જ. દસબાર દહાડા સુધી, સવારે નવેક વાગ્યે એ પ્રકારનું પોણો શેર-શેર દૂધ પીવાનું રાખ્યું. અને 'નળ ભરાઈ ગએલા' તે ખૂલ્યા કે કેમ તે તો સ્પષ્ટ સાંભરતું નથી, પણ સારો સરખો લાભ તો થયો જ હતો. તબિયત સુધરેલી તે છાપ મન પર પાકી છે. (નળ ભરાઈ જવા એટલે આંતરડાંમાં મળનો જમાવ થઈ જવો. નળ એટલે આંતરડાં.) કોઇએ પણ કરી જોવા જેવો, તદ્દન સહેલો, ને એકંદર અતિ નિર્દોષ પ્રયોગ છે.

આવા લોહજળનો ઉપયોગ આપણે ત્યાં ઘરઘરવ્યાપી હતો, પણ થોડાં વરસમાં તો ભુલાઈ ને ભુંસાઈ જશે એવું લાગે છે.

આપણે ત્યાં સુવાવડ પછી આવું લોહજળ પ્રસૂતા બાઇને પાવાનો રિવાજ જુગજૂનો છે.* બીજા ઉપચારો સાથે મળી આ લોહજળ એને પાછી ટટાર બનાવી દેવામાં અતિ મજાની કામગીરી બજાવે છે.

'લોહી' શબ્દની વ્યુત્પત્તિ જાણો છો? જે લોહમાંથી બને છે, જેમાં લોહ ઊર્ફે લોખંડનો ઘણો અંશ તે, લોહ+ઈ=લોહી. આમ લોહ અને લોહી બે એકજ શબ્દના, યા એક જ સિદ્ધાંતની વ્યાખ્યાનાં રૂપાંતરો છે.

* હવે તો 'વિલાયતી' સુવાવડ વધવા લાગી છે. કસબાઓમાં પણ પ્રસૂતિગૃહો સ્થપાવા લાગ્યાં છે. ડોશીઓની દેખરેખ હેઠળની, બંધ બારીબારણે થતી પ્રસૂતિઓનું પ્રમાણ ખૂબ ઝડપે કમી થતું જાય છે, થઈ જ ગયું છે. કુટુંબપદ્ધતિ પણ અવિભક્ત મટી વિભક્ત થતી જાય છે, એટલે આ ફેરફાર અનિવાર્ય દેખાય છે. આમ છતાં, પ્રસૂતા ઘેર આવે પછી તેને લોહજળ પાવાનો રિવાજ હજુ સારા પ્રમાણમાં ચાલુ છે. કેટલાંક ચિવટવાળાં અસલી કુટુંબો તો ઘેરથી પાણી છમકારીને પ્રસૂતાલયમાં લઈ જાય છે, ને તે જ પાણી પ્રસૂતા પીએ એવો આગ્રહ રાખે છે. તેવી બાઇને, પહેલાં, સાદું જળ તો કોઈ આપતા જ નહિ; લોહજળ પણ જરા ટટળાવીને અને ઓછું ઓછું જ આપતા, બનતાં સુધી કોઈ જાતની ઠંડક શરીરમાં દાખલ ન થવા દેવા ખાતર. હસ્પિતાલોમાં તો આવી કોઈ પ્રથા નથી. સાદું પાણી માગે તો તે તુરત જ અપાય છે. તેની અવળી અસરો થતી જાણમાં પણ આવી છે.

અને માનશો? બજારમાં તો કોઈ નહિ કબૂલે, પણ લોઢું એ સોનું પણ છે! પાંચ તોલા સોનું દઈ પાંચ તોલા લોખંડ લેવા કોઈ તૈયાર તો ન થાય, પણ વૈદકમાં જેઓ સોનું દવા રૂપે લઈ ન શકે, સુવર્ણભસ્મનાં નાણાં ખર્ચી ન શકે તેમને અવેજી તરીકે લોહ લેવાની ભલામણ છે, અને લગભગ સુવર્ણ જેવું જ–કદાચ બેપાંચ ટકા કમી–કામ આપે છે એવું મનાય છે. લોહ શબ્દ કોઈ પણ ધાતુ માટે વપરાય છે, ને 'સોનું' અર્થમાં પણ એ શબ્દ સંસ્કૃત સાહિત્યમાં વપરાએલો જણાય છે.

પૂરતા પ્રમાણમાં આ લોહ–લોખંડ (સોનું) શરીરમાં ઉમેરાય તેનાથી લોહીની તાકાત વધે છે; અને લોહી તો સમગ્ર શરીરનો આધાર છે. કહો કે એ જ જીવ છે. એ લોહીની પ્રાપ્તિ માટે લોહજળ અતિ સહેલો ને સરળ, સસ્તો તો શું પણ કશા જ ખર્ચ વિનાનો, લાભદાયક, પરિણામકારક ઉપાય છે.

મારા જોવામાં આવા લોહજળનો ઉલ્લેખ ફક્ત એક જ વૈદકગ્રંથમાં આવ્યો છે. બીજા કોઈ ગ્રંથોમાં હોય તો માલૂમ નથી. આ એકાકી ઉલ્લેખ ડૉ. (ઍલૉપથી ડૉક્ટર) ધનજીશા જમાસજી બેરામજીએ લખેલા 'ઔષધાકર' નામના અતિ ઉત્તમ ગ્રંથમાં પાને ૮૧૪મે છે: 'ગરમ કરેલું લોઢાનું પાણી વીર્યના કૌવતમાં વધારો કરે છે તથા બળ આપે છે. શરીરની પુષ્ટિનો વધારો કરે છે તથા અગ્નિ પ્રદીપ્ત કરે છે.'

અહીં 'ગરમ કરેલું લોઢાનું જળ'નો અર્થ 'છમકારેલું પાણી' એમ જ હશે. વધારે ખુલાસો મેળવવાનું શક્ય જ નથી, ગ્રંથકારને ગુજરી ગયે લગભગ પંચાવન વરસ થઈ ગયાં છે. ફક્ત લોખંડનો ટુકડો પાણીમાં નાખી તે પાણીને જ ગરમ કરેલું–એવો અર્થ નહિ હોય એમ લાગે છે. તેમ હોય, તો એ પ્રયોગ જરા જુદો થયો. તેમાં લોહનો અંશ બહુ ઓછો આવે, અને ગુણ દેતાં વધુ વખત લગાડે એમ કલ્પી શકાય.

સુવાવડીને જે લોહજળ અપાય છે તે કંઈ આ પ્રકારનું નહિ. એ છમકારેલું તો આપે જ છે, પણ સાથે નળિયાનો અગર ઈંટનો ટુકડો પણ ધગધગતો કરીને છમકારે છે. પ્રસૂતિ પછી આ જ પાણી પીવા દેવાનો રિવાજ છે–અગર હતો; ચાલુ, ઠંડું, નિર્મળ જળ બિલકુલ જ ન આપવાની પ્રથા છે–અગર હતી. અને આવું લોહ-માટી-છંકારિત જળ મહિનો-દોઢ મહિનો, બે મહિના-ત્રણ મહિના પણ ચાલુ રખાય છે. એવું પાણી પીવામાં કશી તકલીફ છે નહિ, સ્વાદમાં તો ખબર પડતી જ નથી, અને એક જાતનો 'પાણી ફેર'નો લાભ ઘેર બેઠાં મળે છે. હવે આવા લોહજળનો પ્રયોગ તંદુરસ્ત ચાલુ શરીર પર કરી જોવાની ફળશ્રુતિ જોઈએ.

લોખંડ બહુ સખત ધાતુ છે. શરીરને પણ, રોગોની સામે ટક્કર ઝીલવાની સખ્તાઈ ઓછીવત્તી આપી જાય, એ સહેજે સમજાય તેવું છે. શરીરને 'લોખંડી' બનાવવામાં મદદરૂપ બને એવી અસર માનવામાં વાંધો ન આવે. પણ બધી–ઘણીખરી–સખત વસ્તુઓ બંધક હોય છે, કબજિયાત કરનારી. તે જ રૂપે લોહજળ પણ બંધક બને છે, કેટલેક અંશે કબજિયાત કરે જ છે; એના આવા ગુણને લીધે જ પેલા બાળકનો રેચરોગ મટવા પામ્યો એ સમજી શકાય તેવું છે.

એટલે આવું લોહજળ બંધકોશ કરશે એમ નક્કી માનીને ચાલવું. જેમને મૂળભૂત રીતે બંધકોશ હોય તેમણે એ પ્રયોગ કરવો જ નહિ, અગર બહુ વિચારપૂર્વક કરવો; બીજા રેચક પદાર્થોનો–દવા નહિ, ખાનપાનનો ઉપયોગ વધારી દઈને કરવો પડે. વળી, જેમને હરસનો વ્યાધિ હોય તેમને માટે પણ આ જળ નકામું છે. તેમને ઉપાધિ થશે, હરસ વધુ દુઃખદાયક બનશે એ ચેતવણી યાદ રાખવી.

જેમનો કોઠો છૂટો હોય તેમને એ સારી પેઠે લાભદાયક બનશે. મધ્યમ કોઠો હોય તેમણે લોહજળ પીએ ત્યારે કઠોળાદિ, લીલી શીંગો, ચણા વગેરે રેચક પદાર્થોનો ખપ વધારવો, એથી કેટલુંક સમતોલપણું આવી જશે. એ પ્રયોગ દરમ્યાન રેચનો રંગ કાળો હશે. તેનાથી ડરવું નહિ.

આ લખનારે એ પ્રયોગ કરી જોયો છે. તાકાત વધી, સ્ફૂર્તિ વધી, ભૂખ પ્રદીપ્ત થઈ, એકંદર સારો લાભ દેખાયો. શરીરની સર્વસામાન્ય મજબૂતીમાં સ્પષ્ટ વધારો દેખાએલો. ડૉ. ધનજીશા બહેરામજીના લખાણમાં બતાવેલા લોહજળના ગુણો યથાર્થ છે એમ કહેવા હરકત નથી. પંદરેક દિવસના પ્રયોગમાં બંધકોશની અસર દેખાઈ જ. પણ અગ્નિ-પ્રદીપનનો સ્પષ્ટ ચમકારો અનુભવ્યો.

ડૉક્ટરો વૈદ્યો ઘણીવાર દર્દીઓને હવાફેર-પાણી ફેર જવા ભલામણ કરે છે. આવી ભલામણમાં કેટલીક વાર ફલાણા ગામનાં પાણીમાં લોઢું છે માટે ત્યાં જઈને રહો, લાભ થશે, એવું પણ કહે છે. ફલાણે ગામ પાણીમાં ગંધક છે, ફલાણે ચૂનો છે, એવું એવું પણ કહે છે—ને તમારા શરીરમાં કૅલ્શ્યમ કે ગંધક વધારવા ત્યાં ઊપડો એમ સૂચવે છે. જુદાંજુદાં ખનિજયુક્ત જળ પીવા જુદેજુદે સ્થળે જવાની ભલામણ થાય છે. ઘણી વાર દર્દી પાસે ત્યાં જવા નાણાં કે બીજી અનુકૂળતા હોતાં નથી; તમન્ના હોવા છતાં જઈ શકતા નથી, વિમાસણમાં પડે છે, મનમાં દુઃખી થાય છે, હીજરાય છે, ને એવી મનોદશાની તેમના આરોગ્ય પર અવળી અસર થાય છે. તેવા દર્દીઓ માટે આવું લોહજળ ઘેર બેઠાં પીવાનો અખતરો અતિ અનુકૂળ થઈ પડશે, ચિંતા-વિમાસણ–બળાપામાંથી મુક્ત કરશે. કુદરતે જાતે પાણીમાં લોખંડ ભેળવ્યું હોય, તે પાણી જેટલો ગુણ કે લાભ તો નહિ થાય, પણ તેના ૭૫–૮૦ ટકા જેવો લાભ તો અવશ્ય થશે, એવું કહેવામાં હરકત નથી. [સરનામું: ગાંડીવ, હત્રાડિયો ચકલો, સુરત. જવાબી ટિકિટ બીડવી.]

ટપાલખાતાના ઊંદરડા

એમને વિષે અગાઉ અમે લખ્યું છે. દિન પર દિન એમની રંજાડ વધતી જ જાય છે તેની શાખ આ નીચેનો પત્ર પૂરશે:

"આજ સુધી મને સપ્ટેમ્બર માસનું કુમાર મળ્યું નથી. ગયા ઑક્ટોબર માસનું કુમાર પણ મને મુંબાઈની ત્રણચાર પોસ્ટ ઑફિસોમાંથી ફરતું ફરતું ઘણું મોડું મળ્યું. મારા કવર પર ઍડ્રેસ બરાબર હોવા છતાં પણ મને ટાઈમસર ડીલિવરી કરતા નથી. મારા ધારવા પ્રમાણે પોસ્ટખાતાવાળા કુમાર વાંચવા માટે રાખી મૂકે છે અને પછી ચૂંથાઈને ખરાબ કરીને પછી માટુંગા ડીલિવરી માટે મોકલે છે. આ બાબતે માટુંગામાં રૂબરૂ જઈને ફરિયાદ કરી તો આ વખતે સપ્ટેમ્બરનું કુમાર મળ્યું જ નહીં.

આ પોસ્ટખાતા બાબતનો મને લાંબા વખતથી ત્રાસ છે, અને આ બાબતનો તમો બંદોબસ્ત કરશો. નહિતર મારે કુમાર આવતા વર્ષથી બંધ કરી દેવું પડશે. એ જ.

—લિ. પ્રેમશંકર મયાશંકર અધિકારી"

અમે શો બંદોબસ્ત કરીએ? ટપાલખાતાને કરેલી કોઈ ફરિયાદ કારગત નીવડતી નથી. એ તો દર વખતે પેલો નિયમ સામે ધરે છે કે 'રજિસ્ટર્ડ નહિ થએલા આર્ટિકલ વિષેની કોઈ જવાબદારી અમારી નથી.' પત્રલેખક જણાવે છે તેમ કુમાર બંધ કરવાથી ઊંદરડાઓને કશું નુકસાન થવાનું નથી; માત્ર અમારા એક ગ્રાહક ઓછા થશે. આ ઊંદરડાઓ તો બીજા કોઈનો અંક ખેંચી જઈને પણ પોતાની કાર્યવાઈ કર્યા જવાના છે. ખરું જોતાં વાચકોએ પોતપોતાને ત્યાંના ટપાલખાતામાં અધિકારીઓને રૂબરૂ મળીને આની સામે આકરી જેહાદ ઉપાડવી જોઈએ.

કલાવાર્તા

કલાકાર શ્રી ઈન્દ્ર દુગડ

લેખક • પ્રદ્યુમ્ન તન્ના



ચિત્રોનો વિષય તો સાદો છે: 'દરિયા-કિનારા પર હોડી વાળા.' પણ એનું સૌંદર્ય કલાકારે પકડ્યું છે. મુલાયમ રંગયોજનામાં બારીક વિગતો ઉઠાવતા શ્રી દુગડ, સપ્રમાણ ચિત્રમાંડણીમાં પણ એટલા જ કાબેલ છે. સાગરતરંગની ફેનિલ રેખા વડે ચિત્રને કર્ણરેખાએ વિભાજતું આ પ્રમાણભારવાળું સંયોજન એની પ્રતીતિ છે. મૂળમાં પણ નાનું આ ચિત્ર એમની એક ઉત્તમ કૃતિ છે.

ગયા મેની ૨૦મી તારીખના બળતા બપોરે કલકત્તાની ધરમતલ્લા સ્ટ્રીટ પરના 'કમલાલય સ્ટોર્સ' પાસે અમારી ટૅક્સી ઊભી રહી. ગજવામાંથી પત્તું કાઢીને ફરી સરનામું જોયું: 'કમલાલય સ્ટોર્સ'ની બરોબર સામેની 'મોટ લેન'માં ૨૨ નંબરનું મકાન. જૂના ઢબના, ઊંચા, ત્રણ મજલી, એ મકાનના દાદરા ચડીને ત્રીજે માળે પહોંચી બારણા પરની ઘંટડી દબાવી.

રાતા 'ગમછા' અને 'ગંજી'માં, તાજા જ નાહીને નીકળ્યા હોય એવા, કદાવર બાંધાના, ચશ્માં પહેરેલા ગૃહસ્થે બારણું ખોલ્યું. એમની પાછળ ૧૮–૨૦ વર્ષનો એક તરુણ ડોકાયો. "ક અનુમાન કરી પૂછ્યું, 'ઈન્દર દા?'

'તાનાભાઈ તો નહિ?'–કહેતાંકને એ ભેટી પડ્યા! 'મને થતું જ હતું કે તમે કદાચ અત્યારે આવશો. કઈ ગાડીમાં આવવાના એ લખેલું નહિ એટલે, સ્ટેશને—'

ને અમે બન્ને હસી પડ્યા. મારા હાસ્યને સમજી બોલ્યા, 'હા; ને સ્ટેશને આવત તો ય દીઠે તો બન્ને એકબીજાને ઓળખીએ નહિ, એટલે ઘેર જ થોભવું ઉચિત ધાર્યું. કશી મુશ્કેલી તો નથી પડીને ઘર શોધતાં?'

'જરાય નહિ! તમે એવું સરસ સમજ પડે એમ લખેલું કે કોઈને ય પૂછ્યાગાછ્યા વિના સીધા તમારે ઘેર આવી પહોંચ્યા છીએ!'

આ એમનો પહેલો રૂબરૂ પરિચય.

ત્રણેક વર્ષ પહેલાં કલકત્તાની 'ઍકેડેમી ઑવ ફાઈન આર્ટ્સ'ના વાર્ષિક ચિત્ર-પ્રદર્શનમાં પહેલી જ વાર મોકલેલાં મારાં ચિત્રોમાંનું એક એમને ગમી ગએલું, ને મોટાઈનો કશો યે આડંબર દાખવ્યા વિના, ઊગતા મથતા એક કલાકારને એનું ચિત્ર માણ્યાનો આનંદ વ્યક્ત કરતો એક પત્ર લખી, પોતાના મધુર ને સરળ સ્વભાવની આછી શી ઝાંખી મોકલેલી. પછી તો પત્રો દ્વારા એમનો નિકટનો પરિચય પાંગર્યો. પણ દીઠે અમે એકબીજાને ના ઓળખીએ. ત્યાં ઓચિંતાનું મારે (હૅન્ડલૂમ બોર્ડના કલાસંશોધનના કામે) કલકત્તા જવાનું થયું ને આમ એમને મળવાના અણધાર્યો મોકો મળી ગયો. મોટાભાઈને ઘેર ગાળ્યા હોય એવા એમની સાથેના એ ચારેક દિવસોનાં ઘણાં મીઠાં સંભારણાં છે.

એમના વડવાઓ મૂળે તો રાજસ્થાનના, પણ બે'ક સદી પહેલાં બંગાળમાં મુર્શિદાબાદ જિલ્લામાં આવીને વસેલા, એટલે આ જ તો ફક્ત અટક સિવાય જોયે એમને કોઈ રાજસ્થાની ના કહી શકે. બંગાળીને ય ગંધ સરખી ના જાય એવું તળપદું બંગાળી એ બોલી ને લખી જાણે છે. ઘરમાં તો જોકે બધા રાજસ્થાની ને હિંદીના મિશ્રણવાળી જબાન બોલે. પરંતુ પાંચેક વર્ષના, મોટી મોટી આંખોવાળો ને નાકે-નેણે નમણો સંજય–એમનો સૌથી નાનો પુત્ર તો દીઠે ને બોલવે બંગાળી જ લાગે!

પાછલી પેઢીના બંગાળના એક ખ્યાતનામ ચિત્રકાર (સ્વ.) શ્રી હીરાચંદ દુગડના એ પુત્ર. પણ પત્નીના અકાળ અવસાન બાદ ચાર નાનાંનાનાં બાળકોના ઉછેર આડે લગભગ વીસ વર્ષ સુધી હીરાચંદજીએ તુલિકા છોડેલી. એમની ઇચ્છા તો પુત્રને ભણાવીગણાવીને ઇજનેર બનાવવાની; પણ ઇન્ટર સાયન્સ પાસ કર્યા બાદ કલા પ્રત્યેની એની લગની જોઇ એમણે ઇન્દ્ર દાને એને ગમતા રસ્તે જવાની અનુમતિ આપી. ઇન્દ્ર દાને તો ચિત્રકાર જ થવું હતું. એ લગનીનું, કે પછી એમના સદ્ભાગ્યનું–જે કહો તે–એવું પરિણામ આવ્યું કે એટલાં વર્ષો બાદ હીરાચંદજીએ ફરીને તુલિકા ઉપાડી! ને પછી તો વર્ષો સુધી પિતા-પુત્ર એક બેઠકે ચીતરતા રહ્યા! એ સુખદ વર્ષોને યાદ કરતાં એમનો કંઠ ગદ્ગદ થઇ ગએલો.

૧૯૩૮માં કલકત્તા વિશ્વવિદ્યાલયના એક ચિત્રપ્રદર્શનમાં એમને સુવર્ણચંદ્રક મળ્યો ને એમનો ઉત્સાહ બેવડાયો. ૧૯૪૦માં (ને પાછળથી ૧૯૪૮માં) જયપુર કૉંગ્રેસ અધિવેશનની મંડપ-સજાવટમાં મોટામોટા ફલક-ચિત્રો કર્યાં. એ કાળે તો ઇન્દ્ર દા માનવ-આકૃતિઓ, ભાવ-ચિત્રો કે ઐતિહાસિક ઘટનાઓ ઉપરથી ચિત્રો બનાવતા; પણ ૧૯૪૬માં હીરાચંદજીએ કરેલાં રાજગિરિનાં મનોહર દશ્યચિત્રો જોઈ એમને ય એમાં રસ જાગ્યો, ને કાળે કરી દશ્યચિત્રો જ એમના રસનો વિષય થઈ પડ્યાં. ૧૯૪૭માં યુનેસ્કોને આશ્રયે ભારતીય ચિત્રોનું એક પ્રદર્શન લંડનમાં ભરાએલું, જે પાછળથી અમેરિકા, ફ્રાંસ, રશિયા વગેરે દેશોમાં ફરેલું, તેમાં એમનું એક ચિત્ર 'બેમાર ગિરિ' પણ હતું. એ ચિત્રની બધે સારી પ્રશંસા થએલી. આમ દશ્યચિત્રો માટેનો ઉમંગ વધતો ગયો. પછી તો બંગાળ, બિહાર, ઓરિસ્સા, રાજ-





સ્થાન, સૌરાષ્ટ્ર, ગુજરાત વગેરે પ્રદેશોમાં રખડી એમણે સંખ્યાબંધ ચિત્રો કર્યાં. તેમાં ય બંગાળનું સંથાલ પરગણું ને બિહારમાં આવેલું દુમકા એ એમની માનીતી જગ્યાઓ છે. દુમકા પાસે થઇને વહેતી સરિતા મયુરાક્ષીનાં તો એમણે જુદીજુદી ઋતુમાં અનેક ચિત્રો કર્યાં છે, જેમાંનું એક 'શીત કાળમાં મયૂરાક્ષી' ભારતીય દૂતાવાસ તરફથી ખરીદાઈ રૂસી સરકારને ભેટ અપાએલું હાલ મૉસ્કોની રાષ્ટ્રીય કલાશાળામાં છે.

દશ્યચિત્રો ઉપરાંત એમના રસનો બીજો વિષય છે ગુર્જર ને રાજસ્થાની રમણીઓના ભાતીગળ પોષાકો, જેનાં સંખ્યાબંધ રેખાંકનો ઉપરાંત લગભગ ૩૦૦ થી ૪૦૦ પોસ્ટકાર્ડકદનાં રંગીન લઘુચિત્રો એમણે કર્યા છે. એમાંનાં થોડાં એમણે પોતાના માનીતા ને જગવિખ્યાત અંગ્રેજ કલાકાર ઑગસ્ટસ્ જૉનને મોકલેલાં. જવાબમાં શ્રી. જૉને લખેલું: 'Some of these magnificent patterns I hope to steal for some pictures I am doing... They delight me greatly and I thank you heartily'.

એમને ગમતા બીજા વિદેશીય કલાકાર તે ડબ્લ્યુ. રસેલ ફ્લિન્ટ ને ફ્રૅન્ક બ્રૅન્ગ્વિન. બન્નેના જળરંગ પરના કાબૂ ઉપર ઈન્દ્ર દા મુગ્ધ છે.

નંદબાબુ સાથે તો એમને પિતાપુત્ર જેવો નાતો. માસ્ટર મશાયે જાતે ચીતરેલાં અને આશીર્વચનોથી મંડિત થોકબંધ કાર્ડ ઈન્દ્ર દા પાસે છે! ઈન્દ્રદાની એ મોંઘી મૂડી છે.



શ્રી દુગડની વિવિધ શૈલીઓનાં ઉદાહરણ આ અંકમાંનાં એમનાં ત્રણ રંગચિત્રો તથા અનેક સાદાં ચિત્રોમાંથી મળશે. ડાબી બાજુ: અર્ધનારીશ્વર; વચ્ચે: પ્રજ્ઞાપારમિતા; જમણી બાજુ: ગણગોર. એમના પિતા ને ગુરુ શ્રી હીરાચંદજીની એક સાદી સુંદર કૃતિ નીચે આપી છે.

અત્યાર સુધીમાં નિજીચિત્રોનાં પાંચેક પ્રદર્શનો એમણે ભર્યાં છે, ને તાજેતરના ભવિષ્યમાં દિલ્હીમાં એક વધુ ભરવાની તૈયારીમાં છે. હજી સુધી ક્યાંય નોકરી નથી લીધી. ઘેર જ, સવારથી તે સાંજ લગી, પોતાના ખંડમાં આસન લગાવીને કામ કરતા હોય છે. ભારતીય સંસદ ભવન (પાર્લમેન્ટ હાઉસ) માટેનાં ઐતિહાસિક ચિત્રોની બે તકતીનું કામ એમને સોંપાયું છે. વચ્ચે થોડાં વરસ બંગાળના જાણીતા અઠવાડિક 'દેશ' અને દૈનિક 'આનન્દ બાઝાર પત્રિકા'માં કલાવિવેચક તરીકે એમણે લખેલું.

અંતમાં એમનાં ચિત્રો વિષે એમની જ બાનીમાં સાંભળીએ: "કેટલાક વિવેચકો ને મિત્રોનું કહેવું છે કે મારાં દશ્યચિત્રો હું સ્થાન પર બેસીને નથી બનાવતો, કે નથી હું દેખું એવું જ ચીતરતો. અધિકતર તો હું ચિત્ત પર પડેલી છાપને જ ઉતારતો હોઉં છું, જેમાં એક પ્રકારનું રોમૅન્ટિક (રંગદર્શી, દિલના રંગનું) તત્ત્વ ભળેલું હોય છે; જેથી ચિત્રમાં વાસ્તવિકતાનો રણકો દબાઈ જતો હોય છે.

તો કહીશ કે આ વાતોનો મારે જરા યે વિરોધ નથી. એ તો દેખીતું જ છે કે હું ફોટોગ્રાફર નથી. હું આખું ચિત્ર ભલે સ્થાન પર બેસીને ન બનાવતો હોઉં, પણ એનું પ્રારંભિક રેખાંકન તો હમેશાં સ્થાન પર બેસીને જ કરતો હોઉં છું. ને પેલું રોમૅન્ટિક તત્ત્વ એમાં દેખાતું હોય તો એનું કારણ એ જ કે મારી આંખ



જીવન ને પ્રકૃતિની સુંદરતમ બાજુ જ પહેલાં જોતી હોય છે. એટલે મને ન ગમતી ચીજો હું ઘણીવાર મારાં દશ્યચિત્રોમાં નથી ઉતારતો. તો ક્યારેક વળી એવી ન ગમતી વસ્તુઓને બદલે ક્યાંક આંખમાં વસી ગએલી ચીજોને ત્યાં ઉમેરી પણ દઉં; પણ એથી ચિત્રોમાં કશીક ઊણપ રહી જાય છે એમ કહી શકાય ખરું?


વળી કોઈ એમ પણ કહે છે કે હું આજના સંઘર્ષમય જીવન કે જનસમુદાયને નથી ચીતરતો; મારી કલા આમજનતાની નથી; એને માણનારાનું એક નાનું શું વર્તુળ જ હોય છે!

આ વાતને હું ક્યારેય સમજી શક્યો નથી. મારી નોંધપોથીઓમાં શ્રમજીવીઓના દૈનિક જીવનનાં અનેક રેખાંકનો છે. એમાં એમનાં ઘરો, એની ઘરવખરી, પોષાક-શણગારનાં સાધનો વગેરે જોશો તો જણાશે કે એમનું





આ અંકમાંના રંગચિત્ર 'રજનીગંધા'ની સાથે એમની આ 'કેસૂડાંની ડાળ' પણ એમનાં બારીક અવલોકનને તાદૃશ આલેખનની તાકાતનો પુરાવો છે.



ઇન્દ્ર દુગડનાં ઘણાંખરાં ચિત્રો મેં જોયાં છે, અને તે મને સારાં લાગ્યાં છે. આ ચિત્રોની વિશેષતા એ છે કે તે પ્રકૃતિની હૂબહૂ નકલ પણ નથી, અને તેમજ તે નર્યું કલ્પનાસર્જન પણ નથી. તેમાં રહેલા છે કલાકારના અંતરનો આનંદ, ભાવ, રંગ અને છંદ, જે કલાનો પ્રાણ છે. મને વિશ્વાસ છે કે તેમનાં ચિત્રોની મૌલિકતા, કલા પરત્વેનો અકૃત્રિમ અનુરાગ, ને ગંભીર નિષ્ઠા, જોનારને આનંદ આપશે.

૨૦ કાર્તિક ૧૩૫૯ —નંદલાલ વસુ



કલાકાર લક્ષ્મણ પાઈનું રેખાંકન

લોકનમાં ગાળી તેઓ ભારત પાછા ફરનાર છે.

લંડનમાં ભારતીય કલાકારોનાં જે પ્રદર્શનો અવારનવાર ભરાય છે તેમાં થોડા સમય પર મુંબાઈની કલાશાળાના ભૂતપૂર્વ અધ્યાપક શ્રી લક્ષ્મણ પાઇની 'બુદ્ધજીવન' પરની કૃતિઓનું પ્રદર્શન સારી નામના મેળવી ગએલું. રંગ અને રેખામાં સ્વપ્નસૃષ્ટિ સર્જવા માટે જાણીતા શ્રી પાઈ અદ્યતન શૈલીના હિમાયતી હોઈ તેમની કૃતિઓનો રસાસ્વાદ પ્રાકૃતજનસુલભ નથી બનતો. પણ તેમની તૂલિકા તાકાતવંતી છે, એ બતાવતું ઉપર્યુક્ત પ્રદર્શનમાંનું એક રેખાંકન આ સાથે આપ્યું છે.

જીવન આટલું સંઘર્ષમય હોવાં છતાં યે સૌંદર્યની એમની પરખમાં ક્યાંય મોળપ નથી. મારી દૃષ્ટિ પણ એવું જ કાંઈક ખોળતી હોય છે. એને કંઈ સદાય આંખ સામે રહેતી આજના સંઘર્ષમય અને કઠિન જીવનની કટુતાને જ આગળ નથી કરવી. એ તો એ કટુતાની આડે દબાઈ જતાં, પણ ચાહો તો પરખી શકો એવાં, સૌન્દર્યતત્ત્વોને જ શોધતી હોય છે."

'કુમાર'ના વાચકોના સુપરિચિત, ભાઈ શાન્તિલાલ શાહને પશ્ચિમ જર્મની તથા હોલાંડમાં કલાભ્યાસ કરવા માટે શિષ્યવૃત્તિઓ મળેલી અને તેઓ યુરોપ ગએલા તેની નોંધ અગાઉ આવી ગઈ છે. પશ્ચિમ જર્મનીમાં બે માસ અને હોલાંડમાં છ માસ ત્યાંત્યાંની કલાપ્રવૃત્તિઓનાં અવલોકન તથા વિશિષ્ટ શૈલીઓના અભ્યાસ પાછળ ગાળી તે પારીસ, રોમ, માદ્રિડ અને ઝૂરિચ ગએલા. આ દરમ્યાન તક મળી ત્યાંત્યાં પોતાની કૃતિઓનાં પ્રદર્શનો પણ ભરેલાં. ગયે મહિને તે લંડન ગયા અને ત્યાં પણ પોતાનાં પચાસ ચુનંદાં ચિત્રો અને 'એચિંગ્સ'નું પ્રદર્શન યોજ્યું હતું, જે ૧૬મી સપ્ટેમ્બરે ભારતનાં એલચી શ્રીમતી વિજયાલક્ષ્મી પંડિતે ઉચિત પ્રશંસાશબ્દો સાથે ખુલ્લું મૂકેલું. ત્રણેક માસ ઈંગ્લંડમાં અભ્યાસ-અવ-



દ. ભારતના એક શિલ્પ પરથી ભાઈ દિલીપ મહેતાએ નૂતન વર્ષ અભિનંદનપત્ર માટે કરેલું રેખાંકન

પચ્ચીસ વર્ષ પહેલાં



આસો ૧૯૯૦
અંક ૧૩૦



કાકાસાહેબ કાલેલકરે લખેલી એક પુરુષાર્થીની જીવનરેખા પચ્ચીસ વર્ષ પર આવી ગઇ. કદમાં અરધા યુરોપ જેવડા વિશાળ, છતાં રૂઢિગ્રસ્ત જડ અને જંગલી હોવાને લીધે તદ્દન પછાત રહેલા રશિયાનું જેણે મુડદાંમાંથી માનવો પ્રકટાવી રાષ્ટ્રનિર્માણ કર્યું તે રાષ્ટ્રપિતા પીટરનું પ્રેરણાત્મક ચિત્ર એમાં એમણે આલેખેલું. આજે પણ એ સ્મરણીય છે:

"યુરોપની ઉન્નતિ વહાણવટાના ધંધાને લીધે જ છે. નૌકાસામર્થ્ય મેળવ્યા વગર યુરોપમાં ટકવું અને આગળ વધવું અશક્ય છે એટલો સિદ્ધાંત એણે પોતાના મન સાથે નાનપણમાં જ બાંધેલો. એ ગાદીએ આવ્યો ત્યારે એની ઉમર ફક્ત દસ વરસની હતી. રાજ એની મોટી બહેન ચલાવતી. એ કહેતો રાજ ગમે તે ચલાવે, મને તો મારી રમત જ વહાલી છે. પણ એ રમત કઈ? જહાજ બાંધવાં ને હંકારવાં, નાનકડી ફોજને કવાયત કરાવવી અને લડાઈની રમતો રમવી.

દસમે વરસે જ એના રાજ્યમાં બળવો થએલો. તોફાને ચડેલી પ્રજાએ એના એક કાકાને રાજમહેલમાંથી ઘસડી લાવી રસ્તા પર એના કટકા કરેલા તે પીટરે સગી આંખે જોએલું. પોતાનો દેશ જંગલી, પછાત અને રૂઢિગ્રસ્ત છે એ ત્યારથી એના ધ્યાનમાં આવેલું.

ઈ.સ.૧૬૯૪માં એણે પોતાની જાતે બાંધેલું એક જહાજ દરિયામાં તરતું કર્યું. નાનપણનો નબળો અને કુમળો પીટર હવે ખડતલ જીવન ગાળવામાં અને દરેક જાતનું જોખમ ખેડવામાં અગ્રેસર બન્યો.

બીજા લોકો જ્યારે રાજ્યદરબારી ખટપટમાં મશગૂલ હતા ત્યારે પીટરે પોતાના જેવા જ તરંગી ને બેપરવા લોકોનું એક મંડળ પોતાની આસપાસ ઊભું કર્યું. એમની ચૂંટણી એમની અંદરની લાયકાતને લીધે પીટરે કરેલી. મનથી એણે ગાંઠ વાળેલી કે મારે કેવળ ખાનદાની નથી જોવી; મારે તો ખમીર સાથે કામ છે. ઇ.સ. ૧૬૯૫માં પીટર તુર્કોના સુલતાન સાથે અથડામણમાં આવ્યો. તે એ દેશ જીતવા ગયો, પરંતુ સજ્જડ હાર ખાઇને પાછો આવ્યો. પણ પીટરને મન તો હારજીત સરખાં જ હતાં. બંનેમાં કિંમતી અનુભવ તો મળે જ છે, તે એ બરોબર સમજતો હતો.

હારીને ભલે પાછો આવ્યો, પરંતુ તે પછી દમ સરખો પણ લેવા એ થોભ્યો નહિ. ઑસ્ટ્રિયા અને પ્રશિયા વગેરે દેશોમાંથી જેટલા સુતાર, લુહાર કે એન્જિનીઅર વગેરે કારીગરો મેળવી શકાય એટલા બધા એણે મેળવ્યા. ડૉન નદીને કિનારે આવેલું મોટું જંગલ એના ધ્યાનમાં હતું. ત્યાંથી દિવસ ને રાત લાકડાં કપાવી એણે એ જંગલમાંથી જહાજો સરજાવ્યાં. એ સર્જન વખતે પીટર ક્યાં હતો, ખબર છે? મજૂરો વચ્ચે બે ઓરડીવાળી લાકડાની એક નાનકડી ઝૂંપડીમાં મજૂરોની પેઠે જ એ રાજવંશી નબીરો રહેતો. ને એનું પ્રત્યેક દિવસનું કામ કુશળ અને મહેનતુ મજૂરો કરતાં પણ ચડી જતું. પાંચ માસમાં તો એણે બે મોટાં લડાયક જહાજો તૈયાર કર્યાં; ને નાનાં જહાજો તો કેટલાં યે. આમાંનું પહેલું જહાજ તો ખુદ પીટરે પોતાને હાથે બનાવેલું હતુ!

પછી?...પછી આઠ મહિનાની અંદર 'અઝોવ'નો કિલ્લો એના હાથમાં આવ્યો!

આટલો વિજય મેળવ્યા પછી તુર્કો સામે મદદ માગવા એણે યુરોપનાં બીજાં રાજ્યો પાસે એક ડેપ્યુટેશન મોકલ્યું. પોતે પણ એ મંડળમાં દાખલ થયો—સામાન્ય ખલાસી સ્વયંસેવક તરીકે. દેશેદેશ ફરી મંડળ જ્યારે એક બાજુ વિષ્ટિ ચલાવતું, ત્યારે એ જહાજ બાંધવાની કળા ને નૌકાનયન સંબંધી બીજાં શાસ્ત્રો તે તે દેશમાંથી શીખી લેતો. વિષ્ટિ તો અફળ ગઈ, પણ પીટરને જોઈતું બધું મળી ગયું. કૉનિગ્ઝબર્ગમાં એ તોપખાનાનું કામ શીખ્યો. સારદામ ને ડેફોર્ડમાં ત્યાંની જહાજ બાંધવાની કળા એણે હસ્તગત કરી. લાઈડન, આમ્સ્ટર્ડામ વગેરે ઠેકાણેથી પણ મળી શકે એવું જ્ઞાન એણે મેળવ્યું.

પીટર સ્વભાવે શુદ્ધ વાણિયો હતો. લડાઈમાં ઊતરે, પણ જોખમ ખેડે નહિ. કીર્તિ કરતાં લાભની દૃષ્ટિ એનામાં વધારે હતી. એના જ વખતમાં સ્વીડનની ગાદી ઉપર મહત્ત્વાકાંક્ષી બારમો ચાર્લ્સ રાજ કરતો હતો. એનો સ્વભાવ પીટરથી તદ્દન ઊલટો. એને તો સિકંદર જેવા વિશ્વવિજેતા થવું હતું. એનો સ્વભાવ અને એનો અંત ગુજરાતના કરણઘેલા સાથે કંઈક સરખાવી શકાય. જોકે ચાર્લ્સની વિભૂતિ કરણ કરતા અનેકગણી મોટી હતી.

પીટરે જોઈ લીધું કે જ્યાં ટાઢથી સમુદ્રનો બરફ નથી થતો એવે ઠેકાણે રશિયાને એકાદ અનુકૂળ બંદર હોય તો જ રશિયાની જાહોજલાલીની આશા રખાય. બસ; હાલ જ્યાં લેનિનગ્રાડ છે ત્યાં એણે સેંટ પીટર્સબર્ગ નામની પોતાની રાજધાની વસાવી. આ કામ નિર્વિઘ્ને થાય એટલા માટે એણે તુર્કો સાથે સમાધાન પણ કર્યું. બાલ્ટિક સમુદ્રમાં બંદર વસાવવાથી દુનિયા સાથેનો વેપાર શરૂ થશે, અને તો યુરોપમાં રશિયા પ્રતિષ્ઠિત પણ થશે એ ધોરણ મનમાં રાખી એણે હવે પછીની પોતાની બધી પ્રવૃત્તિઓ ગોઠવી દીધી. ત્યાં એણે એક મોટું નૌકાસૈન્ય ઊભું કર્યું. સ્વીડનનો ચાર્લ્સ જે વેળા પોતાના બાહુબળથી પોતાની બાહોશ સેના સાથે પોલંડ અને મધ્ય યુરોપની નદીઓ એક પછી એક ઓળંગતો હતો તે વખતે પીટર ઠંડે પેટે પોતાની આ બધી તૈયારી કરતો હતો. એને ક્યાં સિકંદર થવું હતું?

ઇંગ્રિયાનો મુલક જીતી લઈ ત્યાં એણે સેંટ પીટર્સબર્ગ કાયમ કર્યું. આને લીધે ચાર્લ્સ ને પીટર વચ્ચે યુદ્ધ જામ્યું. પીટર બીજી ગમે તે શરતે ચાર્લ્સ જોડે માંડવાળ કરવા તૈયાર હતો; પણ ચાર્લ્સને તો એ ઇંગ્રિયાનો મુલક જ પાછો જોઇતો હતો. હવે વાણિયો મરણિયો થયો. પીટરે નિશ્ચય કર્યો કે સર્વનાશ થાય તો યે બહેતર, પણ સેંટ પીટર્સબર્ગ તો ન જ છોડું. અને એ નિશ્ચયનું ફળ બહુ જ સુંદર આવ્યું. બાલ્ટિક સમુદ્રમાં જ્યાં સ્વીડનની આણ વર્તતી હતી તે ઠેકાણે હવે પીટરનું સાર્વભૌમત્વ જામ્યું. પીટરના જીવનની મહત્ત્વાકાંક્ષા બર આવી. એનું પછાત રાષ્ટ્ર યુરોપનાં અગ્રેસર રાષ્ટ્રોની હારમાં આવી બેઠું.

પીટરની મહત્તા એમાં છે કે એના આખા પછાત અને જડ રાષ્ટ્રમાં એ એકલો જ ડાહ્યો



અને ઉત્સાહી હતો. એને તો માટીમાંથી નહિ, પણ મુડદાંમાંથી જીવતું રાષ્ટ્ર નિર્માણ કરવું પડ્યું હતું. એનો આખો સમાજ એનાથી વિરુદ્ધ હતો. દેશો જીતવા એ સહેલી વાત છે, પણ પોતાના રાષ્ટ્રનો સ્વભાવ બદલવો એ તો લોઢાના ચણા ચાવવા બરાબર છે.

બાલ્ટિક સમુદ્રમાં એકવીસ વરસ સુધી મહાયુદ્ધ ચલાવી એણે રશિયાને કીમતી કેળવણી આપી, રાષ્ટ્રમાં ચૈતન્ય રેડ્યું, દેશના ઉદ્યોગધંધા વધાર્યા, સેંટપીટર્સબર્ગને દરેક જાતની નવી સંસ્થાઓનું પિયેર બનાવ્યું. નવીન પ્રાણથી ઊભરાઇ જતા અનેક બાહોશ રશિયન જુવાનોને એણે ત્યાં ભેગા કર્યા; એ નવા લોકો એની સીધી દેખરેખ તળે નવી ઢબે જ ઊછરેલા હતા. એની ખૂબી એ હતી કે એક તરફથી પોતાની સત્તા વાપરીને પોતાના હુકમ એ અમલમાં આણતો, જ્યારે બીજી તરફથી હુકમ કાઢતી વખતે પાછો પિતા પુત્રને સમજાવે તેવી રીતે, ફલાણું શા માટે કર્યું, ઢીકણા પાછળ શો હેતુ છે, જૂનું કેમ ખરાબ હતું, નવું કઈ કઈ બાબતોમાં સારું છે, એ બધું સમજાવતો. એક રીતે એને રાષ્ટ્રશિક્ષકની પદવી આપી શકાય. જડ રાષ્ટ્રને, એની ઇચ્છા વિરુદ્ધ, એની સામે થઇને ને એના વિરોધને પહોંચી વળીને જાગ્રત કરવાનું કપરું કામ આ અદ્વિતીય રાષ્ટ્રપુરુષે કર્યું. ઇતિહાસકારો કહે છે કે પીટરના વખતના રશિયન સમાજનાં ખાસ અપલક્ષણો નીચે પ્રમાણે હતાઃ આખી પ્રજા ક્ષીણવીર્ય થઇ હતી. કોઈ કોઇની સાથે સહકાર કરવા તૈયાર ન હતું. જવાબદારીનું તો ક્યાં યે ભાન જ ન મળે. નવી કલ્પના અજમાવી જોવી, નવા અખતરા કરવા એ તો જાણે પાપ મનાતું. વ્યવહારમાં ન્યાયનીતિ ભૂજ જ જોવામાં આવતી. એણે રાજમાં ને સમાજમાં મોટામોટા ફેરફારો કર્યાં, પણ એ બધું પોતાના સમાજનો સ્વભાવ ધ્યાનમાં રાખીને જ એણે કર્યું, અને તેથી જ એ ફાવી શક્યો. દેશની વ્યવસ્થામાંથી કોઈ પણ વસ્તુ તોડતાં પહેલાં એ વિચારી લેતો કે આના કરતાં સારું એની જગ્યાએ મારી પાસે છે? પીટરમાં દુર્ગુણો ઓછા ન હતા. ક્રૂરતા, દગો આદિ બધું એનામાં હતું. પણ સરવાળે તો ભવિષ્યદૃષ્ટિ અને રાષ્ટ્રપ્રેમ એ બે ગુણો જ એનામાં તરી આવે છે. એને ગુજરી ગયાને આજે બસો વરસ કરતાં યે વધારે કાળ વીતી ગયો છે. આજે હિંદુસ્તાન નૌકાસૈન્ય ઊભું કરવા નથી બેઠું, છતાં રાષ્ટ્રીય સ્વભાવશુદ્ધિના આપણા પ્રયત્નમાં આ મહાન પીટર પાસેથી આપણને પ્રેરણા મળ્યા વગર નહિ રહે."

૬૨૯ ('કુમાર' અંક ૪૩૦)

બારોબર પચ્ચીસ વર્ષ પર શ્રી 'વનેચરે' શરૂ કરેલી લેખમાળા 'વનવગડાનાં વાસી'ના પહેલા જ હપતામાંની વાનગી જુઓ:

"એક વખત હું શુક્રવારની ગુજરીમાંથી જતો હતો ત્યાં રસ્તામાં એક મદારીને ખેલ કરતો જોયો. પ્રાકૃતજનસુલભ સ્વાભાવિક કુતૂહલવૃત્તિથી મેં ત્યાં ડોકિયું કર્યું. ટોળાની વચ્ચે પગે ઘૂઘરા બાંધી, એક હાથે વાંસળી ને બીજા હાથે ડમરુ વગાડતો મદારી ફરતો હતો, અને એના પદાઘાતના તાલેતાલે એની આસપાસ એક વિચિત્ર પ્રાણી નૃત્ય (ગુલાંટ ખાતું, ઓટંગાતું ચાલતું ને કૂદતું એવું ભેળસેળ ક્રિયાઓવાળુ નૃત્ય) કરતું હતું. પહેલાં તો મને થયું કે એ કોઈ ચાલાક માકડું હશે. પણ ધ્યાનથી જોતાં તો કોઈ અપરિચિત અદૃષ્ટપૂર્વ પ્રાણી લાગ્યું. દેખાવમાં મોટા નોળિયા જેવું; પણ નોળિયો નહિ. થોડી વારે ખેલ પૂરો થયો ને 'સા…મકૃતિયાના મોંમાં થૂક…' એ 'ભરતવાક્ય' મદારી બોલે ત્યાર પહેલા પ્રેક્ષકવર્ગ ક્યાં યે અલોપ થઈ ગયો, અને એ નિર્જન રંગભૂમિ પર રહ્યા મદારી, પેલું વિચિત્ર નર્તક ને હું. મદારીએ એનો સાજ સમેટવા માંડ્યો ત્યાં મારાથી જિજ્ઞાસાવૃત્તિ ન દબાઈ એટલે મેં એને પૂછ્યું કે ભાઇ, આ કઇ જાતનો નોળિયો છે? પેલાએ હસીને કહ્યું કે સાહેબ, આ 'નોળિયો' નથી; આ તો બીજુ (વાત બધી હિંદુસ્તાનીમાં ચાલતી હતી) છે. ત્યારે હું સમજ્યો કે નાનપણમાં જે 'ચૅંગ્રુ' સાંભળતા તે આ જ.

'ચૅંગ્રુ'નો આ મારો પ્રથમ પરિચય. આ ચૅંગ્રુ હતું તો સાવ નાનું બચ્ચું; પણ એનો વિચિત્ર દેખાવ એના વ્યક્તિત્વને પિછાનવા પૂરતો હતો. 'ચૅંગ્રુ' એ હિંદુસ્તાની બીજુનું ગુજરાતી રૂપ. (એક જૂની માન્યતાને આધારે એને 'ઘોરખોદીડું' પણ કહે છે.) એનું અંગ્રેજી નામ Ratel. એ સ્તનપાયી (mammal) વિભાગના હિંસ્ર (carnivora) વર્ગ-અંતર્ગત રીંછ (ursidae) વર્ગનું પ્રાણી છે. એની પારિભાષિક સંજ્ઞા Mellivora Indica. એ રીંછ, જલમાનુષ (જોયું છે? આપણી સાબરમતીમાં જ થાય છે. ઓળખાવીશ કોઈ અન્ય પ્રસંગે) વગેરેનું કૌટુંબિક ને નોળિયાનું દૂરનું સ્વજન ગણાય. સમગ્ર હિંદુસ્તાનમાં એની એક જ જાત થાય છે. આપણી તરફ એ જૂનાગઢ, કચ્છના કેટલાક ભાગ તથા ગુજરાતના કેટલાક પ્રદેશમાં જોવામાં આવે છે. દેખાવે બચુકલા રીંછ જેવું લાગે; પણ રંગે વિચિત્ર. પેટ, પગ, ગળું વગેરે શરીરનો નીચેનો અરધો ભાગ કાળો શાહી જેવો; પીઠ, ગરદન અને માથા ઉપર આછો રૂપેરી કે ખડી જેવો શ્વેતઃ જાણે શરીર પર ધોળો ધાબળો નાખ્યો ન હોય! બાંધણી બેઠા ઘાટની. કાન ચૂંચિયા—નથી જ એમ કહોને. આખો ચપળ. પૂંછડી તદ્દન ટૂંકી.

સ્વભાવે કેવળ નક્તંચર. અને એ નિશાચરત્વ પણ અત્યંત ગોપનીય વૃત્તિવાળું. એ એટલું તો ગુપ્ત રહે કે એના નામથી પરિચિત હોવા છતાં નૈસર્ગિક દશામાં એનું સગી આંખે દર્શન પામેલાનું પ્રમાણ ભાગ્યે એકાદ ટકો હશે! જેમનું સમગ્ર જીવન પ્રાણીઓનાં જીવનનું રહસ્ય શોધવામાં ગયું છે તે સ્ટર્નડેલ અને જૅર્ડોન જેવા પ્રૌઢ પ્રાણીશાસ્ત્ર-વિશારદોનો અનુભવ પણ ઝૂમાંનાં બંદીવાન ચૅંગ્રુના અવલોકનજનિત જ છે. આ પ્રાણીની રહસ્યપૂર્ણ જીવનીના સાક્ષાત્કારનો ધન્યપ્રસંગ કેવળ બે પ્રાણીશાસ્ત્રીઓને જ પ્રાપ્ત થયો છેઃ એ. એ. ડનબાર બ્રૅન્ડર અને એફ. ડબ્લ્યુ. ચૅમ્પીઅન. આ પ્રાણી જમીન ઉપર જ બોડમાં કે દરમાં રહેતું હોવા છતાં તેનો પત્તો આ બંને સૂક્ષ્મદર્શીઓને પણ લાગ્યો નથી. સ્વભાવે ભૂચર છતાં ઝાડ પર ચડવું એને મન રમતવાત છે. ભારે ચકોર પ્રાણી. ખુશમિજાજી પણ એવું જ. બસ તાનમાં આવે ત્યારે ગુલાંટો પર ગુલાંટો ખાયઃ જાણે બીજું 'લોટણ'. અને સમસ્ત પશુસમાજમાં નીડરતામાં એ અગ્રસ્થાને છે. એની તુલનાએ વાઘ, વરુ કે સિંહ પણ ન ચડે. ભલભલાની સામે પણ એ મોરચા માંડે. માણસનો પણ શો હિસાબ? પીછેહઠની વાત નહિ. મરે ત્યારે જ થાકે. (ગુજરાતીમાં કહેવત છે કે 'ચૅંગ્રુની પેઠે વળગે છે' તે આ ઉપરથી જ.) ભક્ષ્યોપાદાનમાં એ પરમહંસવૃત્તિ સેવે છેઃ ઉંદર, પંખી, જીવાત, મધ, વનસ્પતિ બધું યે ખાય; એટલે એને 'ઘોરખોદું' નામ આપવું ઠીક નથી લાગતું. જેની અદ્ભુત ચપળતાથી રણમાં પણ ભક્ષ્ય મળે તેવા પ્રાણીને 'ઘોર ખોદવા' જવું પડે એ શક્ય નથી. જો હાથમાં આવે તો એના રમતીઆળ સ્વભાવને લીધે સરળતાથી પાળી શકાય છે."

અનુ૦] કવિતા કીર્તિ ને કામિની [૪૦૮થી

બંસરી: (હસતાં) હા, અને સાહિત્યમાં કંઈક ઝગડા ઊભા કરી બિચારા વિવેચકોને લડાવી મારશે. (હિમાંશુ પ્રવેશે છે.)

અલકા: હિમાંશુ, તારી જ રાહ જોવાય છે.

બંસરી: પધારો, કવિરાજ! અલક: તો અનંત યુગોથી જાણે તમારી રાહ જોતા હોય એમ બેઠી છે.

હિમાંશુ: બંસરીબેન, અત્યાર સુધી તમે નિરાંતે બેઠાં છો એ પરથી જ લાગે છે કે હું તમને મૂકવા આવું એની રાહ જોઇને જ બેઠાં હશો.

બંસરી: જોયું? આવતાંની સાથે મારી હાજરી ખૂંચી! પણ હું તમારી એક મિનિટ પણ નહિ બગાડું, સમજ્યા? ચાલો, આવો છોને મૂકવા? (ઊભી થાય છે.)

અલકા: આવે છે, બેસને! એમ ઉતાવળી શું થાય છે? ફરી પાછાં ક્યારે ય મળીશું.

હિમાંશુ: કેમ, બંસરીબેન ક્યાં જાય છે?

અલકા: બૅંગલોર પાછી. આ સીઝનમાં એની કંપની આપણને નહિ મળે...હિમાંશુ, આ સંધ્યાનું દૃશ્ય તને કેવું લાગે છે?

હિમાંશુ: કવિતા લખવાનું મન થાય એવું.

બંસરી: કવિઓ કવિતા લખીને ઘણીવાર પ્રકૃતિના સૌન્દર્યને અન્યાય કરે છે, ખરુંને?

અલકા: તદ્દન ખોટું.

બંસરી: હિમાંશુને અપવાદ ગણીએ તો?

અલકા: તો ખરું.

બંસરી: જોયું ને હિમાંશુ? અલકાને તમારી કવિતા પ્રત્યે કેટલો બધો પક્ષપાત છે!

હિમાંશુ: એ હું જાણું છું પણ...

અલકા: એ વિશે હમણાં જ મેં બંસરીને બધી વાત કરી.

હિમાંશુ: પણ હજુ કંઈ નક્કી થયા વગર? એ બાબતમાં મારે કેટલીક સ્પષ્ટતા કરવાની છે.

અલકા: શી સ્પષ્ટતા કરવી છે?

હિમાંશુ: પહેલી તો એ, કે ધાર કે હું કવિતા ન લખતો હોત તો શું તું મને ચાહત?

અલકા: બિલકુલ નહિ.

હિમાંશુ: બસ, આ તારી દૃષ્ટિ જ મને ખૂંચે છે. માણસની સર્જનશક્તિ કંઈ હમેશાં એકસરખી રહેતી નથી.

બંસરી: એ વાત સાચી છે. એક ડૉક્ટર જીવનના અંત સુધી ડૉક્ટર હોય છે, એન્જિનિયર, વકીલ કે પ્રોફેસર જીવનના અંત સુધી પોતે જે હોય છે તે રહી શકે છે.

હિમાંશુ: ચિત્રકાર, શિલ્પી કે સંગીતકાર પણ પોતાની કલા ભૂલતા નથી; પણ કવિતા એવી સૂક્ષ્મ સર્જનકલા છે કે આજે કવિતા લખનાર કવિ ક્યારે કવિ મટી જશે એ કહી શકાતું નથી હોતું. એના જીવનમાં પ્રેરણાકાળ ક્યારે આવે છે અને ક્યારે ઊડી જાય છે તેની પહેલેથી ખબર પડતી નથી.

બંસરી: સ્ત્રીને આકર્ષણ પુરુષની કોઈ ને કોઈ શક્તિ તરફ રહેવાનું એ સાચી વાત છે, અલકા; પરંતુ કવિતાની બાબતમા હિમાંશુ કહે છે તે ખોટું નથી.

હિમાંશુ: ધાર કે આવતી કાલે હું લખતો અટકી જાઉં, તો શું તું...

અલકા: તો હું તને કવિતા લખતો કરી દઈશ; પણ અત્યારથી એવાં બહાનાં કાઢી તું છટકી નહિ શકે.

બંસરી: ચાલો, હું તો હવે રજા લઈશ. આવજે, અલકા! ચાલો હિમાંશુ!

અલકા: આવજે, બંસરી. (હિમાંશુ અને બંસરી જાય છે. થોડી વારે રશ્મિ પ્રવેશે છે.)

રશ્મિ: ઓળખે છે, અલકા?

અલકા: હા, હા...તમારું નામ......

રશ્મિ: રશ્મિકાન્ત.

અલકા: હા હા, તમે હિમાંશુના પ્રાઇવેટ ટ્યૂટર હતા, નહિ?

રશ્મિ: હા, આપણે આ પૉઈન્ટ ઉપર જ કેટલીક વાર મળેલાં છીએ.

અલકા: આ વર્ષે પણ તમે હિમાંશુની સાથે જ આવ્યા હશો?

રશ્મિ: ના, બીજી એક દેવયાની નામની વિદ્યાર્થિની સાથે આવ્યો છું; પણ આજે જ મને હિમાંશુ મળ્યો અને એણે મને એની કવિતાની અને તમારી કેટલીક વાત કરી, એટલે અત્યારે તમે બંને મળશો એવી આશાથી જ આ બાજુ નીકળ્યો હતો.

અલકા: હિમાશુ સરસ કવિતા લખે છે? તમે એને કવિતાને પંથે વાળ્યો ન હોત તો એણે આટલી પ્રગતિ ન સાધી હોત.

રશ્મિ: સાચી વાત છે; પણ...હું શું કહેતો હતો? હાં...હિમાશુ હજુ આવ્યો નથી?

અલકા: હમણાં જ આવીને ગયો.

રશ્મિ: ગયો પણ ખરો? મેં કેમ ન જોયો?

અલકા: બીજે રસ્તેથી ગયો છે. થોડીવારમાં પાછો આવે છે. દરમિયાન તમારે થોડું ફરી આવવું હોય તો ફરી આવો...

રશ્મિ: હું ફરવા જઇશ તો પાછો એ ક્યાંક ગુમ થઇ જશે. અહીં બેસું તો, કે...? વાંધો નથીને તને?

અલકા: ના, ના; ઊલટાનું મને ગમશે; પણ એક શરત: તમને ગાતાં સરસ આવડે છે તો એક મઝાનું ગીત ગાઈ સંભળાવવું પડશે.

રશ્મિ: જરૂર; સ્વરચિત સંભળાવું કે...

અલકા: તમે પોતે પણ કવિતા લખો છો? હું તો એમ જાણતી હતી કે તમે બીજાને કવિતા લખવામાં સારું માર્ગદર્શન...

રશ્મિ: હું કવિતા પણ લખું છું અને સંગીત પણ જાણું છું. વસ્તુતઃ મારું જીવન મેં કલાની ઉપાસના માટે જ...

અલકા: ખરેખર! તમે કવિતા લખો છો એ જાણી મને ઘણો જ આનંદ થાય છે!

રશ્મિ: મારે મારી પ્રશંસા ન કરવી જોઇએ, પણ તને કહેવામાં વાંધો નથી. હું ચિત્રકાર પણ છું અને નૃત્ય પણ જાણું છું.

અલકા: શું કહો છો? ત્યારે તમે તો કોઈ જબરા કલાકાર લાગો છો! આપણે આટલી વાર મળ્યા છતાં તમે કોઈ દિવસ આ તો કહ્યું જ નહિ! અને હિમાંશુએ પણ...

રશ્મિ: એ મારા સ્વભાવમાં જ નથી.

અલકા: તો તો મને તમારી જ કવિતા સાંભળવાની ઇચ્છા છે. તમને ખબર હશે કે કવિતાની હું જબરી રસિયણ છું.

રશ્મિ: હા, હિમાંશુ મને કહેતો હતો કે તું કવિતા પાછળ ગાંડી છે.

અલકા: જો કે હું પોતે કવિતા લખતી નથી.

રશ્મિ: પણ બીજાને લખતા કરી દેવાની તારામાં શક્તિ ઓછી નથી.

અલકા: ના, ના; માન મને ન આપશો. હિમાંશુની કવિતા તો તમારી પ્રેરણાથી લખાએલી છે. કદાચ તમારી કવિતા કોઇની...

રશ્મિ: સાચું કહું? તારી જ પ્રેરણાથી, અલકા! જે દિવસે મેં તને પહેલી વાર જોઈ તે દિવસથી જ મારા હૃદયમાં કવિતાની કોઈ અખૂટ અગમ્ય સરવાણી ફૂટી છે.

અલકા: મજાક તો નથી કરતાને? તમે કવિતા લખો છો અને તે પણ મારી પ્રેરણાથી એ હિમાંશુએ ય કદી કેમ મને કહ્યું નહિ?

રશ્મિ: જો કે મારે ય તને ન જ કહેવું જોઇએ.

અલકા: કેમ?

રશ્મિ: મારી અને હિમાંશુ વચ્ચે એવી શરત થઈ છે કે હું કવિતા લખું છું એની હિમાંશુએ ક્યાં ય જાહેરાત ન કરવી.

અલકા: કેમ? એવું શા માટે?

રશ્મિ: કારણ અમારો પરસ્પરનો સંબંધ. કવિતાના ક્ષેત્રમા હિમાંશુ અત્યારે નવોદિત ઝળકતો સિતારો છે એ તો ખબર છેને?

અલકા: માટે જ તો મેં......

રશ્મિ: કેમ અટકી ગઈ? હું જાણું છું તું શું કહેવાની હતી તે. તું હિમાંશુને પરણવાની છેને?

અલકા: હા, પણ, તમને ક્યાંથી ખબર?

રશ્મિ: હું ન જાણું એવું બને? અને માટે જ તો ખાસ તને અત્યારે મળવા આવેલો.

અલકા: ખાસ મને મળવા?

રશ્મિ : હા, તને મળવા; પણ મારે જે કહેવું હતું તે કહેતાં હવે મને સંકોચ થાય છે.

અલકા : શું કહેવું છે?

રશ્મિ : હું વધારે તો નથી કહેતો; પણ એટલું કહેવામાં વાંધો નથી... કે હિમાંશુએ તને લગ્નનું જે વચન આપ્યું છે તે એ કેટલે સુધી પાળશે એ સવાલ છે.

અલકા : કેમ? શું હિમાંશુ બીજી કોઇના...

રશ્મિ : એ નહિ કહું; પણ એક સવાલ પૂછું? તું હિમાંશુને ક્યારથી ચાહતી થઇ?

અલકા : એની કવિતા વાંચી ત્યારથી.

રશ્મિ : એ પહેલાં નહિ?

અલકા : ના,

રશ્મિ : તો શું હિમાંશુનાં કાવ્યો ગમી ગયાં માટે જ તું એને પરણવા તૈયાર થઈ છે?

અલકા : હા, કારણ કે પરણવું તો કોઇ કવિને જ એમ મેં નક્કી કર્યું છે.

રશ્મિ : (હસતાં) કવિની સાથે તારી પણ પૂજા થાય એટલા માટે?

અલકા : એ તો કોણ જાણે; પણ ખાસ તો એટલા માટે કે કવિ પોતાના જીવનની સાથે મારા જીવનને પણ કાવ્યમય બનાવી દે.

રશ્મિ : વાહ! તારું ધ્યેય ઉન્નત છે. કવિને ફક્ત એની કવિતા ખાતર પરણવા નીકળનાર સ્ત્રીઓ જગતમાં વિરલ હશે. કોઇક મિસિસ બ્રાઉનિંગ જેવીને કદાચ ગણાવી શકાય; પણ ગુજરાતમાં તો એ સ્થાનની તું જ પહેલી અધિકારિણી બનવાની. મને લાગે છે કે...

અલકા : કે?

રશ્મિ : ના, કંઈ નહિ.

અલકા : કેમ, કંઈ નહિ? કહેવું જ પડશે.

રશ્મિ : મને પણ એમ થાય છે કે હિમાંશુની જેમ મારી કવિતાની કદર કરનાર કોઇ કવિતા-રસિક સહભાગિની મને મળે તો કેવું સારું!

અલકા : તમને? તમે પરણ્યા નથી હજુ?

રશ્મિ : ના, હું હજી પરણ્યો જ નથી.

અલકા : (સાશ્ચર્ય) શી વાત કરો છો? તમે તો હિમાંશુ કરતાં ઘણા મોટા લાગો છો.

રશ્મિ : કૅલેન્ડરની દૃષ્ટિએ સાત-આઠ વર્ષ ખરો; પણ આમ તો કદાચ હિમાંશુ કરતાં યે હું વધારે યુવાન હોઈશ. સાચા કલાકૃતિની જેમ કલાકારના જીવનને પણ કળાની અસર જલદી પહોંચતી નથી. કલાકાર દેહના નહિ, પણ આત્માની યુવાનીને ઓળખે છે.

અલકા : એ તો ખરું; પણ હજુ સુધી?...

રશ્મિ : મેં કહ્યુંને, મારી કલાની સાચી કદર કરી શકે એવા યોગ્ય પાત્રનો અભાવ; પણ... હિમાંશુ હજુ કેમ આવ્યો નહિ?

અલકા : હવે આવવો જ જોઇએ. અહીં પાસે જ ગયો છે. ચાલો, એ આવે ત્યાં સુધી તમારું એકાદ કાવ્ય હવે સંભળાવો.

રશ્મિ : જરૂર, જરૂર. બોલ, કયા વિષયનું?

અલકા : અત્યારે આકાશમાં સંધ્યાના રંગો ખીલ્યા છે. એટલે સંધ્યા વિષે એકાદ ગાઓ.

રશ્મિ : હા, સાંભળ; કાવ્યનું શીર્ષક છે, 'ઉપવનમાં સંધ્યા'.

અલકા : (ચમકીને) 'ઉપવનમાં સંધ્યા?'

રશ્મિ : હા. કેમ, તને આશ્ચર્ય થાય છે?

અલકા : હા, કારણ કે હિમાંશુએ પણ એ જ નામનું કાવ્ય લખ્યું છે. જો કે એક જ વિષય પર જુદાંજુદાં કાવ્યો હોઇ શકે છે. હિમાંશુનું તો મેં સાંભળ્યું છે, પણ તમારું સાંભળ્યું નથી.

રશ્મિ : તો સાંભળ...

મસ્ત ગગનમાં રક્ત વર્ણની
સુરખી સંધ્યાની છાઈ,
અવનિ પર અભિરામ...

અલકા : (વચ્ચે) માફ કરજો, પણ આ તો તમે હિમાંશુનું કાવ્ય ગાઓ છો. તમારું...

રશ્મિ : આ મારું જ કાવ્ય છે.

અલકા : ના, આ તો હિમાંશુનું જ છે. મને બરાબર ખબર છે. આ છપાઈ પણ ગયું છે.

રશ્મિ : તારી વાત સાચી છે. છપાયું છે, હિમાંશુના નામે, પણ લખનાર તો હું જ છું.

અલકા : પણ તો એના નામે કેમ છપાયું?

રશ્મિ: મેં પોતે જ એને એના નામે પ્રગટ કરવા આપ્યું હતું. તને ખબર છે કે હિમાંશુને કવિતાની પ્રેરણા આપનાર પણ હું જ છું.

અલકા : હા, પણ તેથી તમારું આખું કાવ્ય હિમાંશુને નામે પ્રગટ થાય તે બરાબર ન કહેવાય. આ સિવાય તમારું બીજું કોઈ કાવ્ય હિમાંશુને નામે પ્રગટ થયું છે?

રશ્મિ : જોકે આ બધું મારે ન જ કહેવું જોઈએ, પણ હિમાંશુને નામે જે પંદરેક કાવ્યો પ્રગટ થયાં છે તે બધાં મેં જ લખી આપ્યાં છે.

અલકા : એ બધાં જ તમે લખી આપ્યાં છે? હું માની શકું જ નહિ.

રશ્મિ : પણ હું તને મનાવવાનું કહું છું જ ક્યાં? તું એને જ સીધું પૂછી જોજેને!

અલકા : પણ તમે જો ખરેખર આમ કર્યું હોય તો તે ઠીક ન કહેવાય.

રશ્મિ : એમાં કશું જ ખોટું નથી. આપણા સાહિત્યમાં કયા કયા નવોદિત કવિ આ રીતે કવિતા લખે છે એ જ્યારે તને કહીશ ત્યારે તું છક્ક થઈ જશે.

અલકા : એ બધાંને શું તમે જ...?

રશ્મિ : હું પણ ખરો અને બીજાઓમાં...

અલકા : પણ આવું કરવાનું કારણ શું?

રશ્મિ : પૈસા.

અલકા : તમે પૈસા ખાતર તમારી કવિતા હિમાંશુને પ્રગટ કરવા આપી હતી?

રશ્મિ : હા, કારણ કે એને કવિની કીર્તિ કમાવી હતી ને મને પૈસાની જરૂર હતી. મારી એ ફિકર હિમાંશુએ ટાળી અને બદલામાં મેં મારી કવિતા એને પ્રગટ કરવા આપી. જેમ કોઈ ચિત્રકાર પોતાનું ચિત્ર વેચીને કે કોઇ શિલ્પી પોતાની શિલ્પકૃતિ વેચીને ગુજરાન ચલાવવા પૈસા મેળવે છે તેમ મેં મારી કાવ્ય-કૃતિઓ વેચીને ગુજરાન ચલાવવા માટે પૈસા મેળવ્યા છે. એમાં મેં કશું જ ખોટું નથી કર્યું.

અલકા : આનો અર્થ તો એ કે હિમાંશુએ સાહિત્યના ક્ષેત્રમાં બનાવટ કરી છે.

રશ્મિ : અને તારી સાથે પણ.

અલકા : હા, કારણ કે હિમાંશુ જો કવિ ન હોય તો હું એને પરણવાની જ નહિ.

રશ્મિ : માટે જ તો તમે બંને આજે નક્કી કરવાનાં છો એવી ખબર પડતાં હું તને મળવા આવ્યો, અને એટલે જ હિમાંશુ જો કવિ નથી તો પોતે આપેલું વચન કેટલે અંશે પાળશે એની શંકા વ્યક્ત કરીને મેં તને સાવધાન બનાવવાનું ઇચ્છયું હતું.

અલકા : આટલા વખત સુધી કેમ ન કહ્યું?

રશ્મિ : મેં હિમાંશુને કવિતા પ્રગટ કરવા દીધી ત્યારે મને સ્વપ્ને પણ ખયાલ નહિ કે મારી કવિતાનો એ કીર્તિ મેળવવા ઉપરાત કામિની મેળવવા માટે પણ ઉપયોગ કરશે. મને ખબર પડી કે તરત જ તારી આગળ આ ખુલાસો કરવાનું મેં નક્કી કર્યું. મારી કવિતા પ્રત્યે આકર્ષાએલા તારા જેવા રત્નને ગુમાવી બેસવાનું, તું જ કહે, મને કેમ ગમે?

અલકા: એટલે, તમે મારી આશા રાખો છો?

રશ્મિ : એ તો દેખીતું જ છેને?

અલકા : તો તમે ખાંડ ખાઓ છો.

રશ્મિ : તારે બોલેલું ન પાળવું હોય તો જુદી વાત, પરંતુ આ તો સામાન્ય માણસ પણ સમજી શકે તેવી તર્કયુક્ત વાત છે કે જે કવિતાથી આકર્ષાઇને તું એના રચનાર સાથે લગ્ન કરવા તૈયાર થઇ છે તે કવિ તે હું જ છું.

અલકા : તમે પોતે હોવા છતાં અપાત્ર છો.

રશ્મિ : કારણ?

અલકા : કારણ કે હિમાંશુએ કરેલી બનાવટમાં તમે પણ ભાગીદાર છો.

રશ્મિ : હું નિરુપાય હતો.

અલકા : ને હું લાચાર છું.

રશ્મિ : ભલે, જેવી તારી મરજી. ઇષ્ટ પાત્રની રાહ જોવામાં આટલાં વર્ષ કાઢ્યાં તો થોડાં વધારે, બીજું શું?... તો હું જાઉં છું.

વારે હિમાંશુ પ્રવેશે છે).

હિમાંશુ : કેમ અલકા, ઉદાસ કેમ લાગે છે?

અલકા : હું ઉદાસ નથી, ગુસ્સામાં છું.

હિમાંશુ : એનું કારણ હું તો નથીને?

અલકા : તું જ છે.

હિમાંશુ : કંઈ ભૂલ થઈ હોય તો માફ કરજે.

અલકા : માફ ન થઈ શકે એવી ભૂલ કરી છે.

હિમાંશુ : માટે જ આપણે કંઈ પણ નક્કી કરીએ તે પહેલાં મારે તારી પાસે એક ગંભીર બાબતની ચોખવટ કરવી છે.

અલકા : અને મારે પણ તારી પાસેથી એક ગંભીર બાબતની ચોખવટ જોઇએ છે.

હિમાંશુ : શી? બોલ.

અલકા : તું બોલ; કારણ કે મારા બોલ્યા પછી તારે કશું બોલવાનું રહેશે નહિ.

હિમાંશુ : ભલે તો સાંભળ : અલકા, હું તને ચાહું છું—ખૂબ ચાહું છું.

અલકા : એ તેં ઘણી વાર કહ્યું છે.

હિમાંશુ : પણ તું મને મારી કવિતા માટે જ ચાહે છે તે મને નથી ગમતું.

અલકા : ક્યાંથી ગમે?

હિમાંશુ : કારણ કે મારે નામે પ્રગટ થએલી કવિતા મેં પોતે લખેલી નથી.

અલકા : એ હું જાણું છું અને એ વિષે જ મારે તને કહેવાનું છે.

હિમાંશુ : શું?

અલકા : આ બાબતમાં તેં મારી સાથે ગંભીર બનાવટ કરી છે.

હિમાંશુ : એ માટે હું તારી માફી માગું છું. વસ્તુતઃ તું કવિતા ખાતર જ મારા તરફ આકર્ષાઈ ત્યારથી જ સત્ય હકીકત જણાવી દેવાનું મને મન થયું હતું.

અલકા : મોડી મોડી પણ ફરજ બજાવવા માટે આભાર! તું આટલો બધો દંભી અને સાહિત્યચોર છે એની મને આજે ખબર પડી.

હિમાંશુ : હમણાં તારી પાસેથી રશ્મિ ગયો. એણે જ આ બધી વાત તને...

અલકા : હા, જે બીચારાની કવિતા તેં તારે નામે છપાવી કીર્તિ કમાવાની ધૃષ્ટતા કરી છે.

હિમાંશુ : અરે, પણ એણે જ મને...

અલકા : એને તો પેટ ખાતર કવિતા વેચવા નીકળવું પડ્યું; પણ એ કંઈ એનો ગુનો નથી. ગુનો તારો છે કે પારકી કવિતા વડે કીર્તિ અને કામિની મેળવવા માટે તેં સમાજ સાથે અને મારી સાથે ભયંકર છેતરપિંડી કરી...

હિમાંશુ : એ હું કબૂલ કરું છું અને એ માટે તારી માફી માગું છું.

અલકા : હજાર વખત માફી માગે તોપણ ... ગયા.

હિમાંશુ : (જતાં જતાં) બસ, તો હું જાઉં છું. મારે તારું વધારે કંઈ સાંભળવું નથી.

અલકા : (રોષમાં) જા, જલદી જા. મારે તારું મોં ફરી જોવું નથી. (હિમાંશુ જાય છે.)

પ્રવેશ બીજો

[સ્થળ - એ જ સમય - એક વર્ષ પછીનો]

અલકા : રશ્મિ, તમારા વાયદા તો અગસ્ત્યના વાયદા કરતાં યે લાંબા નીકળ્યા.

રશ્મિ : કેમકે લગ્ન જેવી ગંભીર બાબતમાં ઉતાવળે નિર્ણય લેવાની મારી ઇચ્છા નથી.

અલકા : તમને ખબર છે કે હું તમારી કવિતા પાછળ ખેંચાઇને આવી છું, અને...

રશ્મિ : એ માટે તારો જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

અલકા : અને માબાપની જાણ વગર મારે તમારી સાથે લગ્ન કરવાનાં છે.

રશ્મિ : તારી મુશ્કેલી હું સમજી શકું છું.

અલકા : તો પછી લગ્નની કેમ ના પાડો છો?

રશ્મિ : લગ્ન એટલે બંધન.

અલકા : ભલે, મારે એ બંધન જોઇએ છે.

રશ્મિ : પણ મારે તરત નથી જોઇતું તો?

અલકા : કારણ?

રશ્મિ : નિરંકુશા હિ કવયઃ.

અલકા : નિરંકુશ તે કવિતાની બાબતમાં કે કામિનીની બાબતમાં?

રશ્મિ : બંનેમાં.

અલકા : બંનેમાં?!!

રશ્મિ : હા, કવિતાની કલ્પનામાં અને કલ્પનાની કામિનીઓમાં.

અલકા : પણ તેથી વ્યવહારમાં પણ નિરંકુશ?

રશ્મિ : હા, કેમકે લગ્નના બંધનથી કાલ્પનિક પ્રિયતમાઓ સાથેના ફ્લર્ટ્યન પર અંકુશ આવી જાય છે.

અલકા : એમાં ખોટું શું છે?

રશ્મિ : એટલે શું, મારે હાથે કરીને મારી કવિતાને મારી નાખવી?

અલકા : તો પછી શું કરવું?

રશ્મિ : એ જ કે લગ્નની વાત આપણે હાલ મુલતવી રાખવી. અલકા, પ્રેમનો આનંદ જેટલો મૈત્રીમાં છે તેટલો લગ્નમાં નથી. મૈત્રીનો આનંદવિહાર એટલે ઉચ્ચતમ કવિતાનો દિવ્યાનુભવ, ને લગ્નજીવન એટલે શાકભાજી લાવવાં, કપડાં ધોવાં, રસોઈ કરવી, ઝાડુ કાઢવું,—મતલબ કે હલકી કોટિના શુષ્ક ગદ્યનો ક્લેશકર અનુભવ.

અલકા : એવી મોટી મોટી વાતો જવા દઇને સીધી વાત કરોને? હું ચોખ્ખું કહું છું કે આવતી કાલ સુધીમાં મને ચોક્કસ જવાબ નહિ આવો તો મારે બીજો છે રસ્તો...

રશ્મિ : બીજો રસ્તો એટલે?

અલકા : એટલે આ ખીણમાં પડતું મૂકીને જીવનનો અંત આણવો.

રશ્મિ : તું એટલી બધી 'સીરિયસ' છે?

અલકા : ને તમે નથી, એનું મને દુઃખ છે.

રશ્મિ : તને જો એમ લાગતું હોય તો મારે ગંભીરતાથી વિચાર કરવો પડશે. ભલે, આવતી કાલે આ બાબતમાં મારો આખરી નિર્ણય તને જણાવીશ. સવારે નવ વાગ્યે તું આ પૉઈન્ટ પર હોઈશ? કે પછી બંગલે આવું?

અલકા : પૉઈન્ટ પર જ મળજો; પણ વહેલા નહિ આવી શકાય?

રશ્મિ : ના; કારણ કે સવારના તો દેવયાનીને ટ્યૂશન આપવાનું હોય છે.

અલકા : ભલે.

રશ્મિ : તો હું હવે જાઉં છું. મારે આજે જરા વહેલું પહોંચવાનું છે. (જાય છે.)

[અલકા આકાશના રંગબેરંગી દૃશ્ય સામે જોતી ઉદાસ બેસી રહે છે. બંસરી પ્રવેશે છે ને પાછળથી ધીમેથી આવી તેની આંખો દબાવે છે.]

બંસરી : બોલ, કોણ હશે?

અલકા : બંસરી. છોડ, તારો અવાજ હું ન પારખું? (બંસરી હાથ છોડી બેસે છે.)

બંસરી : શા વિચારમાં હતી?

અલકા : પણ તું આવી ક્યારે? કાલે તારા બંગલા તરફ આવી ત્યારે તો તાળું હતું.

બંસરી : આજે જ અમે આવ્યાં.

અલકા : પ્રોગ્રામ નક્કી છે કે હજુ બદલવાનો છે? તમે તો એક સીઝનમાં ત્રણ હિલસ્ટેશનો બદલનારાં.

બંસરી : નક્કી જ છે; પણ અલકા તું કવિતા લખતી ક્યારથી થઈ?

અલકા : (સહર્ષ) તેં વાંચી મારી કવિતા?

બંસરી : હા, પણ હિમાંશુને વંચાવી નથી?

અલકા : એને મારે હવે કંઈ સંબંધ નથી.

બંસરી : કેમ, શું થયું પાછું?

અલકા : મારે કવિને પરણવું હતું, અને હિમાંશુ કવિ નથી.

બંસરી : કવિ નથી?

અલકા : ના; એણે પોતાના પ્રાઇવેટ ટ્યૂટર રશ્મિકાન્ત પાસે પૈસા આપી કવિતા લખાવી પોતાના નામે છપાવી હતી.

બંસરી : તને ક્યાંથી ખબર પડી?

અલકા : રશ્મિકાન્તે મને કહ્યું; અને હિમાંશુએ કબૂલ કર્યું.

બંસરી : રશ્મિકાન્ત કોણ છે?

અલકા : મુંબઈમાં રહે છે. અત્યારે અહીં માથેરાનમાં જ છે. ઓળખાવીશ તને. કાલે સ-

વારે આવવાના છે અહીં જ...મને મળવા.

બંસરી : તને મળવા? શું કામ?

અલકા : એક ગંભીરબાબતનોનિર્ણયકરવા.

બંસરી : લગ્નનો?

અલકા : હા.

બંસરી : એટલે હિમાંશુનેછોડીતુંહવેરશ્મિકાન્તને પરણવાની છે?

અલકા : હા.

બંસરી : કારણ?

અલકા : જે કવિતા તરફ હું મુગ્ધ હતી તે હિમાંશુએ નહિ, પણ રશ્મિકાન્તે લખી છે.

બંસરી : અલકા, તું તારું આ તૂત છોડી દે. જીવનની ગંભીર બાબતોમાં આવું ગાંડપણ?

અલકા : છોડવાનોવખતઆવશેત્યારેછોડી દઈશ; અત્યારે નહિ.

બંસરી : તને વળીકવિતાલખતી કોણે કરી?

અલકા : રશ્મિકાન્તે; કેમ, તને ન ગમ્યું?

બંસરી : મને તો ગમી; પણ કોઈ હીરાલાલ ચાડિયાએ એ માટે ગંભીર આક્ષેપ કર્યો છે.

અલકા : શો આક્ષેપ કર્યો છે?

બંસરી : તારે માટે કટિંગ સાચવીને લાવી છું. (પર્સમાંથી કાઢતાં) રસ્તામાં વ્હીલરના સ્ટૉલ પરથી વ્રજલાલે 'નવયુગ' નામનું એક ગુજરાતી ચોપાનિયું લીધેલું. એણે જ આ લેખ તરફ મારું ધ્યાન ખેંચ્યું. લે વાંચ, 'અલકા દેસાઈએ કરેલી કવિતાની ચોરી.'

અલકા: એ ચાડિયાને ધમકાવીને જવાબ લખવો પડશે. આ તો બદનક્ષી કહેવાય.

બંસરી : સાહિત્યિક ચોરીખુલ્લીપાડવામાં બદનક્ષી થતી નથી. એણે તો અત્યાર સુધીમાં તારાં પ્રગટ થયેલાં છ-સાત કાવ્યોની પંક્તિએ પંક્તિ સરખાવીનેબતાવીઆપ્યું છે કે તેંટાગોર, પ્રીતમદાસ ને કીટ્સમાંથી ચોરી કરી છે.

અલકા : અરે, પણ મેં ટાગોર, પ્રીતમદાસ કે કીટ્સ વાંચ્યા હોય તો હું ચોરી કરુંને?

બંસરી : પણ તું આ વાંચને! મારી સાથે દલીલ કરવાનો કંઈ અર્થ નથી. લખનારે તો એવું સચોટ પુરવાર કરી આપ્યું છે કે તારું તો હવે મોં જ સિવાઈ ગયું છે.

અલકા : (વાંચીને આઘાતથી ઉદાસ થઇ) ખરેખર, બંસરી! જીવનમાં મેં મહા ગંભીર ભૂલ કરી. આ તો મારી આબરૂના કાંકરા થયા.

બંસરી : પણ તને આવું કરવાનું સૂઝ્યું કેમ?

અલકા : કીર્તિ માટેની ઝંખના.

બંસરી : ખોટી રીતે કીર્તિ મેળવવા જતાં અપકીર્તિ મળે છે એટલી પણ તને ખબર નથી?

અલકા : હવે મારી આંખ ઊઘડી.

બંસરી : રશ્મિકાન્તે પણ તને તેમ કરતાં અટકાવી નહિ?

અલકા : વસ્તુતઃ એણે જ મને એક તેજસ્વી કવયિત્રી બનવાની લાલચ આપી.

બંસરી : એટલે તેં ટાગોર, પ્રીતમદાસ અને કીટ્સમાંથી ચોરી કરી? તારી બુદ્ધિ ક્યાં ગઈ હતી? તારા ગુરુ તો ગામ નહોતા ગયા?

અલકા : મને શી ખબર કે એણે પણ ચોરી જ કરી હશે? મને તો જે એણે આપ્યાં એ મેં મારે નામે છપાવી. મારા બધા પૈસા પાણીમાં ગયા.

બંસરી : એટલે તેં ય કવિતા વેચાતી લીધી હતી? હિમાંશુની જેમ?

અલકા : હા; કારણ કે એમને પૈસાની જરૂર હતી, અને મને કવયિત્રી બનવાની ઝંખના.

બંસરી : એટલે રશ્મિએ કવિતાના નકલી માલનું કારખાનું ખોલી તમારા જેવા કીર્તિ-લોલુપોને એ વેચવાનો ધંધો શરૂ કર્યો લાગે છે.

અલકા : હા; હવે સમજાયું કે એ પોતાને નામે કવિતા કેમ નથી છપાવતો.

બંસરી : અને એવા કવિ સાથે તારે લગ્ન...

અલકા : હવે કરે છે મારી બલારાત!

બંસરી : તો હવે ટાગોર, પ્રીતમદાસ કે કીટ્સમાંથી તું કોને પરણવાની છે?

અલકા : તું મજાક કરે છે, પણ મને તો દાઝ્યા ઉપર ડામ જેવું લાગે છે.

બંસરી : આભારમાનહીરાલાલચાડિયાનો કે એણે તારી આંખ ઉઘાડી; નહિ તો રશ્મિ-કાન્તે તો તને બરાબર ફસાવી હોત.

અલકા : પણ એણે હિમાંશુની ચોરી કેમ ઉઘાડી નથી પાડી?

બંસરી : હિમાંશુ ઝવેરીની કવિતા-ચોરી વિશે પણ આવતા અંકમાં એ લખવાનો જ છે. તેં વાંચ્યું નહિ આ છેલ્લે? (બતાવે છે.)

અલકા : બિચારા હિમાંશુની યે રેવડી...

બંસરી : હા; પારકી કવિતા વડે કીર્તિ મેળ-વવા જતાં એને અપકીર્તિ મળશે, અને તેં એને તરછોડ્યો તે વળી જુદું.

અલકા : રશ્મિએ જ એની આબરૂ બગાડી.

બંસરી : તો તેં એને જે અન્યાય કર્યો છે તે હવે તારે દૂર કરવો જોઇએ.

અલકા : એટલે?

બંસરી : એટલે કવિનેજ પરણવાનો આગ્રહ છોડી દઈ હિમાંશુ સાથે હવે તારે સમાધાન કરી લેવું જોઈએ.

અલકા : મારે તો કવિ કે અકવિ કોઈનીયે સાથે હવે લગ્ન જ નથી કરવાં.

બંસરી : જોઉં છું, કેટલે સુધી તારું બોલેલું તું પાળે છે તે!

અલકા : અરે, રશ્મિ આવતો લાગે છે.

બંસરી : કોણ, પેલો ચશ્માવાળો?

અલકા : હા, એ જ.

બંસરી : એ તો અમારી સ્કૂલના એક શિક્ષક જેવો લાગે છે...એ કરે છે શું?

અલકા : પ્રાઇવેટ ટ્યૂશન્સ. અહીં દેવયાની નામે છોકરીના ટ્યૂટર તરીકે બે વર્ષથી આવે છે.

બંસરી : અલકા, કહે ન કહે પણ એ અમારા શિક્ષક હોય એમ લાગે છે. હું એમને પૂછી જોઉં?

અલકા : હા, પણ પેલી કવિતાની વાત પહે-લેથી નહિ કરતી. (રશ્મિકાન્ત પ્રવેશે છે.)

રશ્મિ : અલકા, હું વચ્ચે જ પાછો ફર્યો.

અલકા : કાલનો જવાબ આજે આપી દેવા?

રશ્મિ : હા; કે તેં જે ધમકી આપી છે તે જોતાં એક દિવસ પણ થોભવું જોખમભર્યું છે.

અલકા : બોલો, શો જવાબ લાવ્યા છો?

રશ્મિ : કહું; પણ આ બહેન કોણ છે?

અલકા : મારી બહેનપણી; એની હાજરીમાં કહેવામાં વાંધો નથી. એનાથી મારે કશું જ ખાનગી નથી. બોલો, શો વિચાર કર્યો છે?

રશ્મિ : તું ખુશ થાય એવો.

અલકા : એટલે હા કહેવા આવ્યા છો?

રશ્મિ : હા; તારી અનુકૂળતાએ વહેલામાં વહેલી તકે એ કામ પતાવી દેવાનું. માત્ર શરત એટલી કે...(બંસરીને) બેન, તમે થોડીવાર...

બંસરી : ભલે, પણ વચ્ચે એક વાત પૂછું?

રશ્મિ : શું?

બંસરી : આપનું નામ રામજીભાઈ?

રશ્મિ : ના; પણ કેમ પૂછવું પડ્યું?

બંસરી : તો તો કદાચ મારી ભૂલ થતી હશે, પણ તમારું નામ ચોક્કસ રામજીભાઈ નથી?

રશ્મિ : ના, એમ તો કેમ કહેવાય? મારી કોઇ ગમાર ફોઇએ મારું નામ રામજી પાડ્યું હતું; પણ ઘણાં વર્ષથી હવે રશ્મિકાન્તના નામ-થી જ બધા મને ઓળખે છે.

બંસરી : તમે શેઠ મોતીલાલ ગર્લ્સ હાઈ-સ્કૂલમાં મ્યૂઝિક ને ડાન્સિંગના ટીચર હતા?

રશ્મિ : હું?...હા, હતો; પણ એ તો બધી જમાનાજૂની વાતો થઈ.

બંસરી : તમે તે વખતે...

રશ્મિ : (વચ્ચે) તો અલકા, આપણી મુખ્ય વાત; પણ આ...

અલકા : એનો વાંધો નથી; ભલે બેઠી. બોલો, શી શરત છે?

રશ્મિ : વાત એમ છે અલકા, કે લગ્ન તો તું કહે ત્યારે આપણે કરીએ; પણ જો કવિતા-ના ક્ષેત્રમાં આપણે બંનેએ સારી પ્રગતિ કરવી હોય તો શરૂઆતનાં બેત્રણ વર્ષ ઘરનો આ-ર્થિક બોજો તારે ઉઠાવી લેવો જોઇએ. તો જ હું આ બધાં ટ્યૂશનોનાં લફરાં છોડી મારો સર્વ સમય કવિતા પાછળ આપી શકું.

અલકા : ભલે, મને મંજૂર છે; પણ તે પહેલાં,

બંસરી, પેલું કટિંગ લાવ તો...

રશ્મિ : શાનું કટિંગ છે? તારી કોઈ નવી કવિતા છપાઈ છે? નવોદિત કવયિત્રી તરીકે તારી કીર્તિ હવે ચોમેર પ્રસરતી જાય છે.

અલકા : (રોષમાં) કીર્તિ કે અપકીર્તિ?

બંસરી : લો, વાંચો આ : 'અલકા દેસાઈએ કરેલી કવિતાની ચોરી'—ટાગોર, પ્રીતમદાસ અને કીટસમાંથી.

રશ્મિ : ખોટી વાત, તદ્દન ખોટી વાત.

બંસરી : ખોટી નથી; વાંચો બરાબર.

રશ્મિ : એમાં વાંચવું'તું શું?

અલકા : કેમ?

રશ્મિ : કારણ કે બધા જ કવિઓ ચોર છે.

બંસરી : બધા?

રશ્મિ : હા; કાલિદાસ ને શેક્સપીઅરથી માંડીને હિમાંશુ ઝવેરી અને અલકા દેસાઈ સુધીનાં બધાં જ.

અલકા : તો પછી તમે પણ ખરા ને?

રશ્મિ : શા માટે નહિ?

બંસરી : પણ કોઈ ભાવની ચોરી કરે, કોઈ વિચારની ચોરી કરે; તમે તો શબ્દોની પણ...

રશ્મિ : મારે મન શબ્દનું કંઈ જ મહત્ત્વ નથી.

બંસરી : હવે તો ખાતરી થઇ ગઈ, રામજીભાઈ, કે તમારે મન કોઇ વસ્તુનું મૂલ્ય નથી. બોલો, તમે મોતીલાલ ગર્લ્સ હાઇસ્કૂલમાં શિક્ષક હતા, ત્યારે લલિતા નામની છોકરી સાથે નાસી ગએલા, એ વાત સાચી?

રશ્મિ : શટ અપ! વધારે બોલી છે તો તારી ફજેતી કરતાં મને પણ આવડે છે.

બંસરી : (ઉગ્ર થઇને) એય હરામખોર, જાય છે કે નહિ! નહિ તો મોઢા પર આ ચંપલ પડશે (ચંપલ કાઢતાં) અને ફરવા આવેલા આ બધા લોકોમાં તારી ફજેતી કરીશ તે જુદી. આ નથી તારી લલિતા, સમજ્યો ને!

રશ્મિ : (જતાં જતાં) યાદ રાખજે, કોક દિવસ તને પણ દાવમાં લઈશ. (જાય છે)

અલકા : બસ, બંસરી. હવે ન બોલવામાં સાર છે. અહીંથી ટળ્યો એટલે બસ.

બંસરી : આવા લફંગા માણસના હાથમાં તું ક્યાંથી સપડાઇ?

અલકા : એ જ મારી પાસે આવ્યો હતો, અને હું ભોળી તે ભોળવાઈ ગઇ.

બંસરી : એટલી બધી એની સાથે લગ્ન કરવા તૈયાર થઈ ગઇ હતી! આવા સંબંધ બાંધતાં પહેલાં સ્ત્રીએ પૂરી પરીક્ષા કરવી જોઇએ.

અલકા : ઉપકાર માનું તારો કે તેં મને સમયસર બચાવી લીધી.

બંસરી : મારો નહિ, પેલા હીરાલાલ ચાડિયાનો ઉપકાર માન. એણે તને બચાવી લીધી. આભારનો એક કાગળ લખજે એને હવે.

પ્રવેશ ત્રીજો

સ્થળ : એ જ

સમય - બીજા પ્રવેશ પછી લગભગ એક વર્ષનો.

બંસરી : અલકા, અત્યારે આવતાં રસ્તામાં મેં હિમાંશુને જોયો. પહેલાં કરતાં તો સાવ બદલાઈ ગએલો લાગે છે.

અલકા : હા, કારણ કે એના બાપે પૈસા ગુમાવ્યા.

બંસરી : પહેલાં તો ઊંચામાં ઊંચી જાતનાં શાર્કસ્કીન અને નાયલોનનાં ભપકાદાર કપડાં પહેરતો...

અલકા : અને હવે ગાંધીજીનો ભગત થયો હોય એમ સસ્તામાં સસ્તી ખાદી પહેરે છે.

બંસરી : પણ ગરીબ થઈ ગયો હોય તો માથેરાન ફરવા ક્યાંથી આવે?

અલકા : એના કોઇ દોસ્ત સાથે આવ્યો છે.

બંસરી : એમ?

અલકા : હા, એનો બંગલો તો વેચાઇ ગયો.

બંસરી : હશે; પણ મને લાગે છે કે એના આટલા બધા પરિવર્તનનું કારણ ગરીબી ઉપરાંત કંઇ બીજું પણ હોય...

અલકા : બીજું તો રશ્મિકાન્તે એને બદનામ કર્યો તે.

બંસરી : અને તેં એને તરછોડી દીધો તે પણ કેમ ન હોય? અલકા, હજુ પણ મને લાગે છે કે તેં હિમાંશુને ભારે અન્યાય કર્યો છે.

અલકા : તારું ચાલ્યું હોત તો તેં મને હિમાંશુ સાથે પરણાવી પણ દીધી હોત!

બંસરી : અને તેમાં કશું ખોટું ન થયું હોત.

અલકા : એ તારો ભ્રમ છે. જોયું નહિ, એ કેવો ખોટા રૂપિયા જેવો નીકળ્યો?

બંસરી : ને રશ્મિ સાચો રૂપિયો નીકળ્યો?

અલકા : એ બેની સરખામણી ક્યાં થાય? એમ તો હિમાંશુ નિખાલસ છોકરો છે, પણ એ કવિ નથી માટે જ મને ગમતો નથી.

બંસરી : એ સિવાય તને બીજો કૈં વાંધો નથી?

અલકા : ના; ઊલટાનું, પહેલાં તો તેની સાથે બોલતી યે નહોતી. હવે તો હું એને સારી રીતે બોલાવું છું પણ ખરી.

બંસરી : તો પછી મારી સલાહ માની હિમાંશુને પરણી જા. કવિઓ બધા કંઈ તારે માટે કુંવારા બેસી રહેવાના નથી.

અલકા : પણ મારે એને તો પરણવું નથી.

બંસરી : કેમ? હવે વળી કોઈ ત્રીજા કવિના મોહમાં પડી છે?

અલકા : હા.

બંસરી : કોણ?

અલકા : હીરાલાલ ચાડિયા.

બંસરી : હીરાલાલ ચાડિયા? એ વળી ક્યારથી કવિતડાં કરતો થયો?

અલકા : તું સામયિકો વાંચે નહિ એટલે તને શી ખબર? આ એક વર્ષમાં જ એની એટલી સરસ કવિતાઓ છપાઈ છે કે સાહિત્ય સંસદે એને વર્ષની શ્રેષ્ઠ કવિતા માટે ચન્દ્રક આપવાનું ઠરાવ્યું છે.

બંસરી : પણ એ શું જુવાન છે?

અલકા : ત્યારે તું શું એને ડોસો ધારે છે?

બંસરી : એના નામ પરથી તો એ કોઇ મોટી ઉંમરનો હોય એમ લાગે છે.

અલકા : મને પણ એમ જ લાગ્યું હતું, ને એટલા માટે મેં એને 'મુરબ્બીશ્રી હીરાલાલભાઇ' એવું સંબોધન કરીને કાગળ લખ્યો હતો.

બંસરી : તારી કવિતા-ચોરી ઉઘાડી પાડી ત્યારની વાત છે?

અલકા : હા.

બંસરી : ત્યારે એમ કહે ને, પત્રવ્યવહાર કરતાં કરતાં તમે બને પ્રેમમાં પડી ગયાં.

અલકા : ના, એમ નથી.

બંસરી : તો?

અલકા : વસ્તુતઃ એણે મારા પત્રનો જવાબ જ નથી આપ્યો.

બંસરી : પત્ર લખવામાં સમય બરબાદ કરવાને બદલે એ પોતે જ સીધો તને મળવા આવ્યો હશે.

અલકા : ના, એમ પણ નથી. હું એને હજુ મળી જ નથી.

બસરી : તો પછી શી રીતે તેં જાણ્યું કે એ જુવાન છે?

અલકા : એની કવિતા પરથી.

બંસરી : અરે પણ ગાંડી, કવિઓ તો ઘણી વાર જુવાનીમાં લખેલાં કાવ્યો વૃદ્ધાવસ્થામાં છપાવે છે.

અલકા : ના, આ તો હમણાં જ લખાયાં હોય એવાં લાગે છે.

બંસરી : એમ હોય તો એ પણ જુવાન જ છે એમ શી રીતે માની લેવાય? કેટલીક વાર તો કવિઓને વૃદ્ધાવસ્થામાં જ ઇશ્કની વધારે વાતો લખવાનું ગમતું હોય છે. અને ઘણી વાર તો પરણેલા હોવા છતાં કોઈ ભાવિ પ્રિયતમાનો તલસાટ અનુભવી રહ્યા હોય એવું વર્ણન કરતા હોય છે.

અલકા : પણ હીરાલાલ ચાડિયાની બાબતમાં એવું નથી.

બંસરી : એમ શા પરથી કહે છે?

અલકા : કહ્યું ને, એની કવિતા પરથી. કવિની કવિતા જ કવિ વિષે બધું કહી દે છે; કારણ કે કવિતા જીવનનું સાચું પ્રતિબિમ્બ છે.

બંસરી: એ જ તારી ભૂલ છે. કવિતા પ્રમાણે જો કવિનું જીવન આપણે જોવા જઇએ તો ઘણુંખરું નિરાશ જ થવું પડે. વીર રસની કવિતા લખનાર કવિ પોતાના ઘરમાં બુઠ્ઠા ચપ્પુ વડે શાક સમારતાં પણ ગભરાતો હોય છે. ઉદારતા, સહિષ્ણુતા, પત્નીપ્રેમ ને સ્ત્રીમહિમાની કવિતા લખનાર કવિ પોતાના અંગત જીવનમાં સ્વાર્થી, ચીડિયા, રોજ બૈરી સાથે ઝગડનારો ને મારફૂટ કરનારો હોય છે.

અલકા: એટલે, તારે કહેવું છે શું?

બંસરી: એ જ કે જે કવિને તેં જોયો નથી, એ કુંવારો છે કે પરણેલો છે એ પણ તું જાણતી નથી, અને જો એ કુંવારો હોય તો પણ તને સ્વીકારશે કે નહિ......

અલકા: શું કામ ન સ્વીકારે?

બંસરી: શા માટે સ્વીકારે?

અલકા: કારણ કે મારી પાસે સૌન્દર્ય છે અને શ્રીમંતાઈ છે. કવિતાની પ્રેરણા માટે સૌન્દર્ય, ને આર્થિક ઉપાધિમાંથી મુક્ત થવા માટે શ્રીમંતાઈ–આ બે સિવાય કવિને ત્રીજી શાની જરૂર હોય છે?

બંસરી: એ જ તારો ભ્રમ છે. દરેકે દરેક કવિને કંઈ રૂપાળી બૈરી ને પુષ્કળ પૈસો મળતાં નથી હોતાં. જો આ બે હોય તો જ કવિની કવિતા ખીલી શકે એમ હોત તો તો દુનિયાના ઘણા કવિઓની કવિતા જ ન લખાઇ હોત. વસ્તુતઃ એ બે સહેલાઇથી નથી મળતાં માટે જ કવિઓ કવિતા લખી એની કાલ્પનિક સૃષ્ટિમાં રાચે છે.

અલકા: તું ગમે તેટલી દલીલ કરે, પણ એક વાત સાચી કે હીરાલાલચાડિયાની કવિતા મારા હૃદયમાં ખૂબ વસી ગઇ છે. એની કવિતા વાંચતાં જ જાણે મેં મારું હૃદય એને સોંપી દીધું હોય એમ લાગે છે.

બંસરી: તારી આ દૃષ્ટિ જ ખોટી છે. ધાર કે હીરાલાલ ચાડિયા સાથે તેં લગ્ન કર્યાં અને એ પછી તને બીજા કોઇ કવિની કવિતા ખૂબ ગમી ગઇ, તો? તો શું તું હીરાલાલ ચાડિયાને છોડી બીજા કવિને પરણવા નીકળીશ? એનો અંત ક્યાં આવશે?

અલકા: આ તો લગ્ન નથી કર્યાં ત્યાં સુધીની જ વાત છે. લગ્ન પછી બીજા કવિની કવિતા વધારે ગમે જ શાની?

બંસરી: એટલે? તારે કવિની પત્ની બનવું છે અને બીજા કવિ અને એમની કવિતાનો અનાદર કરવો છે? આનો અર્થ તો એ કે તું કવિતા પ્રત્યેના શુદ્ધ પ્રેમથી નહિ, પણ કવિની પત્ની તરીકે તારી ખ્યાતિ ફેલાય એટલા માટે જ કવિને પરણવા માગે છે. જો અલકા, મારું માને તો આ તારું ગાંડપણ છોડી દે.

અલકા: કોઈ વેપારી કે સરકારી અમલદારને પરણવું હોત તો મારા પપ્પાએ મને ક્યારની પરણાવી દીધી હોત; પણ સાહિત્યના ક્ષેત્રમાં અને કવિસંમેલનોમાં જાહેરમાં પણ કવિઓની જે વાહવાહ બોલાય છે અને ચારે બાજુ એમની જે કીર્તિ પ્રસરે છે એ જોઇને બસ મને એમ જ થયું છે કે મારે પરણવું તો કોઈ કવિને જ.

બંસરી: અને એમાં તને કેવા કેવા અનુભવ થયા તે તું જાણે છે, અને હજુ હીરાલાલ ચાડિયા તરફથી તને કેવો અનુભવ થશે એની ખબર નથી. તું આમ વાતવાતમાં કવિઓના પ્રેમમાં પડી જાય છે એમ કોઇ જાણે તો તને તદ્દન મૂર્ખ અને અવ્યવહારુ જ ગણે.

અલકા: બસ, હવે બંસરી. આજ તું જાણે મારી પાછળ જ પડી છે. તને હિમાંશુએ તો પોતાના તરફથી સમજાવવાનું નથી કહ્યુંને?

બંસરી: તારા સમ, જો મને એણે કંઈ પણ કહ્યું હોય તો. હું તો મને જે સાચું લાગ્યું તે કહું છું. તેમ છતાં તારે જે કરવું હોય તે કરજે. હિમાંશુ, રશ્મિકાન્ત, હીરાલાલ ચાડિયા... એમ જ્યાં સુધી તારે બધાના અનુભવો કરવા હોય ત્યાં સુધી કરજે.

અલકા: જા જા; એમ શું બોલે છે? હું તને ખાતરીપૂર્વક કહું છું કે જો હીરાલાલ ચાડિયા મને ના પાડશે તો પછી કોઇ પણ કવિનું મોઢું જોવું કે એની કવિતા વાંચવી મારે હરામ! કવિતા વાંચું તો કવિના પ્રેમમાં પડુંને?

બંસરી: તું બસ, એકસ્ટ્રીમીટીઝ પર જ દોડાદોડ કરે છે. લગ્ન જેવી ગભીર બાબતમાં એ ન ચાલે...પણ કહે, હીરાલાલ ચાડિયાને મળવાનું તેં કેવી રીતે વિચાર્યું છે?

અલકા: મેં કશું જ વિચાર્યું નથી.

બંસરી: એ ક્યાં રહે છે? તું એને તારે ઘેર બોલાવીશ, કે તું એને ઘરે મળવા જઈશ કે અહીં માથેરાનમાં મળવા એને કહીશ.

અલકા: એની મને કંઈ જ ખબર નથી.

બંસરી: અલકા, હવે તો હદ થાય છે.

અલકા: હદ ન થાય એ માટે તો હું તારી સલાહ માગું છું.

બંસરી: મારે તને કંઈ જ સલાહ નથી આપવી. તું સલાહથી પર છે.

અલકા: સારું, ચાલ; જવા દે એ વાતને જ. કંઈ બીજી વાત કર.

બંસરી: છેલ્લું તેં કયું સારું પિકચર જોયું?

અલકા: એક વર્ષથી સિનેમા જ નથી જોયું.

બંસરી: તો તું આખો વખત કરે છે શું?

અલકા: નવાંનવાં માસિકો મંગાવી કવિતા વાંચું છું, કવિ-સંમેલનોમાં જાઉં છું, રેડિયો પરના કવિ-સંમેલનના કાર્યક્રમો સાંભળું છું.

બંસરી: એટલે વાત બદલીને ય ફરી પાછાં આપણે કવિતાની વાત પર જ આવ્યાં.

અલકા: તે સારું જ થયું. જો હું તને એક વાત કરવાની ભૂલી ગઈ.

બંસરી: શાની?

અલકા: એક નવોદિત કવયિત્રીની! બંસરી, તું પેલી દેવયાનીને ઓળખે?

બંસરી: રશ્મિ જેને ટ્યૂશન આપે છે તે?

અલકા: હા; એની સ્કૂલનું મૅગેઝીન મારા હાથમાં આવ્યું. એમાં દેવયાનીના નામની ત્રણ કવિતા છપાએલી છે ને એના પ્રિન્સિપાલે નોંધ લખી છે કે દસમા ધોરણમાં જ આટલી ઉચ્ચ કવિત્વશક્તિ બતાવનાર દેવયાની તેજસ્વી કવયિત્રી થવાની આશા આપે છે.

બંસરી: તો તો એ કવિતા રશ્મિએ જ લખી આપી હોવી જોઇએ.

અલકા: 'હોવી જોઇએ' નહિ, 'છે જ'. દેવયાનીને નામે છપાએલી એ ત્રણે કવિતા રશ્મિ મારે નામે છપાવવાનો હતો. એણે એ મને વંચાવી પણ હતી.

બંસરી: રશ્મિ આમ બધાંને ફસાવતો જ ફરતો લાગે છે. એણે લલિતાને ફસાવી, હિમાંશુને ફસાવ્યો, તને ફસાવી ને હવે દેવયાનીનો વારો આવ્યો છે?

અલકા: આટલાંની તો આપણને ખબર છે. બીજાં કેટલાંને ફસાવ્યાં હશે, કોણ જાણે?

બંસરી: પણ લોકો ફસાતાં કેમ હશે?

અલકા: મફતિયા કીર્તિ માટેની ઝંખના! ને રશ્મિ તો ઘણો વાચાળ છે. એના સંપર્કમાં આવનાર કોઈ પણ એનાથી અંજાઈ જાય છે.

બંસરી: એનો ધંધો જ શ્રીમંતોનાં છોકરાંઓને ભોળવી પૈસા કઢાવવાનો લાગે છે.

અલકા: એક મારફત બીજાનું ને બીજા મારફત ત્રીજાનું ટ્યૂશન મેળવીને, બસ, શ્રીમંતોનાં ઘરમાં એ ઘૂસતો જ હોય છે.

બંસરી: અને પાછું એને મ્યૂઝિક, ડાન્સિગ, ચિત્રકલા, કવિતા–બધું જ આવડે!

અલકા: પણ તને ખબર છે? દેવયાનીની એક બહેનપણી દર્પણા મુંબાઈમાં રહે છે. કરોડપતિ પાર્ટી. એ દર્પણાએ રશ્મિકાન્તનું ડાન્સિગ માટે ટ્યૂશન રાખ્યું, એની મમ્મીએ મ્યુઝિક માટે રાખ્યું, ને એના પપ્પા એની પાસે ભાષણો લખાવડાવે. આમ એ બધાં સાથે એને હિલ સ્ટેશનોમાં ફરવા મળે.

બંસરી: માટે જ વારંવાર માથેરાન આવે છે.

અલકા: હા, પણ આ વખતે એ માથેરાનને બદલે બીજે ક્યાંક ગયો લાગે છે. મેં તો

એને ઘણા વખતથી મુંબઇમાં પણ કોઈ કવિ-સંમેલનમાં કે ગરબા-રાસહરીફાઇમાં નજોયો.

બંસરી : કોઈ લાંબી ટૂર પર ઊપડયો હશે. અથવા કોઈ નાના છોકરાના ટ્યૂટર તરીકે ઇંગ્લંડ, અમેરિકા પણ ગયો હોય. આવા માણસને તો પૂરેપૂરો એક્સપોઝ કરવો જોઇએ.

અલકા : મને પણ એમ લાગે છે.

બંસરી : માટે જ, હીરાલાલ ચાડિયાની જેમ તું પણ દેવયાનીની કવિતા-ચોરી માટે એક લેખ—નહિ તો ચર્ચાપત્ર લખ.

અલકા : પણ એ માટે તો પુષ્કળ અભ્યાસ જોઇએ. કયાંથી ચોરી કરી છે એ પકડી પાડવા માટે બીજા મહાન કવિઓની કવિતાઓ પણ વાંચેલી હોવી જોઈએ ને? હીરાલાલ ચાડિયા જેટલી કવિતા મેં નથી વાંચી.

બંસરી : તો આપણે હીરાલાલ ચાડિયાને કહીએ, દેવયાનીની કવિતા-ચોરી ખુલ્લી પાડે.

અલકા : હા, પણ એનો સંપર્ક કયાં સાધવો? એ કયાં રહે છે એની યે ખબર નથી, ને 'નવયુગ'ના તંત્રી મારફત મેં એને પત્ર લખેલો, એનો યે કંઈ જવાબ નથી.

બંસરી : તો પછી?...અરે જો, પેલો હિમાંશુ જાય. આપણે બોલાવીએ એને.

અલકા : જવા દેને; એ આવશે એટલે સાથે એનો દોસ્તાર પણ આવશે; ને પછી કોણ છે, ને શું છે, એની લપ્પનછપ્પન થશે.

બંસરી : બોલાવવા દે, બોલાવવા દે. કદાચ હીરાલાલ ચાડિયાની એને ખબર હોય!

અલકા : એ અરસિક માણસને હશે ?

બંસરી : નહિ હોય તો કંઈ નહિ. બોલાવવામાં શું જાય છે? કદાચ દેવયાનીની કવિતા વિશે એ જાણે છે કે નહિ એ પણ ખબર પડશે. (મોટેથી)...હિ...માં...શુ...જરા એક મિનિટ (થોડી વારે હિમાંશુ પ્રવેશે છે.)

બંસરી : કેમ હિમાંશુ, ઓળખી મને?

હિમાંશુ : તમને ન ઓળખું? કેમ અલકા?

અલકા : મઝામાં.

બંસરી : (હસતાં) ને આ મારી બહેનપણી અલકાને તો તમે સારીરીતે ઓળખતા હશો!

હિમાંશુ : હા, યાદ રહી જાય એ રીતે; પણ હવે ભૂલવાનો પ્રયત્ન કરું છું.

બંસરી : પણ તેમાં તમે સફળ નહિ થાઓ.

હિમાંશુ : ખરી વાત છે; ઘણું અઘરું છે.

બંસરી : રશ્મિકાન્તે એને છેતરી એમાં આપણા બધા સંબંધો બગડી ગયા.

હિમાંશુ : આપણે બચી ગયા એ જ ભાગ્ય.

બંસરી : એ રશ્મિ શું કરે છે હવે?

હિમાંશુ : તમને ખબર નથી લાગતી. રોજ આમથી તેમ દોડાદોડી કરવામાંથી ને બધાંને ફસાવવાની કુપ્રવૃત્તિમાંથી બીચારો હવે મુક્ત થયો છે; પણ તમારે કેમ યાદ કરવો પડયો? કંઈ પૈસા આપવા-લેવાના બાકી છે?

બંસરી : ના; પણ તમે પેલી દેવયાનીને ઓળખો છો ને?

હિમાંશુ : હા, જે હવે તો મોટી કવયિત્રી થઈ ગઇ છે.

બંસરી : એને નામે પ્રગટ થએલી કવિતા રશ્મિકાન્તે જ લખી આપી છે. કેમ, ખરુંને અલકા? કેમ તું કંઈ બોલતી નથી?

અલકા : હા, એ રશ્મિકાન્તે જ લખેલી છે, અને તે પણ એણે કયાંકથી ચોરેલી છે.

હિમાંશુ : તો જેમ હીરાલાલ ચાડિયાએ તારી અને મારી કવિતા-ચોરી ખુલ્લી પાડી તેમ તું દેવયાનીની કવિતા-ચોરી ખુલ્લી પાડ.

બંસરી : અમારો આશય તો દેવયાની કરતાં રશ્મિને એક્સપોઝ કરવાનો છે.

હિમાંશુ : એની હવે જરૂર નથી, કારણ કે રશ્મિ હવે કોઈને ફસાવી શકવાનો નથી.

અલકા : કારણ?

હિમાંશુ : એને જનમટીપની સજા થઈ છે.

અલકા-બંસરી : (સાશ્ચર્ય) જનમટીપની?

હિમાંશુ : હા, કારણ કે દર્પણા નામની કોઈ છોકરીને અટકચાળું કરવા જતાં એના બાપે એને પકડાવ્યો અને પછી ભૂતકાળની ઘટનાઓ નીકળતાં એણે પોતાની પત્નીનું ખૂન કર્યું છે એવું પુરવાર થયું. છાપાંમાં પણ આવ્યું હતુ, છતાં તમને ખબર નથી એ નવાઈ જેવું છે.

બંસરી : કોનું લલિતાનું ખૂન?

હિમાંશુ : ના, લલિતા તો એને છોડીને ભાગી ગઇ હતી; પણ એ પહેલાંની પત્ની શાન્તાનું એણે ખૂન કર્યું હતું, કારણ કે એને લલિતાને લઈને નાસી જવું હતું. વારુ... ચાલો, હું હવે જઈશ. મારો મિત્ર બહુ અધીરિયો છે. પાછો બૂમ પાડશે.

બંસરી : ભલે; પણ આ હીરાલાલ ચાડિયા કોણ છે? તમે ઓળખો છો એને?

હિમાંશુ : હા; કોઈ નવો કવિ છે. વિવેચન કરતાં કરતાં હવે કવિતા તરફ વળ્યો છે.

અલકા : એ કયાં રહે છે?

હિમાંશુ : મુંબઇમાં જ.

અલકા : મુંબઇમાં જ? કોઇ કવિ-સંમેલનમાં તો એને જોયો નથી.

હિમાંશુ : કવિ-સંમેલનવાળા નહિ બોલાવતા હોય એને. એમાં પણ કયાં ઓછી પક્ષાપક્ષી હોય છે!

અલકા : તને એની કવિતા કેવી લાગી?

હિમાંશુ : ઠી...ક. મને લાગે છે કે આના કરતાં પણ ઘણી સારી કવિતા લખી શકાય.

અલકા : જે લખી છે તે પણ મને તો ઘણી જ સારી લાગી છે.

હિમાંશુ : કોને ખબર છે, આપણી જેમ એણે પણ નહિ ચોરેલી હોય!

અલકા : ના; ચોરેલી તો ન જ હોય. સાહિત્યસંસદના મોટા મોટા વિદ્વાનો વગર જોયે એની કવિતા માટે ચન્દ્રક ન આપે. ખરેખર, એની કવિતાએ મારું તો દિલ જીતી લીધું છે.

બંસરી : પણ હું એમ પૂછું, એ જુવાન છે?

હિમાંશુ : (હસતાં) કેમ એમ પૂછવું પડયુ? શું અલકાને માટે...? માફ કરજો, પણ...

અલકા : ના, ના.

બંસરી : ના ના, શું? ચોખ્ખી વાત કરને. છાશ લેવા જવું ને પાછી દોણી સંતાડવી?

હિમાંશુ : અલકાને કોઈ કવિ સાથે પરણવું છે એ કયાં મારાથી અજાણ્યું છે?

બંસરી : મારી તો ચોખ્ખી સલાહ છે કે એણે કવિને પરણવાનો મોહ છોડી દેવો જોઈએ.

હિમાંશુ : અને હીરાલાલ ચાડિયા, હું નથી માનતો કે, અલકાને હા પાડે.

અલકા : તને એમ કેમ લાગ્યું?

હિમાંશુ : એની કવિતા પરથી. કવિ ઘણો ધૂની અને તરંગી લાગે છે.

બહારથી અવાજ : એઈ હીરાલાલ ...ચાલ, ચાલ હવે. બહુ વાર થઈ...

અલકા : પેલા તમારા મિત્ર શું તમને જ બોલાવે છે?

હિમાંશુ : હા, મને. ચાલો, હું હવે જઈશ.

બંસરી : પણ એણે તમને હીરાલાલના નામથી કેમ બૂમ પાડી?

હિમાંશુ : મારું ખરું નામ હીરાલાલ જ છે. હીરાલાલ ચાડિયા.

અલકા : (સાશ્ચર્ય) તું પોતે જ હીરાલાલ ચાડિયા છે?

બંસરી : ખરેખર?

હિમાંશુ : હા; તારી કવિતા-ચોરી ખુલ્લી પાડી તે માટે મને માફ કરજે. મારો આશય તને રશ્મિના ફંદામાંથી બચાવી લેવાનો જ હતો.

અલકા : ખરેખર? તારો ઉપકાર ન ભુલાય એવો છે.

બંસરી : પણ તમારે આવું નામ બદલવાની શી જરૂર?

અલકા : કેટલું ખરાબ નામ છે? લોકો ખરાબ નામ બદલી સારું નામ રાખે, ત્યારે તેં સારું નામ છોડી આવું નામ કેમ રાખ્યું?

હિમાંશુ : કારણ કે મેં દંભને જીવનમાંથી તિલાંજલિ આપી છે. મારું મૂળ નામ હીરા-

લાલ હતું, અને ઘણાં વર્ષો પહેલાં અમારા કુટુંબનું નામ ચાડિયા પડી ગયું હતું. એ છોડીને મેં મારું નામ હિમાંશુ ઝવેરી રાખ્યું; પણ મારે કહેવું જોઈએ કે ઝવેરી તરીકે મને હીરામાણેક તો શું પણ પથરો પારખતાં ય નથી આવડતું.

અલકા : પણ તેં એક વર્ષમાં જ ચન્દ્રક મેળવ્યો એ ઘણી સારી પ્રગતિ કહેવાય. કવિતાની આટલી બધી પ્રેરણા તને ક્યાંથી મળી?

હિમાંશુ : તારી પાસેથી.

અલકા : મારી પાસેથી?

હિમાંશુ : હા, તેં મને તરછોડીને કવિતા લખતો કરી દીધો!

બંસરી : જે થયું તે સારું થયું. એથી એકંદરે લાભ જ થયો છે.

અલકા : હિમાંશુ, મને માફ કરજે, મેં તને બહુ સારી રીતે ટ્રીટ ન કર્યો તે માટે.

હિમાંશુ : એમાં તારો કંઇ દોષ નહોતો.

ફરી બહારથી અવાજ: હી...રા...લા...લ

બંસરી : હવે જુઓ હિમાંશુ, તમે જાઓ તે પહેલાં વાત કરી લઉં. અલકા કદાચ સંકોચને લીધે બોલતી નથી, પણ હું તમને કહું છું. હું અલકાને વારંવાર કહેતી હતી તમારી સાથે સમાધાન કરી લેવા માટે; અને હવે તો એને જે જોઇતું હતું તે મળી ગયું.

હિમાંશુ : નથી મળ્યું, બંસરીબેન! અલકા મને સ્વીકારવા ભલે તૈયાર હોય, પણ હું અલકાને સ્વીકારવા તૈયાર નથી.

બંસરી : કારણ?

હિમાંશુ : કારણ? એક તો એ કે અલકાની કવિને જ પરણવાની સંકુચિત અને કાચી, તરંગી દૃષ્ટિ મને ગમતી નથી; અને બીજું એ કે અલકાએ મને તરછોડીને કવિતા લખતો કરી દીધો છે. એને પરણીને હવે મારે મારી કવિતા ગુમાવવી નથી.

બંસરી : તો મારે કહેવું જોઇશે કે અલકાની જેમ તમે પણ કાચી દૃષ્ટિ ધરાવો છો.

હિમાંશુ : એ જે હોય તે. ચાલો, અત્યારે તો હું જાઉં છું. આવજો. (જાય છે.)

બંસરી : કેમ અલકા, મૂગી થઈ ગઈ હતી?

અલકા : તેં અને હિમાંશુએ મારે માટે બોલવા જેવું શું રહેવા દીધું છે?

બંસરી : એમ સાવ નિરાશ ન થઈ જા. હિમાંશુને સમજાવવાની જવાબદારી હું લઉં છું, બસ? ચાલ, આપણે પણ હવે જઈએ. (બંને જાય છે.)*

---

*નાટિકા ભજવવા માટે લેખકની પરવાનગી (સેંટ ઝેવિયર્સ કૉલેજ, મુંબઈના સરનામેથી મેળવવી આવશ્યક છે.)

સાહિત્યસંપર્ક

ગૂર્જર ગ્રન્થરત્ન કાર્યાલયનાં

રૂપા અને બીજાં ત્રણ: 'કુમાર'ના પરિચિત લેખક શ્રી દામુભાઇ શુક્લનું પ્રથમ પંચાંકી ટૂંકું નાટક અને બીજાં ત્રણ એકાંકીઓ. લેખકના નાટ્યકાર-સ્વરૂપનો પરિચય કરાવતાં શ્રી યશવંત શુક્લ 'પુરોવચન'માં કહે છે: 'શ્રી દામુભાઈનું નાટ્યાત્મક સંવાદો યોજવાનું કૌશલ નાટ્યાત્મક સંઘર્ષને માનસિક ભૂમિકાએ જીવતો રાખીને રસિક બૌદ્ધિક વાતાવરણ ખડું કરે છે. રંગભૂમિ ઉપર આ નાટક ભજવાય ત્યારે બૌદ્ધિક ચર્ચામાં પ્રવૃત્ત પણ અન્યથા નિષ્ક્રિય એવી પાત્રસૃષ્ટિ સુરેખ સંવાદોની યોજનાથી જ જીવતી લાગવાની. નાટ્યલેખકમાં લોકશિક્ષક તો વસતો જ હોય છે, પણ આ નાટક તો લેખકે સંપ્રજ્ઞાતપણે શિક્ષણ આપવા માટે જ લખ્યું છે.' કિંમત: રૂ. ૨-૨૫.

સોનાની હાંસડી રૂપાની હાંસડી: પ્રસિદ્ધ યુવાન નાટ્યકાર શ્રી શિવકુમાર જોષીનો ત્રીજો એકાંકીસંગ્રહ, જેમાંનાં આઠ એકાંકીઓ પૈકીનું એક નટીશૂન્ય અને ત્રણ નટશૂન્ય છે. કિંમત: રૂ. ૪-૦૦.

રક્તરાગ: ભારતીય સનદી નોકરીના એક ઉચ્ચપદાધિકારી અને બંગાળના સંમાનિત સાહિત્યકાર શ્રી દેવેશ દાસે, બીજા વિશ્વયુદ્ધ વખતે ભારત સરકારના ગૃહખાતામાં પોતે મહત્ત્વનો હોદ્દો ધરાવતા હતા એ વેળાએ મેળવેલા યુદ્ધજીવનના અતિનિકટના ને પ્રત્યક્ષ અનુભવના નિચોડ રૂપે લખેલી, આધુનિક યુદ્ધના પશ્ચાત્પટ પર આલેખાએલી, ભારતભરની ભાષાઓમાં તે પ્રકારની પ્રથમ નવલકથા, અનુવાદક: શ્રી રમણલાલ સોની, પ્રસ્તાવના: ડૉ. રાજેન્દ્રપ્રસાદ, લેખકના જીવનના તથા તેમણે પોતે કરાવેલા નવલકથાની ભૂમિકાના પરિચય સાથે, ૫-૦૦; **જય ભારતી** (ભાગ ૩): વિરાટ પાયા પર બંધાઇ રહેલા 'ભાખરા નાંગલ' બંધની અગત્ય સમજાવતી અને તેની પાછળ રેડાઈ રહેલા પુરુષાર્થની આસપાસ આપણા જાણીતા લેખક શ્રી ગુણવંતરાય આચાર્યે લખેલી, 'ભાખરા-નાંગલ'ના પરિચયની અનેકવિધ વિગતો સમાવતી વાર્તા, ૧-૫૦; **હે દરિયામાં દોટ:** એ જ લેખકની, બાળકોને રુચિકર ને પ્રેરક, દરિયાઈ સાહસ-વાર્તા, ૧-૫૦; **ઇતિહાસની તેજમૂર્તિઓ** (વિભાગ બીજો): પ્રસંગલક્ષી વાર્તાનો પણ એક પ્રકાર આપણા સાહિત્યમાં સારી પેઠે ખેડાયો છે. આપણા પીઢ સાહિત્યકાર શ્રી ધૂમકેતુએ અહીં તેવી ૩૩ ઐતિહાસિક વાર્તાઓ રજૂ કરી છે, તે એક યા બીજી રીતે જીવનનાં ઉદાત્ત પાસાંઓને સ્પર્શે છે ને ભાવકને બોધક તેમજ પ્રેરક બની રહે છે. ૩-૦૦.

રૂપં પ્રથમમ: જાણીતા કવિ-વાર્તાકાર શ્રી દુર્ગેશ શુક્લે અંગ્રેજી પ્રહસન 'ધ લિટલ ડૉગ લાઈફ'નું કરેલું રૂપાંતર, ત્રિઅંકી પ્રહસન, ૧-૫૦; **રતનપોથી:** બંગાળી બાલસાહિત્યમાં વખણાએલી, અને લોકપ્રિય બનેલી શ્રી પ્રબોધરંજન સેનની લખેલી લાંબી બાળવાર્તા 'ચોરેર મેયે'નો, જાણીતા બાલસાહિત્યલેખક શ્રી રમણલાલ સોનીએ કરેલો અનુવાદ, ૧-૨૫; **બાપુજીના જીવનમાં પ્રેમ અને શ્રદ્ધાનાં** દર્શન કરાવતા, શ્રી મનુબહેન ગાંધીએ સરળ તેમજ હૃદયસ્પર્શી શૈલીમાં આલેખેલા, પ્રેરક પ્રસંગો, ૦-૫૦; **જાતકકથાઓ:** ભગવાન બુદ્ધના પૂર્વાવતારની, ઉદાત્ત જીવનબોધ કરાવતી, સરળ ને રોચક શૈલીમાં લખાએલી કથાઓ, લેખક: શ્રી ધૂમકેતુ, ૧-૨૫; **એક પોપટની યાત્રા:** પ્રસિદ્ધ નૃત્યકાર શ્રીમતી મૃણાલિની સારાભાઇએ લખેલી રાષ્ટ્રીય ભાવના પ્રેરતી રોચક બાળવાર્તા, અનુવાદક: શ્રી શિવશંકર પ્રાણશંકર શુક્લ, ૦-૫૦; **વિજ્ઞાનવિનોદ:** વિજ્ઞાનના આવિષ્કારો પૈકીના થોડાનો શ્રી નવલકાન્ત નેમચંદ ભાવસારે સળંગ પ્રસંગકથા રૂપે કરાવેલો બાલસુલભ સરળ સચિત્ર પરિચય, ૦-૭૫; **જ્ઞાનગંગા:** જગતનાં પશુપંખી, પ્રાણી, સ્થળ, લોકો વગેરેની વિચિત્રતાઓ અને વિશિષ્ટતાઓ, ચિત્રો સાથે, સંગ્રાહક: શ્રી ભાનુપ્રસાદ મણિલાલ ભટ્ટ, ૦-૫૦.

સર્વના પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ.

તાંડવ: નવકવિ શ્રી તનસુખ ઓઝાના 'ભૂકંપ' અને 'પાયલ' પછીના આ ત્રીજા કાવ્યસંગ્રહમાં તેમની કવિતાની લાક્ષણિકતા છે—ભાવ અભિવ્યક્તિ ને ભાષા ત્રણેમાં ક્રાંતિકારી ફેરફાર કરવાની ઉત્કંઠા. આથી એમાં નાવીન્યની ચોટ અને સૂચકતા આવી છે, તો ઉતાવળા કથનથી આવતી અસંગતતા પણ છે. શબ્દોના ઉપયોગની યથાર્થતા, અભિવ્યક્તિનો સંયમ અને રીતિ તથા કથયિતવ્યની કાવ્યાહંતા, આ ગુણો તો જૂની કે નવી બંને પેઢીઓના કવિઓ પાસેથી એકસરખા અપેક્ષિત રહે છે. ઘણે ઠેકાણે જોડણી અશુદ્ધ છે અને છાપકામ અરુચિકર છે. પ્રકાશક: તનસુખ ઓઝા, પીપળાવાળી શેરી, ભાવનગર; રૂ. ૦-૫૦.

Shri Bhailalbhai Patel 70th Birth-Day Souvenir

ગુજરાતના વિદ્યાનગર 'વલ્લભવિદ્યાનગર'ની યોજના દેશ આખાની શૈક્ષણિક તેમજ અન્ય અધિકાર-પ્રમુખ વ્યક્તિઓનું લક્ષકેન્દ્ર બની હતી. એ પ્રવૃત્તિઓ આજસુધી ઉત્તરોત્તર વિકાસ પામતી રહી છે, અને તેના શ્રેયનો મોટો હિસ્સો તેના સ્વપ્નદ્રષ્ટા, ભારતસમસ્ત ખાતે પથિતયશ ગુજરાતી એન્જિનિયર શ્રી ભાઈલાલભાઈ પટેલને ફાળે જાય છે. ગુજરાતના એ રચનાશિલ્પી શ્રી ભાઇલાલભાઈની ગયે વર્ષે ઊજવાએલી ૭૦મી જયંતીના ઉપલક્ષ્યમાં શ્રી ડાહ્યાભાઈ વલ્લભભાઈ પટેલે (ચારુતર વિદ્યામંડલ, વલ્લભવિદ્યાનગર, આણંદ થઇને) પ્રકટ કરેલા આ અભિનંદનગ્રંથમા તેમને ભારતની તેમજ ગુજરાતની પ્રમુખતમ વ્યક્તિઓ તરફથી મળેલા અભિનંદન અને શુભેચ્છાના સંદેશાઓ, તેમની સર્વાંગી સેવાઓને અપાએલી અંજલિઓ, તેમનાં જીવન, વ્યક્તિત્વ અને કારકિર્દીનાં સંભારણાં તથા મૂલ્યાંકન રૂપેની અંગ્રેજી ગુજરાતી અને કોઇક સંસ્કૃત લેખસામગ્રી, ફોટોગ્રાફો ચિત્રો આલેખો સાથે આપવામાં આવી છે, જે શ્રી ભાઈલાલભાઈનાં સામર્થ્ય અને પ્રતિભાનો પરિચય કરાવી રહે છે. રૂ. ૫-૫૦.

શબ્દકથા: 'છેલછોગાળો'

છેલની રીતભાત, તેના હાવભાવ, ને તેનાં વેશભૂષા—બધું જ વરણાગી. પહેલાંના પહેરવેશમાં પાઘડી-ફેંટાનું સ્થાન ટોચનું. ને પાઘડી-ફેંટામાં પાછું છોગાનું સ્થાન ટોચનું. રંગીલું, ફરફરતું છોગું વરણાગીપણાની કલગી સમું. એટલે જ ગીતોમાં 'રંગીલા' ને 'છબીલા' ને 'છોગાળા' આવે છે.

પણ 'છેલ' સાથે છોગાનો સબંધ પાછળથી બંધાયો લાગે છે. મૂળમાં, જૂના સાહિત્યમાં, 'છેલછોગાળો' ને બદલે 'છેલસોહગાળઉ' મળે છે. 'સોહાગ' એટલે સૌભાગ્ય, સૌંદર્ય. 'સોહગાળો' એટલે રૂપાળો, સુંદર. એટલે અર્થદૃષ્ટિએ 'છેલછબીલો' ને 'છેલસોહગાળો' એક જ હતા. પછી 'છેલ'ના છકારની અસરથી, અને છોગા વગરના છેલ ને ફૂલ વગરની વેલ સરખાં ગણાતાં થયાં તેથી, 'છેલસોગાળો' ને બદલે ચાલુ થઈ ગયું 'છેલછોગાળો.'

છેલની વિદાય લેતાં પહેલાં આવતે મહિને આપણે તેના વખોડાતા રૂપ 'છેલબટાઉ'ની ઓળખાણ કરી લઈશું.

—હરિવલ્લભ ભાયાણી

સાહિત્યિક સમસ્યા

યોજક : મહેન્દ્ર ન. પંડયા

આ નીચે આપણા બાર સાહિત્યકારોની અનામી ઓળખ તથા સામે તેમની છબિઓ આડી-અવળી આપી છે. તમે તેમને ઓળખીને ક્રમ વાર ગોઠવી શકશો? (ઉત્તર પૃ. ૪૪૬ ઉપર)













૧ ગુજરાતી ભાષાની હાંસી સહન ન થતાં, તે ગિરામાં કવિતા શકય છે એમ બતાવનાર અને તે સિદ્ધ ન થઇ શકે ત્યાં સુધી (લોકવાયકા પ્રમાણે) પાઘડી ન પહેરનાર, સત્તરમી સદીના આ કવિએ ગાગરિયા ભટ્ટનો ધંધો સ્વીકાર્યો અને ભાષાને સમૃદ્ધ કરવા ઉપરાંત તેને સુંદર આખ્યાનો પણ આપ્યાં.

૨ કલકત્તામાં ઍલ્યુમીનિયમના વ્યવસાયમાં પડેલા આ કવિએ વતનનો પુકાર સાંભળ્યો ને ત્યાંની પોતાની ભાવિ પ્રગતિને અવગણી સંશોધન, પત્રકારત્વ, વાર્તા ને કાવ્યની સૃષ્ટિમાં ઝંપલાવ્યું અને ઐતદ્દેશીય સાહિત્યની અનુપમ સેવા કરતાંકરતાં ગાંધીજીને હાથે 'રાષ્ટ્રીય શાયર'નું બિરુદ મેળવ્યું.

૩ બેકાર અને રખડુ દિયરને નભાવી ન લેતાં એને મેણાં મારી આખરે ભાભીએ એને ઘર છોડવા માટેની ભૂમિકા રચી. સાતસાત દિવસના ઉપવાસે તેને પરમ શક્તિનાં દર્શન થયાં અને પંદરમી સદીના એક ઉત્તમ ભક્ત કવિ તરીકે એ પંકાયો; ને એ સિદ્ધિ માટે ભાભીનો જ ઉપકાર ગણી, તેમનો ઋણી થયો.

૪ આખર જીવનમાં એક પછી એક એમ અનેક આઘાતો સહન કરવા છતાં આ વિવેચક, ભાષાશાસ્ત્રી, કેળવણીકાર અને કવિ, 'દયામય' ઈશ્વર પરની પોતાની શ્રદ્ધામાં અડગ રહ્યો. ગુજરાતી કાવ્યોની વિસ્તારસૃષ્ટિ વધારી તેમાં પ્રકૃતિને અવનવું સ્થાન આપ્યું, અને ભાષાપંડિત તરીકે પણ નામના મેળવી.

૫ કલમને ખોળે પોતાનું જીવન સમર્પી આ કવિ અને સામાજિક સુધારકે ગુજરાતી ભાષાનો પ્રથમ કોષ તૈયાર કર્યો, વર્તમાનપત્ર દ્વારા જનતાને જાગૃત કરી, ગુજરાતી સાહિત્યમાં જુસ્સો ને અંગ્રેજી સાહિત્યની અસર આણી, ગુજરાતી ગદ્યશૈલીની શરૂઆત કરી અને 'અર્વાચીનોમાં આદ્ય' સાહિત્યકાર કહેવાયો.

૬ મહિને ત્રણ રૂપિયાના પગારે શિક્ષકની નોકરીથી જીવનનો આરંભ કરનાર આજના આ યશસ્વી નવલિકાકારે જીવનની લીલીસૂકી અને દેશદર્શનમાંથી મેળવેલા અનુભવ તથા પીધેલી પ્રેરણાએ તેમની વાર્તાઓમાં નવી જ સુરખી આણી. તેમના માનસિક અગ્નિએ પ્રસારેલા તણખા આજે ય ઝગમગે છે.













૭ કપડવંજના ટાવર પર લહેરાતા રાષ્ટ્રધ્વજને ઉતારવા આવેલી પોલીસથી તેને બચાવવા દેહની દરકાર ન કરતાં આ કવિએ (કુમારકાળે) જાતે જ સડસડાટ ટાવર પર ચડી ધ્વજ લઇને ઉપરથી પડતું મૂક્યું. પછી વય વધ્યું ને ગ્રૅજ્યુએટ થયા. શ્રેયસ્સાધકવર્ગની છાયામાં આત્મવિકાસ સાધ્યો અને આજે છાપખાનું ચલાવે છે.

૮ પોતે ઘડી આપેલી સોનાની કંઠી બાબતમાં સગી બેનને પણ વિશ્વાસ નથી બેઠો એમ જણાતાં આ સોનીએ ઓજારો કૂવામાં નાખી યોગ્યગુરુની નિષ્ફળ શોધ કરી. આખરે પોતાને જ પોતાનો ગુરુ બનાવી એ શાંકર વેદાંતીએ સત્ય પામવા પ્રયાસ આદર્યા, ને સત્તરમી સદીમાં સમાજને ફટકારતા ચાબખા લખ્યા.

૯ નહિવત્ અભ્યાસ પછી વીજળીના કારખાના આદિમાં વૈતરું કરતાં આશરે ૩૫ રૂપિયાની માસિક રોજી મેળવનાર આ સાહિત્યકારે, કેટલાક લેખકો અને સહાધ્યાયીઓના પ્રોત્સાહને સાહિત્યક્ષેત્રમાં ઝંપલાવ્યું અને આજે પ્રથમ કક્ષાના નવલકથાકારોની હરોળમાં તેમનો સહર્ષ સમાવેશ કરવામાં આવે છે.

૧૦ મૅટ્રિકમાં ત્રીજે નંબરે ઉત્તીર્ણ થઈ આ કવિ રાષ્ટ્રીય લડતમાં ભોગવેલા કારાવાસમાં લખેલાં એકાંકી નાટકોથી એ દિશામાં અગ્રચારી બન્યા. એકારકિર્દી 'વાસુકિ'નામથી ટૂંકી વાર્તાઓ લખી લંબાવી, ને એમ.એ.માં પ્રથમ કક્ષા મેળવી અધ્યાપનકાર્ય સાથે પોતાની પ્રતિભાથી સાહિત્યનાં વિવિધ અંગો પણ ખીલવ્યાં.

૧૧ વકીલાત ને સાહિત્યમાં એકસરખી કીર્તિ કમાનાર આ પ્રખરસાહિત્યકારે અંગ્રેજી તેમજ ગુજરાતી બંને ભાષાઓમાં છટાથી લખી-બોલીને ગુજરાતની અસ્મિતાનો ગૌરવધ્વજ ફરકાવી છેવટે ભારત સરકારના પ્રધાનમંડળમાં પણ સ્થાન મેળવ્યું. છતાં એમનું પહેલું ઓળખાણ તો નવલકથાકાર તરીકેનું જ.

૧૨ સાહિત્યકાર હોવાનો કૈં દાવો ન કરવા છતાં એમણે આપણી એક મહાન વિભૂતિની સેવા કરતાં કરતાં પત્રકારત્વ અને સાહિત્યની પણ અપ્રતિમ સેવા કરી અને સાહિત્યમાંની વિરલ રોજનીશીઓમાંની એક આપી. એણે અનેક નવાં ક્ષિતિજો શકય બનાવ્યાં ને આખરે એક રાજકીય કેદી તરીકે અવસાન પામ્યા.



બ્રિજ

લેખક · શ્રી સાધુરામ દવે

બિલ્લુએ કોઈ પણ ભાતની બિડ શરૂ કરી હોય ત્યારે આપણો જવાબ

(Response to a partner's opening suit bid)

'કુમાર'ના પાછલા અંકોમાં, આપણે બિડની (હાથ બોલવાની) શરૂઆત ક્યારે કરી શકીએ તે જોયું; શરૂમાં બિડ આપતાં જ કઈ ભાતની પસંદગી કરવી તે પણ જોઈ ગયા. એટલે કે આપણે કોઈ પણ ભાતમાં ૧થી બોલવાની શરૂઆત કેમ કરવી એટલે કે સાત હાથ કરવાનો કૉન્ટ્રૅક્ટ લેવા માટેની બિડ, પ્રથમ બોલનાર તરીકે ક્યારે અને કેવાં પાનાંમાં આપવી તે પદ્ધતિસરની માહિતી જોઈ ગયા. શરૂમાં જ આઠ હાથથી યા તેથી વધુ હાથ કરવાની બિડ બોલવા, યા તો શરૂઆતમાં 1 N. T. (No Trumps એટલેકે સર વિનાની બાજી) બોલવા માટે કેવાં પાનાં હોવાં જોઇએ તેની માહિતી આપણે પાછળથી જોઈશું. **આપણો બિલ્લુ જ્યારે કોઇ પણ ભાતની એકની બિડની શરૂઆત કરે** (when our partner opens the bidding) **અને તેના પછીનો સામા પક્ષનો ખેલાડી 'પસાર'** (pass) **બોલે ત્યારે બિલ્લુ તરીકે આપણે શો જવાબ આપવો** (how to respond) **તે સંબંધી જ આ લખાણ છે.** સામાવાળો વચમાં કોઈ બિડ આપે ત્યારે આપણે શું કરવું તેનો ખુલાસો પાછળથી આવશે. ધ્યાન રાખો કે બ્રિજ, ભાગીદારીની રમત છે અને આપણે આપણાં પાનાં, બરાબર સરખી બિડથી જો બિલ્લુને જણાવી શકીએ તો યોગ્ય ભાતનાં સરખાં અને કરી શકીએ તેટલા જ હાથમાં આપણે રમવાનો કૉન્ટ્રૅક્ટ લઈ શકીએ. **યોગ્ય કૉન્ટ્રૅક્ટ હાથ કરવો એટલે અડધી બ્રિજ રમાઈ ગઇ સમજવી.** બિલ્લુ જ્યારે બિડની શરૂઆત કરે ત્યારે તે આપણને જણાવે છે કે 'બિલ્લુ, જો મારી પાસે આવાં પાનાં છે' અને સાથોસાથ પ્રશ્ન પણ કરે છે કે 'હવે તારી પાસે કેવાં પાનાં છે તે મને તું યોગ્ય બિડ આપી, બતાવ.' આવા પ્રશ્નનો આપણે શો જવાબ આપવો તેની માહિતી નીચે જુઓ :

જ્યારે આપણા બિલ્લુએ બિડના શરૂઆત કરી હોય ત્યારે આપણે ત્રણ જાતનો તેને જવાબ આપી શકીએ. (૧) પસાર (Pass) બોલીને (૨) તેના જ ભાતમાં મદદ કરીને (assisting in his own suit) અને (૩) તેણે બતાવેલી ભાત કરતાં બીજી કોઈ ભાત બોલીને (showing our own suit). આનો અર્થ એ જ કે આપણા જવાબથી આપણી બાજી યા આપણા હાથનાં તેર પાનાં કેવાં છે, તેમાં કેટલા મુખ્ય હાથ (honour tricks) છે અને આપણામાં કઈ ભાતનાં સૌથી સારાં પાનાં છે તેનો સંપૂર્ણ ચિતાર આપી શકીએ.

(૧) એક યા તેથી ઓછો મુખ્ય હાથ આપણામાં હોય ત્યારે ખાસ અપવાદ સિવાય પસાર જ (Pass or No Bid) બોલવું. બિલ્લુના ૨½ થી ૪ મુખ્ય હાથ અને આપણો બહુ તો ૧ મુખ્ય હાથ એટલે તેમાં પૂરા દાવની (game) એટલે કે લીટી નીચે ૧૦૦ પોઈન્ટની શક્યતા નથી.

દાખલા તરીકે તમારો બિલ્લુ 1 D (૧ ચોકડી) બોલ્યો હોય અને તમારામાં ♠ J x x ♥ x x x x ♦ J x ♣ K x x x હોય તો પસાર બોલો. બિલ્લુએ પ્રથમ શરૂ થયેલી બિડ બાદ, પ્રથમ તકે જ આપણે જ્યારે પસાર બોલીએ, એટલે તેણે તેને ચોક્કસ લાલ બત્તી જ સમજવી. આપણાં પાનાં, ભાગ્યે જ એક હાથ કરી શકે તેવું સૂચન, બિલ્લુએ હવે સમજી લેવું. બિલ્લુ ફરી કોઈ બિડ આપે તો એમ સમજીને જ આપે કે આપેલી બિડના હાથ કરવાની જવાબદારી તેની પોતાની જ રહેશે; બિલ્લુ તેમાં કાંઈ જ મદદ નહિ આપી શકે.

(૨) જો તમારામાં એકથી વધુ અને બે સુધી મુખ્ય હાથ હોય, અને તમારામાં બોલી શકાય તેવી ભાત ન હોય તો તમારે 1 N. T. (સર વિનાની બાજીમા સાત હાથ કરવાના)નો જવાબ આપવો. બિલ્લુને આથી ચોક્કસ સમજાશે કે, 1 N. T.ના જવાબ પછી પણ જો આપણે ફરી બોલશું તો આપણો બિલ્લુ બીજી વખતે તો નક્કી જ પસાર થવાનો. આપણા હાથમાં પાંચ મુખ્ય હાથ ન હોય તો બિલ્લુના 1 N. T.ના જવાબ પછી મોટે ભાગે game (પૂરો દાવ) નહિ જ થવાની. માટે મોટે ભાગે 1 N. T.નો જવાબ 'સાવધાન'નું સૂચન સમજી, યોગ્ય ભાતમાં અને ઓછામાં ઓછા હાથની જ બિડમાં રમવા પ્રયત્ન કરવો. 1 N. T.નો જવાબ આમ બિલ્લુની નબળાઈ જ બતાવે છે અને તેને નકારાત્મક જ જવાબ (negative response) ગણવો. આ જવાબ તમારી પાસે ખાસ મુખ્ય હાથ નથી, તમારી પોતાની ભાત પણ નથી ને બિલ્લુએ બતાવેલી ભાતને ટેકો પણ નથી તે સૂચવે છે.

દૃષ્ટાંત નીચે જુઓ :

♠ x x x	♠ K J x	♠ Q x x
♥ K x x	♥ x x	♥ Q x x
♦ A x x x	♦ K x x x x	♦ J x x x
♣ x x x	♣ x x x	♣ K x x

બિલ્લુની પ્રથમની 1 H (લાલમાં સાત હાથ કરવાના)ની બિડ બાદ, આ ત્રણેય દૃષ્ટાંતમાં, તમારે 1 N. T.નો જ જવાબ આપવો.

(૩) જ્યારે તમારામાં, તમારા બિલ્લુએ દર્શાવેલી ભાત કરતાં, ઊંચા નંબરની ભાતનાં (higher ranking suit) બોલાય તેવાં પાનાં હોય ત્યારે ૧ની ઉપર ૧નો (one over one) જવાબ આપશે. અહીં હાથ કરવાના તો સાત જ રહે છે, પરંતુ તમે ભાત બીજી બતાવી શકો છો. જો બિલ્લુ ૧ લાલ કે ૧ ચોકડી બોલ્યો હોય તો તમે તેના ઉપર 1 S (એક કાળી) બોલી શકો. પરંતુ ફુલ્લીમાં બોલવા માટે તમારે ૨ ફુલ્લી (2 C) બોલી, આઠ હાથ કરવા પડે. તે પૂરતો કૉન્ટ્રૅક્ટ ઊંચો જાય છે. આમ એકની જ સપાટીમા (on the one level) એટલે કે સાત જ હાથના કૉન્ટ્રૅક્ટમાં, તમારી ભાત ઊંચા નંબરની હોવાથી, પાના જરા ઠીકઠીક હોય તો પણ તમે એક વાર તે ભાત બતાવી શકો. એકની ઉપર એકની બિડ આપવા માટે, મુખ્ય હાથનું જોર જરા ઓછું હોય તો પણ ચાલે. આવા એકની ઉપર એકના જવાબ માટે નીચેની જરૂરિઆતો બરાબર સમજી લો.

(अ) મોટી ભાતનાં છ પાનાં અને ½ મુખ્ય હાથ.

(ब) ,, ,, પાંચ પાનાં અને ૧ ,, ,,

(क) ,, ,, ચાર પાનાં અને ૧½ ,, ,,

દષ્ટાંત તરીકે તમારો બિલ્લુ 1 D બોલ્યો હોય અને તમારામાં નીચેના પાના હોય તો, તેમાં શું જવાબ આપવો, તે પાનાંની નીચે જ દર્શાવેલું છે.

♠ K x x x x x	♠ Q x x	♠ x x x	♠ J x x
♥ x x x	♥ A x x x x	♥ Q J x x	♥ A x x x x
♦ x	♦ x x	♦ x x x	♦ x
♣ Q x x	♣ x x x	♣ K Q x	♣ x x x
1 S	1 H	1 H	1 H
એક કાળી	એક લાલ	એક લાલ	એક લાલ

(૪) તમે જે ભાતમાં બોલી શકો તેમ હો તે, તમારા ભિલ્લુએ બતાવેલી ભાત કરતાં નીચા નંબરની (lower ranking suit) હોય તો તમારે સ્વાભાવિક રીતે જ તે ભાતમાં 'બે' બોલીને એટલે કે આઠ હાથ કરવાના બતાવીને, કૉન્ટ્રૅક્ટ લેવાનો હોય છે; તેને અંગ્રેજીમાં (Two over one response) કહે છે. આઠ હાથ કરવાના થયા એટલે તમારી પાસે પાનાંનું બળ પણ વધારે હોવું જોઇએ. (you must have more strength i.e. a stronger hand.) તેને માટે નીચેની જરૂરિયાતો સમજી લો.

(અ) ૧½ મુખ્ય હાથ અને કોઈ પણ હલકી ભાતનાં ૬ પાનાં
(બ) ૨ ,, ,, ,, ૫ ,,
(ક) ૨½ ,, ,, ,, ૪ ,,

સાતની ઉપર આઠ હાથ કરવાનો કૉન્ટ્રૅક્ટ લેવા, ઉપર જણાવેલી જરૂરિયાતો બરોબર સમજી લો. નીચેનાં દૃષ્ટાંતથી આ વધુ સ્પષ્ટ થશે. ભિલ્લુએ 1 Sની બિડ આપેલી છે તો પછી નીચેના પાનાંમાં તમારે શો જવાબ આપવો, તે તે પાનાંની નીચે જ નિર્દેશ કરેલો છે.

♠ xx	♠ xxx	♠ Axx	♠ x
♥ QJxxx	♥ xx	♥ xx	♥ Qx
♦ Ax	♦ AQ10xxx	♦ AQxx	♦ xxx
♣ Kxxx	♣ Jx	♣ Jxxx	♣ KJ10xxxx
2 H	2 D	2 D	2 C

ભિલ્લુએ જે ભાતમાં બિડ આપી હોય તે ભાતમાં જ આપણે શી રીતે ટેકો આપી શકીએ (supporting the partner's suit or raising the partner's suid bid) તેની માહિતી આવતા અંકમાં જોઈશું.

તા.ક. (૧) કેટલાક વાચકો, બ્રિજનાં પાછલાં લખાણો વિશે પૂછપરછ કરે છે. દરેક વાંચકની જાણ માટે એટલું જણાવવું જરૂરી છે કે 'કુમાર'માં 'પાનાંની રમત'ની લેખમાળા અંક ૪૦૫થી શરૂ થઈ છે ને પાનાંની વિવિધ રમતો બતાવ્યા બાદ, 'બ્રિજ'નું સળંગ લખાણ અંક ૪૧૮થી શરૂ થયું છે. તેમાં પણ 'કુમાર'નો ૪૧૯મો અંક, બ્રિજની વિશિષ્ટ અંક લખવાની પદ્ધતિ વગેરે બતાવે છે માટે જે જે વાચકોને બ્રિજમાં રસ હોય તેમણે અવશ્ય તે અંકનું બ્રિજનું લખાણ બરોબર સમજી લેવું જ જોઇએ.

(૨) તા. ૧૪-૧૧-૫૯થી ૨૯-૧૧-૫૯ સુધી, મુંબાઈમાં ક્રિકેટ ક્લબ ઑફ ઇંડિયાને શિરનામે, આંધ્ર, બંગાળ, મુંબાઈ, હૈદરાબાદ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને મદ્રાસ એ ઈલાકાઓની પસંદગી કરેલી ટીમો બ્રિજની મૅચ રમશે અને તેમાં જીતનાર ટીમ, અખિલ હિંદની ચૅમ્પીઅન ટીમ ગણાશે. પોતપોતાના પ્રાંતોમાં તો બ્રિજની હરીફાઈ, થાય છે જ, પરંતુ આખા હિંદની, પ્રથમ ચૅમ્પીઅન ટીમ પસંદગીની આવી હરીફાઈ આ પહેલી જ વાર થશે. બ્રિજની મૅચ શી રીતે રમાય છે તે બ્રિજનું સળંગ લખાણ પૂરું થયા બાદ, વિગતવાર જોઈશું.

ગયા અંકના પ્રશ્નનો ઉકેલ

પશ્ચિમ પહેલી ઉતર ♣ Kની કરે છે **તેમાં ઉત્તરનું કુલ્લીનું હલકું પાનું નાખી, તે હાથ જતો કરે છે.** (The club king is ducked) બસ, આ પ્રશ્નની આ જ મુખ્ય ચાવી છે. પશ્ચિમ આમ કુલ્લીના બાદશાહનો હાથ કરી જાય છે ત્યાર બાદ, તેની ઊતર ચાલુ હોવાથી નીચેના વિકલ્પોમાંથી તેને એક પસંદ કરવો પડશે.

(૧) કુલ્લીની રાણી રમવી (૨) લાલની ઊતર કરવી (૩) ચોકડી રમવી યા (૪) કાળી રમવી.

નવા કોયડા


બ્રિજ જગતમાં આ નીચે આપેલા કોયડા, થોડા વર્ષ પહેલાં ઉત્તમ કોટિના (classic) કહેવાતા. તેમાંનો પ્રથમ આપેલો કોયડો, હજુ પણ પ્રથમ પંક્તિનો કહી શકાય. બીજો પ્રમાણમાં સહેલો છે. તો જુઓ એ બંને પ્રશ્નો.

પ્રશ્ન ૧

કૉન્ટ્રૅક્ટ : ૭ લાલ (7 H) દક્ષિણનો. 'ઉત્તર દક્ષિણે લાલના સરમાં 'ગ્રાન્ડ સ્લામ' (grand slam) એટલે તેરેતેર હાથ કરવાના છે. પશ્ચિમે ♣ Kની પહેલી ઊતર કરી છે. ઉત્તમ બચાવ સામે, તેરેય હાથ કરવાના છે તે ભૂલશો નહિ.

♠ A Q 2
♥ A K Q J
♦ Q J 10 9 8 7
♣ —

♠ K J 10 9 8 7
♥ 5 4 3 2
♦ —
♣ K Q J



♠ 6 5 4 3
♥ —
♦ 6 5 4 3 2
♣ 5 4 3 2

♠ —
♥ 10 9 8 7 6
♦ A K
♣ A 10 9 8 7 6

પ્રશ્ન ૨

ઉત્તર દક્ષિણ ભિલ્લુઓએ, સર વિનાની બાજીમાં (No Trumps) તેરેતેર હાથ કરવાના છે. પશ્ચિમે ♠ 7ની પહેલી ઊતર કરી છે. બચાવ અહીં પણ ઉત્તમ કોટિનો જ સમજશો.

♠ K
♥ A K
♦ A K Q
♣ A 10 9 8 7 6 5

♠ 7 6 5 4
♥ 9 7 6
♦ 5 4 3 2
♣ K J

ઉ.
પ. પૂ.
દ.

♠ 10 9 8 3 2
♥ 8 5 4 3 2
♦ —
♣ Q 4 3

♠ A Q J
♥ Q J 10
♦ J 10 9 8 7 6
♣ 2

તા. ૩૦-૧૦-૫૯ પહેલાં જે વાચકોના સાચા જવાબ મળશે, તેમનાં નામ છાપીશું. જવાબ મોકલવાનું સરનામું: Sadhuram M. Dave, 33 Ritherdon Road, Vepery, Madras-7.

ધારો કે પશ્ચિમનો ખેલાડી બીજી ઉતરમાં કુલ્લીની રાણી રમે છે તો રમત નીચે મુજબ ચાલશે :

ઉત્તર ♣ A રમી, ત્રીજી ઊતરમાં કુલ્લી જ રમશે. તે દક્ષિણ ♥ 10થી કાપી લેશે. ચોથી ઊતર ♦ 4ની. ઉત્તર તેમાં ♦ 9નો હાથ લઈ (પશ્ચિમ ♦ Q નહિ રમી શકે), ત્યાંથી જ (અનુ. પાછળ પૃ. ૪૧૩)



અર્ઘ્યકણી

મને ગમે દૂરની ડુંગરમાળ,
ક્ષિતિજને ભાલ તાણી જાણે કોક સુહાગની આડ.
દૂરસુદૂરની સુંદર રેખ એ, મન મારાનો મિનાર,
બાથ નથી એને ભીડવી, એ તો દૂરનો મારો પ્યાર.
ચાલતાં ચાલતાં દેખશું એને, ને ઝંખશું નિંદરમાંહ્ય,
હાથ આવી ગઈ ટોચ એની, તો ઝાંખશું બીજી કોય.

('જન્મભૂમિ' રજતજયંતી અંક) —સુન્દરમ્

રેવરંડ (વંદનીય) ડૉ. જ્યૉર્જ વિલ્સન

ગુજરાતના અનાથોને પાંચ વર્ષની અખંડ સેવા આપનાર આ ખ્રિસ્તી આચાર્યે ૮૨ વર્ષની વયે સુરેન્દ્રનગરમાં ઑપરેશન થયા પછી બીજે દહાડે, ગઈ ૨૪મી જુલાઈએ દેહ છોડચો એ સમાચાર ગુજરાતના સંભાવી અને સંસ્કારી જનોને જરૂર ખેદ ઉપજાવે છે.

એમના આખર જીવન સુધી 'કુમાર' તરફ એમનો અત્યંત નિખાલસ પક્ષપાત ને પ્રેમ હતો. આજથી છત્રીસ વર્ષ પર 'કુમાર'ના પ્રાકટ્યની જાહેરાત સાથે જ આગળથી લવાજમો મોકલી આપનારાઓમાં તેમનું નામ હતું, અને 'કુમાર'નો પ્રથમ અંક બહાર પડચા પછી પ્રથમ રૂબરૂ અભિનંદન આપનારા ગ્રાહક પણ તેઓ જ હતા, તે દિવસથી એમની સાથે આ લેખકને જે અંગત મૈત્રી-સંબંધ થયો તેનું શુદ્ધ ભાવે પરિપાલન કરનાર એ એક વિરલ સજ્જન હતા. એમનો ગુજરાતી ભાષાનો અભ્યાસ એટલો સારો હતો કે જ્યારે મળતા ત્યારે ગુજરાતીમાં જ સર્વ ચર્ચા-વિચાર દર્શાવતા અને ખબરો પૂછતા. એ પછી જ્યારે જ્યારે તક મળે ત્યારે ઘેર આવીને પણ થોડી પળો મીઠી મહોબતભરી વાતો કરતા ને ઘરના દરેક જણનું ઓળખાણ કરતા. મારા ઘરનાં બાળકો 'વીલા કાકા'ના વહાલસોયા નામથી તેમની પિછાન આપતાં.

એમના મિશનમાં જે જે પરદેશી ઉપદેશકો કે વિદ્વાનો આવતા તેમને અચૂકપણે કુમાર કાર્યાલયમાં કે મારા ચિત્રગૃહમાં લાવી તે 'કુમાર'નું અને મારું માન વધારતા. મિશનનાં જીવનસૂત્રોની પત્રિકાઓ કુમાર કાર્યાલયમાં છપાવી હતી. 'કુમાર'માં ફોટોગ્રાફીનો વિભાગ શરૂ થયો ત્યારથી તેમાં તેઓ ઘણો રસ બતાવતા; અને પછી પોતે પાડેલી છબિઓ તેમણે બતાવી તે પણ ઘણી વિચારયુક્ત પસંદગીના પ્રસંગો કે પાત્રોની સ્વચ્છ છાપવાળી હતી. ફોટોગ્રાફીનો એમનો નાદ માત્ર ફોટોગ્રાફી માટે જ નહોતો. ભારતીય લોકજીવનના પ્રસંગો તથા વ્યક્તિઓને લગતાં તથ્યદર્શક ચિત્રો મોટી સંખ્યામા એમણે તૈયાર કર્યાં હતાં અને તે દ્વારા એમણે દેશપરદેશમાં ભારતનો સાક્ષાત પરિચય આપવાનું કાર્ય કર્યું હતું. એમણે કુમાર કાર્યાલયને અને તેના સંચાલકોને ઠેઠ સુધી મિત્રો તરીકે જ ગણ્યા અને ઓળખાવ્યા હતા અને તેની શુદ્ધ પ્રતીતિ રૂપે કુમાર કાર્યાલય જ્યારે લિમિટેડ કંપની બન્યું ત્યારે તેના ખબર મળતાં જ તેમણે રૂ. ૧૦૦ના શેર લીધા હતા.

હજી ગયા જાન્યુઆરીમાં તો તેઓ તેમનાં સુપુત્રી ઈલિઝાબેથને લઈને મારે ઘેર મને મળવા આવ્યા હતા. એમના દેહાંતના ખબરો આપણા દેશનાં પત્રોમાં તો જોવામાં આવ્યા નહોતા, પરંતુ મારા ચિ. નરેન્દ્રને તેના ખબર મળતાં તેમના ઘોઘા ખાતેના નિવાસસ્થાને દિલાસાનો પત્ર લખ્યો હતો તેનો જવાબ તેમનાં પત્ની તથા પોતા વતી તેમનાં પુત્રી ઇલિઝાબેથે આપ્યો ને તેની સાથે એમની 'કુમાર' તરફની શુભનિષ્ઠા તથા સદ્ભાવની છેલ્લી નિશાની અને પ્રસાદી રૂપે, સ્વર્ગસ્થે લીધેલો 'કુમાર'નો શેર ગમે તે યોગ્ય ઉપયોગ કરવાને છેવટની ભેટ તરીકે મોકલી આપ્યો. આમ તેમણે સાદ્યંત 'કુમાર'ના સંનિષ્ઠ મિત્ર તરીકે જે સ્મૃતિ મૂકી છે તે એક વિરલ દૃષ્ટાંત છે.

રે. ડૉ. વિલ્સનના પિતા રેવ. એ. જે. વિલ્સન આયર્લૅંડના વતની અને બેલફાસ્ટમાં પ્રેસ્બિટેરિયન ધર્મોપદેશક હતા. ત્યાંની જ પ્રેસ્બિટેરિયન કૉલેજમાં અભ્યાસ કરી ૧૮૯૮માં આયર્લૅંડની રૉયલ યુનિવર્સિટીમાંથી જ્યૉર્જ સ્નાતક થયા અને ૧૯૦૧માં તેમને ભારતમાં




ચાંચડ

પ્લેગ જેવો મહામારી-રોગ ફેલાવનાર આ નાનકડા જંતુથી બહુ ઓછા અજાણ હશે.

ચાંચડની કુલ એક હજાર જેટલી જાતો છે! કદમાં અતિ બારીક; રંગે ઝાંખું લાલ ને ચપટું—જેથી પોતાના યજમાન પ્રાણી પંખીનાં રુવાંટી-પીંછાંમાં સહેલાઈથી હરીફરી શકે. એક વાર તેને પાંખો હતી. એ તેણે ઉત્ક્રાન્તિક્રમમાં ગુમાવી દીધી છે. તેના પગ કુલ છ, ને બહુ મજબૂત. એક ફૂટ સુધીનો લાંબો કૂદકો મારી શકે, જે છ ફૂટ ઊંચા આદમીના બસ્સો વારના કૂદકાની સરેરાશે આવે.

વાળ, ઊન, જૂનાં મેલાં કપડાં, ઢોર બાંધવાની જગ્યા, પંખીઓના માળા વગેરે જગ્યાએ તે જોવા મળે. ગરમ લોહીવાળાં પક્ષી-પ્રાણીઓનું લોહી ચૂસીને જીવે. એક પ્રાણી મરે એટલે તેના શરીર પરનો ચાંચડ તેને છોડી બીજો શિકાર શોધે. આમ સસલા પરનો સામાન્ય ચાંચડ સસલાંનો શિકાર કરતી બિલાડી પર પણ જોવા મળે છે, ને પ્લેગના જંતુ ધરાવતો ઉંદર મરી જતાં તે જંતુ લઈને ચાંચડ માણસ પર આવી બેસે છે ને પ્લેગને ફેલાવે છે.


જંતુની ચારે અવસ્થાઓમાંથી ચાંચડ પસાર થાય છે. માદા સફેદ રંગનાં લંબગોળ અનેક ઈંડાં પ્રાણી-પંખીનાં રુવાંટી-પીંછાંમાં મૂકે છે. ત્યાંથી તે નીચે ખરી પડે છે. ઈંડાંને સેવાતાં ત્રણથી દસ દિવસ લાગે છે. તેમાંથી નીકળતી નાની ઇયળ પરોપજીવી હોતી નથી. પગ વિનાની તે ઘસડાતી ખસે છે. પોતાના વિકાસકાળ દરમ્યાન ઇયળ તેની ચામડી બે વાર ઉતારે છે, અને પછી રેશમ જેવો કોશેટો વણે છે, જેમાં તે કીડાને સ્વરૂપે ફેરવાય છે. કોશેટામાંથી નીકળેલા પૂર્ણવિકસિત ચાંચડે પોતાની પસંદગીના પ્રાણીની જાત પોતે જ નક્કી કરી લેવાની હોય છે. અને તેમ કરવામાં એ નોંધપાત્ર રીતે સફળ જણાયા છે. ત્યાં સુધીના લાંબા ગાળા દરમ્યાન ખોરાક ન મળતા તેના વિના તે ચલાવી શકે છે.



ઉપદેશ કરવાનું લાઇસન્સ તેમજ મિશનકાર્યની નિમણૂક મળ્યાં. ૧૯૧૨માં તેમને વિશેષાધિકાર મળ્યો. પ્રથમ વિશ્વયુદ્ધ વેળા વાઈ.એમ.સી.એ. સાથે તેઓ ફ્રાન્સમાં હતા, અને ૧૯૧૯માં યુદ્ધ પૂરું થતાં પાછા મિશન વિસ્તારમાં હાજર થઈ ગયા. ૧૯૦૩માં તે રાઇટ ઑન. ટૅમાસ ડિક્સનનાં પુત્રી શ્રીમતી શેરેડાને પરણેલા, જે હયાત છે. તેમને ત્રણ પુત્રો ને બે પુત્રીઓ છે જે ઈંગ્લંડમાં રહે છે. નિવૃત્ત થવાની આયુમર્યાદા આવી ગઈ છતાં ડૉ. વિલ્સને કાર્યક્ષેત્રની અનેક જવાબદારીઓ છોડી વિમુખ થવાનું સ્વીકાર્યું નહિ. તેમની કૉલેજકારકિર્દી યશસ્વી હતી, તે સાથે તેઓ હમેશાં વિદ્યાવ્યાસંગી અધ્યાપક બની રહ્યા હતા. એક વખત તેઓ અમદાવાદની સ્ટીવન્સન કૉલેજના પ્રિન્સિપલ પણ હતા. એમના અવસાન સાથે એમના સંપ્રદાયનું ક્ષેત્રકાર્ય એક યુગ બની રહ્યું છે. છેલ્લાં વીસ વર્ષથી તો તે સૌરાષ્ટ્રમાં જ કાર્ય કરતા હતા અને અંત સમયે ધોધામાં જઈ વસ્યા હતા. ત્યાં રહીને એમણે જીવનનું એક ધ્યેય પૂરું કર્યું, તે બાઈબલનો ગુજરાતીમાં પરિચય. અમદાવાદની સ્ટીવન્સન કૉલેજ ખ્રિસ્તી ઉપદેશકો તૈયાર કરનારી કૉલેજ છે. ત્યાં એમના હાથ નીચે તૈયાર થએલા એમના શિષ્યો એમને માત્ર આચાર્ય તરીકે નહિ પણ સન્મિત્ર અને સલાહકાર સજ્જન તરીકે ગણતા અને નવા માર્ગદર્શન તથા પ્રેરણા માટે હમેશાં એમનો સંપર્ક મેળવતા.

૧૯૦૦માં પડેલા મોટા દુષ્કાળને લીધે તેમના આશ્રયે આવેલાં ૬૦ બાળકોની તે સંભાળ-રખવાળ કરતા. તે પછી તરત પ્લેગ ફાટી નીકળ્યો તે વખતે આ બાળકો પૈકી ૧૧ને ગાંઠો નીકળી હતી, પણ તેમાંથી એક સિવાય બધાં બચી ગએલાં. એ સર્વની સેવાચાકરી, દવા, શેક બધું શ્રીમતી વિલ્સન દિવસરાત કરતાં.

૧૯૪૪માં એમના કાર્યની ગુણપ્રશંસા ને મોભો એટલાં વધી ગયાં કે તેમને આયર્લૅંડની પ્રેસ્બિટેરિયન થીઓલૉજિકલ ફૅકલ્ટી તરફથી ડી. ડી.(ડૉક્ટર ઑવ ડિવિનિટી)ની પદવી અપાઈ ને ઉત્તર ભારતના યુનાઇટેડ ચર્ચના મૉડરેટર પણ તે નિમાયા.



૧૯૪૨માં તેમણે ગુજરાતી ભાષા શીખવા માંડેલી ને તેમાં તેમને ખૂબ જ રસ પડચો. તે દિવસથી છેવટ સુધી તેઓ કોઇ પણ નવો શબ્દ શીખવા તથા યાદ રાખવા સતત ઉત્સુકતા રાખતા. ૧૯૪૩માં તેમનાં પત્ની પણ ભારતમાં આવ્યાં અને તેઓ સુરેન્દ્રનગરમાં સ્થાયી થઈ રહ્યાં. જ્યારે તેઓ ધોધામાં જઈ વસ્યા ત્યારે પોતાને ગમે તેટલું કામ હોય તો પણ રસ્તે જતા ગામડિયા, ભરવાડો કે હજામ જેવાને પણ સાહેબ સલામ કર્યા વિના રહેતા નહિ. તેમની ફોટોગ્રાફીએ તેમના દૃષ્ટિપ્રદેશમાં આવેલા ખેડૂતો, ખેતમજૂરો, કુંભારો, શાક વેચવાવાળા, ગધેડાંવાળા આદિ ગ્રામજનતા તથા મંદિરો પાસેનાં દશ્યોનું ભારતીય લોકજીવનનું મોટું દફતર બનાવ્યું છે.

૮૨ વર્ષની ઉંમરે પણ તેમના હૃદયમાં યુવાનનો ઉત્સાહ હતો ને છેલ્લા દિવસો સુધી કામ કરવાની શક્તિ હોવાથી બહુ જ આનંદમસ્ત રહેતા. ગુજરાતના સૌ વર્ગોમાં તેમના અનેક મિત્રો હતા. વિદ્યા અને સંસ્કારના દરેક ક્ષેત્રમાં તેમનો આનંદ ને ઉત્સાહ પૂર્ણ નિષ્ઠાભર્યા હતા. એમના ભૂમિદાહના સ્થાને આ પ્રમાણે વચનો કોતરાયાં છે:

'I Thank God upon every remembrance of thee.'
(જ્યાંજ્યાં તારી યાદ છે ત્યાં ત્યાં આભારથી હૈયું નમે છે.) –ર. મ. રાવળ

વિક્ટરી


આજથી બરાબર બસો વર્ષ પહેલાં ઈ. ૧૭૫૯માં જ્યારે વિક્ટરીનું ૧૫૨ ફૂટ લાંબું તોતિંગ પઠાણ નંખાયું ત્યારે કોઇને યે ખયાલ નહિ હોય કે જે ગંજાવર જહાજ તેઓ બાંધી રહ્યા છે તેની કારકિર્દી કેવી ઉજ્જવળ નીવડવાની છે. ૨૧૬૨ ટનનું આવડું મોટું જહાજ બાંધવાના સર ટૉમસ સ્લેડે જ્યારે નકશાઓ તૈયાર કર્યાં ત્યારથી સૌને તેને વિષે અવનવી શંકાઓ ને કલ્પનાઓ થવા લાગેલી, અને અન્ય જહાજની પેઠે તેનું બાંધકામ ન કરતાં સુક્કા ધક્કા પર તે કાર્ય કરવાનું વિચારાયું. છ વર્ષ સુધી એ કાર્ય ચાલ્યું ને ઈ. ૧૭૬૫ની ૭મી મેએ જ્યારે ચૅથામના ડૉકયાર્ડમાં તે તરતું મુકાયું ત્યારે પૂરા થએલા એ ગંજાવર જહાજની લંબાઈ મોરાથી માંડી સુકાનના છેડા સુધી ૨૨૬ ફૂટ ને ૬ ઇંચ થઈ હતી. ૧૮૬ ફૂટનું લાંબું તો તેનું તૂતક હતું અને એવા તો એને ત્રણ મજલા હતા. મજબૂત ખમતીધર ઇંગ્લિશ ઓકની તેની બાંધણીમાં ક્યાં યે લોઢું વપરાયું નહોતું કઠણ લાકડાની ખીંટીઓ અને બબ્બે ફૂટ લાંબા તાંબાના ખીલાઓથી તેને જડબેસલાક કરવામાં આવેલું. પણ હજી જહાજ ક્યાં પૂરું થયું હતું? હજી તો માત્ર બાંધકામ જ પૂરું થયું હતું. તેની સજાવટ તો બધી બાકી હતી. તે કામ પણ હવે શરૂ થયું, અને ઈ. સ. ૧૭૭૮માં એ સજ્જધજ્જ થઈ રહ્યું ત્યારે ૮૩૭ માણસોને પૂરા ચાર માસ ચાલે તેટલો ખોરાક અને પીવાનું પાણી સંઘરી રાખવાની તેમાં સગવડ રખાઈ હતી. વળી મૂળ તો એ લડાયક જહાજ, એટલે ૧૦૨ તોપોની પણ તેમા વ્યવસ્થા હતી. તૈયાર થયા બાદ થોડાં અઠવાડિયામાં જ તે ચૅનલ-ફ્લીટ(ચૅનલ કાફલા)માં જોડાઈ કામગીરી પર લાગી ગયું. વિક્ટરી શરૂઆતથી જ કાફલાના ફ્લૅગ શિપ(નૌકાદળના સર્વોચ્ચ અધિકારી જેના પર રહે છે તે મુખ્ય જહાજ) તરીકે જ પસંદ થતુ રહેલું. મજબૂત બાંધણી, સુંદર દેખાવ અને પૂર્ણ શસ્ત્રસજ્જતા તથા પાણી પરની સરળ ચાલન લીધે એ સહજ જ હતું. કોઈ પણ બ્રિટિશ ફ્લૅગ-શિપ કરતાં તેના પર કદાચ વધુ ખ્યાત અમલદારો આવી ગયા છે.

ઈ. ૧૭૯૩માં ફ્રાંસમાં બળવો થઈ લડાઈ ફાટી નીકળી ત્યારે ભૂમધ્ય સમુદ્રમાં એ જ ફ્લૅગ-શિપ હતું. બીજાં પણ અનેક નૌકાયુદ્ધોમાં તેણે ભાગ લીધેલો. ત્રીસત્રીસ વર્ષ સુધી તેણે બ્રિટનના નૌકાદળમાં મોખરે રહી બ્રિટિશ ધ્વજ ફરકતો રાખ્યો. દરમિયાન હૂડ, હૉવ, કેમ્પનફેલ્ટ અને સેન્ટ વિન્સેન્ટ જેવા મહારથીઓ તે પર આવી ગયા.

પણ હવે જાણે એને થાક લાગ્યો હતો. પૂરી મરમ્મતની તેને જરૂર હતી. અને તેથી તેને યુદ્ધમાં મોખરે ન મોકલતાં કેદીઓને રાખવા સારુ તેનો ઉપયોગ આદર્યો. પણ આ તો તેના જ નહિ બલકે નૌકાદળના ગૌરવનું અપમાન ગણાય. પરંતુ એ સિવાય બીજો કોઈ આરો પણ નહોતો. નૌકાખાતાએ હવે નૌકાયુદ્ધ માટે અતિવૃદ્ધ ગણી તેને નિવૃત્ત બનાવી મૂક્યુ હતું. પણ ના, એની કારકિર્દી હજી પૂરી નહોતી થઈ.

૧૮૦૦નો સાલ. કેન્ટમાં મેડવે નદી પરના શાહી નૌકાદળના ધક્કામાં એ આરામ લેતું પડ્યું હતું ત્યાં નવા નિમાએલા કમાન્ડર ઇન ચીફ લૉર્ડ હૉરેશ્યો નેલ્સનની નજરે એ ચડી ગયું. એ અનુભવી આંખોએ એની સુંદર બાંધણી અને મદભર આકારને મીછી લીધાં અને તુરત જ પોતાના ફ્લૅગ-શિપ તરીકે તેને તૈયાર કરવાના હુકમો આપી દીધા.

અને આમ, વિક્ટરીનું પુનર્જીવન શરૂ થયું—ને થોડા વખત પછી એ જ વહાણમાં રહી નેલ્સને ફ્રેંચ કાફલાને ભૂમધ્ય સમુદ્રમાથી છેક વેસ્ટ ઇન્ડીઝ સુધી હાંકી કાઢયો. ફરી ભૂમધ્યના પાણી પર તેનાં સઢ-પતાકા ગર્વથી ફરફરવા લાગ્યાં. ફરી ફ્રેંચ કાફલો આવ્યો. સાથે એવો જ શક્તિશાળી સ્પૅનિશ કાફલો પણ હતો. ભૂમધ્ય સાગરમાં ધૂસી જઈ તુલોં મુકામે પોતાનું થાણું બેસાડવાની એ બંનેની નેમ હતી. જિબ્રા-



લ્ટર પાસે ટ્રફાલ્ગરની ભૂશિર આગળ નલ્સને તેમને પકડી પાડ્યા. ત્યારે શત્રુઓ પાસે ૩૩ જહાજો હતાં, જ્યારે પોતાની પાસે માત્ર ૨૭. વળી શત્રુઓ નાગરીને પોતાની તોપો તેમની તરફ તાકીને તૈયાર બેઠા હતા, જ્યારે નેલ્સનનાં જહાજો છૂટાંછવાયાં ને બે ટુકડીમાં વહેંચાએલાં તથા કોઈ એકબીજાની પડખે ઊભું ન રહી શકે તેવી સ્થિતિમાં હતાં. વળી તેમનાં મોઢા દુશ્મનો તરફ હોઈ પડખામાં રહેલી તોપોનો તેઓ ઉપયોગ પણ કરી શકે તેમ નહોતું. પણ છતાં તેઓ આગળ ધપ્યાં. અને પછી લાગ મળતાં શત્રુઓ પર એવો તો તાસીરો બોલાવી દીધો કે આખરે તેમને હાર કબૂલ કરવી પડી. બ્રિટિશોએ બધાં વહાણો કબજે કર્યાં અને વિજયના ખબર સાંભળી વિક્ટરીના બ્રિજ ઉપર ઘાયલ થઈ પડેલા નેલ્સને સંતોષથી દેહ છોડયો. આમ, નેલ્સને નૌકાદળના વડા તરીકેની શરૂઆતથી તે છેક મરણ સુધીની પોતાની કામગીરી આ ગરવા જહાજ પર જ બજાવેલી. નેલ્સન મર્યો, પણ વિક્ટરી જીવતું રહ્યું. ત્યાર પછી ૧૮૧૨ સુધી તો તેણે નૌકાદળમાં કામગીરી બજાવી. આખરે નિવૃત્તી આપી પૉર્ટસ્મથ બંદરે નૌકાદળની સંજ્ઞાશાળા અને નવા કડેટોને શિક્ષણ આપવા માટે તેને નાંગરી દેવાયું. એકસો ને દસ વર્ષ પછી પણ હજી 'વિક્ટરી' ત્યાં જ કોઈ તપસ્વીની પેઠે એમનું એમ જ બેઠું હતું. ખખડધજ થઈ ગયું હતું પણ નકામું તો નહોતું જ થયું.

પણ ઈ. ૧૯૨૨માં એને એક અકસ્માત નડયો. નેપ્ચ્યુન નામનું એક બીજું જહાજ એની સાથે અથડાઈ પડ્યું અને તેના બદનમાં મોટું ગાબડું પડ્યું. હવે એ ટકી નહિ જ શકે એવું લાગવા માંડ્યું, પણ બ્રિટિશ પ્રજાને એ ન રુચ્યું. પોતાના રાષ્ટ્રના ગૌરવને આમ ખલાસ થવા કેમ દેવાય? ફાળો થયો અને તેના સંરક્ષણની યોજના ઘડાઈ.

છેક ઈ. સ. ૧૬૫૬માં બંધાએલા પૉર્ટસ્મથના એ પુરાણા ધક્કા પર તેને જમીન પર લાવીને ગોઠવવામાં આવ્યું. ખખડી ગએલાં તેનાં બધાં અંગોને સુધારવામાં આવ્યાં અને છ વર્ષે ઈ. ૧૯૨૮માં એ કામ પૂરું થયું ત્યારે વિક્ટરી અસલ ટ્રફાલ્ગરના યુદ્ધમાં જે ગૌરવથી ઊભું હતું એ જ ગૌરવ તેને પુનઃ પ્રાપ્ત થઈ ગયું. નેલ્સન તથા તે કાળના નૌકાદળના સ્મરણમાં તે હવે રાષ્ટ્રીય સ્મારક ગણાવા લાગ્યું. ત્યારથી તે છેક આજ સુધી દેશવિદેશના ૬૦ લાખ કરતાં યે વધુ લોકોએ આ વિજયવંતા જહાજની મુલાકાતો લીધી છે. હજી યે તે શાહી નૌકાદળનું એક અંગ જ ગણાય છે. નૌકાદળના પૉર્ટસ્મથ વિભાગના કમાન્ડર ઇન ચીફનું હેડક્વાર્ટર પણ તેના પર જ છે. અને આજે બસો વર્ષે પણ જેને માટે તેણે જન્મ લીધો હતો એ નૌકાદળની સેવામાં તે ઊભું છે.

(ઑક્ટોબર ૧૯૫૯) ૪૪૪

વાચકો લખે છે...(અનુ. પૃ. ૪૦૧થી)

મૉડર્ન આર્ટ' (કર્તા સરાહ ન્યુમેયર) અને 'ધ પેઈન્ટર્સ આઇ' (કર્તા મૉરિસ ગ્રાસર) વાંચતો હતો. બંને પુસ્તકોમાં મૉડર્ન આર્ટની છેલ્લાં સો વર્ષની પ્રગતિ બતાવી છે. બંને પુસ્તકો વાંચી રહ્યા પછી સામાન્ય જિજ્ઞાસુને પણ એટલું તો અવશ્ય લાગે છે કે 'મૉડર્ન આર્ટ' સાવ કલાખોરી તો નથી જ !

(ગોરેગાંવ) —જ્યોતિષ જાની

ઑગસ્ટ અંકમાં 'ઈ ૧૯૫૮ ને ૧૯૫૯ના રાષ્ટ્રપદક-ધારકો' વાંચીને આનંદ થયો.

ઈ. ૧૯૫૯ના 'પદ્મભૂષણ'નું માન મેળવનાર ૧૪ છે, જ્યારે ૧૧નાં જ નામ અપાયાં છે. બીજા ૩નાં નામ ને સેવાક્ષેત્ર અપાયાં હોત તો વધુ સારું થાત. તેવું જ એક પદ્મશ્રી માટે.

દર ૨૬મી જાન્યુઆરીએ આખી નામાવલિ હું વાંચું છું. તેમાં છબીઓ ન હોઈ બધાનાં નામ ને ઓળખ યાદ રહેવાં મુશ્કેલ બને છે. આથી જ આ લેખ વધુ ગમ્યો. જો ઉપર જણાવેલી ત્રુટિઓ ન હોત તો લેખ સંપૂર્ણ થાત.

તમે ડૉ. વાડિયા (૧૯૫૮-પદ્મભૂષણ) માટે ભૂસ્તરશાસ્ત્રી લખ્યું છે એથી સંતોષ છે. [પહેલાં એમને F. R. S. મળ્યું, પછી આપણું પદ્મભૂષણ.] બાકી, બેન્જામિન પાલ, ડૉ. બલરાજ નિઝાવન, લ. અ. રામદાસ, ને ન. પ. પાર્થસારથી (૧૯૫૮ના પદ્મશ્રી) ને 'વૈજ્ઞાનિક' તરીકે ઓળખાવીને જ તમે ટૂંકમાં પતાવ્યું છે. મારી જાણ પ્રમાણે શ્રી પાલ ઇન્ડિયન ઍગ્રીકલ્ચરલ રીસર્ચ ઈન્સ્ટીટ્યૂટ (દિલ્હી)ના ડાયરેક્ટર છે જ્યારે ડૉ. નિઝાવન બોટૅનિસ્ટ છે. (હું કદાચ ખોટી પણ હોઉં). બીજા બેની માહિતી આપશો.

(મુંબાઈ) —કુંજલતા કોઠારી

[*સરકાર તરફથી વિતરિત થતી ચિત્ર તથા પરિચયની સામગ્રીમાં તો ચન્દ્રકપ્રદાન-વિધિ વેળાએ હાજર રહેલ વ્યક્તિનાં જ ચિત્રો હોય છે. '૫૯ના પ્રસ્તુત ચાર પદ્મશ્રી-પદકધારકોની માત્ર 'વૈજ્ઞાનિક' તરીકે ઓળખ સમયાભાવે આપેલી. ડૉ. બલરાજ નિઝાવન ધાતુવિજ્ઞાન-સંશોધક છે અને જમશેદપુરની નૅશનલ મેટલર્જિકલ લૅબૉરૅટરીના ડાયરેક્ટર છે. ડૉ. નવલપક્કમ પાર્થસારથિ કટકની સેન્ટ્રલ રાઈસ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટના ભૂતપૂર્વ ડાયરેક્ટર છે, શ્રી લ. અ. રામદાસ કૃષિ હવામાનશાસ્ત્રના તજ્જ્ઞ.]

અંક ૪૨૭ના પૂંઠા પર પ્રકટ થએલા 'શિમેરા' વિષે લંડનથી પ્રસિદ્ધ થતા 'ડેલી મીરર'-માં નીચે મુજબની માહિતી આપી છે:


"The Chimaera was indeed a monster in Greek mythology. It had the forequarters of a lion, with lion's head in fron', the middle of a goat, with the goat's head in the centre of its back; and the tail of a serpent, with the serpent's head at the end of the tail. The monster was killed by Bellerophon on his winged horse Pagasus."

આમ કુમારની માહિતી ઉપરાંત ગ્રીકપુરાણોમાં આ દૈત્ય હતો અને બેલેરોફૉને પંખાળા ઘોડા પેગાસસ પરથી એને માર્યો હતો.

'કુમાર'માં શાસ્ત્રીય સંગીત (રાગ રાગિણી વગેરે)ની સમજ આપતો વિભાગ મારા જેવા ઘણાને આનંદ આપશે અને શાસ્ત્રીય સંગીતના રસિયાઓની સંખ્યામાં પણ વધારો થશે.*

(મુંબાઇ) —(કૅપ્ટન) રવિચંદ્ર શાહ

[*આ વિષે અધિકારી લેખકોને વિશદતા અને લાઘવવાળા લેખો લખી મોકલવાની અમારી લાંબા સમયની વિનતિ હજી ઊભી જ છે.]



જુલાઈ માસમાં 'ખૂણો' નામનું પ્રદ્યુમ્ન તન્નાનું ચિત્ર આપેલું છે. તેમાં એટલું બધું શું ખૂબીભર્યું છે કે કલા-પ્રદર્શનમાં રૂા. ૧૦૦૦નું ઈનામ તેને પ્રાપ્ત થયું? મને કાંઈ શ્રી તન્નાની ઇર્ષ્યા નથી થતી પણ આશ્ચર્ય જ થાય છે.

(ચિરોડા) —જીણારામ મ. દાણીધારિયા

[*એ ચિત્રની રંગાવટ, ભાત પાડતું સંયોજન અને તદ્દન સાદી સચોટતાથી વાતાવરણ ખડું કરવાની તાકાત પ્રશંસનીય ગણાયાં હતાં. અમે તે એક રંગમાં છાપેલું હોઈ તે ઉપયુક્ત અસર નથી પાડી શક્યું. એના મૂળ રંગમાં તે 'ઈલસ્ટ્રેટેડ વીકલી ઑવ ઇંડિયા'માં છપાયું છે, તે કદાચ વિશેષ પ્રતીતિજનક લાગશે. વાચકને જાણીને વિશેષ આશ્ચર્ય થશે કે ગ્વાલિયરના મહારાજાએ તે ચિત્ર મોટી કિંમતે ખરીદી લીધું છે. આવી કૃતિઓનું ગુણદર્શન અમે યથાસમય-સ્થળ-શક્તિ કરાવતા રહ્યા છીએ અને હજી એ પર વિશેષ વજન આપવા ધારીએ છીએ.]

રુક્મિણીદેવી (અનુ. પૃ. ૪૦૫થી) મોહક બનેલાં એ નૃત્યોએ ભાષાનું બંધન નહિવત્ કરી મૂકયું, સંસ્કૃત, તમિળ કે અન્ય ભાષાઓનાં પદો પર નૃત્યાંગનાની ભાવ-લીલાનો વિસ્તાર આશ્ચર્યકારક હતો. કલાકારે કૌશલ અને પૂર્ણતાની એવી પરાકાષ્ઠા સિદ્ધ કરી હતી કે એનાં બે તત્ત્વો સાદગી અને સુગમતા ઊડીને સૌની આંખે વળગે! વિદ્યુત્ સમ ચપળતા, લલિત અંગમરોડ, ભાવપલટા બધુંજ અદ્ભુત હતું. અનેક પંડિતો, કલાચાહકો ને શાસ્ત્રમીમાંસકોએ થીઓસોફિકલ ગ્રાઉન્ડના વિશાળ વૃક્ષ હેઠળ બાંધેલા શમિયાણામાં આ પ્રસંગનું મહત્ત્વ પ્રીછયું અને વર્તમાનપત્રોએ ભરત-નાટયમના પુનરુત્થાનના ઐતિહાસિક બનાવની, ભારતીય કલાના મહત્ત્વના સીમાસ્તંભ તરીકે નોંધ લીધી. હજારોની સંખ્યામાં એકઠા થએલા સૌ કોઇએ અનુભવ્યું કે અવશ્ય કાંઇક અવનવું બન્યું છે. પરંતુ આ સૌમાં અપવાદરૂપ તો સ્વસ્થ રહેલાં કલાકાર રુક્મિણી જ હતા! સ્તુતિથી એ પ્રસન્ન જણાયાં પરંતુ પ્રયોગોને અંતે વરસેલી પ્રશંસાની ઝડીને અંતે એ સાચા કલાકારના આત્મ-સંતોષ ને મહાન કલાકારની પ્રામાણિક નમ્રતા સહ આટલા જ શબ્દો બોલ્યાં: 'મેં મારાથી બનતું ઉત્તમ રીતે કર્યું છે.' બસ. આટલુંજ કહ્યું. પ્રેસિડેન્ટ ડૉ. ઍરુંડેલે મહેમાનો માટે ભોજનસમારંભ ગોઠવેલો. તેમાં મારા સદ્ભાગ્યે મને રુક્મિણી જોડે બેસવાનું પ્રાપ્ત થયું. એમણે હીરામોતીથી ખચિત હાર પહેર્યો હતો. એવા જ મૂલ્યવાન પદાર્થોથી જડેલી ત્રાવણકોરના મહારાજાએ મને ભેટ આપેલી કાંડા પર પહેરેલી પહોંચી જોડે હું રમત કરતો હતો. અમે અડ્યારમાં કલા માટે એક કેન્દ્ર સ્થાપવાની ચર્ચા કરી. રુક્મિણીદેવી સિવાય એનું વિશેષ અધિકારી કયું ચાલક બળ હોઈ શકે? એવી સંસ્થાની જરૂરિયાત એમના મનમાં ઠસાવી સ્થાપના માટે મેં આગ્રહ કર્યો અને મહત્ત્વ સમજાવ્યું, અને એના ફલસ્વરૂપ અડ્યારના નટમંડળના સભ્યોની સભા બોલાવી અમે વિચાર-વિનિમય કર્યો. ફલતઃ ૧૯૩૬ના જાન્યુઆરીની ૬ઠ્ઠી તારીખે 'અડ્યાર એકૅડેમી ઑવ આર્ટ્સ'નું ઉદ્ઘાટન પણ થયું. આ પ્રવૃત્તિથી તેઓ નિઃસંશય ભરતનાટયની પુનઃપ્રતિષ્ઠા કરનાર આગેવાન તરીકે સર્વત્ર જાણીતા થઈ ચૂકયા હતાં. પાછળથી આ એકૅડેમીનું સંસ્કૃત નામાભિધાન 'કલાક્ષેત્ર' સર્વસંમત ઠર્યું. આમ સંગીત અને ભરતનાટયમ્ નૃત્યની અજોડ નૃત્ય પીઠ અસ્તિત્વમાં આવી."

"સરસ! ડૉ. કઝિન્સ અને શ્રીમતી માર્ગરેટ તો અદ્ભુત માણસો હતાં! વળી તમને એ જાણીને પણ આશ્ચર્ય થશે કે ભરતનાટય નૃત્યમાં નૃત્યાંગના આજે જે પોશાક પહેરે છે તે પોશાકની તો રુક્મિણીદેવીએ ખાસ રચના કરેલી. અમ્માની સૂઝ કેવી છે એનું આ ઉદાહરણ છે. હલકી વૃત્તિઓને પોષે તેવી વેશભૂષાની એમને ભારે ઘૃણા છે. પોશાકોની સાદગી, કમનીય રચના અને મર્યાદાભંગ વિનાની પહેરવાની ઢબ માટેનો એમનો આગ્રહ જાણીતો છે. રેખાનું સૌંદર્ય છતું કરે ને શારીરિક લય, હિલ્લોળ, ભંગિ વગેરેને અનુકૂળ હોય એવા પોશાકોની રચના પાછળ રુક્કા (રુક્મિણીદેવી) ભારે પરિશ્રમ ઉઠાવતાં. સુંદર આભૂષણો જેવાં કે દામણી, માથામાં બંને બાજુ પહેરાતા સૂર્ય ચંદ્રના ચાક, ગળાના હાર, કમરબંધ વગેરે પૂર્વે પહેરાતા તે ઢબે પહેરવાની કલાત્મક આવડત એમનાં નૃત્યોના સૌન્દર્યને શગ ચડાવતાં. ભરતનાટયમ્ નૃત્ય સાથેના કર્ણાટકી સંગીતમાં ક્લૅરિયોનેટ આદિ પાશ્ચાત્ય વાજિંત્રોનો ઉપયોગ થતો હતો તે દૂર કરી એમણે વીણા ને વાંસળી દાખલ કરેલા."

રુક્મિણીદેવીએ પછી તો પોતાની મડળી સાથે ભારતભરનો પ્રવાસ યોજ્યો અને ઠેરઠેર કાર્યક્રમો રજૂ કર્યા. એમની કીર્તિ ચોદિશ પ્રસરી. ઉત્તર ભારતના એવા એક પ્રવાસ વખતે એમણે મુંબાઇ, વડોદરા ને અમદાવાદમાં નૃત્યો રજૂ કરેલા. વડોદરામાં પોતાની નાની વયે એમનાં નૃત્યો જોએલાં એ વિષે નૃત્યાંગના શ્રીમતી રીટા ચૅટર્જીએ એક વાર કહેલું: 'રુક્મિણીદેવી મને તો ખરેખર દેવી જેવાં જ લાગતાં. અને પોશાકો તો એટલા સરસ પહેરે! વળી સાચાં આભૂષણો! રુક્મિણીદેવીનાં ભત્રીજી (શ્રીરામનાં પુત્રી) રાધા પણ બહુ સારા નૃત્યો કરતા.' અમદાવાદમાં એમણે રજૂ કરેલા નૃત્યો વિષે ('કુમાર'ના ત્યારના તંત્રી) મુ. રવિભાઇ કહે: 'અહો! એ દિવસોની તે શી વાત કરું? એ નૃત્યો જોઇ તરતોતરત મેં કોઇ દૈનિકમાં લખેલું પણ ખરું! એમનાં નૃત્યો ભક્તિ-પૂત હતાં. મંદિરની પવિત્રતા એમાં વરતાતી. એ એટલાં તો મનોહર હતાં કે એ જોયા પછી હૃદયના આનંદને કઈ પેરે શબ્દબદ્ધ કરવો તેની મીઠી મૂંઝવણ થતી. એ સૌન્દર્ય જાણે હજીય ચક્ષુ સમક્ષ તરવરે છે!'

અમે વાતોમાં મશગૂલ હતાં ત્યાં સાયંસ્નાન કરી પરવારી શુભ-લક્ષ્મીઅમ્મા પાછાં આવ્યાં એટલે મેં નવી દિલ્હી ખાતે ગયે વર્ષે યોજાએલી અખિલ ભારતીય નૃત્ય-પરિષદ નિમિત્તે તાલકટોરા ગાર્ડન્સના ઓપન ઍરથિયેટરમાં રજૂ થએલાં નૃત્યોમાં રુક્મિણીદેવીની સંકલના-વાળી 'કુટ્રાલ કુરવંજી'● નૃત્ય-નાટિકા જોયાની વાત કરી. એ સાંભળીને મને કહે: 'દીકરા! પણ જ્યારે રુક્મિણી પોતે એમાં ભાગ લેતી ત્યારે અમને એ નૃત્યનાટિકા જોતાં ધરવ જ થતો નહિ!' પછી લાગણીથી ભીના સ્વરે કહેવા લાગ્યાં: 'ત્યારે રુક્મિણીનું સૌન્દર્ય એવું તો ખીલી ઊઠતું! એક વાર તો ખુદ ત્રિવેન્દ્રમના મહારાજા જોવા આવેલા. અમારી રુક્મિણી 'કુટ્રાલ કુરવંજી'માં વસંતવલ્લી રાજકુમારીની ભૂમિકા ભજવે. કંદુક ખેલતી એ તો કોઈ રાજકન્યા જેવી જ જણાતી. મૂળ તો આ 'કુરવંજી' તાંજોરના બૃહદીશ્વર મંદિરમાં ભજવાતું. એ વાત રુક્મિણીએ સાંભળેલી. પછી એને ચેન પડે? રાતદહાડો ઉજાગરા ચાલ્યા. મોટા-મોટા પંડિતોને એ મળતી, સંસ્કૃત ગ્રંથો વાંચતી, પોશાકોની જાતે રચના કરતી. ત્યારની એની ઉત્સાહભરી મુખાકૃતિ! સંગીત પાછળ તો એ ઘેલી જ હતી. એની સમજ પણ ઊંડી! એમાં વળી સંગીતસાહિત્ય-વિદ્વાન વીણા કે. કૃષ્ણમાચારીઅરનો એને સહકાર મળ્યો, એટલે એણે એક ઉત્તમ શાસ્ત્રીય નૃત્ય-નાટિકાની સંકલના કરી. જેઓએ પૂર્વે રજૂ થતાં 'કુરવંજી' જોએલા એ સૌ તો આ જોઈ દંગ થઈ ગયા! કારણ, એ સૌ કહેતા કે અમણે જોએલ 'કુરવંજી'માં તો ઘણી અસ્પષ્ટતા હતી. નૃત્ત ને નૃત્યના છૂટાછવાયા ટુકડાઓ આમતેમ ગોઠવી એ લોકો ભજવતા. વેશભૂષાના ઠેકાણાં મળે નહિ. આવી અરાજકતા રુક્મણીથી સહન થાય નહિ. અસલ કેમ રજૂ થતું હશે એનો એને સ્પષ્ટ કશો ખયાલ નહિ. પણ આંતરસૂઝ, સંશોધન, અભ્યાસ, શોધખોળ વગેરે અવિરત પ્રયત્નોને અંતે એણે એ રજૂ કરેલું. ત્રિવેન્દ્રમના મહારાજા એ જોઇને બેહદ પ્રસન્ન થએલા અને એમણે કંઈ કેટલાય હજાર રૂપિયા 'કલાક્ષેત્ર'ને ભેટ આપેલા. મનેય રુક્મિણીનું આ કુરવંજી બહુ ગમતું. મેં અનેક વાર જોયું છે અને માણ્યું છે!'

(આવતા અંકે પૂરું)

● 'કુટ્રાલ કુરવંજી' નૃત્ય નાટિકા વિષે સ્વતંત્ર લેખ હવે પછી. શ્રીમતી મૃણાલિની સારાભાઇએ પણ એવી બીજી કૃતિ પરથી 'શેરભેન્દ્ર ભોપાલ કુરવંજી' રજૂ કર્યું છે. બહુધા આ કૃતિઓમાં નાયક જોડે પોતાનું મિલન થશે કે નહિ એ આશંકાથી પીડાતી નાયિકાના મનોભાવોનું નિરૂપણ હોય. એમાં 'કુરથી' વણઝારણનું પાત્ર આવે. એ હાથ જોઈ સુખદ યોગનું ભાવિ ભાખે એવી વાત હોય છે.

Photographs on pages 403 and 404 by courtesy of Sanjukta Abhigam Misra

સાહિત્યિક સમસ્યાના ઉત્તરો: લખાણ નં. ૧-ચિત્ર નં. ૧; લખાણ નં. ૨-ચિત્ર નં. ૯; એ જ રીતે ૩-૮; ૪-૨; ૫-૩; ૬-૧૦; ૭-૬; ૮-૫; ૯-૧૧; ૧૦-૧૨; ૧૧-૪; ૧૨-૧૦.

આ માસ(ઑક્ટોબર)ઇતિહાસમાં:વ્યક્તિવિશેષ·દિનવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ: ડૉ. મેઘનાદ સહા

ખગોળભૌતિકના વિશ્વમાન્ય પંડિત અને ભારતના એ અગ્રણી વિજ્ઞાનીનો જન્મ ઈ. ૧૮૯૩ના ઑક્ટોબરની ૬ઠ્ઠી તારીખે ઢાકા પ્રાંતના સેવરાતલીગામમાં થએલો. પિતા જગન્નાથબાબુની આર્થિક સ્થિતિ ઘણી જ નબળી હોઇ સિમુલિયાના ડૉ. દાસે મેઘનાદને પોતાને ત્યાં ઘરનું નાનુંઝીણું કામ કરવા રાખીને તેમના શિક્ષણની જવાબદારી માથે લીધી. ગણિત પહેલેથી જ તેમને પ્રિય. પ્રાથમિક અભ્યાસ સિમુલિયામાં પૂરો કરી ઢાકાની કૉલેજિયેટ સ્કૂલમાં દાખલ થયા. એ નાની ઉમરે તેઓ બંગભંગની ચળવળ તરફ ખેંચાએલા. ૧૯૧૫માં કલકત્તાની પ્રેસિડેન્સી કૉલેજમાંથી ઍપ્લાઇડ મૅથમૅટિક્સ લઈ તે એમ.એસસી. થયા. સુભાષબાબુ અને શરદ્‌બાબુ તેમના ઘનિષ્ઠ કૉલેજ-મિત્રો. કૉલેજમાંના સમર્થ વિજ્ઞાની સ્વ. સર પ્રફુલ્લચન્દ્ર રાયના સમાગમે તેમનાં જ્ઞાન ને જીવનને ફલકંની દિશા ચીંધી. સર જગદીશચન્દ્ર વસુ સાથે પણ એક વર્ષ રહી તેમણે ફીઝિક્સનો ઉચ્ચ અભ્યાસ કર્યો, અને અંતે મૅથમૅટિકલ ફીઝિક્સમાં ઊંડા ઉતરવાનું ઠરાવ્યું. એવામાં કલકત્તા યુનિવર્સિટીમાં તેઓ મૅથમૅટિક્સના લેક્ચરર નિમાયા, અને દરમ્યાન ગણિત-સંશોધન માટે તેમને ડી. એસસી.ની ઉપાધિ પણ મળી (૧૯૧૮). બીજે વર્ષે અભ્યાસ અર્થે વિદેશ ગયા, જ્યાં પ્રો.એ. ફાઉલર, આઇન્સ્ટાઈન, પ્લાન્ક,નર્ન્સ્ટ, રૂબન્સ અને ફૉન લ્યો જેવા સમર્થ વિજ્ઞાનીઓના નિકટ સંપર્કમાં આવ્યા. અહીંથી તેમણે લખેલો 'તારાઓના રંગપટના ભૌતિક સિદ્ધાંત' પરનો લેખ આધારભૂત ગણાય છે.



૧૯૨૧માં ભારત આવી કલકત્તા યુનિવર્સિટીમાં ફીઝિક્સના પ્રોફેસર નિમાયા. બાદ અલ્લાહાબાદ યુનિવર્સિટીમાં તે જ હોદ્દે ગયા અને પોતાનું સંશોધનકાર્ય પ્રકાશિત કરવા માંડ્યું. 'કૉમ્પ્લેક્સ સ્પેક્ટ્રા'નું મૂળ રહસ્ય તેમને જડી જવા આવ્યું ત્યાં જ ડૉ. હન્ડ તરફથી તે પ્રસિદ્ધ થએલું! અણુ-ભૌતિકના તેમના ઉચ્ચ જ્ઞાનને અનુષંગીને નૉબેલ પારિતોષિક માટે તેમનું નામ પણ સૂચવાયું હતું. ૧૯૩૮માં તેઓ ફરી ફીઝિક્સના 'પાલિત પ્રોફેસર' તરીકે કલકત્તાની 'યુનિવર્સિટી ઑવ સાયન્સ ઍન્ડ ટેકનૉલૉજી'માં જોડાયા. અહીં રહી તેમણે પોતાની ખ્યાતિદા વિજ્ઞાનસંસ્થા 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ ન્યૂ ક્લીઅર ફીઝિક્સ' સ્થાપી.

તેઓ દેશવિદેશની અનેક વિજ્ઞાનસંસ્થાઓ સાથે સંળાએલા હતા. લંડનની 'રૉયલ સોસાએટી'ના તેઓ ફેલો, 'બૉસ્ટન એકૅડેમી ઑવ સાયન્સ' તથા 'ફ્રેન્ચ ઍસ્ટ્રૉનૉમિકલ સોસાએટી'ના ઑનરરી ફેલો, તથા 'ઈન્ટરનૅશનલ ઍસ્ટ્રૉનૉમિકલ યૂનિયન'ના સભ્ય હતા. લોકપ્રિય વૈજ્ઞાનિક પત્ર 'સાયન્સ ઍન્ડ કલ્ચર'ના તેઓ તંત્રી હતા. ૧૯૪૪માં હિંદી સરકારે ઇંગ્લંડ, યુનાઇટેડ સ્ટેટ્સ અને કૅનેડાની મુલાકાતે મોકલેલા હિંદી વૈજ્ઞાનિક પ્રતિનિધિ મંડળમાં પણ તેઓ હતા. ૧૯૪૫માં 'સોવિયેટ ઍકૅડેમી ઑવ સાયન્સીઝ'ની ૨૪મી વાર્ષિક સભામાં ભારતીય પ્રતિનિધિ તરીકે તેઓ મૉસ્કો અને લેનિનગ્રાદ ગએલા. ભારત સરકાર તરફથી અણુશક્તિ વિષે કેટલીક માહિતી માટે તેમણે અમેરિકાની એક નોંધપાત્ર મુલાકાત લીધેલી. તેમનું છેલ્લું કાર્ય ભારત સરકારે નીમેલી 'કૅલેન્ડર રીફૉર્મ કમિટી'ના ચૅરમૅન તરીકેનું છે. જગત-કૅલેન્ડરની ભારતીય યોજના તૈયાર કરી 'યુનેસ્કો' કમિટીની સભામાં પેશ કરવા તેઓ જીનિવા ગયા હતા.

જીવનનાં પાછલાં વર્ષોમાં તેઓ વિજ્ઞાનના ક્ષેત્રમાંથી લગભગ રાજકારણનાક્ષેત્રમાં આવી ગયા હતા. ૧૯૫૨માં તેઓ 'પશ્ચિમ બંગાળ સંયુક્ત સમાજવાદ મંડળ' તરફથી લોકસભામાં ચૂંટાએલા. પૂર્વબંગાળના નિર્વાસિતોના પુનર્વસવાટના પ્રશ્નમાં તેઓ ઊંડો રસ લેતા. ૧૯૫૬ની ૧૬મી ફેબ્રુઆરીએ તેમનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૨ અદ્યતન કલાશૈલીના પિતામહ ગણાતા ફ્રેન્ચ કલાકાર હાંરી માતીસનું અવસાન, ૧૯૫૪.
તા. ૪ 'છાયા-પ્રકાશના જાદુગર' સમર્થ ડચ કલાકાર હર્મન વાન રિન રેમ્બ્રાંનું અવસાન, ૧૬૬૯.
તા.૧૦ ઍટલાન્ટિક-પૅસિફિક મહાસાગરોને જોડતી પનામાની નહેરનું બાંધકામ પૂરું થયું,૧૯૧૩.
તા. ૧૧ દક્ષિણ આફ્રિકાના ડચ વસાહતીઓનું સ્વાતંત્ર્ય માટે 'બોઅર યુદ્ધ' શરૂ થયું, ૧૮૯૯.
તા. ૧૩ ભારતની સંસ્કારસેવામાં જીવનસમર્પણ કરનાર ભગિની નિવેદિતાનું અવસાન, ૧૯૧૧.
તા. ૨૦ વૉરન હેસ્ટિંગ્સે હિંદના પહેલા ગવર્નર તરીકેનો પોતાનો હોદ્દો સંભાળ્યો, ૧૭૭૪.
તા. ૨૧ અંગ્રેજ-ફ્રેન્ચો વચ્ચે થએલા ટ્રફાલ્ગરના યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિ નેલ્સનનું મૃત્યુ, ૧૮૦૫.
તા. ૨૫ 'કૅન્ટરબરી ટેઈલ્સ'ના અમર સર્જક ને અંગ્રેજી ભાષાના આદિકવિ ચૉસરનું મૃત્યુ, ૧૪૦૦.
તા. ૨૬ આયર્લંડે સ્વતંત્રતા મેળવી એમન દ વેલેરાને પહેલા પ્રમુખ તરીકે ચૂંટ્યા, ૧૯૨૨.
તા. ૨૮ મહાત્મા ગાંધીજીએ સક્રિય રાજકારણમાંથી પોતાની નિવૃત્તિની જાહેરાત કરી, ૧૯૩૪.

પ્રસંગવિશેષ: જહાંગીર તખ્તનશીન થયો · ૨૪મી ઑક્ટોબર ૧૬૦૫

પોતે અલ્લાહાબાદનો શાસક હતો ત્યારથી જ શાહજાદા સલીમે પોતાના પિતા અકબર સામે ખુલ્લો બળવો ચાલુ રાખેલો. અકબરના વિશ્વાસુ મિત્ર અને સલાહકાર અબુલ ફઝલને બીરસિંહ નામના બુંદેલા સરદાર પાસે મારી નખાવીને અકબરની લાગણીને તેણે ઊંડો આઘાત આપ્યો હતો. દરમ્યાન શાહજાદો દાનિયાલ પણ તેના ભાઈ મુરાદની માફક દારૂની બૂરી લતમાં ૧૬૦૪ના એપ્રિલમાં અવસાન પામ્યો, એટલે અંતે ગાદીવારસ તો એકમાત્ર સલીમ જ રહ્યો હતો.

૧૬૦૫ના ઑક્ટોબરની ૧૭મીએ, અકબરનું એક માસના અતિસારના આજારમાં અવસાન થયું. ત્યારે મરતી વખતે તેણે સલીમ ગાદીવારસ બને તેવી ઇચ્છા સંકેતથી દર્શાવેલી. જોકે રાજા માનસિંહ ને અઝીઝ કોકાએ, સલીમના પુત્ર શાહજાદા ખુશરૂને ગાદીએ લાવવા માટે પ્રયત્નો કરેલા, પણ તે રાજપૂતોના સામનાને લીધે નિષ્ફળ જતાં શાહજાદો સલીમ કોઈ પણ જાતના વિરોધ વગર આગ્રા ખાતે 'નૂરૂદ્દીન મહંમદ જહાંગીર પાદશાહ ગાઝી'નું નામ ધારણ કરીને તખ્તનશીન થયો : ૨૪મી ઑક્ટોબર ૧૬૦૫. ગાદીએ આવતાં તેણે લીધેલું મહંમદી ધર્મનું રક્ષણ કરવાનું અને ખુશરૂના ગાદીવારસા માટે માગણી કરનારાઓને ઈજા નહિ પહોંચાડવાનું વચન પાળ્યું. અવરજવર અને જકાતના ઘણા કર પણ તેણે માફ કર્યાં, જોકે તેની વ્યવહારુ અસર બહુ થઈ નહિ. ૧૬૦૬ની ૬ઠ્ઠી એપ્રિલે શાહજાદો ખુશરૂ ગાદી મેળવવાની એક નવી યોજના સાથે આગ્રાના કિલ્લામાંથી ભાગીને લાહોર તરફ પલાયન કરી ગયો, પણ લાહોરના સૂબાએ તેને માટે શહેરના દરવાજા ખોલાવ્યા નહિ; અને બીજી બાજુએ જહાંગીરે પણ બળપૂર્વક તેનો પીછો કરીને તેને ઝબ્બે કર્યો. એવી શક્તિ, કલા અને કુદરતના શૉખીન તે વિલાસપ્રિય બાદશાહે રાજ્યવહીવટમાં પછી ક્યારે યે બતાવી નહિ.

ગોધન, ગજધન, બાજીધન, ઔર રતન ધન ખાન;
જબ આવે સંતોષધન, સબ ધન ધૂલિસમાન *

જનરલ કરીઅપ્પાના ભાઇ કુમારપ્પા ગાંધીજીને મળવા પહેલવહેલા આશ્રમમાં ગયા, ત્યાં માથે ફાળિયું બાંધી એક ડોસો વાસીદુ કાઢતો હતો, તેને તેમણે ગાંધીજીને ખબર આપવાનું કહ્યું. ડોસાએ પૂછ્યુ, 'કેટલા વાગ્યે મળવાનું ગાંધીજીએ રાખ્યું છે?' કુમારપ્પા ગુસ્સે થયા: 'તેનું તારે શું કામ? તું તારે જઈને ખબર આપ. મળવાનું ચાર વાગ્યે રાખ્યું છે.' ડોસો બોલ્યો, 'પણ હજી તો સાડા ત્રણ જ થયા છે.' કુમારપ્પા ફરી છંછેડાયા: 'પાછો ડાહ્યો થયો? જા, મારા કહ્યા મુજબ કર.' આથી ડોસો મૂંગોમૂંગો બીજા ખંડમાં ગયો અને થોડી વારે પાછા આવી કહ્યું, 'સાહેબ, બેસો; ગાંધીજી આપને ચાર વાગ્યે મળશે.'

કુમારપ્પા ગાદી પર બેઠા. બરાબર ચાર વાગ્યે માથેથી ફાળિયું છોડી નાખી પેલા ડોસાએ પૂછ્યું, 'બોલો સાહેબ, શું કામ છે? મને જ લોકો ગાંધી કહે છે.'

અનેકાર્થી શબ્દ: **કામ**=કાર્ય; ઇચ્છા, વાસના, સ્પૃહા; વિષય; કામદેવ; પ્રદ્યુમ્ન, કૃષ્ણનો પુત્ર; બળદેવ; મહાદેવ; પરમેશ્વર; આંબો; તાળવું; તેરશ; દૂષણનો એક પ્રકાર; બનાવ; મસ્તી; હિત; કામડી, છડી; ટપાલ, ટપાલથેલી; પત્ની, સ્ત્રી; અથ, ઉદ્દેશ; ઉપયોગ; કળા, કારીગરી; કારભાર, દરજ્જો; ખાતું; ધંધો, નોકરી; ફરજ; ફાયદો; બનાવટ; બુદ્ધિ; ચાતુર્ય; વીર્ય; એક છંદ; એક વનસ્પતિ; ઇચ્છાવાળું; માટે.

કહેવતોના અર્થ: 'મરે તો મિયાંનું અને જાય તો બારગીર(ઘોડેસવાર સૈનિક)નું'. પોતાના લાભ કે અનુકૂળતા આડે બીજાના નુકસાન તરફ બતાવાતી બેપરવાઇ ઉલ્લેખતી આ કહેવત પોતાના સ્વાર્થ માટે બીજાના ઉપયોગ કરવાની ખંધાઈ પણ નિર્દેશે છે. તેને મળતી બીજી કહેવતો: 'રોશે રૂ વાળો ને પીટશે પીંજારો'; 'નાત નાતનું ખાય છે, મૂસાભાઈનું વા ને પાણી'; 'પરબારું ને પોણાબાર'; 'કોના બાપની ગુજરાત?'; 'નહિ હિંગ કે ફટકડી'.

ગડગડિયા નાળિયેરને ફોડતી વેળા બરોબર વચ્ચોવચ્ચ પાણીનું ગોળ વર્તુલ કરી ફોડવાથી એકસરખી ગોળ અડધિયા કાચલી ઊતરશે, જે ઘણા ઉપયોગમાં આવશે.

* ગાયનાં ધણ, હાથીનાં ટોળાં, અશ્વાંનો સમૂહ, રત્નોનો કોષ એ સૌ સંતોષના અજબ ધન સમક્ષ ધૂળના જ ઢગલા બરાબર છે.




ભારતીય વૈજ્ઞાનિકોએ સાબિત કર્યું છે કે સંગીતના અમુક રાગો વડે વનસ્પતિનો પાક વધારી કે ઘટાડી શકાય છે. તમાકુ અને ચોખાના છોડ આ માટે સૌથી વધુ અનુકૂળ માલૂમ પડ્યા છે.

તમે આટલું કરી શકો છો? (૧) દોરાને થૂંક લગાડીને અક્કડ કર્યા વિના સોયમાં પરોવી શકો છો? (૨) પારકો કાગળ વાંચ્યા વિના ટપાલમાં નાખી શકો છો? (૩) તમારા બૂટની એડીઓ ઘસાઈઘસાઇને તળિયે જાય તે પહેલાં નવી નખાવો છો? અથવા (૪) છેક તૂટી જવા આવે તે પહેલાં બૂટની દોરી બદલી નાખો છો? (૫) નળ આગળ દાંત ઘસતી વેળા ખપ ન હોય ત્યારે નળની ચકલી બંધ કરી રાખો છો? (૬) છાપું વાંચી રહ્યા બાદ તેને હતું તેમ ગડી વાળીને પાછું મૂકો છો?—આ બધા પ્રશ્નોના ઉત્તર તમે જો હકારમાં આપતા હો, તો કા તો તમે સજ્જન હશો, અગર નરાતાળ ખોટું બોલનારા!

રેશમી કપડાં નિખારવાના પાણીમાં થોડો સરકો નાખવાથી કપડાંને ચમક આવશે.




ઉત્સાહી મદદનીશ




વૈજ્ઞાનિકો કહે છે કે સાપને કર્ણેન્દ્રિય જ નથી; હવા અને ધરતીનાં આંદોલનોથી જ તેને એ જ્ઞાન થાય છે. મદારીની મોરલી સામે તે ડોલે છે તે તો મોરલીના હલનચલન પ્રમાણે. પણ હમણાં જ મોરલીની ટેઈપ રેકોર્ડ નાગ સામે વગાડતાં જ તેણે તે સામે ફેણ ફેલાવી ડોલવા માંડેલું. એટલે તેને સાંભળવાની શક્તિ હોવી જોઈએ એમ નિર્દેશતો આ ફોટોગ્રાફ યુનેસ્કો તરફથી પ્રકટ થયો છે.

અતિશય સૂકી હવાવાળી કોઈ ઓરડીમાં સાઇકલને ઘણા દિવસ સુધી (વાપર્યા વિના) મૂકી રાખવી પડે એવું હોય તો એ ઓરડીમાં પાણી ભરેલું એક વાસણ મૂકી રાખજો. એની હવાથી સાઈકલનાં ટાયર ખરાબ થતાં અટકશે.



ઝાડ વિભાગવાના ગયા અંકના કોયડાના ઉત્તર



કલાકણિકા: દક્ષિણ સેલિબિસ ટાપુના ઉત્કૃષ્ટ રૂપાકામનો નમૂનો

દૃશ્યચિત્રો ઉપરાંત શ્રી દૂગડના રસનો બીજો વિષય છે ગુર્જર ને રાજસ્થાની રમણીઓના ભાતીગળ પોશાકો, જેનાં સંખ્યાબંધ રેખાંકનો ઉપરાંત લગભગ ૩૦૦થી ૪૦૦ રંગીન લઘુચિત્રો એમણે કર્યાં છે (જુઓ નીચે). એમાંનાં થોડાં એમણે જગવિખ્યાત અંગ્રેજ કલાકાર ઑગસ્ટસ જૉનને મોકલેલાં. જવાબમાં આવેલા એમના પ્રશંસાશબ્દો આ અંકના 'કલાવાર્તા' વિભાગમાં આપ્યા છે.



રજનીગંધા : કલાકાર · ઇન્દ્ર દૂગડ (કલાકારના સૌજન્યથી)



રાજસ્થાની રમણી (કલાકાર · ઇન્દ્ર દૂગડ)



ઉપર–'નિસર્ગ-શોભા' : કલાકાર · ઇન્દ્ર દુગડ

કેટલાક કહે છે કે એમનાં દૃશ્યચિત્રો હૂબહૂ અને સ્થાન પર બેસીને કરેલાં નથી હોતાં. અધિકતર તો ચિત્ત પર પડેલી છાપને જ તે ઉતારતા હોય છે, જેમાં એક પ્રકારનું રોમૅન્ટિક (રંગદર્શી-દિલના રંગનું) તત્ત્વ ભળેલું હોય છે. એ વિષે શ્રી દુગડ જણાવે છે કે 'આ વાતનો મને જરા ય વિરોધ નથી. હું આખુ ચિત્ર સ્થાન પર બેસીને ન બનાવતો હોઉં તો પણ પ્રારંભિક રેખાંકન તો હું સ્થાન પર જ કરું છું. અને એમાં જેલું રોમૅન્ટિક તત્ત્વ દેખાતું હોય તો એનું કારણ એ જ કે મારી આંખ જીવન ને પ્રકૃતિની સુંદરતમ બાજુ જ પહેલાં જોતી હોય છે.'

(કલાકારના સૌજન્યથી)

નીચે–'પિચોલા સરોવર' : કલાકાર · ઇન્દ્ર દુગડ






'ઓરસંગ' · નર્મદાને મળતી ઓર નદીનું સંગમસ્થાન

ફોટો · શ્રીદામ ભટ્ટ

'કુમાર' ઑક્ટોબર ૧૯૫૯ · સળંગ અંક ૪૩૦ છૂટક નકલનો રૂ. ૧) પરદેશમાં રૂ. ૧·૨૫ KUMAR Regd. No. B. 1808



જમણી બાજુ: નિસર્ગરમણીય બાલીની સમૃદ્ધ છાયાથી ભાતીગળ બનેલી બાલીની ચિત્રશૈલીનો એક વધુ નમૂનો (જુઓ આ અંકમાંનો લેખ)



ડાબે છેડે તથા નીચે : બાલી લોકોએ કાષ્ઠશિલ્પની કલા વાસ્તવવાદી ઢબે નહિ પણ પોતાની મુક્ત પ્રતિભાને વહેવા દેતી આગવી શૈલીએ જ વિકસાવી છે. ડાબી બાજુ: ભરડો લઈને ગળી જતા અજગરનું શોભન-શિલ્પ; નીચે: 'નૃત્યાભિનયમાં યુગલ'

